सत्यमेवजयती.

પંચ અંકી

કપટનું ચપટ અને સુનિતીની ફતેહ.

અનંતપ્રસાદ વી. ત્રીકમલાલ.

અમદાવાદ હાઇસ્કુલ સેકન્ડ

अमदावाद:

बच्या जमादारनी हवेलीमां ''समशेर बाहादुर'' छापखानामां छाप्युं.

૧૮૯૨ કરાવીછે.

શ્રી

અર્પણ પત્રિકા

[illegible]

[illegible]

[illegible] શ્રી

શ્રીમન્ [illegible]

[illegible]

[illegible]

આશ્રિત [illegible]

અનંતપ્રસાદ ત્રી. ત્રીકમલાલ.

[illegible]

પ્રસ્તાવના*

દેશની ચઢતી અને પડતી, એ રાજકર્ત્તા ઉપર આધાર રાખે છે. જો રાજકર્ત્તા ન્યાયી અને સદ્ગુણી હોય, તો પ્રજા સુખ પામી પોત પોતાનો ધંધો ખરા ઉમંગથી કરે છે તેથી દેશની આબાદી થાય છે; અને જો તેઓ જુલમગાર અને કુચાલી હોય, તો દેશ પાયમલ્લ થઇ જાય છે. આપણા દેશનો કેટલોક ભાગ દેશી રાજાઓના કબજામાં છે, ત્યાંના લોક રાંણી સાહેબના રાજ જેવા સુખી થતા નથી, તેનું કારણ રાજકર્ત્તાઓની અવિદ્વતા છે. કેટલાક રાજાઓએ વિદ્યા સંપાદન કરી તેથી, તથા બાકીનાઓએ ઇંગ્રેજ સરકારના સહવાસથી પોતાના મુલકમાં સુધારો કરવા માંડ્યો છે, તોપણ તેમાં હજી કેટલીક અસલી ખરાબ રીતો રહેલી હોવાથી પ્રજા પુરે પુરી સુખી થતી નથી. અને જેઓ અજ્ઞાની છે તેઓની પ્રજા તો મહાભારત દુઃખ સહન કરે, તો પણ પ્રપંચી કારભારીયો તે વાત શીમાડા બહાર જવા દેતા નથી; એટલુંજ નહીં, પણ જાહેર ભભકા દેખાડી પોતે સારા કહેવાય છે. આથી કરીને વગર અનુભવે સારા ખોટા વરતી શકાતા નથી; વળી જાહેર કહેવા ગયે તેઓ દ્વેષ રાખે, અને કાંઇ વિશે સ્પષ્ટ તો લખાયજ નહીં; ત્યારે તેટલા માટે જાહેરમાં ગમત અને બાતીનમાં ઉપદેશ, એવી રીતનાં પુસ્તકો રચાય, તો તે વાંચવામાં આવેથી તેઓના મનપ

ર સારી અસર કરે. પણ તેમાં દરેક રાજની પ્રથક પ્રથક ખામીયો બતાવવી એ ઘણું મુશ્કલ કામ છે, માટે તેમાંથી મુખ્ય વિષયોજ ગ્રહણ કરવા જોઇએ કે જેથી સહુને લાભ થાય. દેશી રાજાઓની લગામ ઘણું કરીને તેઓના કારબારીઓના હાથમાં હોય છે. ફક્ત જેટલા કેળવાએલા રાજા છે, તેટલાજ પોતે જાતે કામકાજ ચલાવે છે. માટે રાજકુંવરોને ભણાવવાની જરૂર તથા તેથી થતાં ફાયદા, અને દુષ્ટ કારભારી મંડળથી થતું નુકસાન, એ બે એની જડ છે. દરેક બાબત એ બે ઉપર આધાર રાખે છે. જો રાજા વિદ્વાન હોય તો રાજનો સહેજ ભાગ્યોદય થાય છે, પણ કદાચ તે મંદ હોય, તો કારભારી સુજ્ઞ તથા ન્યાયી હોય તોજ પ્રજા સુખ પામે.

હાલમાં નિતી વિશે વધારે પુસ્તકો લખાય છે, તેઓ લોકોને લાભકારક થઇ પડે છે; તોપણ દેશમાં ઘણા લોકો અભણ હોવાથી મુકાબલો કરતાં ઘણાજ થોડા તેથી લાભ મેળવે છે. એટલે જેઓ સારી પેઠે ગુજરાતી જાણતા હોય, તેઓજ તેનો લાભ લે, પણ બાકીના લોકોને કશો ફાયદો નથી થતો તેથી, આપણા સ્વદેશીઓ પોતાની ખરાબ જુની રીતીયો છોડતા નથી. હવે દેશી રાજાઓમાં ગુજરાતી ન વાંચી શકે એવા ભાગ્યેજ હશે અને તેવાને પણ વાતો સાંભળવાનો તો શોક હોયજ, માટે જો તેઓને ઉપદેશ કારક પુસ્તકો વારતા રૂપે લખાય, તો તેઓ તેને ચાહીને વાંચે એટલે જેઓ કુચાલી કારબારી ઉપર વિશ્વાસ રાખતા હોય તેઓના મનમાં કાંક પ્રકાશ થાય, અને પરીણામે આંખ ઉઘડવાથી તેઓની પ્રજાને એટલે હજારો લોકોને સુખી થવાનો એથી સંભવ રહે છે, અર્થાત રાજ ઉપદેશક પુસ્તકોની ઘણી જરૂર છે. અને આ પુસ્તકમાં કેટલોક ભાગ એ સંબંધી એટલાજ સારૂ લખ્યો છે.

આ પુસ્તકમાં આવેલા વિષયો—જુલમગાર કારભારીયો હોવાથી વિવિધ પ્રકારનાં કપટ કરી રાજા તથા પ્રજાને કેવી રીતે નુકશાન કરે છે તેનો એક દાખલો. તથા રાજકુંવરને ભણાવવાથી થતા ફાયદા, અને હાલમાં ચાલતી અને અસલી, જુલમ અને અંધેરની પ્રથક પ્રથક રીતો, એ ત્રણ બાબતો રાજપ્રકરણને લગતી છે. એકલા રાજ ઉપદેશ વિશે પુસ્તક લખવાથી વાંચનારનું મન ખરેખર ન આનંદ પામે એટલે થોડાજ પુરૂં વાંચે, વળી તેથી પ્રજાને લાભ ન મળે; માટે આ પુસ્તક નાટક રૂપે લખવાનેં સાથે તેમાં દારૂ, અફીણ વગેરે દુરવ્યસનથી થતાં નુકસાન, સ્ત્રીયોને ભણાવ્યાથી થતા ફાયદા, જોગીના વેષમાં આવતા ધુતારાઓની લુચ્ચાઈ, અસ્તોદયનાં ઊદાહરણો, કુનિતીથી નાશ, અને સુનિતીથી વિજય, એ વગેરે કેટલાક દુનીયાંદારીના લાભકારક વિષયો પણ થોડા થોડા દાખલ કર્યા છે.

નામ પાડવાનું કારણ—(૧) હીંમતસીંહ અને વિજયાકુંવરી વિષેજ તમામ બિના છે. (૨) હીંમતથીજ વિજય થાય છે. એટલે સુનિતીમાં હીંમત રાખવાથી સુખ રૂપી વિજય, અને કુનિતીમાં હીંમત રાખવાથી દુઃખ રૂપી વિજય એ વિશે તમામ બિના છે. વળી આ નાટકનું ઉપનામ ‘‘કપટનું ચપટ અને સુનિતીની ફતેહ’’ એ વિષય વિશે લખાણેલ હોવાથી તેજ તેનું ખરૂં નામ કહીયે તો વધારે દુરસ્ત છે.

આ જગ્યોએ મારે જણાવવુ જોઈએ કે, રાધનપુરનું રાજ જોકે ઘણું નાનુંછે, છતાં તેની પ્રસંશા ઘણે ઠેકાણેછે તેનું કારણ રાજકર્ત્તાની નિતી, એછે. ખરેખાત ત્યાંના રાજા મુસલમાન હોવા છતાં જેવું ધર્મનું રક્ષણ થાયછે તેવું બીજે કોઈક ઠેકાણેજ થતું. હશે; મતલબ કે પ્રજાને રાજી રાખવાનું

એ એક મોટું સાધનછે. હાલમાં ખુદાવીંદ બીસમીલ્લાખાનજી સાહેબ ત્યાંની ગાદી ઊપરછે, તેઓ સાહેબને પોતાની પ્રજાના બાળકોને વિદ્યાદાન આપવા ઉપર જેટલો પ્રેમછે તેટલો બીજા કોઇ વિષય ઊપર નથી. વિદ્યા સંપાદન કરવાને દરેક માણસ જે રીતે ચાહે તે પ્રમાણે. તેઓ આશ્રય આપવાને તૈયારછે. પોતાની પ્રજાને કેળવણી આપવી એજ તેમની મોટી વાંછનાછે. વળી તેઓ બરોબર ન્યાય દાતાછે, એવુંતો દરેક આ પુસ્તકના વાંચનાર કહેશે. કારણ—"જે માણસને જેવાત પ્રિય હોય તેને તે આશ્રય આપેછે. અને તે પ્રમાણે સહુ કરે એવી તેની ઉત્કંઠા રહેછે." એતો એક સ્વાભાવીક નિયમછે. ત્યારે આવી બાબતનાં પુસ્તકોને મદદ આપવાને ચાહનાર વિષે કોઇ બીજો અભીપ્રાય બાંધી શકે એમછે? વળી મારૂં કાચું જ્ઞાન, નાની ઊમર, અને દરેક વીષયનો થોડો અનુભવ હોવાં છતાં પુસ્તકો રચવાની મને બાળકપણથી ઉત્કંઠા હોવાને લીધે આ પુસ્તક અલ્પ મતીથી બનાવ્યું, તેમાં તેઓએ મારો દાખલો લઇ બીજાઓને પણ તેમ કરવાનું મન થાય માટે ખરા દીલથી આશ્રય આપ્યો તેથી, અને વળી જ્યારથી હું અહીં વિદ્યાભ્યાસ કરવા આવ્યો ત્યારથી તેઓની કૃપા મારા ઊપર વધારે થઇછે એથી, તેઓની વિદ્યા તરફ પ્રિતી હોવાનું સ્પષ્ટ સમજાયછે આ બિના અહીં લખવાનો હેતુ એટલોજ છે કે આ દાખલો લઇ બીજા રાજાઓને પણ તેમ કરવાનું મન થાય.

આ પુસ્તક ગયા બે મહીનાની રજામાં મારા પીતાને મળવા રાધનપુર ગયો ત્યારે કોઇની મદદ લીધા વિના લખ્યું અને તે વીશે મારા પ્રિય મીત્ર સૈયદ કાદરમીઆ જેઓના ઉપર નવાબ સાહેબની સારી મેહેરબાનીછે, તેઓને વાત કરવાથી તેઓએ નવાબ સાહેબને આ વાત જાહેર કરી, તેથી પોતે આશ્રય આપી પ્રસિદ્ધ

કરાવવા નીહાયત ખુશી બતાવી તેથી રજા પુરી થએ અહીં આવી છપાવવાનુ કામ શરૂ કર્યું. આ પુસ્તક રચવામાં તથા પ્રસિદ્ધ કરવામાં મારા મીત્રોની વાર'વાર તાકીદાને લીધે મેં પણ ઘણીજ ઉતાવળ કરીછે, તે એટલે સુધી કે મારા મનોવિકાર પ્રમાણે હું યથા સ્થિત લખી સક્યો નથી, કવીતાઓતો વગર સુધારેજ દાખલ કરીછે, ને વળી મારા પ્રિયમીત્ર રા. ત્ર'બકરાય વીઠલજીની મદદ લેવાની મારી ખાસ ચાહેના પાર પડી નથી અર્થાત, ટુંકી મુદતમાં બાલ્યા વસ્થામાં અપુર્ણજ્ઞાન, અનુભવ, અને અલ્પ મતી થી કોઇની મદદ વીના આ પુસ્તક લખાયુંછે તેથી તેમાં ઘણીજ ખામીઓ હશે; પણ આશાછે કે સુજ્ઞ વાંચનારા સાહેબો દરગુજરકરી પોતાના સ્વભાવ પ્રમાણે ફકત ગુણુજ ગ્રહણ કરશે.

આ પુસ્તક પ્રસીદ્ધ કરવામાં પ્રીયમીત્ર સૈયદ કાદરમીયાં, વાડીલાલ લલુરામ તથા ઠાકોર પરતાપસી'હ દોલતસી'હ; એ ત્રણ મીત્રોએ મને સારી મદદ આપીછે, તેથી તેઓ સાહેબનો હું આભાર માનુંછું.

મુકામ અમદાવાદ ખાડીયા } તાબેદાર અ. વી. ત્રી.

શ્રાવણશુદ ૧ સવત૧૯૩૪ } ગ્રંથ કર્ત્તા.

અંક ૧ લો*

સ્થળ શ્રીનગર.

સુત્રધાર ....નાટકકાર.

વિદુષક ....મશ્કરો.

અમલસીંહ ....શ્રીનગરનો અફીણીરાજા.

કામકળા ....તેની પટરાણી.

શંકરબારોટ
મીરઅલુ
પુંજોધઢવી } ....રાજાના ખુશામતીઆ સોબતીઓ.

હીમતસીંહ ....શ્રીનગરનો પાટવી.

ગુણવંતરાય ....તેનો મીત્ર માજીપ્રધાનનો પુત્ર.

સવિતાગવરી ....ગુણવંતરાયની સ્ત્રી.

કુભાન્ડરાય ....શ્રીનગરનો દીવાન.

ધુળીવહુ ....તેની સ્ત્રી.

કપટીરાય ....ફોજદાર.

જુઠાલાલ ....દીવાની ન્યાયાધીશ.

કૃ[illegible]ગુરાય ....એક કારભારી.

માધીયો ....દીવાનનો ચાકર.

ગોવીંદરાય ....એક ધુતારો, પેહેલાં ફકીમ ને પછી જોગી.

દરીયાખાન
જમાલખાન
ચાંદખાં } ......દીવાનના સીપાઇયો.

—⁂—

હીંમતવિજય નાટક.

अंक १ लो.

પ્રવેશ ૧ લો.

સ્થળ નાટકશાળા.

સૂત્રધાર, વિદૂષક તથા શ્રોતાજનો.

મંગળાચરણ.

શાર્દુલ વિક્રિડિત છંદ.

હે વિશ્વંભર ઇશ્વરા, દુઃખ હરા, દેવાધી દેવા સુરા,
ભક્તોના પ્રતિપાળ, કાળ કુડના, દાતા દયાળુ પુરા;
સ્વામી અંતરજામી, ખાંમી ન કંઇ, પાંમી કદી પેસવા,
જે જે દુઃખ વિશ્રામી, ગ્રામી ગુણના, લક્ષ્મીપતી કેશવા. ૧
ભૂ, આકાશ, ગ્રહો, દિશા, દીન નીશા, પક્ષી પશુ, માંનવી,
દૈતો, દેવ, તરૂ, ગિરી, નદ નદી, પહાડો, સમુદ્રો, રવી;
તારા મંડળ, ચંદ્ર, મેઘ, વીજળી, ગામો, ઘરો, ખેતરો,
ઔષધી, જળ, અંન આદી સહુનો, કર્ત્તા પ્રભુ તું ખરો. ૨
શક્તિની આત ગતિ, મતી નવ રતી, કોઇ તણી પોંચતી,
સત્ય, સુનીત, સુન્યાય, હીત જનનું, આદી તમારી કૃતી;
સર્વે સદ્ગુણ છે ભર્યા, દુર કર્યા, દુર્ગુણ તો ચિત્તથી,
સન્માર્ગી, પરમારથી, સુજનને, ચાહો સદા પ્રીતથી. ૩
એવા હે જગનાથ, હાથ હરખે, જોડી કરૂં વિનતી,
જાણીને નિજ દાસ આશ પુરવા, આપો મને સુમતી;
ચાહું ગ્રંથ બનાવવો, શુભ નવો, માટે વિનંતી કરૂં,
થાજો નાથ સહાય, એહ વદીને આ ગ્રંથ હું આદરૂં. ૪

સુત્રધાર-(મંગળાચરણ થઇ રહ્યા પછી પાસે આવીનેં) સુજ્ઞ સજ્જનો, આ સમયે આપનેં આ મકાનમાં સ્થિર ચિત્તથી બીરાજેલા જોઇને મને અતી હર્ષ થાય છે. આપ સર્વે સાહેબોને તસ્દી આપવાનો હેતુ ફક્ત એજ છે કે, આ જગ્યોએ આજ હું "હીંમત વિજય" નામનું નાટક ભજવી બતાવવાનો છું. જેહમાં દુષ્ટ કારભારીયો, તથા દુર વ્યસનોથી, કેવાં કેવાં માઠાં પરીણામ નિપજે છે; તથા વિદ્યા મેળવેલ સજ્જનો દરેક પડતા સંકટોમાંથી કેવી રીતે બચી અંતે જય મેળવે છે; તેમજ એક પતિવ્રતા વિદ્વાંન સ્ત્રી પોતાના શિયળનું કેવી બહાદુરી તથા યુક્તીથી રક્ષણ કરે છે; તે વિગેરે કેટલાક દુનીયાંદારી, તથા વિશેષ કરી રાજ્ય પ્રકણી લાભકારક બનાવો ભજવી બતાવવામાં આવશે. માટે દરેક સજ્જન શાંત મને આદીથી તે અંત સુધી જોવાની કૃપા કરી, આશા રાખું છું કે, મનેં ભુલચુકની માફી આપશો.

વિદુષક-(એકદંમ પાસે આવીને) અલ્યા તારે શું જોઇયે છીએ, તે આટલાં બધાં માણસો ભેગાં કરી બૂમો પાડે છે?

સુત્રધાર-(તેહના સામું જોઇને) અરે એ વિચિત્ર ચેહરાના આદમી તું વળી કોણ છે?

વિદુષક-હું માણસ છું.

સુત્રધાર-ભાઈ, તે તો હું જાણુંછું. પણ તું ક્યાં રહે છે, નેં શી જાતનો છે?

વિદુષક-હું ઘરમાં રહું છું, નેં અઢાર વરણ માંહેલી એક જાતનો છું.

સુત્રધાર-અરે? તું આ શું બોલે છે, નેં ક્યાંથી આવ્યો?

વિદુ-(બારણું બતાવીને) પેલા બારણામાંથી.

સુત્ર-(જરા હસીને) ઠીક ભાઇ. પણ તે બારણામાં ક્યાંથી આવ્યો?

વિદુ–રસ્તાપરથી.

સુત્ર–યાર તું તો સીધો જવાબ દે એવો નથી. કોઇ લુચ્ચો માણસ છે.

વિદુ–તું લુચ્ચો, તારો બાપ લુચ્ચો; તારૂં નાક કરડીને કરૂં બુચો; મને અશરાફને તું લુચ્ચો કહે છે.

સુત્ર–લે ભાઇ હું લુચ્ચો. પણ તું કહે તો ખરો કે આંહી કેમ આવ્યો છે?

વિદુ–એ પગે ચાલીને. હું તો ગરીબ આદમી છું, તે ગાડી ઘોડાં કયાંથી લાવું.

સુત્ર–અરે પણ તું મુળ કયાંથી ને શું કામ આવ્યો છું?

વિદુ–વળી એમાં તે શું પુછતો હઇશ? મુળ ઈશ્વરને ઘેરથી દુનીયાં જોવા આવ્યો છું.

સુત્ર–(ઘણુંજ હસીને) ઠીક ભાઈ, ગમે તેમ હો. પણ તમે આજની રાત અહીં રહો તો ઠીક.

વિદુ–તું શો, મારી તો બલાએ ન રૂએ.

સુત્ર–મહારા મેહેરબાન, તમે આજની રાત અહીં રોકાઓ તો મને બહુ ફાયદો થાય.

વિદુ–જારે, તારી સાથે નાહક માથું કોણ કુટે. હું તો આ ચાલ્યો. (એમ કહીને ચાલવા માંડે છે.)

સુત્ર–(તેહને ઊભો રાખીને) ભાઇ, તહારૂં નામતો કહે, કેમ નાશી જાય છે?

વિદુ–કેમરે તારે મને કેદ કરવો છે, કે જુબાની લેવી છે, તે નામ પુછેછે?

સુત્ર–ના ભાઇ ના, તને બોલાવતાં ફાવે માટે નામ પુછું છું.

વિદુ–(સુત્રધારનો કાંન પકડીને) હાં હવે સમજયો.

સુત્ર–અરે જાજા, વળગે છે શું? તહારૂં નામ બતાવને.?

વિદુ–હું કયાં વળગું એવો છું, હું તો માણસ છું. ભુત હોય તે વળગે.

સુત્ર–લે ભાઈ એમ નહીં. પણ તારૂં નામ તો બતાવ?

વિદુ–(ખીસા તપાસીને) અરે હાયહાય, એતો ઘેર ભુલી

ગયો, હવે કેમ થશે?

સુત્ર-અલ્યા શું ભુલી ગયો? ખીસા શેના તપાસે છે?

વિદુ-અરે યાર નામ લાવવાં ભુલી ગયો. તું કહેછે કે બતાવ, તે જડેતો બતાવું કે નહી?

સુત્ર-શો અજાયબ જેવો છે, વળી નામ તે જડતું હશે?

વિદુ-ત્યારે કહેછે કે બતાવ. તે એતે બતાવાય કે કહેવાય? લે, તારૂં નામ કહે જોઇએ?

સુત્ર-મારૂં નાંમતો સુત્રધાર.

વિદુ-અહાહાહા? અલ્યા તુંતો ઉંટ. સુતરી-ધાર. સુતરી એટલે હુંટ પરનું નગારૂં, ને ધાર એટલે ધારણ કરનાર. એટલે તુંતો હુંટ કહેવાયો.

સુત્ર-અરે ભાઈ મારૂં નામ નાટકકાર.

વિદુ-શું નાક કટ્ટા કે? વાહ, વાહ, ધન્યછે તારાં નામ પાડનારનેં પણ.

સુત્ર-અલ્યા તું મનેં અપશબ્દ કહે છે એ કાંઇ સારૂં નહી.

વિદુ-જો જો, "ગુણના ભાઇ દોશ" નામનો અર્થ કરી આપ્યો, તો ઊલટો અપશબ્દ બોલ્યો, એમ કહેછે.

સુત્ર-ભલા હવે તમારૂં નામતો કહો?

વિદુ-મહારાં નામતો બહુએ છે, તે કયું કહું?

સુત્ર-તારી ફઇએ જે નામ પાડયું હોય તે કહે?

વિદુ-મારી જાંણમાં મારે ફઇજ નથી. એટલે તેનું પાડેલું નામ શી રીતે કહું.

સુત્ર-ત્યારે તનેં ગમે તે કહે.

વિદુ-મનેં તો બધાંએ ગમે છે ને એકે નથી ગમતું.

સુત્ર-યાર તુંતો ખરેખરો માથા ફોડીયો માણસ છે.

વિદુ-મનેં શું કામ "ખરેખરો" કહેછે? તું ખરેખરો એટલે ગધેડ ગધેડો.

સુત્ર-અરે શું તું વળી ફારસી જાંણે છે?

વિદુ-હા હુંતો પાંચ વરસ સુધી ઊડકુ ભણ્યો છું, તે બધું જાંણું છું.

સુત્ર-ત્યારે એનો કકો તો બોલ.?

વિદુ-સાંભળ. અલેફ, બે, પે, કે, હે, જીમ, ચીમ, કીમ, લીમ. હજી કહેતો પુરો બોલું.?

સુત્ર-એતો તું ગપ મારે છે. મને સાચું કેમ જણાય.?

વિદુ-સાચું ન લાગે તો રામલા ભાડભુંજાને પુછી આવ, એણેજ મને ભણાવ્યો છે.

સુત્ર-ત્યારે બરોબર. પણ ચાલ હવે ઝટપટ તારૂં નામ બોલીજા.?

વિદુ-મારૂં નામ? શું નામ બોલું હું.?

સુત્ર-હા ભાઈ હા. બોલ.

વિદુ-સાંભળ, મારૂં રાજ્ય દરબારી નાંમ વૈહાસિક. લોકતો મને રંગલો કહીને બોલાવે છે. પણ બીજાં ખરેખરાં નામ તને કહેવાનાં નથી.

સુત્ર-કેમ ભલા હું કોઇને કહી નહીં દઉં.

વિદુ-અરે તું સમજીજ નહીં શકે, નેં કહે તે ક્યાંથી. જો પેહેલું, શીખબર, બીજું કોણજાંણે. ત્રીજું નથી આવડતું. ચોથું, પેલું. પાંચમુ, કોક. છઠું, હું. સાતમું, માણસ. કેમ શું જુવે છે, હજી ગણાવું?

સુત્ર-અરે તુંતો કોઇ છેલ માણસ જણાય છે?

વિદુ-મેં છેલ, ઓર તું બેલ, ગાડીમેં જોડકે, કરને જાઊં સેહેલ. કેમ ઠીક મળતું આવ્યું કે નહીં.

સુત્ર-એમ અણ મેળીયાં બોલે, તે શેનું મળતું આવ્યું કેહેવાય?

વિદુ-બેટાજીનેં ગાડી તાણવી પડે, તે શેનું કબુલ કરે?

સુત્ર-જાજા મુર્ખ, તું મનેં બેટા કહીનેં ગાળ દે છે?

વિદુ-બેટા નહીં તો ઘેટા, નેં બા વડના ટેટા. કામ હોય તો બોલ, નહીં તો આ બેઠા હેઠા. (એક ખુરશી ઉપર બેસે છે)

સુત્ર-અરે ઊઠ ઊઠ! (હાથ પકડીનેં ઊઠાડે છે) અહીં ક્યાં બેઠા?

વિદુ–ઊંટ તો તું છે. જો નેં પહેલેથી અર્થ કરી બતાવ્યો છે. હું અહીં ન બેસું તો ક્યાં બેસું?

સુત્ર–અહીં તો જે પૈસા આપે તે બેસે.

વિદુ–ચાલ, તું તારૂં નાટક કરી રહીશ, એટલે ખુશ થશું તો બે ચાર પૈસા આપશું. પછી કાંઈ?

સુત્ર–અરે બેવકુફ આતો ફસ્ટ કલાસની બેઠક છે.

વિદુ–તે "ફસ કાસ" શું કેહેવાય?

સુત્ર–અહીં તો જે ત્રણ રૂપીયા આપીનેં ટીકટ લાવી બતાવે તે બેસી શકે.

વિદુ–બેવકુફ હોય તે ટીકટના ત્રણ રૂપીયા આપે. બધા ગામમાં બે બે પૈસે તો જોઇએ એટલી ટીકટ મળે છે. ચાલ તનેં એક અડધા આનાની ટીકટ લાવી દઇશ. પછી કાંઇ હરકત છે?

સુત્ર–બસ ઊભો થઇ જા, નહીં તો સોટા પડશે.

વિદુ–ક્યાંથી પડશે, નેં એ સોટા કેવા હોય? હું તો નહીં ઊઠું જા, ભલા, સોટા પડશે તો એક બે ઘેર લઈ જઇશ, તે કાંક કામમાં આવશેજ.

સુત્ર–(જરા હશીને) અલ્યા ગાંડા જો હવે તુરત નહીં ઉઠ તો માર પડશે.

વિદુ–તું ગાંડો નેં તારો બાપ બાંડો. વળી મારનાર તે કોણ છે? કાંઈ ચોરી નથી કરી. જા નથી ઊઠતા.

સુત્ર–(મનમાં) સમજાવ્યા વિના નહીં ઊઠે. (ચાસન) અલ્યા, તને શું આપું તો અહીંથી ઊઠ, નેં મનેં હું કહું તેમાં મદદ કરે.

વિદુ–શી બાબતમાં મદદ માગે છે?

સુત્ર–આ નાટક કરવામાં.

વિદુ–શું, નાક કરડવામાં? કોનું નાક કરડવું છે?

સુત્ર–અરે ભાઇ આ ખેલ ભજવી બતાવવામાં.

વિદુ–હાં હવે સમજ્યો. પણ શું હું તને મફતમાં મદદ આપું?

સુત્ર–એમ હું ક્યાં કહું છું. તારે શું નાસ્તા પાણી જોઇયે છીયે?

વિદુ-(ઉભો થઇને) આહા નાસ્તો ને પાણી, ધંન તારી
વાણી જો મારૂં નામ વિદૂષક, લાવ ઝટ છાંટા પાંણી.

સુત્ર-જો તું મદદ કરીશ તો તે પણ મળી રહેશે.

વિદુ-તેની તારે ફીકર ન રાખવી. અફીણ ઘોળીને કસું-
બો કરી આપીશ, નેં હુકો પણ ભરી આપીશ.
બીજી કંઇ મદદ જોઇએ?

સુત્ર-ના એતો મારે નથી જોઇતું. પણ તું મશ્કરો માંણસ
છે માટે મનેં આ નાટક ભજવી બતાવવામાં
ટેકો આપીશ?

વિદુ-હા મહારા પડોસમાં મોભ વાળાની તો દુકાન છે તે
કહીશ એટલા મોભ લાવીનેં ટેકા માંડીશ. પણ
હવે મારૂં ઝટપટ પતાવી દે.

સુત્ર-ચાલ મારી સાથે, હું કહું એ પ્રમાણે કરીશ, તો
તને જે માગીશ તે આપીશ.

વિદુ-તું એમ છેતરવાનું ધારે તે ફોગટ. હું તો તારૂં
ટીલું એ ચાટી ખાઊ. જો પહેલેથી ખુશ કરે, તો
આખી રાત તું કહે તેમ કરૂં.

સુત્ર-બોલ, તારે શું શું જોઇએ છીએ ઝટકર, મોડું થાય
છે. શું કાંઇ ખાવું છે?

વિદુ-ખાયશું? હાલતો ધરાઇને આવ્યોછું. એતો ઘેર લઇ
જવાનું; તે પછીથી કામ લાગે. પણ શું બધું ગ-
ણાવી દઉં, સવાર સારૂ કાંઇ બાકી ન રાખું? ચાલો
સવારમાં સાંભરશે, તો ફરી માગી લેશું, કહીશું કે
રાતે ગણાવતાં ભુલી ગયો હતો. અહ્યા સાંભળ
ત્રણ રૂપિયાભાર અફીણ, શેર તમાકુ, બસેર ભાંગ,
શેર ગાંજો, ને બે ત્રણ દારૂના શીશા.

સુત્ર-અહોહો! આટલા બધાને શું કરીશ?

વિદુ-અરે એતો તું ગરીબછે, તેથી ત્રણ દહાડાની ખરચી
માગુછું; તારે ગરજ હોય તો આપ નહીંતો આ
ચાલ્યા. મારે કાંઇ તારો નાચ જોવાની ગરજ નથી.

મેં તો આથીએ સરસ, ભલભલી ગુણકાના નાચ જોયાછે.

સુત્ર—શું અલ્યા તું કંઈ રાજ્ય દરબારમાં ગએલ છે કે?

વિદુ—અરે હું તો બધે ફરી વળ્યો છું. ને આટલાં વરસ એક રાજા પાસેજ ગાળ્યાંછે. હાલ તો રજા ઉપર આવ્યોછું

સુત્ર—વાહ વાહ, ત્યારે તો તું રાજદરબારી રીતથી બરોબર વાકફ હઇશ?

વિદુ—હા. રાજા, કારભારી, કારકુન, બધાની રીત જાણુંછું. બધાથી દોસ્તી રાખુંછું.

સુત્ર—ત્યારે તો તું મને બરોબર કામે લાગીશ. માટે તને એકવાર સમઝ પાડું તે સાંભળી લે, એટલે પછી તારૂં માગેલું આપું.

વિદુ—ભલે વાહ વાહ, હવે બન્યા બાદશાહ. બોલીજા, તું શું શું કરવાનોછે?

સુત્ર—ત્યારે લક્ષ દઇને સાંભળ, એના પાંચ મુખ્ય ભાગછે.

અંક ૧ લો.

જેમાંએક અફીણીરાજા કૂકર્મી કારભારીઓ, તેની સ્ત્રી, દીકરો, તથા તેના દીકરાનો મિત્ર વગેરે બીજું કચેરી મંડળ દેખાવદેશે. આ રાજા અફીણી, તથા વગર કેળવાએલો હોવાથી ખુશામતીયા માણસોને પોતાની પાસે રાખી રાત દહાડો કેવી મુર્ખાઇની વાતો કરેછે; વજીર તથા પાસે રેહેનારાઓ કેવી વાતો કહીને તેને ભોળવે છે; એક ઠગારો માણસ વૈદ્ય બની તેને કેવી રીતે ઠગી જાયછે; આ રાજાનો વિદ્વાન છોકરો કાલેજમાં ભણી તુરત સ્વદેશમાં આવી, અજાણ્યો હોવાથી પોતાના સુસ મિત્રની મદદથી કેવી રીતે રાજ ચર્ચા જુએછે; દુષ્ટ કારભારીઓ રાત દહાડો કેવા પ્રપંચ રચેછે; ને તે કુંવરના સમજવામાં આવે ન સંખાયાથી પોતાના પીતાને સમજ પાડવા જતાં તે વજીર-ના કેહેવા પ્રમાણે ચાલતો હતો તેથી તેનું અપમાન

કરી કેવી રીતે ધિઃક્કારી કાહાડે છે; આથી કુંવરને અતિ માઠું લાગવાને લીધે તથા ઉમ્મર લાયક થવાને લીધે, સુજ્ઞ સ્ત્રી પરણવાને યત્ન કરવામાં તેનો વિદ્વાન મિત્ર પોતાની સ્ત્રીની મારફત મદદ કરેછે, તેમ છતાં તેનો પિતા તેને એક મુર્ખ પુખ્ત ઉંમરની ઉંચા કૂળની સ્ત્રી સાથે એકદમ પરણાવવાનો નિશ્ચય કરેછે, એટલે કુંવર નિરૂપાયે પોતાના મિત્રની સલાહ લઈ તેની સાથે પરદેશ ગુણીયલ સ્ત્રી શોધવાના ઇરાદાથી નીકળી જાયછે; એક ધુતારો જોગી, લુચ્ચા દરબારી બારોટની મદદથી વજીરને ભોળવી તેના હજારો રૂપીયા લઇ નાશી જાયછે; આથી તે વજીર પોતાની મુર્ખ સ્ત્રીના કહ્યા પ્રમાણે ચાલી લોભ કરવા ગએ છેતરાણો, માટે કેવો પસ્તાવો કરેછે એ વગેરે બાબતો કરી દેખાડવામાં આવશે.

અંક ૨ જો.

જેમાં વિદ્વાન રાજકુંવર પોતાના મિત્રસહ પરદેશ નીકળી પડેછે, તેથી તેનાં માબાપ સોચ કરેછે, તથા છેવટલા ઈલાજ તેની સગાઇ ભાગેછે; કુંવરને રસ્તામાં પેલો ધુતારો જોગી તથા બારોટ મળે હિંમતથી તેમને પકડી પાડી, થોડા રૂપીયા આપી વિદાય કરી, બાકીના રૂપીયા સહ સવાર પડે એક ગામડામાં ઊતારો કરેછે, ને ત્યાંથી ઢાળ કરવા જનાર મેહેતા કેવી રીતે ગડબડ કરે છે તે જોઇ આગળ ચાલેછે; એક વિદ્વાન રાજાની ભણેલી પુત્રી (કુંવરની ધારેલી સ્ત્રી), અંબાજીની પૂજા કરવા જાયછે, ત્યાં કેટલીક વાર બેઠા પછી પોતાની સખી (કુંવરના મિત્રની સ્ત્રી) ને મળેથી તેને કેટલો હર્ષ થાયછે; પરંતુ તુરતજ એક વાઘના અકસ્માત ત્યાં આવી પહોંચવાથી તેઓ ગભરાયછે, તેવામાં પેલો વિદ્વાન રાજકુંવર તથા તેનો મિત્ર દૈવયોગે ત્યાં આવી ચડવાથી, બંને મળી વાઘને મારે છે; રાજપૂત્રીની

સખી પોતાના વરને ઓળખેછે, ને તેઓ બંને પોતાના બચાવનારને ઉતારો અપાવવાનો બંદોબસ્ત કરી પોત પોતાને ઘેર જાયછે; કુંવરી પોતાનાં માબાપને આ વાત કરેછે ત્યારે તેઓ અતિ ખુશી થાયછે, અને તેનો પિતા (રાજા) બીજે દિવસ તે પરદેશીઓને ઇનામ આપવાને સભા ભરેછે, તેમાં તે બે વિદ્વાનો છટાદાર ભાષણો આપેછે; આથી રાજા ખુશ થઈ તેઓને હોદા ઊપર નીમેછે; આ રાજાનો કુંવર ભણેલો પણ દારૂબાજ હોવાથી બહુ મસ્તી કરે છે. અને તેની મા જે પોતાના છોકરાની વહુ કુનિતીએ ચાલતી હતી, તેને શિક્ષા કરી ઠેકાણે લાવવા શિખામણ દેછે, તે કસી નહીં માનતાં કુંવર પોતાની સ્ત્રી ને સારી ગણી કશો બંદોબસ્ત કરતો નથી; આથી તેનાં માતપિતાને બહુ પશ્ચાતાપ થાયછે; પેલા પરદેશીઓ છતા પડી ત્યાં આવવાનું કારણ ખરેખરૂં બતાવ્યાથી, પોતાની ધારણામાં પાર પાડેછે, ને અંતે વિદ્વાન રાજપૂત્ર ગુણિઅલ રાજપૂત્રી સાથે પ્રથમ એક છાની મુલાકાત લઇ, એક બીજાની કસોટી જોઇ સંપૂર્ણ આનંદથી લગ્ન કરેછે એ વગેરે વિસ્તાર બતાવવામાં આવશે.

અંક ૩ જો.

જેમાં નવા અધિકારીઓ સારી રીતે કામ ચલાવેછે તેથી રાજા ખુશ થાયછે; પોલિટિકલ સાહેબને મળવા જતાં તે બંનેને સાથે લઈ જાયછે, આથી દારૂબાજ કુંવરને ઈર્ષા આવેછે, તે પોતાના મિત્રો સાથે પુષ્કળ દારૂપીને મસ્તી કરી દુઃખ પામેછે; બે સખીઓ પોતાના પતિના વિયોગ સંબંધી આનંદથી મર્મીત વાતો કરેછે; દારૂબાજ કુંવરને તેની સ્ત્રી આડું અવળું સમજાવી, તેની બેનને મારી નાંખવાનો ઉપદેશ કરેછે, તે મુર્ખ કુંવર માની પોતાની પ્રીય બેનને દગો દઇ રણ વગડામાં લઇ જાયછે; આથી તેની કૂચાલી સ્ત્રી ખુશ થાયછે; પેલી ગરીબ અબળાને એક દુષ્ટ

(કુંવરની સ્ત્રીનો યાર) મારવાની તૈયારી કરેછે, ત્યારે તે ચિત ભેદક કેટલાક શબ્દો બોલેછે, તે છતાં દુષ્ટ કશું ન માની મારવા જાયછે એટલામાં કેટલાક સ્વારો આવી પહોંચવાથી પોતે કુંવરને લઇ શહેરમાં નાશી જાયછે; ને આ સ્વારો કુંવરીને દયા લાવી પોતાની સાથે લઇ જાયછે, જ્યાં તે કુંવરી કાંક સુખી થાયછે; શહેરમાં એનાં માબાપ પોતાની સુશિળ પૂત્રીના ગેબ થવાથી અતિ ખેદ કરેછે, ને તેને શોધી કહાડવાને પ્રયત્ન કરેછે; વળી તેના સ્વામીને અતિ દિલગીરી પેદા થાયછે, તે તેનો સુજ્ઞ મિત્ર દિલાસો આપી ઓછી કરાવેછે; રાજ પૂત્રી જે ગામમાં ગઇ હતી ત્યાં તે પ્રાંતનો કુંવર આવી ચઢે તેની નજરે પડવાથી ફસાઈ જાયછે; પણ અંતે તેને દગાથી ઝટકો મારી નાસી જાયછે; આ રાજ કુંવરને ઝટકો વાગવાની તેના પૂર્ણ ન્યાયી પિતાને ખબર પડે યુક્તિથી તપાસ કરી ગુનેગારોને રાજધાનીમાં લઇ જઇ સજા કરેછે; કુંવરી રસ્તામાં થાકી ગયાથી એક વડ તળે સુઈ રહેતાં શેહેર ફોજદારના પંજામાં સપડાયછે, ને અંતે તેને પણ ફોસલાવી કન્યાશાળાની જગા લઇ શેહેરના ન્યાયી રાજાને અરજી લખી તેની મદદ વડે દુઃખમાંથી મુક્ત થાય છે. આ દયાળુ રાજા કામાન્ધી ફોજદારને યોગ્ય સજા કરી, કુંવરીનાં માબાપને ખબર કરેછે; એ વગેરે બનાવ દેખાડવામાં આવશે.

અંક ૪ થો.

જેમાં વિદ્વાન રાજકુંવર પોતાની સ્ત્રીની શોધને માટે પ્રયત્ન કરવાને પોતાના સાળાની સાથે મિત્રતા બાંધેછે, જેની સ્ત્રી એક બ્રાહ્મણ સાથે કુનિતી કરવાનું ધારી, દાસીની મારફતે તેને છાનો મેહેલમાં બોલાવે છે; આ કુંવર રાતે એક વાગ્યા સુધી પોતાના નવા મિત્રોની સાથે ગમતમાં બેસી, પછી પોતાના મેહેલ તરફ જવા વિચાર કરેછે, તેથી વિદ્વાન રાજકુંવરનો મિત્ર એની સાથે જાયછે, ને તેને યુક્તિ

બંધ સમજાવી પાછલે બારણેથી મેહેલમાં લઇ જાયછે; જ્યાં તે પોતાની સ્ત્રીને દુષ્કર્મ કરતી જોઇ તેના યાર સુધાં તેને મારી નાંખેછે; ને પોતાના સોબતીનો ઘણો આભાર માનેછે; આ સોબતી મુડદાની વ્યવસ્થા કરવા જાયછે; ને તે પ્રમાણે કરી રાજાને યુક્તિબંધ ખબર આપેછે, તેવામાં તે કુંવર આવી ખુબ પસ્તાવો કરેછે; એમ છતાં સાંજે પોતાના દારૂડીઆ મિત્રોને બોલાવી અતિશય દારૂ પી તે સઘળાઓ લડતા લડતા બોગાનમાં જાયછે, જ્યાં કુંવરનો એક મિત્ર, જેને દાસીએ કુંવરને મારી નાખવા સારૂ લલચાવ્યો હતો, તે કુંવરને જખમ મારેછે ને આખરે બધા કપાઇ મરે છે; એવામાં દાસી ત્યાં આવી કુંવર જે કંઈક હાલતો હતો, તેને પૂરો કરવા જતાં પોલીસ અમલદાર વગેરે અકસ્માત આવી પહોંચી તેને પૂરી કરેછે, તથા આ વિશે રાજાને ખબર કહેવડાવી વાત પ્રસિદ્ધ કરેછે, તેથી આખા શેહેરમાં કળકળાટ થઇ રહેછે; પ્રાંતનો પોલિટિકલ સાહેબ પોતાની બીજે બદલી થવાથી, કુંવરના મિત્રને પોતાની સાથે લઈ જાય છે, ને તેથી વિદ્વાન કુંવર છાનો માનો અતિ નિરાશ થઇ પોતાની પ્યારીને શોધવાને નીકળી પડેછે. દુ:ખમાં ગરક થઇ ગએલા રાજાને પોતાની પૂત્રીના સમાચાર સાંભળ્યાથી કાંક શાંતતા વળેછે, તથા તેને તેડાવવાને પોતાના વજીરને મોકલે છે, એ વગરે દેખાવો નજરે પાડવામાં આવશે.

અંક ૫ મો.

જેમાં રાજકુંવર પોતાની સ્ત્રીની શોધમાં નીકળી પડતાં, રસ્તામાં લૂટારાની ટોળી મળે તે લોકો તેને પોતાનો સરદાર તરીકે થઈ રહેવા ફરજ પાડે છે; દુ:ખી રાજ પૂત્રી ઉપર તેનો પેહેલાંનો હરીફ પોતાના માંમાની મદદથી રણ વગડામાં તેડાવી મોટી આફત પાડવા ચાહે છે, પણ તે પૂર્ણ સતી ઇશ્વર પ્રાર્થના કરે છે એવામાં તેના વરની

ટોળી આવી બંને દુષ્ટોને મારી, કુંવરીને પોતાના શેઠ પાસે લઇ જાય છે, જ્યાં અકસ્માત વિખુટા પડેલા જોડાને એકદમ મેળાપ થએથી, અપાર હર્ષ પ્રાપ્ત થાય છે, તથા સવારમાં ત્યાંથી નીકળી પોતાના રાજમાં જવાનો નિશ્ચય કરે છે; તેનો મિત્ર શિરસ્તેદાર થએલ તેથી જ્યાં તે જવાનો હતો ત્યાંના રાજમાં કારભારી લોકો તેનાથી ડરી, રાજાને તેના વિરૂદ્ધ સમજાવે છે, પણ તે રાણીના બોધને લીધે વ્યર્થ જાય છે એટલુંજ નહીં પણ નિશામાં અંધ થએલા રાજાની આંખ ઉઘડે, પોતાના પૂત્રને બોલાવવાનો તથા કૂકર્મી કારભારીઓને દુર કરવાનો નિશ્ચય કરે છે; પોલિટિકલ સાહેબ સામો પોતાનાં ગામડામાં તે જાય છે; જ્યાં તેના કારભારીઓ શિરસ્તેદારની યુક્તિથી કેદ પકડાય છે; સાહેબ સાથે રાજા શિકાર કરવા જાય છે ત્યાં, અફિણ સાંભરી આવે તુરત ન મળવાથી મરવા પડે, તે વ્યસનને ઘણુંજ ધિક્કારે છે, અને આખરે મોતની અણીપર આવી પહોંચતાં, તેનો વિદ્વાન પૂત્ર જે પોતાની સ્ત્રી સહ અકસ્માત આવી પહોંચે છે, તે તેને અફિણ પાઇ શુદ્ધિમાં આણે છે; પોલિટિકલ આ કુંવરનાં ઘણુંજ વખાણ કરે છે, તથા રાજા પોતાના પ્રથમના વાંકને માટે પસ્તાવો કરી, સહુ સાથે ઊતારાપર આવે છે, જ્યાં બંને મિત્રો (શિરસ્તેદાર તથા કુંવર) એક બીજાને મળે અતિ આનંદ પામે છે; તથા ધાર્યા પ્રમાણે સર્વે વાતો પાર પડી તેથી ઈશ્વરનો આભાર માની સાહેબને સાથે લઈ રાજધાનીમાં જાય છે; પકડેલા કારભારીપર બહુ અરજીઓ પડવાથી તે કેદખાનામાં આપઘાત કરે છે; ને છેલ્લે રાજની વ્યવસ્થા કરી સુશિળ કુંવર પોતાના પિતાની આજ્ઞાથી ગાદીપર બેસી ડગલે ડગલે મદદ કરનાર પોતાના સુજ્ઞ મિત્રને પ્રધાનપદ આપી સુનિતીએ રાજ્ય કારભાર ચલાવે છે, એ વગેરે ખેલો ભજવી આ નાટક બંધ કરવામાં આવશે.

વિદુ—અહાહાહા? અદ્દયા હદ વાળી છે. એમાં તો કું

ખુબ મદદ આપીશ, પણ હવે મારી માગેલી વસ્તુઓ ક્યારે આપીશ?

સુત્ર–ચાલ્ય મારી સાથે (ચાલવા માંડે છે).

વિદુ–આ આવ્યો. (તે પણ તેની પાછળ જાય છે).

પ્રવેશ ૨ જો.

સ્થળ હીંમતસીંહનું દીવાનખાનું.

હીંમતસીંહ તથા ગુણવંતરાય.

હીમતસિંહ–(ગુણવંતરાયને આવતા જોઇને) આઇયે મીસ્તર ગુણવંતરાય, હમણાં બે ત્રણ દિવસ થયા તો બીલકુલ દેખાણાજ નથી. શું મારાં ભાભી સાહેબે રોકી રાખ્યા હતા કે?

ગુણવંતરાય–વાહ સાહેબ, આપતો હમેશાં મશ્કરીજ કર્યા કરો છો; મરદ તે વળી સ્ત્રીયોના રોકયા રહે?

હીમતસિંહ–મેં જાંણ્યું કે, નવાં નવાં ને વળી ભણેલાં છે; એટલે કદી વશીકરણ જાંણતાં હોય, તો તેમ પણ બને.

ગુણવંતરાય–સાહેબ, મહારો એક મીત્ર સરકારી કામે અહીંથી દસ ગાઉપર પોતાના થાણામાંથી આવેલો, તેહનો પરમ દહાડે રાત્રે પત્ર આવ્યાથી એકદમ મુલાકાત લેવાને ત્યાં ગયો હતો; એટલે રજા લેવાએ નથી અવાયું તે માફ કરશો.

હીમતસિંહ–અરે વાહ, એહમાં માફ શું કરવું છે. પણ ભાભી સાહેબ રજા આપે છે એ બહુ નવાઇ જેવું છે.

ગુણવંતરાય–એહમાં રજા શાની? અમારે સ્ત્રીની રજા માગવાનો રીવાજ નથી.

હીમતસિંહ–અહીં કુલ મારોછો પણ ઘેર તો તાબેદાર થઇને રહેતા હશો.

ગુણવંતરાય–છીટ! સ્ત્રીયોને તાબે રહે તે તો બાયલા કહેવાય.

હીમતસિંહ–શી ખબર ભાઇ એમ હશે. કારણ તમે

અનુભવીયા છો, નેં હું તો અટકળીયો છું. એટલે ખાતરી પુર્વક કેમ કહું.

ગુણવંતરાય-હવે આપ પણ અટકળીયા મટીને અનુભવીઆ થાઓ તો કાંઇ હરકત છે?

હીમતસિંહ-ના હરકત તો શું, પણ કોઇ બરોબરની જોડ તો જોઇએ?

ગુણવંતરાય-અરે વાહ? આપને તે વળી જોડની ખોટ શી? મારા જેવા ગરીબને ન મળે એતો વ્યાજબી છે.

હીમતસિંહ-ભાઇ, તમારે તો બહુ સારૂંછે, કારણ નાગર વીગરે જાતોમાં તો હવે કેળવણી અપાયછે. પણ આતો.

આર્યાની ચાલ.

કેલવણી ન અપાયે, હજી બરોબર રાજ કુંવરીયોને;
રહે તેથી અજ્ઞાની, કયમ કરી ચાહું તેઓને.
હોય કદાચ ભણેલી, કુળ નીચામાં, નકામ તે આવે;
વડીલો ચાહે ન વિદ્યા, રૂપ કુળ સરસજ ગોતાવે. ૧
જોય ન લક્ષણ વિદ્યા, ઊત્તમ કુળ ઉપર પ્રીતી રાખે;
આપણને નવ પુછે, બાળક શું સમજે એવું ભાખે;
હે પ્રીય? રજવાડામાં, કેળવણી ના હજી બહુ પ્રસરી,
ચાહે પીતાજી મારા, જુની રીતો એ છે દીલગીરી. ૨

ગુણવંતરાય-તજવીજ કરેથી કયાંક મળી આવશે.

હીમતસિંહ-એ વિચારમાં ને વિચારમાં અઢાર વરસતો ગાળ્યાં, ને હજી કેટલાંએ ગાળશું.

ગુણવંતરાય-એક વખતમેં "સુંદરપુર સમાચાર"માં વાંચેલ તેથી, તથા મહારા ઘરમાં કાગળો આવે છે તેથી હું જાંણુંછું કે, સુંદરપુરની રાજ પુત્રી ઘણું ભણેલીછે; પણ તે કુવારી છે કે પરણેલી, એ બરોબર ખબર નથી.

હીમતસિંહ-કદાચ કુંવારીએ હોય, માટે એ વીશે આજે મહારાં ભાભીને પુછી જોજો.

ગુણવંતરાય-ઠીકજછે ને સાહેબ, તજવીજ કર્યામાં શું જાયછે,

હું આપને કાલે જવાબ દઈશ.

હીમતસિંહ-(એકદમ સાંભરી આવ્યાથી) આપણે ત્યાં રાજય કારભાર કેમ ચાલેછે? કાયદા બાંધ્યાછે, એટલે કશી ગડબડ તો નહિં થતી હોય.

ગુણવંતરાય-(જરા હશીને) હાસ્તો કાયદાઓને દફતરમાં બાંધી મુંકયા, એટલે મરજી મુજબ ઇનસાફ કરતાં શી અડચણ આવે?

હીમતસિંહ-(અજાયબી પાંમીને) એમ કેમ? શું આ બધો ભભકો ઉપરનોજ છે કે? મને તો કાલેજમાંથી આવે થોડા દહાડા થયા એટલે પુરી ખબર નથી.

ગુણવંતરાય-સાહેબ આપતો મેહેલમાં બેશી રહોછો, એટલે શી ખબર પડે. મારા પીતા બીચારા આખો દહાડો કકળેછે પણ શું કરે? એમણે તો પેનસેન લીધુંછે, ને વળી પુછે પણ કોણ.

અનુષ્ટુપ છંદ.

લુટી ખાય સહુ લોકો, ન સંખાય ચીત્તે જદા;
કહેથી માહારાજાને, માને સત્ય ન તે તદા. ૧
કારભારી કરે ઇર્ષા, રાખે દ્વેષ વળી ચીતે;
મળે લાભ નહીં જેથી, કહે તે શીદ કો પ્રીતે. ૨

હીમતસિંહ-એતો બહુ દીલગીરીની વાત, આ વિશે તજવીજ કરી બંદોબસ્ત કરવો જોઇએ.

ગુણવંતરાય-જેમ મરજી (મનમાં) તમારા પીતાજ સાચુ નહી માને.

હીમતસિંહ-તમારી સલાહમાં આવતું હોય તો આપણે કોર્ટમાં જઇ એ લોકોનો બધો ડોળ ડાળ જોઇએ.

ગુણવંતરાય-મને એ દુરસ્ત નથી લાગતું; કારણ આપના દેખતાં તો એ લોકો કશી ગડબડ નહી કરે.

હીમતસિંહ-ત્યારે શી રીતે કરવું જોઇએ?

ગુણવંતરાય-આજ રાતે આપણે ગુપ્તરીતે દીવાનજીના ઘર

આગળ જઇ બધી ચરચા જોઇએ; જુઓ તો ખરા કેવી વાતો ચાલેછે, આપનો તજવીજ કરવા ચાહશો તો હજારો રસ્તાછે.

હીમતસિંહ-પણ ત્યાં આપણાથી ગુપ્ત રીતે દાખલ કેમ થવાશે?

ગુણવંતરાય-તેહેની આપે ફિકર ન રાખવી " જેવા શેઠ તેવા ચાકર " તેહનો એક નોકર મારો સાધેલો છે, માટે હરકત નહી આવે.

હીમતસિંહ-ત્યારે આજરાતે તમે નવવાગે જરૂર આવજો, એટલે આપણે જઇશું.

ગુણવંતરાય-વારૂ સાહેબ હવે મને રજાછે?

હીમતસિંહ-હા ભાઇ જાઓ; પણ પેલી બાબત વીશે મારાં ભાભીને પુછવું ભુલશો માં:—

ગુણવંતરાય-બહુ સારૂં સાહેબ (સલામ કરીને જાયછે તથા હીંમતસીંહ પણ બહાર જાયછે.

प्रवेश २ जो.

સ્થળરાજ્ય મેહેલ.

શંકર બારોટ-પુંજો ગઢવી-મીર અલુ-વગેરે કચેરી મંડળ તથા પછીથી અમલસીંહ.

શંકર-ગઢવી, હજી સરકાર કેમ ના પધાર્યા?

પુંજો-ભગવાન જાણે કસુંબાનો વખત તો થઈ ગયોછે, પણ હજી ઊઠયા નહીં હોય.

અલુ-નહીં મીયાં, આરામ મેં સેં તો ઉઠેહેં, મગર કુછ તબીયત સુસ્ત હે, એસા એક ખવાસ અભી કહેતાથા.

(અમલસીંહ આવેછે, એટલે સહુ ઉભા થઇ માન આપેછે ને રાજા સીંહાસનપર બેસેછે એટલે).

શંકર— ચારણીયા દોહરા.

ઊગમણી દશ માંહેથી, જાણે ઉગ્યો ભાણ;
એવો ઘટમાં ઝબકીયો, અમલસીંહ સુજાંણ. ૧
જગમાં જોરાવર તણી, બહુ બહુ વાગી હાંક;
અમલસીંહના તેજથી, વળીઓ આડો આંક. ૨
દખ કાપે સહુ જનમનાં, (જો) ત્રુઠે ભોળાનાથ;
અમલ તણાં દરશંન થકો, થયો એમ રળીઆત. ૩

ખમાં અંદાતાજીને; ઘણી ખમાં. દન દન અમલ વધો ને ચઢતી કળા થાઓ (એમ કહી બેસેછે).

અમલસીંહ-સાબાસ બારોટ, રંગછે તમને તથા તમારી બુદ્ધિને (એક ખવાસને) અલ્યા કુબેર કસુંબો લાવ.

કુબેર-હાજર પૃથ્વીનાથ, આ લાવ્યો (એક કલશો ભરેલ લાવી પાસે મુકેછે.)

અમલસીંહ-(એક તાંસળીમાં લઈ ખોબો ભરીને) આવો બારોટ મોંઠો કરો.

શંકર-(પાસે આવીને) અધધધ! બાપજી આતો બહુ થશે મરી જવાય અંદાતા.

પુંજો-જાઓ મારા સાહેબ એમાં આનાકાની શાની કરોછો પીઓ મારો બાપો કરૂં અફીણની તો ના ન પાડીએ કેમકે કહ્યુંછે કેઃ—

સોરઠો.

કસુંબાતણા ઘુંટ, પ્રેમ થકી પીશો નહીં;
સરજશો તેહ ઉંટ, વેરાગીને બારણે. ૧

બારોટ-લાવો ત્યારે (રાજાનો હાથ પકડીને)

દોહરો.

ધન ધન જનની તેહની, ધન ધન એની કાય;
જેને ઘેરે હરખથી, રોજ અમલ ઘોળાય. ૧
અમલ પીયેને પાયતે, રાંણી જાયો પુત;
મુંમ ન ખરચે પાઇ તે, કળ અંગાર કપુત. ૨

અમલ પીઓ હે માનવી, આવે શૂર અપાર;
દુઃખ ભાગેછે જનમના, સફળ થાય અવતાર. ૩

આઓ તો રંગછે રાઠોડાં રાયને, રંગછે ઉસ્તાદને (પીજાય છે) અહહહ!!! વાહરે કાચા સોના વાહ (એ પ્રમાણે સઉ પીએછે તથા રાજાને બારોટ પાયછે.)

અલુ– સુબાન અલ્લા, ક્યા બાતહે. સબ દેખે મગર એ બાતતો ઓરજ હે.

પુંજો–ખરૂં કહોછો મીર મહારાજની વાત થાય? બાપ એ તો ધરમ રાજા ઍંદરનો અવતાર જે કહીએ તે ઓછું પડે.

મીરઅલુ–ગરીબ પરવર, આજ કુછ કસુંબેકું દેર હુઇખરી?

અમલસીંહ–ખરૂં કહેતે હો મીર મારી તબીઅત જરા સુસ્તથી તેથી મોડા હો ગયા,

અલુ–પંચ તનકી પનાહઃ પીરાનપીર મદદ રહો.

પુંજો–બાપજી કાઇ હકેમનું ઓખદ કર્યું હોય તો કેમ?

અમલસીંહ–હા મારો પણ વિચાર તો એમછે પણ હાલ આપણા હકીમજી રજા ઊપર ગયાછે ને બીજું કાઈ તો એવું આ શેહેરમાં હોશિઆર નથી.

અલુ–બદેનીવાજ, ઓ કાઇ સાબ લોક જેસા ડાપતર કે ક્યા, એસા કુછ બોલતે હે જો અપને કુંવર સાહેબ પાસ રેહેતા હે ઓ કેસા હે?

શંકર–અરે મીર, એતો બોલસોજ નહી.

અમલસીંહ–કેમ બારોટ, એ પણ છે તો હોંશીઆર હીંમત એને બસેં રૂપીયાનો મહીનો આપેછે ને ઘણીવાર વખાણ કરેછે.

શંકર–બાપજી એ એમનેજ ઠીક પડે આપણા કામનો નહીં.

અમલસીંહ–એમ કેમ?

શંકર–અરે સાહેબ? એતો બધી ગોરા લોકની ઓખદી વાપરે છે. નંતે પણ વલાતથી મંગાવે છે.

પુંજો-ખરૂં કહોછો બારોટજી એને શું આવડે છે, નાડ તો જોતો નથી. કુંવર સાહેબ તો રાજા છે, તે બસેં રૂપીયા આપેછે. નહિંતો એનેતો પાઇએ ના મળે.

મીરઅલુ-કયા નબજ નહિં દેખતા હે, જબ સાલા હકીમાત કયા કરતાહે; ઉસકા પરમાન તો સબ નબજ ઊપરીજ હે.

અમલસીંહ-હેં બારોટ? એ નાડ ન જોય ત્યારે રોગ કેમ પારખે; ને લોકોને આરામ શી રીતે થાય?

શંકર-અંનદાતાજી, એ તો કાંઇ કહેવાની વાત નથી. કહેવું પડે છે, પણ એ તો વલાતમાંથી હલકાં જનાવરોની માટી, તથા દારૂમાં રંગ ભેળવી શીશીયો લાવે છે, એટલે પરમાટીથી જોર આવે.—

પુંજો-ને વળે સારી શીશીયોમાં ભરે તે પણ દગાથી, કે લોક છેતરાય.

મીરઅલુ-સચ કહેતે હો. ઉપર હરફ બી ઊનકી જબાનકે લીખતે હેં; સો ઓરતો કોઈ બાંચ ન સકે. એ સારા દગા, નહીં તો સાફ નામ કાયકું ના લીખે.

અમલસીંહ-રાંમ, રાંમ, રાંમ, પરમાટી, ને વળી માંહે દારૂ; ભલે ભગવાન, શો કળજગ આવ્યો છે. વાણીયા બ્રાહ્મણને તો વટલી મરવાનીજ વાત કે?

પુંજો-બાપજી એહમાં શો શક. તે વના નાડ ના જુએ, ને રોગ તે કેમ પારખે, ને આરામ શી રીતે થાય.

મીરઅલુ-તોબા તોબા, ખુદાવીંદ, શરાબ તો હમારે મજહબ મેં બી હરામ કહા હે.

અમલસીંહ-આ વાત સાંભળીને હું તો દીંગજ થઇ ગયો. બારોટ તમને આટલી બધી કયાંથી ખબર?

શંકર-પૃથ્વીનાથ, અમે તો બધા મલકમાં ફરીયે, તે કયાંકનું કયાંક સંભળાય. આ વાત તો મેં જોધપુરમાં સાંભળી હતી. ત્યાં એજનસીનો વકીલ મહારાજ પાસે વાત કરતો હતો.

અમલસીંહ-ખરોખર ત્યારે, હું પણ હવે કુંવરને કહીને એને રજા અપાવીશ; પણ તમે કાઈ હકીમ આવે તો તજવીજમાં રહેજો.

શંકર-બહુ સારૂં રાજા ધિરાજ.

મીરઅલુ-બારોટજી, ઊસકા નામ ક્યા ભલા? "ડાપતર" નાના એસા કુછ હે.

શંકર-અરે એહને બધા તો "ડાકતર" કહે છે, પણ ખરૂં નામ તો "ડાગદાર".

મીરઅલુ-વાહજી વાહ! ક્યા અછા નામ મીલતા આયા. સાલા ડાગવાલા તે કહાંસે અછા હોવે.

અમલસીંહ-બસ હવે હું જાઊં છું. નાસ્તાનો વખત થઈ ગયો.
(રાજા ઉઠી જાય છે એટલે બધા ખુશામતીયા વેરાઈ જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ ગુણવંતરાયનું શયન ગૃહ.

ગુણવંતરાય તથા સવિતાગવરી.

ગુણવંતરાય-પ્યારી આજે તો કુંવર સાહેબ પાસે તેમના લગ્ન સંબંધી વાત નીકળી હતી; તે વિશે મારે તને થોડું પુછવાનું છે.

સવિતાગવરી-મને શું પુછવાનું છે? ને પ્રાણનાથ, શું હજી કુંવર સાહેબ કુંવારા છે?

ગુણવંતરાય-હા, એતો સુધરેલા વિચારના હોવાથી વગર ભણેલીને ક્યાં પસંદ કરે છે?

સવિતાગવરી-નજ પસંદ કરે તો.

ઉપેન્દ્રવજ્રા છંદ.

ન લે ઝવેરી કદી રત્ન ખોટું,
ચુગે ન હંસો મીણ મોતી મોટું;

કરે ન વિના જન સૂજ્ઞ ખાંતે,
અબુદ્ધ વિદ્યા હીણુ નારી સાથે. ૧

ગુણવંતરાય—વારૂં સુંદરપુરના રાજાની કુંવરી કેટલાં વર્ષની ને કેવી છે?

સવિતાગવરી—વાહ વાહ ખૂબ સંભાર્યું. એતો બહુ હોંશીયાર ને રૂપાળીછે ને વળી મારી પ્રિય સખીછે. એની જોડની સ્ત્રી તો બીજી ભાગ્યેજ મળે.

ગુણવંતરાય—એને કેટલાં વરસ થયાં હશે?

સવિતા—ચઉદ પુરાં થયાંછે, પણ એનાં માતપીતા સારાં વિચારનાં ને વીદ્વાનછે; એટલે યોગ્ય વરની ગોતમાં રહ્યાથી કુંવરી મોટી થઇ ગઇછે.

ગુણવંત—ત્યારે ઈશ્વર કરે ને એ ચોકઠું બેસે તો કેવું સારૂં?

સવિતા—બસ એતો કાંઇ કહેવાની વાતનહીં ને વળી મારે પણ બહુ ગંમત થાય, અહીં એના કાગળો ઘણીવાર આવ્યાછે ને તેમાંથી એક બે તો મે આપને બતાવેલ પણછે.

ગુણવંત—હશે, પણ મને બરોબર સાંભરતું નથી માટે હવે આવે તો બતાવજો.

સવિતા—બહુ સારૂં સ્વામીનાથ (ઘડીયાળમાં નવ વાગેછે.)

ગુણવંત—શું નવ વાગ્યા કે? લાવ લુઘડાં પેહેરૂં.

સવિતા—કેમ પ્રાંણ નાથ. ઘણુ દીવશ ગામડાંમાં જઇ આવ્યા તો પણ હજી બહાર જવા દીલ ચહાય છે? અત્યારે શું કામછે?

ગુણવંત—કુંવર સાહેબ પાશે જવુંછે નવ વાગે મળવાનો મે વાયદો કર્યોછે. તે ન જાણે તો જુઠા પડું.

સવિતા—ભલે પધારો, મારાથી ના કેમ કેહેવાય, પણ વેહેલા પધારજો.

ગુણવંતરાય—આ આવ્યો (લુઘડાં પેહેરી બહાર જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ દિવાંનના ઘર પાસેનો માર્ગ.

ગુણવંતરાય, હીમતસિંહ, તથા માધીયો.

હિમતસિંહ—કોણ એ ગુણવંત રાય કે?

ગુણવંતરાય—(પાશેજઈને) શું સરકાર સાહેબ? ગરીબપરવર માફ કરજો કે આપને તસ્દી લેવી પડી જરા ઘર તો પાવંન કરો, પછીથી જવાશે.

હિમતસિંહ—ના હવે તો પછી મોડું થાય માટે ચાલો.

(બંને દીવાંનના ઘર પાશે જાયછે તથા ગુણવંતરાય માધીયા નામના ચાકરને બોલાવી લાવેછે.)

ગુણવંતરાય—અલ્યા માધીયા માંહે કોણ કોણછે.

માધિયો—બધાં ઘણુંએ ઠાળીયાં ભરાણાસે, પેલાબે કોરટ-વાળા, બકશીને બીજા બે ચાર જણાસે.

ગુણવંત—યાર ત્યારે અમને એવે ઠેકાણે લઇ જઇને બેસાડ કે એમની બધી વાતો અમે સાંભળીએ, તને તારી મેહેનતનું ઈનામ આપીશું.

માધિયો— ઉંહ! એહમાં શી મોટી કારખતસે, સાલો મારી કોટડીમાં એટલે બધુ સંભળાશે, ચંમકે એ કસારીના પાશેજસે, પણ બાપજી મને રાજી કરવો પડશે.

ગુણવંત—તારે એ વાતની જરાએ ફીકર ન રાખવી.

માધીયો— તાંણે હાલ્યાઆવો મારી ચેડ ચેડ.

(માધીએ પોતાની સાથે બંને જણને લઇ જઇ પોતાની કોટડીમાં અંધારામાં બેસારેછે. ને પોતે કચેરી ના ખંડમાં પડતી બારી ઊઘાડી માંહે આડો બારણામાં ચલમ ભરીને બેસેછે, જ્યાં બંને જણા બધી વાતો સાંભળેછે.)

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળદીવાંનની કચેરી.

કુભાન્ડરાય, કપટીરાય, જુઠાલાલ, ફાંગુરાય,

બક્ષી વગેરે.

કુભાન્ડરાય-કેમ બક્ષીજી કઇ તરફથી આવ્યા?

બક્ષી-સાહેબ ઘેરથી આવ્યો.

કુભાન્ડરાય-હમણાંતો તમે ખૂબ સપાટો મારવા માડયોછે.

બક્ષી-કેમ સાહેબ? શાનો સપાટો?

કુભાન્ડરાય-સીપાયો પાશેથી તમે કાંક કાપી લ્યોછો, તેથી એ લોકો હાલ બહુ બૂમ મારેછે, માટે કાંક ખ્યાલ રાખતા જાઓ.

બક્ષી-સાહેબ એ લોકોને તો લત પડીછે હિસાબ કરતાં જરા ક વાર લાગે એટલે બૂમ પાડેછે.

કપટીરાય-શું કરે કાકા બક્ષીને પણ પેટ તો ભરવું.

કુભાન્ડરાય-હા તે તો સહુને લાગ્યુંછે આપણે ક્યા નથી કરતા. પણ રીતીસર સારૂં.

કપટીરાય-ખરૂં કહોછો. અતીતો કાંઈ સારૂં નહી.

ઊપેન્દ્રવજ્રા છંદ.

અજીર્ણ થાયે, અતિ અંન ખાધે,
બનેછ ઘેલા, અતિ હર્ષ વાધે;
અતી વદે તે, બકવા ગણાયે,
અતી થકી ક્યાંહી ન લાભ થાયે. ૧

કુભાન્ડરાય-તમારે કેમ ચાલેછે?

કપટીરાય-આપના પ્રતાપથી મજા કરીયે છીયે, (જુઠાલાલને) કેમ ભાઇ?

જુઠાલાલ-ખરૂં કહોછો, એમના પ્રતાપથીજ આ હજારો રૂપીયા કમાઇએ છીયે, નહી તો આપણાં તો કારકુની

કરવાનાં ગજાં ને વળી આમ છુટાએ ચસાએ?

કુભાન્ડરાય—જાળવજો હો, જે કરો તે હવે સંભાળીને કરજો. અફીણીના વખતમાં તો ઠીક ચાલતું, પણ હમણાંતો પેલો ચબાવલો આવ્યોછે, તે ઘણો હોંશીયાર ને બુટી છે. માટે જરાએ ખૂમ પડી તો ખરાબ કરશે.

ક્રષ્ણરાય-ખરૂં કહોછો. વળી પેલો ગુણીયો પડખે ચડયો છે, તે મહા અષ્ટાવિધાનીછે.

કુભાન્ડરાય-એ કયો ભલા?

ક્રષ્ણરાય-કાં સાહેબ, પેલો મહીપતરાયનો દીકરો, ઇંગ્રેજી ભણેલછે તે.

કુભાન્ડરાય-હા બરોબર. પણ એનાથી શું થવાનું છે? વળી આપણે રાજાજીને જરાક સમજાવીશું, એટલે એનું મુદલે નહીં સાંભળે. પણ તોએ વખતે ઘી ખીચડી ભેળાં થાયતો હેરાન કરે એવો ડર રહેછે.

કપટીરાય-અરે એમતો આપણે પણ મુતસદી છઇયે. લાખો ખાઇયે ને કોઇ પાઇ પણ ન જાણે.

ક્રષ્ણરાય-હા તે તો અમે કયાં કાપડવાળા વાણીયાઓ સાથે તથા વજે લેનાર સાથે ભાગ નથી રાખતા? પણ તે લોકોને દીવાન સાહેબે એવા ખરા કરેલા કે કાંઇ વાતજ નહીં.

કપટીરાય-દીવાન સાહેબની બુદ્ધીની તે વાત થાય! પોતાના બધા કુટંબને પાંખમાં ઘાલી પુષ્કળ ખવરાવી મજા કરાવે છે તે હોંશીયારી વિના?

બક્ષી-પણ સાહેબ પેલાં સાલીયાં ખોટાં છે, રોજ ભેગાં થાયછે. વળી—

ઈન્દ્રવિજય છંદ.

છોડ ઊખેડ ભલે ક્ષણમાં, પણ તેહજ ઝાડ થયે નવ તુટે;
ખાલી ખબોચીયું થાયત્વરાથી, ન પાણી તળાવ બને કદી ખૂટે;
સાપ-શિશૂ પકડાય સુખે, પણ મોટું થયે ન પડાયજ પૂઠે;

ટાળ્યઅરી વધતે વધતે, બળવાન થયે નહઠ શીર કૂટે. ૧

કુભાન્ડરાય–તેતો જખમારેછે, આપણે બારોટ વગેરે મંડળને સાધીને, મહારાજને સમજાવ્યા, એટલે નીરાંત સમજવી. ને બાકી ભેગા તો પેલો કુંવારો છે તે થતા હશે.

બક્ષી–ભલા હજી સુધી એ કુંવારા કયમછે?

કુભાન્ડરાય–સુધરેલા કહેવાયછે; તે સારી, ભણેલી, લોકોના ઉપર છાની ચીઠીયો લખે, એવી જોઇએ છીયે, લાવ એને એક "લાકડે માંકડું વળગાડીયે" એટલે છન છનાટ ભાગી જશે—

કપટીરાય–હા હા, એ ખૂબ. સ્ત્રીયોમાં પડયા, એટલે એ પણ "બાપ તેવા બેટા" થશે, પછી આપણે નિરભય.

કુભાન્ડરાય–એતો બધુ કરાશે, પણ કાયદાઓ વાંચીને તે પ્રમાણે બુકો વગેરે બાંધી માંહે એક બે દાવા નુધી રાખજો, આપણુને તો એમાં કાંઇ સમજણુ નથી પડતી; પણ આ કુશ્નરાયને પુછજો, એટલે બધું બરોબર કરી દેશે.

કુષ્ણારાય–હા ભાઇ, કાલે મારી પાસે આવજો, એટલે બધું યથાસ્થીત કરી દઇશ.

બક્ષી–એ વાત બહુ સારીછે. કેમકે, થોડા દહાડાપર નિશાળમાં છોકરાંની પરીક્ષા લઈને બધાં દફતરો જોયાં હતાં; તેમ આપણ કોક વખત જુએ તો અડચણુ પડે.

કુભાન્ડરાય–મને પણ એ ઉપરથી સાંભરી આવ્યું.

જુઠાલાલ–એતો બધું કરાશે, પણ આપ નજર રાખજો લાજ આપને હાથછે.

કુભાન્ડરાય–તેહની ફિકર નહીં જુઓને, આજસુધી એક અપીલ તમારા ફેંસલા વિરૂદ્ધ ચુકવી છે? ને વળી આપણેતો ઘણું કરીને ઘી સાકર મુંકીને, એ લુખા રોટલા ખાવામાં પડતાજ નથી. તમે જાંણોને તમારૂં કાંમ જાંણે.

કપટીરાય–આપ કુંવરને માટે કાંક કરોતો ઠીક, નહીં તો બુદ્ધિ શાળીછે, તેથી ગજબ કરશે.

જુઠાલાલ–અમને પણ એનો બહુ ડર લાગેછે, પણ બહુધાં તો એ બહાર નીકળતોજ નથી.

કુભાન્ડરાય–અરે એતો કાયદાનાં ઢોર. તે આખો દહાડો વાંચ્યા કરે ને વાતજ એ સમજે. એવાને તો જરા ઉપરનો ભભકો બતાવ્યો કે ખૂશ ખુશ. પણ આ વાત બહાર ન જાય, જો જો હો, ખબર પડી તો ધાંણ વાળશે.

સર્વેજણા–શિવ શિવ કરો, એતે શું કહો છો? એ વાતતો અહિંજ ડાટી. (અગીયાર વાગેછે.)

કુભાન્ડરાય–પહેરેવાલા, કેટલા વાગ્યા?

પેહેરવાળો–હજુર અગીયારા બજે, ઓર બારેકા અમલ ચલતાહે.

કુભાન્ડરાય–અહો બહુ રાત ગઇ, માટે હવે તો સુવા જાહુંછું.

સર્વે–સાહેબ અમે પણ રજા માગીયે છીયે.

કુભાન્ડરાય–હા ભાઇ સુખેથી જાઓ. ફિકર ન રાખશો, આતો જરા ચેતવ્યા!

જુઠાલાલ–આપ મુરબી છો તે હિત ચાહો તેહમાં શી નવાઇ. (સહુ જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ માર્ગ.

હિંમતસિંહ—ગુણવંતરાય—તથા માધીયો.

હિમતસિંહ–કેમ ગુણવંતરાય, હવે ચાલશું.

ગુણવંતરાય–હાજી ચાલો, (માધીયાને) અલ્યા માધીયા બાર સુધી મુકવા આવ, એટલે પેહેરાવાળો બોલે નહિં.

માધીયો–એ હહરો તો ક્યાંએ ઊઝી જયો હશે. પણ હેંડો

મેલવા આવું. (થોડે દુર જઇને) બાપા હવે મને રજા સે?

ગુણવંતરાય-હા જા, લે આ બે રૂપીયા. (ધરેછે) આવજે હો?

માધીયો-(લઇને) હયો વળે એ કયાંહી નાહી જતાતા. આપનો તો મને વશીલોજસે. બાપજી પધારજો—

(તે જાય છે.)

ગુણવંતરાય-કેમ સરકાર, મજા જોઇ? કેવા તડાકા ચાલતા હતા?

હિમતસિંહ-બસ હું તો દિંગજ થઈ ગયો છું. પણ ભલા પેલો વાણીયામાં, તથા વજેમાં, ભાગ રાખ્યાનું કહેતો હતો તે શી રીતે? મને બરાબર સમજણ ન પડી.

ગુણવંતરાય-એ લોકો ગામડાનો જે વજે આવે, તે વાણીયાને સુંઘે ભાવે વેચે; તેથી વાણીયો વેપાર કરી જે બમણા દામ કમાય તેમાં—તથા સરકારમાં જે લોકોનું કાપડ વગેરે લેવાય તેમાં-ગુપ્ત ભાગ રાખે. એટલે નફો અડધો વેંચી ખાય.

હિમતસિંહ-અધધધ!!! આતો લખ લૂટ થતી હશે. સરકારે કાયદામાં નોકરોને વેપાર કરવાની મનાઇ કરી છે, તે ખોટું નથી. શા દુષ્ટ નીમક હરામ છે ને.

ગુણવંતરાય-સાહેબ, હજી આપતો આટલામાંજ ધરાઇ ગયા. રૈયત બાધી કકળી મરે છે, પણ શું કરે, ને કોને કહે? પૈસાવાળા મજા કરે છે, ને ગરીબ કુટાયછે.

હિમતસિંહ-ઠીક છે. એ બધાનો હું યુક્તિબંધ બંદોબસ્ત કરીશ. તમારે લીધે મને આટલી ખબર પડી તેથી હું તમારો આભાર માનું છું.

ગુણવંતરાય-અરે સાહેબ, નોકર હોય તે નોકરી બજાવે, એમાં આભાર શાનો?

હિમતસિંહ-હા તેતો આ લોકો પણ નોકરજ છે કે નહિ?

ગુણવંતરાય-સાહેબ આપ કદરદાન છો, તે બધું સમજોછો.

ઇશ્વર આપની મન કામના સફળ કરો.

હિંમતસિંહ—હવે રાત બહુ ગઇ છે, માટે તમે જાઓ. ને હું પણ પેલી ગેટ આગળ માણસો મુકીને આવ્યો છું. તે સાથે જાઉં છું. તમારૂં ઘર આંહિંથી દુર, હોય તો કોઇને પહોંચાડવા મોકલું?

ગુણવંતરાય—ના પૃથ્વીનાથ. નજદીકજ છે. હું રજા માગું છું.

હિંમતસિંહ—હા ભાઇ જાઓ. (બંને જુદા પડે છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ શંકર બારોટનું ઘર.

શંકર બારોટ તથા ગોવિંદરામ.

શંકર—કેમ ગોવિંદરામજી? આપ મને બહુ દહાડાથી કહ્યાં કરતા હતા, તે હવે લાગ આવ્યો છે.

ગોવિંદરામ—શેનો બારોટજી.

શંકર—રાજા સાહેબે મને હકીમની શોધ કરવા કહેલ છે, માટે જો છત હોય તો તમેજ બની જાઓ.

ગોવિંદરામ—વાહ વાહ, એ વિદ્યા તો મારામાં ભરેલીછે. અસલ હીંદુસ્તાની હકીમ બનીશ પણ યાર તમે જેવો હાથ પકડો તેવો પાર ઉતારજો.

શંકર—એમાં તમારે કહેવું ન પડે. પણ મારો હીસ્સો ગણવો પડશે.

ગોવિંદ—અરે યાર તમે કહેશો તે આપીશ પછી કાંઇ?

શંકર—બસ પછી શું? ત્યારે તમે શી રીતે કરવા ચાહો છો?

ગોવિંદ—એમાં મોટું કામ શું છે? હું જરા ડોળ ડાળથી કાલે આપણા સરકારી બાગના બંગલામાં મુસાફર તરીકે માણસો સમેત ઉતરીશ; તે તમે કચેરીના વખતે મને બોલાવજો. પણ ભલા રાજા સાહેબ સવારમાં શાનો નાસ્તો કરેછે? ને કઇ ચીજ વધારે ખાય છે?

શંકર-સવારમાં તો ઘણું કરીને, દહીં સાકરની સાથે ઘઉં ની ટાઢી ચાનકીયો ખાયછે, કેમકે એને ટાઢું ખાધાપર વધુ પ્યારછે. વળી ચોખા ઉપર પણ વિશેષ ભાવછે.

ગોવિંદ-ત્યારે કાલે તમે મને તેડાવજો.

શંકર-બારેક વાગે બોલાવવા મોકલીશ. પણ જો જો કાંઇ કળાઇ ન જાય?

ગોવિંદ-એ તે વાત છે. ત્યારે ઉસ્તાદી શાની, જુઓ તો ખરા કે કેમ થાય છે.

શંકર-મને તમારો ભરોંસો છે, તેમાંતો આ કામ તમારે માથે નાખું છું.

ગોવિંદ-એ તો ઠીક, પણ મને વળી એક બીજી તદબીર સુઝી, તે સાંભળો. આ શીકારમાં કાંઇ ન્યાલ થવાના નથી. માટે દસ બાર દહાડા પછી હું કીમીયાગરનો વેષ લઇ બહાર કામનાથ મહાદેવમાં ઊતરૂં, ને ત્યાં ઢોંગ મચાવી કીમીયો ચલાવું; એટલે બધા લોકો આવશે. ને પછી લાખોનો માલ લઇ ચંપત થઇ જાઊં તે મહીને દહાડે વેષ બદલી પાછો આવું.

શંકર-યાર, એમ થાય તો તો દળદર જતાં રહે, પણ મારી હિંમત નથી ચાલતી.

ગોવિંદ-એમાં તમારે શું કરવું છે? વાત તો બધી મારે માથેછે? હું થોડું ઘણું કીમીયાનું કામ હાથ ચાળવણીથી કરી જાણુંછું. આ બહુ દહાડાથી મારા મનમાં હતું, પણ એક તો પૈસા ન મળે, ને વળી "વાડ વિના વેલો ન ચઢે" કોઇ સરકારી માણસની મદદ જોઇએ.

શંકર-મદદ તો જોઇશે એટલી આપીશ, ને આ હકીમાતમાંથીએ થોડા ઘણા રૂપીયા તો મળશે. પણ તમારે કીમીયામાં રૂપીયાનો શો ખપ પડે?

ગોવિંદ-અરે ભાઈ, પહેલાં રૂપીયાની છોળમ છોળ કરવી પડશે, એટલે લોકોને સોનું બનાવી બનાવીને આપશું

ત્યારે વિશ્વાસ પડશે કે નહીં? લાલચવિના તો ધડો કોણ કરે?

શંકર-શંગરે ફાંકડા, તારી વાત સાંભળીને મને ખાતરી થઇ કે તું ખરેખર કરી શકીશ, વળી તે વાળ બાળ વધારીને ડોળ પણ ઠીક કર્યો છે.

ગોવિંદ-મારૂં તો ગુજરાનજ એમ ચાલેછે, એટલે શું કરૂં? જુઓ તો ખરા, હવે કેવી હોંશીયારી દેખાડું છું. પણ આ વાત તમે દીવાનથી છાની રાખજો, એટલે એને પણ લૂટતાં ઠીક પડે.

શંકર-ઠીકજ છે ને, એણે પણ સાળે બધું રાજ્ય લુટી ખાઇને, પોતાનું તથા સગાં વાવહાલાંઓનાં ઘર ભર્યાં છે, તેથી એજ દાવનો છે.

ગોવિંદ-ત્યારે હું રજા માગુછું કેમ કે મારે હજી કઈ કઇ આદમીયોને ગોતવા પડશે, માટે વેળાસર જાઊં.

શંકર-ઠીક જાઓ, કાલે બારવાગે હું બોલાવીશ.

ગોવિંદ-બહુ સારૂં, પણ જો જો વાત બીજે કાને ન જાય?

શંકર-અરે એ તે વાતછે. માંહે મારો પણ લાભ રહેલો છે કે નહીં. આવજો ભાઇ?

ગોવિંદ-બહુ સારૂં મેહેરબાન. (બંને જુદા પડેછે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ રાજ્ય મેહેલ.

કુભાન્ડરાય—શંકરબારોટ—અમલસીંહ—તથા

કચેરી મંડળને પછીથી હકીમજી.

કુભાન્ડરાય-કેમ બારોટજી? હજી સરકાર સાહેબ નથી પધાર્યા કે?

શંકરબારોટ-ના સાહેબ, આજે જરા કસુંબાને મોડું થયું;

એટલે અત્યારે પણ મોડા પધારશે.

કુભાન્ડરાય–ઠીકજછે ને. આંમ પાસે આવો, ત્યારે વાતો ચલાવીયે.

શંકર–આ આવ્યો સાહેબ, નવરા બેઠ ઠીક ધંધો ખોળી કહાડયો.

કુભાન્ડરાય–કહો, હમણાં કેમ ચાલેછે, મારે વિશે પોતે કાંઇ બોલેછે? (બારોટ પાસે આવીને બેસેછે.)

શંકર–ના મહારાજ તો કાંઇ નથી બોલતા. જેમ ચાલે છે તેમને તેમ છે. ભલા આજ કેમ પુછવું પડયું?

કુભાન્ડરાય–ભાઇ જાણોજછો તો. કારભારી પણું કરીને હજાર ઠેકાણે નજર ન રાખીએ તો માર્યા જઇએ, હમણાં તો પેલો છોકરો ભણીને આવ્યો, તે ઘણો લુચ્ચોછે, ને વળી ઇંગ્રેજોની સોબતથી સાહેબ તે લોકોના જેવો થઇ ગયોછે. કાલે મને કહે કે “પીતાજીને કસુંબાનું બંધાણછે, તે પોતે ભલે પીએ; પણ આમ સપ્પલૂટ ખરચ કેમ કરવા દયોછો?”

શંકર–એ વાત શા ઊપરથી નીકળી હતી.

કુભાન્ડરાય–પાંચેક દહાડાપર તમને પેલી કંઠી મળી હતી, તે વાત એને કાંને ગઇ તેથી બડબડતો હતો. તમારે માટે તો ખૂબ ખરાબ વિચાર બાંધેછે. કહેછે કે “મુખ્ય તોફાન કરનાર તથા ફોસલાવનાર તો એ બારોટજ છે.”

શંકર–(મનમાં)પ્રભુ જાણે ખરૂં કહેતો હશે, કે કાંઈ પ્રપંચ હસે, પોતે છેતો લુચ્ચો. જોઈએ કાંઇ હશે તો હમણાં જણાશે. (ચાસન) પછી આપે શું કહ્યું?

કુભાન્ડરાય–મેં સારી પેઠે સમજાવ્યો. પણ એ તે કાંઇ અસર કરે? મને પણ ડર લાગે છે કે નવરો રહ્યો ગજબ કરશે. માટે કાંક તદબીરથી ગુંચવાડામાં નાખીએ.

શંકર-(મનમાં) લાખો રૂપીયા ખાઇ ગયા તે ડરતો લાગેછ્તો. મૂળ વાત બધી પોતાપર થઇ હશે. હવે સમજાણું (ચાસન) શો ઇલાજ લેવો ધાર્યોછે?

કુભાન્ડરાય-સુધરેલોછે એટલે જેવી તેવીને નહી પરણે માટે આપણે આજ વાત કાઢીને પરણાવવાનું ઠરાવીએ; પણ તમે પુસ્કળ ટકા દેજો.

શંકર-હું તો હાજરછું (અમલસિંહ આવેછે. સહુ ઉભા થઇ માન આપેછે તથા બેઠા પછી થોડીવારે,)

અમલસિંહ-દીવાનજી હમણાં મારી તબીયત બહુ સુસ્ત રહેછે.

કુભાન્ડરાય-ઘણી ખંમા રાજાધિરાજ. કોઈનું ઓસડ નથી ચાલતું?

અમલસિંહ-આપણા વૈદરાજ તો ગામમાં નથી ને બીજા કોઇની તજવીજ કરવાનું આ બારોટને કહ્યું હતું તે ઝોકામાંજ ચાલેછે,

શંકર-અહો બાપજી ભલું સંભાર્યું કાલે હું કામનાથ માહાદેવમા જતો હતો, ત્યાં એક હકીમ આપણા બાગના બંગલામાં ઉતર્યો છે, તેને મળ્યો તે જોધપુરથી આવ્યો છે. મેં પરીક્ષા જોવાને ત્યાંની બધી નિશાની પુછી તે બરોબર બતાવી; ને વળી હોંશિયાર પણ બહુ છે.

અમલસિંહ-એતે કાંઇ ડોળ છાનો રહે? ત્યારે એને બોલાવીએ તો અત્યારે આવે ખરા?

શંકર-શી ખબર અંદાતાજી, રાજ્ય દરબારી લોક છે કાંઇ તમારાથી એવો નથી.

કુભાન્ડરાય-સાહેબ બોલાવશો તો શા સારૂં નહી આવે?

અમલસિંહ-ત્યે ત્યારે બોલાવીએ. અલ્યા મોરાર? જા, આપણા બાગના બંગલામાં હકીમજી ઊતર્યા છે તેમને બોલાવી લાવ.

મોરાર-જો હુકમ. પૃથ્વીનાથ, આ ચાલ્યો (તે જાય છે.)

કુભાન્ડરાય-પૃથ્વીનાથ કુંવર સાહેબનેવર્ષ અઢારેક થયાં હશે?

અમલસિંહ-હા ઓગણીસમું ચાલેછે. કેમ પુછવું પડ્યું?

કુભાન્ડરાય-કાંઇ નહી સાહેબ, સહેજ એ તો હજી સુધી કુંવારાછે, એટલે બીજા રજવાડાવાળા શક આણેછે.

અમલસિંહુ-શો શક આણતા હશે?

શંકર-કૃપાનાથ, એ તે શું પુછો છો? આપ જેવા ઊંચા કુળના રાજાના પાટવી કુંવર અઢાર વર્ષ સુધી કુંવારો? એ તે ક્યાંહી દુનીયામાં હોય? એમને તો આજ ત્રણ છોકરાં હોય. કેહવું અયોગ્યછે, પણ લોક એમ ધારેછે કે બરોબર મરદાઇમાં નહિં હોય, નહિંતો ગરીબના છોકરાંએ આઠ દશ વર્ષના પરણેછે.

અમલસિંહુ-એતો બહુ ખોટું. ત્યારે આપણે વેળાસર સગાઇ કરાવીએ; કારણ જુઠી વાત ફેલાઇ તો પછી રોકી નહી રહે.

કુભાન્ડરાય-હા સાહેબ, ધરમના કામમાં ઢીલ શી. આ વાત મેં એટલાજ સારૂં કાઢી હતી.

અમલસિંહુ-તમારી નજરમાં જ્યાં આવે ત્યાં આપણે પ્રયત્ન કરીએ.

કુભાન્ડરાય-પૃથ્વીનાથ ઊમેદપુર જેવું બીજું રાજ્ય આપણી બરોબરનું નથી. વળી ત્યાંથી એક વખત ખાનગી રીતે ત્યાંના કારભારી તરફથી સુચના આવીહતી; પણ તે વેળા કુંવર સાહેબ ભણવા પધારેલા હતા; તેથી આપણે ના કહેવરાવી હતી.

અમલસિંહુ-હાહા, એ ઠીક. એતો કંન્યા પણ જાણમાં વીશ બાવીસ વર્ષની હશે ઊંચા કુળનીછે નેં વળી એકવાર માગણી થઇછે એટલે ના નહી પાડે માટે આજજ ચોકસ માણસ મોકલો તે તજવીજ કરી આવે; પછીથી માગું મોકલીએ.

કુભાન્ડરાય-ઠીક સાહેબ. આજે આપણા ગોરને કારભારી

ઊપર કાગળ લખી મોકલીએ તે જો નકી થાય એમ હોય, તો ત્યાંથી લખી પુછે, એટલે આપણે મંજુરી મોકલશું.

મોશર-(માંહે આવીને) પૃથ્વીનાથ હકીમજી હાજર છે.

અમલસિંહ-માંહે બોલાવીને દીવાનજીની પાસે બેસાડજે

(હકીમ આવેછે તથા સલામ કરી દીવાન પાસે બેસેછે.)

કુભાન્ડરાય-હકીમજી, આપ કયાના રહેવાશી છો?

હકીમ-સાહેબ, ફીદવી અસલ લખનઉકા બાશીંદાહે લેકીન અબી ચંદ સાલસેં જોધપુરમેં રહેતા હે.

અમલ-જોધપુરમાં ખાસહજુર પાસેજ નોકરછો, કે બીજેકંઇ?

હકીમ-ખાસ હજુર સાહેબ પાસ રહેતાથા, ઔર ઊનકી અછી નીગાહથી.

શંકર-(રાજાને)હોયજ કની, પૃથ્વીનાથ, રાત દહાડો પાસે રહે તે કેમ ન હોય.

અમલસીંહ-કેમ બારોટ? તમેતો જોધપુરમાં ઘણી મુદત રહ્યાછો, તે એમને ઓળખતા હશો.

શંકર-અંન્દાતાજી, મુદત બહુથઇ. તોપણ ચેહેરો કાંક સેઘો લાગેછે, ને એમનું નામ પણ જાણામાં નીજામખાનછે.

હકીમ-જીહાં બરોબર મેંનેભી અબ તુમકું બરોબર પીછાંને ફલમીલે જબ દીલમે શક રહ્યાથા, વો અબ મીટ ગયા.

શંકર-હકીમજી, આપતો ચંપા બાગમાં રહેતા હતા, નહીં વારૂં?

હકીમ-હાં. કીતનીક મુદત તક વહાં રહેતા થા, ફીર અબી, દરબાર કે પાસ એક મકાનમેં રહેતાહું.

અમલ-બારોટ? ત્યારે તમારે તો જુની ઓળખાંણ નીકળી, તમે ત્યાં કેટલાક દહાડા રહેલ.

શંકર-બાપજી, આશરે બે અઢી વર્ષ રહ્યો હઇશ. પણ એ વાતને તો આજ વીશેક વર્ષ થયાં હશે. એ તો જમાનોજ પલટી ગયો.

અમલ-પણ તમે એમનાથી બરોબર વાકીફગાર હશો.

શંકર-હા સાહેબ, હવે એમનું નામ ઠામ મળ્યું, એટલે બધું યાદ આવ્યું. એતો ખાસ માનકારી માણસ ને મહારાજાને પ્રાણ જેવા હતા.

અમલ-હકીમજી તમે કેમ જોધપુર છોડ્યું, ને હવે કઇ તરફ જવા ઇરાદો રાખો છો?

હકીમ-ખુદાવીંદ, મહારાજ સાહેબ દો બરસસેં સ્વર્ગવાસી હુવે તબસેં મુલકમેં ફીરતાહું ક્યું કે અબ જોધપુરમેં રહેનેકા દીલ નહીં ચાહતા હે. ઓર મુજે કુછ મુસાફરીકા બી શોકહે.

શંકર-શું મહારાજા સ્વર્ગવાશી થયા! શીવ, શીવ, શીવ? શો દયાળુ દીલનો સરદાર? અરે હાય? ત્યારે પછી તમારા જેવાની કોણ કદર કરે! (રાજાને) અંદાતાજી, આતો હવે ટુટી ગયા જણાય છે, નહીં તો એમની પાસે પચાસ સાઠ માણસ રહેતા.

અમલ-એમાં શું કહેવું, રાજાની મેહરબાની ને વળી જાતે હોશીયાર. પછી શી ખામી રહે.

શંકર-હકીમજી, અમારા માલીક સાહેબના દુશ્મનની તબીયત હમણાં બહુ સુસ્ત રહે છે, તેહનો કાંઇ ઇલાજ બતાવશો?

હકીમ-નબજ દેખનેસેં સમજમેં આવે, દેખું ખુદાવીંદ સાહેબ આપકી નબજ?

અમલ-(હાથ ધરીને) મને બહુ નબળાઇ માલુમ પડે છે. ને કેટલીકવાર તો અતી સુસ્ત થઇ જાઉંછું.

હકીમ-(હાથ મુંકી દઇ ડોકું ધુણાવીને) આપ ઠંડી ઓર કંમજોર ચીજેં બહુત ખાતે હો; ઉસસેં એ બાત સબ બનતી હે. ફીર ઉસકેજ લીયે વીકાર હોગયા હે; ઉસકા જલદી ઇલાજ ન કરે તો તબીયત દીન બ દીન બીગડતી જાવે, ઓર અકસર અછા ન હોવે.

અમલ-(મનમાં) વાત તો મળી હું રોજ ટાઢું ખાઉં છું. રાજ દરબારનો હકીમ તે જેવો તેવો હોય?

કુભાન્ડરાય-હકીમ સાહેબ, હજુરે સવારમાં શો નાસ્તો કર્યો છે, તે કહી શકશો ?

હકીમ-હાં ખુશીકે સાથ. (ફરીથી ડાબો તથા જમણો હાથ પકડીને) દહીં ઓર સકર કે સાથ ઠંડી રોટી ખાઇ હૈ. ઓર અકસર ચાવલ બહોત ખાતે હૈ.

કુભાન્ડરાય-(વિસ્મય થઇને) દયાનાથ આ વાત મળી?

અમલ-વાહ વાહ, એ તો રામ બાણ. મનની વાત કહી દીધીને. બધા જોયા પણ આ વાત તો ઓરજ છે.

શંકર-અંદાતાજી, તે વના જોધપુર જેવા રજવાડામાં કેમ પંકાય.

અમલ-ભલા, એહનો શો ઇલાજ કરવો? તમારી પાસે કાંઇ દવાઓ છે?

હકીમ-જીહાં, હમ રાજા લોકકી તબીયતસે બરોબર વાકીફ હૈં ઊસેં એસી ઊનકે લાયક દવા તો પાસીજ રખતે હૈ. (ધુંજામાંથી પાંચ સાત પડીકી કહાડીને) ખુદાવીંદ યે સબ ખાખ હૈ. સો હજુરકી નીગાહમેં આવે તો રખો.

અમલ-આપણને ગુણ થાય એમ હોય તો ઠીકજ છેનેં.

શંકર-પૃથ્વીનાથ શરીરથી શું વધેછે? આતો બધી જોયામાં ધોળી રાખ જેવીછે પણ તેના ગુણતો અમુલ્ય હશે.

કુભાન્ડરાય-તે વિના બહુ કીંમતવાન કહેતા હશે? ભલા એ શેની શેની ને શા શા કામની છે?

હકીમ-દેખો સાહેબ, યેહીરે ઓર મોતીકી ખાક જો હૈં વો, હજુરકે વાસ્તે બહુત ફાયદેમંદ હૈ. ઊસ હરેકકી કીમત પાંચસો રૂપેહૈ.

અમલ-ઠીક ત્યારે એ ખાકો લાવો ને રૂપીયા આપી દેજો. (રાજા પડીકીઊં લેછે)

શંકર-હકીમજી આપને અહીં હાલતો રહેવું થાશે ખરૂં કની?

અમલ-હારતો. હવે તે ક્યાં જાય. આપણને ફરી ફરીને આવા હોશીયાર હકીમ મળવાના છે?

હકીમ-નહી ગરીબ પરવર, તાબેદાર કલ જાંનેવાલા હે. મકાન છોડે બહોત મુદત હુઇ ઉસસેં અબ દીલ ઊતાવલ કરતાહે.

અમલ-ત્યારે આ ખાકોની કાંઇ ક્રીયા ખરી કે નહિ?

હકીમ-જી હાં. રૂપેભાર ખાખ દોસેર દુધમેં ડાલ અંદર મીસરી મીલાકે વો ગરમ કરના. ફીર આધા રેહે તબ, બડી ફજરમેં દરરોજ પી જાનાં. ઈનશા અલ્લા તાલા, સબ બાતસે રાહત હો જાયગી.

અમલ-બહુ સારૂં.

(ખજાંનચી પાસેથી હજાર રૂપીયા મંગાવી ગણી દઇ સીરપાવ બંધાવી વિદાય કરે છે. તથા બપોરે સુવાનો વખત થઇ ગયો તેથી શયન ગૃહમાં જાય છે, એટલે સહુ વેરાઇ પોત પોતાનેં ઠેકાંણે જાય છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ બાગનો બંગલો.

હકીમનેં પછીથી શંકર બારોટ.

હકીમ-(એકલો) શું રાજ્યમાં પોગળ ચાલે છે ને? રાજા તો બીચારો ભલો માણસ છે. તેમ વજીર વળી સરવે ઊપમા જોગ છે. તેહનેં બીચારાને પુષ્કળ લુટવું; તે કોની વાતને ટેકો ન આપે, ને હાજી હાજી ન કરે તો પોગળ વેરાઇ જાય. બારોટ મહા કુટીને ખરી જડ છે. ચાલો હાલતો ભજ પાડ્યું. હવે કીમીયાગર બનીને જો ફાવ્યા, તો મરણ સુધી કમાવું નહી પડે. (બારોટને આવતો જોઇને) આવો બારોટજી.

શંકર—હા ભાઈ, કેમ ખરેખર ગોળી વાગી કે નહિં! એક કોથળી તો એકજ.

હકીમ—અરે હજી જુઓ તો ખરા કે શું શું થાય છે.

શંકર—યાર, તું તો ખૂબીદાર માણસ છે. એવી સારી હીન્દુસ્તાની બોલી બોલતો હતો, તથા ડોળ પણ એવો કર્યો હતો, કે કોઈ ન કળી શકે.

હકીમ—એમ ન હોય તો પછી હીમત કેમ ધરીયે. તમે પણ ઠીક પુષ્ટી આપી.

શંકર—એહમાં શું. મેં દીવાનને પણ સાધી રાખ્યો હતો; નહીતો ધુળનાં પડીકાંના હજાર રૂપીયા કેમ આપવા દે.

હકીમ—હા યાર એ પણ અછું કર્યું. નહીતો એ જરૂર ફાંસ મારત. મેં પણ એવો ઈલાજ બતાવ્યો કે સાળો એહની મેળે જોરમાં આવે.

શંકર—ઠીકસ્તો. પણ હવે હીસ્સો શું આપો છો?

હકીમ—લ્યો આ બસેં રૂપીયા (અગાઉથી ગણી રાખેલા આપે છે.)

શંકર—(મનમાં) ઠીક છે, હજીતો સાળાનું ઘણું કામ છે, માટે બોલવું નહિં (ચાસન) બસ યાર આપણે ખુશી. પણ કહો હવે કીમીયાગર ક્યારે થશો?

હકીમ—હવે તેયારી સમજવી.

શંકર—પણ મને એમ લાગે છે કે, રાજાને તો ન લુટવો. કેમકે એની પાસે કાંઇ નથી. ને વળી મહારો ધણી છે, પેલા હરામખોર દીવાનનેંજ ઓકાવવો, રાજ્યનો ખરો ખજાનો એના ઘરમાં છે. ને વળી અતી લોભી છે. એટલુંજ નહી પણ પેટ ફરજંદ નથી. તેથી છોકરાં થવાને પણ વળખાં બહુ મારે છે.

હકીમ—ઠીક ત્યારે તેમ. તમે પાંચ સાત દિવસ પછી કામનાથમાં ખબર કહાડજો.

આરોટ—કાંઇ ફિકર નહી ત્યારે હવે હું રજા લઊં છું.

હુકીમ-હા ભલે હું પણ મારે ઠેકાણે પડીને પછી જોગીના વેશમાં દરશન દઇશ.

(બંને જુદા પડે છે.)

પ્રવેશ ૨૧ મો.

સ્થળ હિમતસિંહનું દીવાનખાનું.

હિમતસિંહ તથા પછીથી ગુણવંતરાય.

હિમતસિંહ-(એકલો) અહો! શું કાલે રાત્રે ખેલ જોયો? બીચારો ગુણવંતરાય કહેતો હતો, તેમાં જરાએ ખોટું નથી. કેવા લુચ્ચાઓ મળીને રાજ્ય લુટવા મંડ્યાછે? ને દુષ્ટોને કોઇનો ડરછે? એ ધડક મારા પિતાજીને ‹‹અફીણી'' તથા મને ‹‹ચબાવલો'' કહેતા હતા. હરામખોરો હજારો રૂપીયા ખાઈ જાયછે હેં? મને મોઢે કેવું અવળું સમજાવતા હતા? અરે એતો બધુ ઠીક, પણ તરકટીયાઓએ મને પણ ખાડમાં નાખવાનો નિશ્ચય કર્યોછે. પાડ ઇશ્વરનો કે મને અગાઉથી ખબર પડી. હજી પણ તેઓ તો કરવામાં બાકી નહીં રાખે, પણ આપણે પેલી સુંદરપુરની રાજપુત્રી વિશે તજવીજ કરી પીતાજીને પ્રથમથી સુચવીયે, તો બધું ઠીક થાય. ગુણવંતરાયે સવારમાં આવવાનો વાયદો કરેલ, ને આતો બાર વાગ્યા, હજી કેમ નહીં આવ્યા; (ગુણવંતરાય આવીને નમન કરે છે.) અહો ભાઇ સંભારતાંજ આવ્યા. આયુષ તો લાંબુ જણાય છે.

ગુણવંત-કેમ કૃપાસાગર, મને ગરીબને શા સારૂ યાદ કરવો પડ્યો.

હિમત-એસ્તો. પેલી સુંદરપુર વાળીના શા સમાચાર છે? રાતે ગડબડ હતી એટલે ભુલી ગયાથી ન પુછ્યું.

ગુણવંત–એતો ક્યાંહી પડી હશે, ને આપ તો એના નામનીની માળા જપો છો.

હિમત–ભાઈ ઇશ્વરને પ્રાર્થના કરીયે છીયે કે "ઉમર લાયક થયા પછી કોઈને કુંવારો ન રાખીશ.

ગુણવંત–ઓહોહોહો? આટલું બધું દોહેલું શેણે લાગે છે? કોઇએ પરણતાં અટકાવ્યા છે?

હિમત–હવે એ બધું તો ઠીક પણ ભાભી સાહેબને પુછ્યું હતું?

ગુણવંત–પુછ્યું હશે તો કહીશું. ઉતાવળ શી છે. રાતે મોડું પુછ્યું હતું એટલે બરોબર સાંભરતું નથી; કારણ તે વખત હું નીંદ્રામાં હતો. સાંભરશે ત્યારે કહીશ.

હિમત–હવે થોડા મોંઘા થાઓ રાતનું કહેલ ન સાંભરે એમ તે બને?

ગુણવંત–પણ તમારે કેહવા સાંભળવાની શી જરૂરછે? એમ ને એમ સંતોષ પામો તો કાંઈ અડચણ છે?

હિમત–કહ્યા વિના શી રીતે સંતોષ પામું? તમારી ગરજ પડી, ત્યારે તમે મોંઘા થાઓ છો. હોયજ તો. પાંચ પકવાંન જમી આવેલ ને ભુખ્યાની આપદાની શી સમજણ પડે.

ગુણવંત–ભૂખ્યાને પણ પાંચે પકવાન જમાડવાં હોય, એટલે શું કામ આકળા થઇએ.

હિમત–પણ તે તો રંધાશે ત્યારે કે હાલ? કશું ઠેકાણુંએ નથી, ને શી રીતે જમાડવાનું કહો છો?

ગુણવંત–(ખીસામાંથી કાગળ કહાડીને) લીજીયેં હજુર, ચાઓ મજાને થાઓ આતુર.

હિમત–શું તમે કહેતા હતા તે કાગળ આવ્યો કે? (ઉઘેળીને વાંચેછે) "અખંડ સોભાગ્યવંતી પ્રાણપ્રિય એકંગીસખી સવીતાગવરી" "મુકાંમ શ્રી નગર"

"માલીની છંદ"

"મન હરણ વિવેકી, પ્રાણના તુલ્ય વ્હાલી;"
"મુજ સરવ સખીથી, શ્રેષ્ટ ને છે રૂપાળી;"

" તુજ રસિક છબીને, જોઉં નિત્યે નિહાળી, "
" પણ સુખ નવ થાયે, કેમકે એહ કાલી. " ૧
" અતિ મધુર સુ શબ્દે, વાંણી તારી ભરેલી, "
" સુણી હરખીત થાતી, ચિત્ત માંહે સાહેલી; "
" ફરી મળ મુજ સાથે, તું ત્વરા સાથ આવી, "
" સજીવન કર પ્રીતી, પ્યાર સાચો બતાવી. " ૨

" મનહર છંદ. "

" મળી પતી સાથ, થઇ રળીયાત ભલી ભાત, "
" રાખે શીદ વાત યાદ, ગરીબ સખી તણી; "
" પતી પતી કરી, ગતી થતી તે સંભાર રતી, "
" મારા જેવી હતી, ત્યારે પામતી પીડા ઘણી; "
" ઈશે કૃપા કરી, હરી દુઃખ, કરી સુખી તેથી, "
" ઠરી મારી આંખ, પણ છાકેલ તું તો બણી; "
" લગાર વિચાર ધાર, ચિત્તમાંહે તું આ વાર, "
" તનેજ મળેલ હશે, અલી જગમાં ધણી? " ૧

ગરબી.

" ઓધવજી સંદેશો કેહેજો શ્યાંમને. "એ રાગની.

" પ્રિય સખી સવિતાગવરી મુજ બેનડી,
" લખું તને વિનતી હું આજે જેહ જો;
" સંપુરણ દઇલક્ષ અને સ્થિર ચિત્તથી,
" જરૂર વાંચજે અંતલગી સહુ તેહજો. પ્રિય સખી૦ ૧
" દિવસ બહુ વિત્યારે તુજ વિયોગમાં,
" કેમ કહાડયા તે જાંણે જગદાધારજો;
" અહરનિશ હું રટણ કરૂં તુજ નામનું,
" નથી વિસારી ચિત્તથી તને લગારજો. પ્રિય સખી૦ ૨
" કારણ હું દુઃખીયણ છું અહીયાં એકલી,
" કોની પાસે નિત્ય કહું મુજ હાલજો;
" કોણ સલાહ શાંણીને ધિરજ દે વળી,
" તું વિણ લે કોણ પળે પળે સંભાળજો. પ્રિય સખી૦ ૩

" સુખ સાગરમાં લીન બની તું ત્યાં જઇ,
" મને વીસારી દીધી તેથી સારૂજો;
" ક્ષણે ક્ષણે સંભારૂં છું અહીં હું તને,
" એ તે ક્યાંનો કહેવાએ ઇનસાફજો. પ્રિય સખી૦ ૪
" શીદ અભિમાન કરે નહીં, જ્યારે થઇ સુખી,
" જગકરતાએ ઝાલ્યો તારો હાથજો;
" શા માટે ના ભૂલે તેથી સાફ તું,
" કારણ હું છઊં ગરજી અને અનાથજો. પ્રિય સખી૦ ૫
" સત્ય લખુંછું આ સહુ, દઊં હું દાખલો,
" લખી મોકલ્યા પત્રો ત્રણ કે ચારજો;
" ઉત્તર એક તેહ તણો આવ્યો નહીં,
" સિધ થયું કે ઘટી ગયો તુજપ્યારજો. પ્રિય સખી૦ ૬
" ભલે સંભારે કે વિસારે તું મને,
" પણ હું તો નવ ભૂલું તને લગારજો;
" આ ભવમાં તો તુજ વિણ નવ કોને કહું,
" ગુપ્ત -હૃદયની વાતો વારંવારજો. પ્રિય સખી૦ ૭
" દુઃખ પામું હું નિત્યે જે સ્વાંમીવિના,
" તે જાંણેછે અખિલ વિશ્વનો તાતજો;
" વળી તને પણ સાંભરશે નિજ અનુભવી,
" વાંચ વિચારી તળે લખેલી વાતજો. પ્રિય સખી૦ ૮

"વાહાલી બેન? આપણે આ ભવસાગરના કિનારા " ઊપર કેટલીક મુદતથી ઊભાં રહી કોઇ હોંશીયાર " ખલાસીની હોડીમાં બેશી પાર ઊતરવાનો વિચાર " કરતાં, અને કેટલાક બે સમજુ માણસોને, કિનારાપર " આવીને તુરત હોડીમાં બેશી વિદાય થતાં જોતાં, ત્યારે " તો આપણને પણ તેમ કરવાનું મન થતું. પરંતુ, તે " હોડીયોમાંહેલી કેટલીક, કે જેના ખલાશી નાલાયક તથા " અસાવધ હોવાથી, કેટલીક ઘણો દુર, અને કેટલીક તો " નજદીકમાંજ, તોફાંની ખડકોની સાથે અથડાવાથી ભાગી " જતી; ત્યારે ધીરજ રાખીને કોઇ હોંશીયાર ખલાસી, કે

" જે પોતાનું વહાણ સહી સલામત સામેકિનારે લઈજાય એ-
" હવો હોય, તેહની હોડીમાંજ બેશવુ, એવો નિશ્ચય કરતાં,
" કેટલાંકને સાદા ખલાશીની સાથે હોડીમાં બેશી
" સેહેલ કરતાં જોતાં, ત્યારે આપણે દિલગીરીના વાદળ
" નીચે ઢંકાઇ જતાં; અને આપણને તેવો હજી સુધી
" ન મેળવી આપ્યો, તેહને માટે બડબડતાં. આપણને
" જેની હોડીમાં બેસવાનું મન થાતું, તેહને વિશે એક
" બીજાને અભિપ્રાય પુછતાં, અને જો કોઇને યોગ્ય
" જાંણુતાં તો તેહની હોડીમાં બેસવાને પ્રયત્ન કરતાં.
" આ કામની અંદર થોડી મુદ્દત વિતી એટલામાં, તારો
" ભાર મારાથી જરા હલકો હોવાથી, અને તારી
" તીવ્ર બુદ્ધિ હોવાને લીધે, એક ચાલાક ખલાશીની
" હોડીમાં તું એકદંમ બેશી ગઈ, અને મને સલામ
" કરીને ચાલતી થઇ. તારી હોડીને આગળ શાન્તી
" માં આ કીનારો છોડી ચાલતી જોઈ ત્યારથી, એટલે
" હું તારાથી જુદી પડી ત્યારથી, જે મને દુઃખ થાયછે,
" તે ઇશ્વર જાંણે છે. તારા જવાથી મને દીલગીરી તો
" અતી થઇ; પણ તે સાથે આશા બંધાણી, કે તું દરીયા-
" માં પડી છે તેથી તારા જોવામાં જે ઘણા હોડાયો
" વાળા આવે, તેઓની ચાલાકીથી, સહવાસને લીધે તારો
" હોડીવાળો પુરો માહિત હોય, એટલે મારા યોગ્ય
" જે જણાય તેને મને લેવાને તુરત મોકલવા તું નહિ
" ભૂલે. આ આશામાં બહુ દિવસ ગયા છતાં તેં કાંઇ
" ન કર્યું, એ ખાતે તને સાબાશી ઘટે છે. આ વખતે
" એટલીજ વિનંતી કરવાની છે કે— મારા સાંભળવા પ્ર-
" માણે તારા ખલાશીનો શેઠ જેની હોડી ખાલી છે,
" તે મહારા લાયક છે. તું ઘણું કરીને એની પડોશમાં
" રહે છે, એટલે તેના સ્વભાવ તથા શક્તિથી અજાંણી
" નહિં હોય; માટે તું આ કીનારો જોયે બહુ દિવસ
" થવાને લીધે પુનઃ આવે, ત્યારે કૃપા કરીને તે ખલાશી

" વિશે પુરેપુરા સમાચાર લેતી આવીશ તો હું તારો
" આભાર માનીશ. "

સવૈઆે.

" સવિતા ગવરી નવરી સખીની, લવરી સુણીને દુઃખ
તું હરજે, "
" જણવી મરજી ગરજી થઇને, લખી જે અરજી ચિત્ત
તે ધરજે; "
" તુજ કાજ પડયું એક આજ, તજી તેહ લાજ જ-
ણાવીયું ઊપર જે, "
" કરી ખૂબ પતીજ અને તજવીજ, ધરી ચીત્ત રીઝ
સુખી કરજે. " ૧

મુકામ સુંદરપુર
ચૈત્રસુદ ૧ બુધવાર.

લીખતંગ તને મળવાને, તથા તા-
રાથી સુભ સમાચાર સાંભળવાને
આતુર વિયોગી સખી વીજયા
કુંવરી કેશરીસીંહના આશીર્વાદ

ગુણવંતરાય-કેમ સાહેબ, હવે સંતોષ પામ્યા? કહેવત છે કે, " દીલ બર દીલ " તમે આંહીં માળા જપો છો, ત્યારે તે પણ ત્યાં અકસ્માત તમારા નામનીજ માળા જપે છે.

હિંમતસીંહ-બસ ભાઇ, હવે કેહેવું શું, નેં તજવીજ શી કરવી. મારી તો વીશે વસા ખાતરી થઇ ગઇ. આટલા દિવસ હું અભિમાન રાખતો, કે પુરૂષોજ કેળવાએલા હોય છે; પણ આણે તો મારૂં અભિમાન હઠાવી દીધું, નેં હુંતો દીંગજ થઇ ગયો છુ. એની આગળ મારૂં જ્ઞાન તે શી ગણતરીમાં.

ગુણવંતરાય-હવે બસ કરો. તે દિવસ મને કેહેતા હતા કે, "આધીન થઇ ગયા હશો. " તે તો જાણે કાંક સંભવીત હતું. પણ આતો ફક્ત નામ સાંભળ્યાથીજ તારીફોનો વરસાદ વરસાવો છો; ત્યારે નજરે દીઠા પછી પગ ચાંપશો કે ઊભા ઊભા નાચશો?

હિમતસીંહ-પ્યાર તું મને શરમાવી ન નાંખ. પ્યાર અજબ ચીજ છે. પણ કહો હવે શી તજવીજ કરવી?

ગુણવંતરાય-તજવીજ શી કરવી છે. લખો ; એક કાગળ, એટલે ફટ લઇને મંજુરી આવશે, પણ માંહે એક બાધ પડશે. એતો નીચા કુળની છે.

હિમતસીંહ-તેની તો જરાએ અડચણ ન સમજવી. કારણ કેઃ—

श्लोक.

विषादप्यमृतंग्राह्य, ममेध्यादपिकांचन;

नीचादप्युत्तमांविद्या, स्त्रीरत्नंदुष्कुलादपि. १

અર્થ-ઝેરમાં અમૃત હોય તે, અપવિત્ર જગ્યામાં સોનું હોય તે, તથા નીચની પાસે ઊત્તમ વિદ્યા હોય તે લેવી, તેમ સ્ત્રીરૂપી રત્ન નઠારા કુળમાં હોય તો પણ લેવું.

આ વિશે પિતાજીને તો સમજાવશું. પણ કાગળ શી રીતે લખવો. કોણ લઇ જશે?

ગુણવંતરાય-એમાં રીત શી? જેમ કાગળ આવ્યો, તેમ પાછો જશે. આપના પ્યારને ઊછેરવો એ કાંઇ મહારા એકલાથી બનવાનું છે? માટે કોકને મદદગાર નીમવુંજ પડશે.

હીમતસીંહ-એટલે શું મહારાં ભાભીને? શું તેઓના કાગળમાં કાગળ બીડવો? કે કોઇ ઈલાહેદું માણસ મોકલવું?

ગુણવંતરાય-આપની તાબેદાર એજ આપણું માણસ, કાગળ લઇ જનાર તો ફકત તે પહોંચાડેજ. પણ આ તો બધી યથાસ્થીત તજવીજ પણ કરી રાખશે.

હીમતસીંહ-પણ એ તો કેમ બને? એટલા સારૂ કાંઇ તેમને આંહીંથી મોકલાય?

ગુણવંત–શું કરીયે. આપના કામ સારૂ એના પીતાને કેહેવરાવી આંહી આણું મગાવ્યું છે; તે કાલેજ રવાને થશે.

હીમત–વાહ વાહ. ઈશ્વર જરૂર આ કામમાં સહાય છે. જુઓને કાલે તો હજી વાત કાઢી છે, એટલામાં બધી તજવીજોએ થઇ ચુકી. ભાઇ સાહેબ તમારો ઉપકાર હું કદી નહીં ભૂલું.

ગુણવંત–અરે અંનદાતાજી આંમ શું બોલો છો? મને તાબેદારને "ભાઇ સાહેબ" શા, ને આ તે શું? પ્રીતીના કુમળા છોડને જોઇ ઘેન ચડયું કે શી બલા? નોકર નોકરી કરે એહમાં શી નવાઈ છે.

હીમત–ગમે તેમ કહો, પણ હું તમારો બદલો વાળ્યા વિના નહીં ચુકું.

ગુણવંત–ત્યારે આજે આપ એક કાગળ લખી રાખશો, તે લઇ જનારને આપવાને સાથે ત્યાના વીગતવાર સમાચાર લખી મોકલવા ભળામણ કરી, કાલે ને કાલે વિદાય કરાય.

હીમત–ઠીકજ છે ને. આજે લખીને સાંજસુધી મોકલાવી દઇશ.

ગુણવંત–બહુ સારૂં સાહેબ. મારે પણ એ લોકોને વિદાય કરવાની બધી ગોઠવણ કરી આપવાનું કામ છે, માટે રજા માગું છું.

હીમત–હા ભાઇ જાઓ. પ્યારીના વિયોગનું બાણ એવું વાગશે, કે પાછા આવશો ત્યારે તો નરમ ઘેંશ થઇ જશો.

ગુણવંત–વગર અનુભવે શા તડાકા મારવા માંડયા છે.

હીમત–અનુભવીયા, ફુલાઓમાં વખત પાસે આવે છે.

(ગુણવંતરાય જાય છે તથા હીમતસિંહ પોતાની મા પાસે જાય છે.)

प्रवेश १२ मो.

સ્થળ રાંણીવાસ.

કામકળા, હીંમતસીંહ તથા પછીથી અમલસીંહ.

કામકળા-(હીંમતસીંહને આવતો જોઇને) આવો ભાઇ. ક્યાંથી મેહેલમાંથી આવ્યા?

હીમતસીંહ-હા માજી. ગુણવંતરાય આવેલ તે પાસે બેઠો હતો. એ ગયો એટલે હું આમ આવ્યો.

કામકળા-ગુણવંતરાય તે પેલા મહીપતરાય જુના કારભારીનો દીકરો કે?

હીમત-હા, એ બહુ હોંશીયાર ને નીમકહલાલ છે. મારે એક વાત આપને પુછવાની છે. પણ તે બે અદબીની છે, માટે માફ કરશો.

કામકળા-ભાઇ એહવી શી વાત છે?

હીમત-માડી, બીજું તો કાંઇ નથી પણ—ગુણવંતરાયનું સાસરૂં સુંદરપુર કરીને શેહેર છે ત્યાં છે. ત્યાના રાજાની દીકરી બહુ હોંશીયાર તથા ભણેલી છે; ને હજી કુંવારી છે; માટે મારા પિતાજીને કહીને સગપણ વિશે કાંઇ તજવીજ કરાવો તો ઠીક.

કામકળા-(મનમાં) જરાએ શરમાતો નથી પણ ખેર. પરણવાનો બીલકુલ ઇનકાર કરતો હતો તે હવે ઠેકાણે આવ્યો છે. (ચાસન) ભલે બાપુ, એ દહાડો ક્યાંથી? હમણાંજ નકી કરાવી દઉં.

(રાજા આવે છે તેથી સહુ ઉભાં થઇ માન આપે છે.)

કામકળા-કૃપાનાથ, આજે કાંઇ વધારે મોડા ઊઠ્યા?

અમલસીંહ-હા આજે એક જોધપુરનો વૈદ્ય આવેલ તેથી સુવાને મોડું થયું હતું.

કામકળા-આપની તબીયત હમણાં જરા સુસ્ત રહે છે, તેને માટે કાંઇ પુછીયેં નહીં?

અમલસીંહુ–એ તે કેમ ભૂલ્યા હઇશું. નાડ બતાવીને ઓસડ પણ હજાર રૂપીયા આપીને લીધું તે જો આ રહ્યું. (ખાકનાં પડીકાં બતાવે છે).

કામકળા–અહો આના હજાર રૂપીયા? આ તો રાખ જેવું છે!

અમલસીંહુ–તમે બઇરાં શું સમજો? એ તો હીરાની તથા મોતીની ખાક છે. ને તે ખાવાની વીધી પણ તેણે બતાવી છે. શો હકીમ ચાલાકને? આજનું ખાધેલ પણ બધું પારખી દીધું.

કામકળા–અહો એતો બહુ નવાઇની વાત? શું બધાં વાનાં ગણાવ્યાં?

અમલ–હા. ને તે સાથે વળી એમ પણ કહ્યું કે "આપને ઓખાપર બહુ ભાવછે."

કામકળા–ત્યો કહો, એ પણ કહ્યું હે ત્યારે પછી એની વિદ્યા તથા ઓષધનું શું પછવું? આપની પરીક્ષામાં તે ફરક પડે?

હીમત–પીતાજી આના હજાર રૂપીયા? એ બહુ અજાયબી છે. ને વળી ખાધેલ પારખવું એ તે કેમ બને? જમ્યા પછી તો ઘણું કરીને નાડજ નથી જોવાતી. ને મોટા મોટા દાકતરોએ ખાધેલુંતો નથી કહી શકતા.

અમલ–જોયા તારા દાકતર, એ તે શું સમજે? સાળા વટલેલા, ને વળી નાડ જોતાંતો આવડેજ નહીં, ચાલ ઠીક સાંભર્યું. ભાઇ તું એને નોકર રાખીને લાવ્યોછે, પણ એ આપણા કામનો નહીં એતો બધો દારૂને પરમાટી વાપરેછે, એમ બારોટ કહેતા હતા.

હીમત–અરે એ તે આપ શું બોલોછો! બારોટ તો બેવકુફ છે. દાકતર જેવો ચાલાકતો કોઇ વૈદ્ય હોયજ નહીં; તેમ છતાં આપની મરજી નહીં હોય તો રજા આપીશ.

અમલ–શું સમજતો હશે? તું ડાહ્યો, ને વૃદ્ધ બારોટ તે બેવકુફ, કેમ? આતો સાવ સુધરેલો થઇ ગયો, (કામ

કળાને) સાંભળી કે એની વાત?

કામકળા–હોય, બાળકછે, પણ એ કેહેછે કે, મારૂં લગ્ન સુંદરપુરની રાજકુંવરી વેરે કરો.

અમલ–નારે, ત્યાં શું કરે? આજે વજીર કહેતો હતોકે "કુંવર બહુ મોટો થઇ ગયો છે, ને હજી પરણાવતા નથી; તેથી લોકોમાં ને રજવાડાઓમાં એવી વાત ચાલી છે કે એતો ના મરદો છે."

કામકળા–શું કહોછો? હશે એમાં ફરક 'નહીં'. કેમકે એ આવડો મોટો થયો, ને હજી કુંવારોછે, તે લોકો વેહેમ આણેજ. કાંઇ "ગામને મોડે ગરણું બંધાય" વળી લોકો શું જાણે કે એ જાતે મતીલો હશે. પણ પછી આપે શું કર્યું.?

અમલ–ઊમેદપુરથી જે વખત એ ભણવા ગયેલ ત્યારે કારબારીપર છાની માગણી આવી હતી; પણ તે વખત તો આપણેજ ના પાડી હતી. હજી એ છોકરી કુંવારી છે. એટલે આજે આપણા ગોરને મોકલ્યો છે, તે તજવીજ કરી જવાબ લખશે.

કામકળા–વાહ વાહ બહુસારૂં કર્યું. મારૂં મનતો ઘણીએવાર આપને કેહેવાનું થતું પણ છોકરો પરદેશ રહે એટલે શાકામનું; આઠીક થયું. કુળ સારૂં, ને વળી કન્યા પણ મોટી હશે.

અમલ–હા વીસ બાવીશ વરશાની ને રૂપ રૂપની મણી.

કામકળા–ત્યારે પછી શું. (કુંવરને) કેમભાઇ હવે રાજી થયો?

હીમત–માજી એવડી મોટી તો નહી. વળી ભણેલ પણ નહીં હોય, માટે મેં કહ્યું એમજ થાય તો ઠીક.

કામકળા–આ બેઠા તારા બાપ, કહે એમને.

અમલ–બેસ બેસ બેશરમ? પોતાની વહુની વાત કહાડવામ ને ભણેલ અભણ કરવામાં શરમાતોએ નથી! બીજો હોય તો શરમાઇને ઊઠી જાય. હજારો રૂપીયા ખરચી ભણીને આફળ કહાડયું કે? એક ભંગીયણ ભણેલી

હોય તેને લાવીને ઘરમાં બેસાડ, શું સુંદરપુર વાળો તે આપણા કુળની બરોબર કે?

હીમત-પીતાજી કુળનો તો વહેમછે. ને ફકત કુળજ સારૂં જોયેથી તો વખતે માઠાં પરિણામ નિપજે છે.

અમલ-હ્યો હવે બસ કરો. તમારાથી કાંક વધારે સમજતા હઈશું. તને કોઇ પુછતું નથી.

કામકળા-બોલીયે નહીં બાપુ, પરણવાની બાબતમાં તો મા બાપની શરમ રાખીયે; ને જે થાય તે બેઠા બેઠા જોઇએ. (રાજાને) એ બિચારો પરદેશમાં બહુ રહ્યો છે તે એને શી ખબર પડે.

અમલ-બહુ સારૂં. હજી કીકલો ઘોડીયામાં રમતો હશે. અઢાર વરશનો તો થયો, ને શા સારૂ ન સમજે દુનીયામાં રહેછે કે વગડામાં, તુંજ બગાડે છે.

હીમત-(થોડીવાર બીજી વાતો ચાલ્યા પછી) પિતાજી આપણા રાજ્યમાં બહુ ગડબડ થાયછે, ને કારભારીયો એ ગોટા વાળવા માંડ્યાછે; માટે કાંક તજવીજ કરી બંદોબસ્ત થાયતો ઠીક.

અમલ-ગડબડ શી ચાલે છે? ને તારે એમાં મારે બેઠ શા સારૂ દખલ દેવો જોઇએ?

હીમત-આપ તજવીજ કરો. પણ લોકો બહુ પીડાયછે ને અંધેર કહેવાય છે.

અમલ-(તપી જઈને) ભલે અમારા બેવકુફના રાજ્યમાં અંધેર કહેવાતું. તમે ડાહ્યા રાજ કરો ત્યારે અં-ધેર મટાડજો.

કામકળા-ભાઇ વધુ ન બોલીયે. જે થાયતે બેઠા બેઠા જોઇએ.

અમલ-પણ જુઓને કહેછે કે, કારભારીઓ લુટી ખાયછે. શું હું એવો બેવકુફ તે મારી આંખમાં આંજી લુટી ખાતા હશે? આજ કોઇ વીશ વરસથી તો એના એછે. તે એમ હોત તો વેહેલું રાજ ડુબી ગયું હોત હું બધું સમજુછું, પોતાને રાજ્ય ચલાવવુંછે, ને પેલા

ગણીયાને કારભાર કરવોછે, તે આડા ડોઢા થયા કરેછે; પણ મારાથી કાંઇ અજાણ્યું રહેવાનું નથી, તેમ મારે બેઠ રાજનીએ આશા ન રાખવી. આતો રજવાડો. ન હોય તમારૂં ઇંગ્રેજી રાજકે બાપને બેઠ દીકરો રાજ કરે.

હિમત-પિતાજી એમ શું કહોછો. ભલા હું તો ફક્ત પ્રજાના હિતને માટેજ કહેતો હતો, ને ગુણવંતરાય તો બીચારો કશુંએ નથી માગતો.

અમલ-ખસું બોલમાં નહી તો પછી જોયા જેવું થશે. બસ આજથી એ હરામખોરને દરબારમાં આવતોજ બંધ કરૂં. જયાં સુધી એની સોબત હશે ત્યાં સુધી તું સુધરવાનો નથી. આજે બિચારો દીવાન મને એકાંત કરીને કહેવા આવ્યો હતો તે સાવ સાચું થયું (હિમતસિંહ ઊદાશ થઇ ઊઠી જાયછે.)જોયો કે મિજાજ, સાવ મુરખ થઇ ગયોછે, હાય હાય અકલજ મારી ગઇછે.

કામકળા-હશે હવે પેલા ગુણવંતની સોબત છુટશે એટલે ઠેકાણે આવશે. એકલો પરદેશમાં રહ્યો, તેથી છુટો થઈ ગયોછે.

અમલ-હા પણ તે તો આપણે ક્યાં એને પુછીએ છીએ, કરતાં હશું તે કરશું. ચાલો આજતો જરા નજર બાગમાં બેસીએ.

કામકળા-ચાલો પ્રાણનાથ.

(બંને જાયછે.)

-ooOoo-

પ્રવેશ ૧૨ મો.

સ્થળ ગુણવંતરાયનું શયન ગૃહ.

ગુણુવંતરાય, તથા સવિતાગવરી.

સવિતા-પ્રાણનાથ, બીજી બધી તજવિજ તો બરોબર થઇ ચુકી પણ પેલા કાગળનું શું કર્યું?

ગુણવંત-પ્યારી, એ કાગળ જ્યારથી કુંવર સાહેબે વાંચ્યો, ત્યારથી કામાતુરને ઘેલાજ બની ગયાછે, ને તેનો ઊત્તર પણ અત્યારે લખી મોકલાવશે, એવું પોતે કેહેતા હતા.

સવિતા-હોયસ્તો. મરદ તે સ્રીયોની આગળ શીગણતરીમાં. જોજોને મારા ગયા પછી તમારા કેવા હાલ થાયછે.

ગુણવંત-ખરેખાત ત્યારે તું જવાની છે? હાલ આણું પાછું મોકલાવીએ તો કાંઈ હરકતછે.

સવિતા-આમ ઘેલાં શું કાઢોછો. બધી તજવીજ કરી, સહુની રજા લીધી, ને હવે આણું પાછું મોકલાવશો, તો કેવું કહેવાશે?

ગુણવંત-તજવીજ તો હું જરાએ ન કરત, ને હમણાં જવા એ ન દેત, પણ કુંવરનું કામ માંહે ગુંથાએલું હોવાથી તેની ઝુમમાં આમ થઇ ગયું. ખેર, આમે બે દહાડા પછી પણ ગયા વિના ચાલે એમ હતું?

સવિતા-ખરૂંસ્તો, મને પણ ખોળીયામાંથી જીવ જુદો કરવા જેવું લાગેછે. પણ શું કરૂં? લાચાર. ન જાણતો માબાપને ખોટું લાગે એટલુંજ નથી, પણ જગતમાં એ હીણું કહેવાય?

ગુણવંત-એમાં શો શક. આપણે કાંઇ નવાઇછે? શું કરીએ દેશ પરદેશનું એજ દુઃખછે કે નહિં.

(સિપાઇ નીચેથી પુકારેછે.)

સિપાઈ-ગુણવંતરાય ભાઈ હેં કે એ એ—

ગુણવંત-(નિચે જઈને) કોણછે.

સિપાઈ-એ તો મેં હસનખાન. સીરકાર સાહેબને એ કાગજ ઓર રૂકા દીયાહે. કુછ જવાબ દેનેકાહે (કાગળ આપેછે.)

ગુણવંત-દેરો અભી બાંચકે કહું. (રૂકો ફોડીને વાંચેછે)

"પ્રિય મિત્ર ગુણવંતરાયજી."

"લખવાને દીલગીરછું કે—જે બલાથી આપણે ડરતા
"હતા, તે લગભગ આવી પહોંચી છે. દુષ્ટ દીવાન તેના
"કુકર્મમાં ફાવ્યો, ને તેણે ઉમેદપુરના રાજાની વીશ વરસની
"કુંવરી વેરે સગપણ કરવાનું ઠરાવી, ગોરને પણ રવાને
"કરી દીધો છે, આટલું કરવાથી પણ તે દુષ્ટ સંતોષ નહીં
"પામ્યો હોય, તેથી તમારા શુભ ગુણોને દુરગુણમાં
"વરણવી મારા પીતાજીના મનપર એટલી અસર કરાવી
"છે, કે તેથી તમને દરબારમાં ન આવવા દેવાનો વિચાર
"વડીલે જાહેર કર્યોછે. ને વળી જયારે હું રાજયના
"હિતાર્થે તે દુષ્ટની વિરૂદ્ધ કહેવા લાગ્યો, ત્યારે જે શબ્દોરૂપી
"ઘા મારા હૃદયમાં વાગ્યા, તે ઉમર પર્યંત રૂઝાવાના નથી.
"અર્થાત-તે દુષ્ટનાં કૃત્યોએ મને તથા તમને પિતાજીના
"મનમાં કેવળ તરકટી તથા કુચાલી ઠરાવી, પોતાને શુદ્ધ
"ગણાવેલ છે. આ ફંદાથી વડીલ ન ચેત્યા, એટલુંજ
"નહીં, પણ ઊલટા તેમાં જઈ ફસાયા; ત્યારે લાચાર
"બની આપણી અકલને તે રસ્તે જતી અટકાવવાની
"ફરજ થઈ. સારાંશ એજ કે—હાલ પ્રજાનું હિત તથા
"મારા લગ્ન સંબંધી કામ લેશ માત્ર થવાનું તો નથી;
"પણ જો આપણે નિરાશ થઈને બેશી રહીશું, તો ઉલટાં
"ખેદ કારક પરિણામ દેખાશે. તમે દરબારમાં આવવાનો
"વિચાર હાલ ન રાખશો. કારણ કદાચ તમે મને મળવાના
"હેતુથી અહીં આવવા ચાહાશો, તો તેથી મારે બદલે
"દીવાનના મોકલેલા અપમાનને મળવાથી દીલગીર થશો.

" આ વિશે વિગતવાર ખુલાસો કહેવાનું, તથા પછી શું કરવું
" તે વિશે વિચારનું કામ હું કાલે રાતે આઠ વાગે તમારે
" ઘેર આવીશ ત્યારે બનશે."

" આ સાથેનો કાગળ પુરણુ ભળામણુને સાથે ભાભી
" સાહેબને સોંપી વાત પ્રસિદ્ધ ન કરશો.

" એજ તારીખ ૯—૪—૭૭ ઇ૦"

" તમારા શુભેચ્છક મિત્ર,"

" હિંમતસીંહ અમલસીંહનો સલામ."

(વાંચી રહ્યા પછી કેટલીકવાર વિચાર કરી સિપાઇને
રજા આપી મેડીપર જાય છે.)

સવિતા-પ્રાણુનાથ, કેમ વિચારમાં પડ્યા ને ચેહેરો પણુ
ઊતરતો જાય છે?

ગુણવંત-કાંઇ નહીં પ્યારી. એનું એ. તને કાંઇ દયા આવવાનીછે!

સવિતા-મારૂં નામ દયો માં. આ કાગળ ઉપરથી કાંઇ
અસર થઇ છે.

ગુણવંત-હા એજ ને, કે આ કાગળ સારૂ તને મોકલવી
પડે છે. હવે તું જવાનીજ કે?

સવિતા-શું કરૂં પ્રાણુનાથ લાચાર છું.

ગુણવંત-કાંઇ ફિકર નહીં. હું પણુ તારી કેડે આવું છું.

સવિતા-કેમ મારી કેડે? શું આપ કુંવર સાહેબના કામ
સારૂં સુંદરપુર પધારવાના છો?

ગુણવંત-(મનમાં) શી ખબડદાર છે ને? સમજી ગઇ.
(ચાસન) ના. હું તો ત્યાં શું કામ આવું. મહારૂં
દીલ તારી પાછળ આવશે.

સવિતા-(મનમાં) કાંક વાતછે ખરી, પણુ આપણે રાજદ્વારી
બાબતમાં ન પુછવું. (ચાસન) ઠીક દ્વીઅર્થી વા-
કય ગોઠવ્યું.

ગુણવંત-(પાછો વિચારમાં પડે છે).

સવિતા-કેમ પ્રાણુનાથ બોલતા નથી?

ગુણવંત-તારી બે વરૂાની સાથે કોણ બોલે? તારે મારૂં શું કામ છે?

સવિતા-પ્રીય, આપને આમ બોલવું યોગ્ય નથી. હું તો આપની આખા ભવની દાસી છું. શું કરૂં. નિરૂપાય. એમાં કાંઇ મારો વાંક છે? ને તેમ છતાં જો આપની ન મરજી હોય, તો જવા ખાતે મારો આગ્રહ નથી.

ગુણવંત-ના એમ કાંઇ થાય. ચાલો હવે નીંદ્રા આવે છે.

(બંને સુઇ જાયછે.)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ દીવાનનું શયનગૃહ.

કુભાન્ડરાય—તથા—ધુળીવહુ.

ધુળીવહુ-બળ્યું, તમે તો રોજ મોડા આવો છો. હું તે કેટલી રાત સુધી જાગું?

કુભાન્ડરાય-શું કરૂં. આજે જરા કામ હતું. તેથી વધારે વાર થઇ, કોક દહાડો એમ પણ હોય.

ધુળીવહુ-શું કામ મોડા ન આવો, મારા ઉપર તમને કાંઇ પ્યાર છે, કે હું કાંઇ તમને વહાલી છું.

કુભાન્ડરાય-અરે આમ કેમ બોલે છે? મેં કોઇ દહાડો તારૂં વચન ઉલંઘન કર્યું છે?

ધુળીવહુ-શીધાઇ શી હાંકો છો? જાણો તો છો કે રોજ મારૂ માંથુ દુખ્યા કરે છે, પણ કોઇ દહાડો વૈદને બોલાવી ઓસડ કરાવ્યું છે? આથી તો બિચારો ગરીબ સારો, કે સાંજ પડે ઘેર તો આવે. ને વળી માંદાં સાજાં થઇયે તો ફઇડકે ફાટી જાય. તમારે તાલે-વરને શું? હું મરી જાહું તો બીજી ધણીઆ મળે.

કુભાન્ડરાય-બારી આમ શું બોલે છે? હાલ આપણો સરકારી વેદ ગામમાં નથી. નહીં તો હું કદી ન ભુલું.

ધુળી-વળી સમજાવો છો તે કોને? પેલા કુંવર સાહેબ તેડી લાવ્યા છે તે છેરુતો. એના ઓસડથી તો ઝટ આરામ થાય છે.

કુભાન્ડ-એ આપણા કામનો નહી.

ધુળી-શેનો કામનો હોય. રૂપીયા આપવા પડે. મારાથી રૂપીયા વધ્યા કે નહી?

કુભાન્ડ-એટલા સારૂ કાંઇ નહિં. પણ એતો ઓસડમાં દારૂ વાપરે છે.

ધુળી-ભલે નેં, મનેં ગમે તેમ સમજાવો. ચાલો એ દારૂ વાપરતો હશે, તો એક બીજો કામનાથ મહાદેવ પાસે ઊતર્યો છે તેને બોલાવો.

કુભાન્ડ-એ તો વેહેલોએ ગયો. એકજ દહાડો આંહી રહ્યો હતો. પણ તનેં એની ક્યાંથી ખબર પડી?

ધુળી-હું કામનાથ દરશન કરવા ગઇ, ત્યારે એક દહાડો ગાડીવાન વાત કરતો હતો કે, સરકારે એનેં ખૂબ ઇનામ આપ્યું. એવા હોંશીયારનું ઓસડ કરો તો આરામ થાય. આતો પેલા સરકારી વેદ મફતનું ઓસડ આપે, તે ખવરાવે. તે એતો પીટયા વગર પૈસે આપવું પડે તે વેઠજ ઉતારે કે નહિ?

કુભાન્ડ-ચાલો હવે ખબર રાખશું પછી કાંઇ? રાત બહુ ગઇ છે. માટે કલબલાટ મુંક, મનેતો નિંદ્રા આવે છે.

ધુળી-આવેસ્તો, અહિં બેસતાં તો નિંદ્રા આવે છે. નેં પલી રાંડોને ઘેરથી ઘણી વાર બબ્બે વાગે આવો છો; ત્યારે કેમ નીંદ્રા નથી આવતી?

કુભાન્ડ-આતે તું બોલે છે કે બકે છે? રાંડો શી, ને વાત શી. કોઈ દહાડો દરબારમાંથી વખતે કામ હોય ને આવતાં મોડું થાય; તેમા કેવી કેવી અટકળો બાંધે છે?

ધુળી–હું બધું જાણું છું. મારી આગળ વળી પાઇ પાઇનો હિસાબ ગણાવો છો; ને પેલા પીતરાઇયોને ખૂબ ખવરાવો છો. ઘરમાં કશું લાવવાના નહિં. શું કામ એ બધાં કારખાનાઓ એમના હાથમાં આપ્યાં છે? તમારામાં રામ નથી?

કુભાન્ડ–તને રાજ દરબારી બાબતમાં સમજણ ન પડે.

ધુળી–શું કાંમ સમજણ પડે. એ રડયાને એટલું એટલું ખવરાવો છો. ને તે દિવસ મારી મંછીના છોકરાને તો મેં ઘણીએ ના કહી તોએ કેદ બેસાર્યો. મારૂં એટલુંએ ન ચાલે, ત્યારે તમે દિવાંન શેના?

કુભાન્ડ–લોકોને મારી નાંખે તેને કેહશે કે કાંઇ–ન કરશો તે કેમ થાય? એમને પણ બિચારાનેં કોક દહાડે જવાબ દેવો પડે કે નહિં? ને બાકી તો એ આપણાં છોકરાંજ છે કે નહિં.

ધુળી–હા પણ તેતો આખરે આપણી મીલકત પણ રડયા એજ ભોગવવાના છે. એને તે દુશ્મન ગણીયે કે વાલેશરી; મારે તે કાંઇ એક દુઃખ છે!

કુભાન્ડ–ઘેલી છે. ખાલી પીલી દુઃખ વોહોરી લે છે. તું તારે ખા પી નેં મઝા કર.

ધુળી–કરી મઝા. જ્યારથી તમારા ઘરમાં આવ્યાં ત્યારથી. ત્રીસ વરસની થઇ, પણ હજી સારો અવસર આવ્યો છે? આથી ગરીબ થઇ હોત તો સારૂં, કે જોગી જતીની શેવના કરત તો તુરત દીકરો આપત. આતો અમીર કહેવાણા, તે ગાડી વિના તો કયાંહિં જ-વાય નહિં.

કુભાન્ડ–અભાગણી, જાને હજી ગરીબના ઘરમાં, હું કયાં ના પાડું છું. જોગી જતીની પાંતી તારા બાપને ઊપરથી બોલાવ તો દીકરો આપે. રાંડ ગાંડી. એતો બધા વેહેમ છે.

ધુળી–વેહેમ તે શેના? પેલી દીવાળીને એક જોગીએ પચી

શમે વરસે નેં ચંપાંને તીસે વરસે, છોકરો આવ્યો. તેમના વરોએ પાંચસેં પાંચસેં રૂપીયા વાવર્યા. પણ આતો પાઇએ કાઇને આપવી નહિં. પછવાડે પૈસા કાણ ખાનાર છે. મરો ત્યારે છાતીએ ખડકજો.

કુભાન્ડ–બસ બસ. એશ છાંનીમાંની. બહુ લખાડ થામાં નહિં તો સાંભળીશ.

ધુળી–સાંભળ્યાની ક્યાં નવાઇ છે. એતો તૈયારજ છે. બીજું શું કરવાનાએ છો. ભલેને કાંઈ મારૂં નિરવંશ ગયુ કહેવાશે? ભોગ તમારા. ઉપાય ન કરો ત્યારે હું શું કરૂં? મને તો રાડને લોકાનાં છોકરાં જોઇને, તથા એકલું ન ગમે ત્યારે, એવું કોઇ આવે એટલે વાત કરવાનું મન થાય. પણ કહ્યા પેહેલા તો તમે કરડવા ધાઓછો.

કુભાન્ડરાય–શું કરીએ. એ કાંઇ આપણા હાથમાંછે? ઇશ્વર ની જેમ મરજી હશે તેમ થાશે. ને જોગી જતીની તો મને શી ખબર પડે? હું તો વળી તું કોઇ બતાવે તો તેના પાશે જાઉં.

ધુળીવહુ–આજે પેલી ચંદન આવી હતી તે વાત કરતી હતી, કે કામનાથ માહાદેવમાં એક જોગી રાજ આવ્યાછે, તે રૂપાનું સોનું કરેછે ને શાક્ષાત ઇશ્વર જેવાછે.

કુભાન્ડરાય–ઠીક ત્યારે હું પણ કાલે તજવીજ કરી એના પાસે જઇશ.

(બંને સુઇ જાયછે.)

પ્રવેશ ૧૫ મો.

સ્થળ ગુણવંતરાયનું દિવાનખાનું.

ગુણવંતરાય, તથા હીમતસિંહ.

ગુણવંતરાય-(એકલો) અહોહો? શી ઇશ્વરની કુદરતછે? કાલે પરમ ખુશીમાં હતો ને આજે તેવીજ દીલગીરીમાંછું. એક તો પ્યારીનો વિજોગ, ને બીજું કારભારીઓના તરકટ રૂપી રોગથી કેવો મુંઝાઉંછું? પણ "સત્યમેવ જયતે" જખ મારેછે સાળા, હું પણ મુતસદીછું. જોઇએ શું થાયછે. એમનાં પાપ એમનેજ પુગશે. (બારી સામું જોઈ) અહો આતો પધાર્યાને (સામો જઇને) પધારીએ અંનદાતાજી, આજેતો ગરીબના ઘરને પાવન કર્યું. ધન્ય ભાગ્ય મારાં કે આપનાં પગલાં થયાં.

હિમત-હા ભાઇ આવ્યો તો ખરો. કેમ કાલના વર્ત્તમાનમેં રૂકામાં લખેલ તેથી જાંણ્યા હશે. (એક કુરશી ઊપર બેસેછે.)

ગુણવંત-જાંણીજ મુંકયાછે. જુઓને દુષ્ટો કેવાં કાવતરાં કરેછે?

હિમત-ભાઈ એ લોકોને શો દોષ દેવો, આપણી રૈયતનાં તથા આપણા કર્મનો દોશ. જ્યાં સુધી પ્રજાના કીસમતમાં પીડાવાનું લખ્યું હશે ત્યાં સુધી પીડાશે. પણ કહો હવે શું કરવું? ગોરને તો વળી સાંઢણી આપીને મોકલ્યોછે, તે કાલે પહોચી નકી કરી પાંચ સાત દિવસમાં પાછો આવશે.

ગુણવંત-હા પાછો આવશે તે તો કાંઇ નકી કર્યાવિના નહીંજ આવે! કન્યાએ બધી વીશ બાવીશ વરસનીછે તો.

હિમત-અરે એતો નાંમજ ન લેશો. પ્રાંણગયે પણ હું એને પરણવાનો નથી.

ગુણવંત-ત્યારે શું કરશો? કાંઇ જાંનમાં ગયાવિના કે પરણ્યા વિના પણ ચાલશે? તે વખત બાપની લાજ ખોશો તો કેવું કહેવાશે?

હિંમત–તે એમ શું કાંમ કરીયે. પાંણી પહેલીજ પાળ ન બાંધીયે કે કશો બાધ ન આવે. મારો વિચારતો હાલ મુસાફરી બાંહાંને સુંદરપુર તરફ જવાનોછે. તે શિવાય કશો ઉપાય સુઝતો નથી. યાર લાચારીયે કહું છું કે તમે મારીસાથે આવવા તસ્દીલેશો તો હું તમારો જનમ સુધી આભાર નહી ભુલું.

ગુણવંત–હાજર છું પૃથ્વીનાથ. હાડ ચામડી આપનીછે. જેમ ફરમાવો તેમ કબુલ.

હિંમત–મારી મરજીમાં એમ આવેછે કે પાંચસાત દીવસમાં આંહીથી છાંના નિકળી પડીયે, તે પાંસરા સુંદરપુર તરફજ જઇયે. ને ત્યાં ગુપ્ત તજવીજકરી પરણી લઊં, તો બધું સારૂં થાય.

ગુણવંત–ઠીકજછે ને, ત્યાંસુધી એલોકોના પાપનો ઘડો પણ પુરો થયાથી ફુટશે ને બધું ઈશ્વર અનુકુળ કરશે.

હિંમત–બસ ત્યારે આવતે શુકરવારે રાતના આઠ નવવાગે નિકળીયે તે બીજે દહાડે સુંદરપુર. કેમ કે આપણા ઘોડા એક દહાડે ચાળીશ ગાઉતો જશે ને વાંસે દસજ બાકી રહેશે.

ગુણવંત–કોઇ માંણુસ સાથે લેવું કે નહી?

હિંમત–માંણુસ–ઈશ્વર, વિદ્યા, ને ખરચી. રસ્તામાં પૈસો એ માંણુસ ને ત્યાં વિદ્યા. ભલું થજો પોલીટીકલ સાહેબ. તથા માબાપનું કે મને ભણાવ્યો, નહીંતો આવખત શી હીમતથી પરદેશ જાત?

ગુણવંત–એતો માબાપની ખાસ ફરજછે. કેમ કે શાસ્ત્રમાં કહ્યુંછે કે.

શ્લોક.

માતાવૈરીપિતાશત્રુ, બાલોયેનનપાઠતે;
નશોભતેસભામધ્યે, હંસમધ્યેબકોયથા. ૧

અર્થ–જે માબાપ પોતાનાં બાળકને ભણાવતાં નથી તે તેમનાં

શત્રુ ગણાયછે. અને જેમ હંસોમાં કાગડો શોભતો નથી તેમ તે (અભણ) સભામાં શોભતો નથી.

હિંમત-પ્રીયભાઇ, હું તમને કદી ન તસ્દી દઊ, પણ એકતો તમે ત્યાંના પુરા વાકફ, ને વળી મારાં ભાભી સાહેબ પણ ત્યાં છે; એટલે બધી ગોઠવણ મનમાની થશે, એમ ધારી આ આફતમાં નાંખુંછુ.

ગુણવંત-એમાં શી ફિકરછે ઈશ્વર આપણા કામમાં સહાય રહો.

હિંમત-ત્યારે બહુ વાર થશે, ને વળી કોક ચાડીયો પીતાજીપાસે કહી દેશે તો આટલું મળવુ એ બંધ થાશે. માટે હાલ હું જાઊછું. લાચારછું કે પિતાજીની આજ્ઞા ઉલ્લંઘન નથી કરાતી, નહી તો બધું અહીં બેઠે કરી શકું.

ગુણવંતરાય-એમાંજ સારૂં છે. ગમે તેવા તોએ મુરબી છે. પ્રાંણ માગે તોએ ના કેમ પડાય.

હિમતસિંહ-ભાઇ તેહમાંજ આટલી સખતીયો વેઠીયે છીયે. નહીં તો શું પોલેટિકલ મારફત બંદોબસ્ત કરાવતાં નથી આવડતો? પણ નહીં. જો આપણે આપણા પીતાને દુભાવીયે, તો આપણું જ્ઞાન લાજે ને ઇશ્વર પણ કોપાયમાન થાય. કેમકે નિતિ શાસ્ત્રમાં કહ્યું છે કે—

श्लोक.

सर्वतस्यादृताधर्मा, यस्यैतेंत्रयआदृताः
अनादृतास्तुयस्यैते, सर्वसायाफलाःक्रीयाः १

અર્થઃ-જેણે (મા, બાપ, ને ગુરૂ.) એ ત્રણેને માંન આપ્યું, તેણે બધા ધર્મને માન આપ્યું છે. પણ જેણે તેઓનો અનાદર કર્યો, તેણે બધા ધર્મ પાળ્યા હોય તે અફળ છે.

ગુણવંત-ધન્યછે આપના સુવિચારને. પિતાજીની આટલી બધી ગેર વર્તણુકો છતાં જરાએ ક્રોધ આવ્યોછે?

સાબાશછે તમારી વિદ્વતાને.

હિંમત–ત્યારે હું જાઉછું, ને ચાલવાને આગલે દહાડે, હું તમને ખબર કહેવરાવું તે પ્રમાણે તૈયાર રહેજો. આપણે ફરી કદાચ નએ મળીયે, માટે કહી રાખુંછું.

ગુણવંત–બહુસારૂં કૃપાનાથ. તસ્દી માફ કરજો. આપને તસ્દી લેવીપડી એ અતિ અઘટીત થયુંછે, પણ માંનભંગ થવાના ભયને લીધે લાચારછું.

(બને જુદાપડે છે.)

પ્રવેશ ૧૬ મો.

સ્થળ કામનાથ મહાદેવનું મકાન.

જોગીરાજ, શંકર બારોટ, અને કુભાન્ડરાય.

શંકર–(એકલો) હવે શી તદબીર લગાવીયે કે દિવાંન અહી આવે? છે તો લોભીયો જરા કિમિઆની વાતકરી કે દોડયો આવશે. વળી વાંઝીયો છે, એટલે છોકરાં થવાને માટે આવા લોકને ચાહતો હશે ખરો. ચાલો મહારાજને તો સાધી રાખ્યા છે, હવે દીવાનને ઘેર જઈ કાંક વાત કહાડીયે. મારે વહાલે કહેવો ડોળ બનાવ્યોછે ને? હું પણ ભૂલીગયો. એમ હોય ત્યારેજ છેતરાય, નહીં તો પછી પાછો કોક દહાડો નજરે પડતો માર્યો જાય. (બારણા સામું જોઇને) અહો આતો આવ્યો, ઠયો ઠીક થયું.

કુભાન્ડરાય–(પાસે આવીને)કેમ બારોટજી આજ અહીં કેમ બેઠાછો? ચાલો દરશન કરવા આવોછો?

શંકર–ના સાહેબ, મહાદેવનાં તો દરશન કર્યાં, પણ આંહી એક જોગીરાજ પધાર્યાછે તેમનાં દરશન કરવા માટે બેઠો છું.

કુભાન્ડરાય-ક્યાં આ કોટડીમાં ઉતર્યા છે? (મનમાં) રાતે પેલી કહેતી હતી તે ખરીવાત થઈ. ચાલો મળતા જઈશું, નહીતો ઘેર ગયે પાછો કંકાસ કરશે. (ચાસન) બેસો ત્યારે હું એ દરશાન કરીને આવુંછું.

શંકર-વારૂ સાહેબ બેઠાછું. (દીવાન મંદીરમાં દરશાન કરવા જાયછે એટલે કોટડી પાસે જઇને) શીકાર આવ્યો છે એ—

જોગીરાજ-(કોટડી માંહેથી) બેસાડો તમારી પાસે હું હમણાં બંદુક લગાવીને કબજે કરી લઊંછું.

કુભાન્ડરાય-(દરશાનકરી આવી બારોટપાસે બેશીને) માહારાજા કયાંછે?

શંકર-પેલા માણુસને પુછીયે. ઓભઇયા મહારાજા કયાંછે?

ભઇયો-જોગીરાજ અભી ધ્યાનસ્થ બેઠ હેં, સો ઊત્તર નહી દેવે. દરશાન કરનેકી ઈછા હોવે તો દો ઘડી બેઠો.

શંકર-શું બેપરવાછે ને? હોયરતો, નોકર કોના, જોગીને કોની પરવા?

કુભાન્ડરાય-ખરૂં કહોછો. એતો દેવાંશીછે. આપણા જેવા ગરજે ધક્કા ખાનારા તો ઘણાએ આવતા હશે.

શંકર-એહમાં શું કહેવું, આ માહારાજને તો હું ઓળખુછું ઊદેપુરના રાંણાને કુંવરજ પોતે આપ્યો; નહીતો એમને ત્રીસ વર્ષ સુધી કંઇ ફરજંદ નહોતું.

કુભાન્ડરાય-એમકે, ત્યારે તો શું કહેવું? જેનામાં છોકરાં આપવાની સત્તા, તે શું ન કરી શકે?

(ઓરડીનાં બારણાં ઉઘડે છે, તથા જોગીરાજ બહાર આવેછે તેને કુભાન્ડરાય તથા બારોટ પગે લાગીને બેસે છે.)

જોગીરાજ-બચ્ચા કહાંસે આએ?

શંકર-બાપજી ગાંમમાંથી આવ્યા છીયેં. આપનાં દરશાન તો ઊદેપુર પછી કયાંહી થયાં નહોતાં, તે આજે મનખો પાવન થયો.

જોગીરાજ-હાં. રામજાણે, ઊદેપુરમેં આયેથે ખરે, અબી યાં કહાં હો?

શંકર-કૃપાસાગર, આ દીવાન સાહેબની મેહેરબાનીથી અહીં નભીયે છીયે.

જોગીરાજ-કોન એ દીવાન હે? (કેટલીક વાર સુધી સામું જોઈ ડોકું ધુંણાવે છે.)

શંકર-બાપજી, શો વિચાર આવ્યો તે એમ કર્યું?

જોગીરાજ-કુછ નહી. યે બાંઝીયા હે, ઉસકા મોં નહીં દેખના, એસા શાસ્ત્રમેં કહા હે, ઉસ્સે હમકું આજ અપવાસ હોયગા. એસે લોક હમારે પાસ કાયકું આતે હેં. હમકું કુછ પેસા ટકા ન ચાહીયે. હમ તો સતસંગી કુ મીલને વાલે હેં.

કુભાન્ડરાય-(મનમાં)એહને ક્યાંથી ખબર પડે, માટે જરૂર કોઈ દૈવી પુરષ છે. (ચાસન) બાપજી, અપરાધ ક્ષમા કરજો. "ગરજીનેં ને દરદીને અકલ ન હોય."

શંકર-બાપજી, આપ જેવા દેવો પાસે આશા પુરવા ન આવીયે, તો પછી કોના પાસે જઈયે?

જોગીરાજ-અછા બચ્ચા બેઠો. નારાયન સબકી આશા પુરનેવાલા સમર્થ હે. (થોડીવાર ધ્યાન ધરીને, ખુંખારો કરી ઊંચો હાથ કરે છે, એટલે ઉપરની અગાશીમાં સંતાઈ માણુસ રહેલ બે કેરી ફેંકે છે, તે એકદમ દીવાનના ખોળામાં આવીને પડે છે. એટલે-) લે બચ્ચા, એ ગુરૂને તેરે વાસ્તે ભેજી હે, સો તેરી પત્નીકું ખીલા દે. ઓ કંકાશ ન કરે એસી શિક્ષા દેના. ક્યું કે ઊસકે કલેશસેં તેરે પુત્ર નહી હોતા હે.

કુભાન્ડરાય-(અતિશય આશ્ચર્યતાથી કેરીયો લઈને એકદમ જોગીને પગે પડીને) બાપજી મને તો ન્યાલ કરી નાંખ્યો. ધન્ય ભાગ્ય મારાં, કે આપ જેવા દેવનાં દરશન થયાં.

જોગીરાજ-અબે બારોટ, તું લક્ષમી મંગતા હે, સો મેં સમજ ગયા. લા બચ્ચા તેરી અંગુઠી.

(બારોટ પોતાની રૂપાની વીંટી આપે છે તે એક સગડી મંગાવી સુનાની કરી પાછી આપે છે.)

શંકર-બાપજી, આ તો કીમીયાની વિદ્યા હશે?

જોગીરાજ-લે બચ્ચા યે તો નિશાંની, સદા તેરે પાસ રખ; ઓર કલ તેરે રૂપેકી સબ મીલકત ઇધર લાના. સો ગુરૂ કે પ્રતાપસે કંચન કર દેગેંગા. ક્યું ફીર ઓર કુછ મંગતા હે?

શંકર-બાપજી ન્યાલ કરી નાંખ્યો. આપનો તે બદલો મારાથી શો વળશે?

જોગીરાજ-બેઠો બચ્ચા, મેં જરા સંધ્યા કર કે અબી પીછા આતા હું. (કોટડીમાં જઇ બારણું વાસે છે.)

શંકર-હ્યો દીવાનજી સાહેબ તમારૂંએ કામ થયું, ને મારૂંએ ભજ પાક્યું.

કુભાન્ડરાય-કેટલાક જોગી ઢોંગ કરનારા હોય છે, તે તો દસ દહાડા ધક્કા ખવરાવે; ને માંહે વળે કાંઇ નહીં. પણ આતો ઘરડાંના પુન્યોવડે કોઇ દેવ પુરૂષ આવી ચડયા છે. નહીં તો આપણુને હજી પુરા ઓળખતાએ નથી, એટલામાં આટલી બધી મેહેર-બાંની શાની થાય?

શંકર-અરે, હું તો કેરીયો પડી તે જોઇને આભોજ બની ગયો. મારા બાપ આ તો કોક રૂષી હશે.

કુભાન્ડરાય-એમ પણ હોય, હજી અશ્વત્થામા વગેરે ઘણાએ અમર છે, એવું શાસ્ત્રમાં લખ્યું છે.

શંકર-એમજ હશે. આ તો વળી કોક દહાડો દુનીયામાં દેખા દેતા હશે, ભાઇ દેવને દીઠ કોનાં દલીદર રહ્યાં છે.

કુભાન્ડરાય-એમાં શક નહીં. આપણે મન આ દુનીયા મોટી વાત. પણ એમને તો રમત જેવું.

શંકર-એ તો ઠીક પણ મારી પાસે પુષ્કળ પૈસા નથી, નહીં તો મજા થાત.

કુભાન્ડ-એતો હું આપું. પણ જે સોનું થાય તેમાંથી મને અડધું આપવાને કબુલાત આપો તો.—

શંકર-અરે વાહ વાહ. ત્યારે તો જનમનાં દાળીદર જાય. પણ જો જો આ વાત કોઈ જાંણે નહિં કેમકે જો એ પ્રસિદ્ધ થાશે, તો બધું ગાંમ ઊલટશે; ને પછી જોગીરાજ ગભરાયા તો અલોપ થઇ જશે.

કુભાન્ડ-નહિં એમ તે કેમ કરશું. જુઓને, જોતાં જોતાંમાં તમારી વીંટી સુંનાની કરી દીધી, તેને મોટી જણુસો પણ તેવી કરતાં શી વાર લાગે?

શંકર-પણ આપણે ઉતાવળ કરીયે. કેમકે એતો જોગી છે. વળી મન ઉલટે તો અત્યારે ચાલ્યા જાય.

કુભાન્ડ-ખરૂં કહો છો. ત્યારે આપણે આજ રાતે ગાડી ભરાવીને થેલીયો મોકલીયે, પણ યાર સાળો જીવ કહ્યું નથી કરતો ને બહુ વેહેમ આવે છે.

શંકર-અરે એમ તો રેઢા શું કામ મુકશું, હું ઉપર ચોકી કરીશ, ને વળી તમે પણ પાંચ સાત માણસને મોકલજો; એમને જણાવીયે તો ખોટું દેખાય, બાકી મારા બાપ એમને ભરોંસે તે રહેવાયજ કેમ.

(માહારાજા આવે છે.)

જોગીરાજ-બચ્યા દુષ્ટ બિચાર કરકે પાપમેં મત પડો. જગત ક્ષનિક હે દેખો સાસ્ત્રમેં ક્યા લીખતે હેં.

શ્લોક.

क्षणंचित्तंक्षणंवित्तं, क्षणंजीवतिमानवः

यमस्यकरुणानास्ति, धर्मस्यत्वरितागतिः

કુભાન્ડ-(મનમાં) સાક્ષાત ઇશ્વર જેવા છે. આ છાની વાત

કરી તો એ સમજી ગયા. (ચાસન) ના બાપજી એતો કાંઇ નહિં.

શંકર—કૃપાનાથ, શેવક ઉપર ક્યારે કૃપા થશે? આજ રાતે મરજી હોય તો લાવું.

જોગી—હાં રાત્રીકું લાઓ. ક્યુંકે કલ હમ સંધ્યાકાલ પીછે ચલે જાઇંગે. ઓર પરસું આબુપર સંધ્યા કરીંગે.

કુભાન્ડ—જોગીને શી વાર. ધારે ત્યાં પળમાં પહોંચે. બારોટ હવે આપણે રજા માગશું?

શંકર—હા ચાલો. બાપજી આજ્ઞા છે?

જોગી—અછા બચ્ચા જાઓ. પરંતુ તુમારે રાજાકું એ બાત ન કરના. વો આયગા તો હમ અદ્રષ્ટ હો જાઇંગે, ક્યું કે એસે સંગસે બેરબેર જગતમેં ફસાંનેકા હોતા હે.

કુભાન્ડ—ના બાપજી, ક્યાંહિ વાત નહિં કરીયે. (બંને જણ નમસ્કાર કરી ઉઠે છે.)

(સ્થળ માર્ગ.)

કુભાન્ડ—બારોટ, આતો સાક્ષાત ઇશ્વરજ છે. કેવી કેરીયો મંગાવી ને વીંટી કરી આપી? આપણી વાતો જાંણી ગયા, પણ કાંઇ ક્રોધ ન કર્યો.

શંકર—નહિંજી, એ લોકોમાં તે ક્રોધ હોય? આ ન હોય પેલા ગાંજો પીનારા, કે છાકી જાય. કેવા શીળ ને બે પરવા છે. રાજાનીયે ગરજ છે.

કુભાન્ડ—હાં એજ જુઓને. નહિંતો પઇશા જોઇયે કે લૂટનાર હોગ, તો આપણુને શું કાંમ કહે, રાજાનેજ ન વળગે?

શંકર—રાંમ રાંમ કરો, એમતે હોય? તમને પણ ન કહ્યુ તો. એતો મને ઊદેપુરમાં જોયેલ તેથી કૃપા કરી, નહિંતો દર્શનજ દુર્લભ થાય.

કુભાન્ડ—ખરી વાત છે. ભાઇ તમારે લીધે મારૂં એ કાંમ

થયું. હવે આજ રાતે બધી ગોઠવણ કરી રાખીશ, ને તમે આવશો એટલે ગણીને સોંપીશ. તે કાલ રાત સુધી ત્યાં રાખજો, રાતે આપણે છાનામાના મંગાવી લઈશું ત્યાં સુધી તમે પણ મહારા વિચાર પ્રમાણે ત્યાંજ રહેજો.

શંકર–અરે ચોકી કરવામાં તે કેમ ભુલશું. પણ એમતે હોય? આપણે દુનીયાંમાં રહીયે, એટલે દુષ્ટ વિચાર આવે. બાકી એતો ઇશ્વર રૂપ છે. એને કશાની શી પરવા છે.

કુભાન્ડરાય–બરોબર, ભાઇ ત્યારે હવે હું કચેરીમાં જાઊંછું. તમે મારે ઘેર નવ વાગે આવજો એટલે બધું સારૂં થશે.

શંકર–બહુ સારૂં હું પણ ઘેર જાઉંછું.(બંને જુદા પડેછે.)

પ્રવેશ ૧૭ મો.

સ્થળ કુભાન્ડરાયનું ઘર.

કુભાન્ડરાય, દરીયાખાંન, તથા શંકર બારોટ.

કુભાન્ડરાય–(એકલો) ખરેખર આપણા પ્રાલબ્ધે આજ એક દંમ જોર કર્યું. નહી તો જોગી રાજ આવવા ક્યાં થી, ને તેમનાં દરસન થાવાં ક્યાંથી. ઇશ્વરની ગહન ગતીછે. આવાએ દુનિયામાં પડયાછે હેં? જીવડા હવે આ જગ્યાએ ખૂબ વિચારવાનુંછે. જો છેતરાણાં તો માર્યા જઇશું, ને જો પાર પડયા, તો ન્યાલ થઇશું પણ અરે! આ દુનિયાંજ બધી પાપની ભરેલીછે, તેમાં આ વિચાર આવેછે. નહીં તો એતો સાક્ષાત ઇશ્વરનો અવતારછે, એમાં શક નથી. તેને પૈસાનોજ લોભ હત, તો મને ન કહત. કેમકે બારોટ પાશેથી

તે શું નિકળવાનું હોય? નહીં, નહીં, એતો દેવનોજ અવતારછે. એમાં શક લાવીશું, તો ઊલટી સોના જેવી તક ખોઇશું. માટે ચાલ બંદોબસ્ત કરી નાંખું. (પોતાના ખાસ વિશ્વાસુ સિપાઇ દરીયાખાંનને બોલાવેછે.) અરે! બહાર દરીયાખાનછે કે?

દરીયાખાંન—(માંહે આવીને.) હાજર ગરીબપરવર, કયા હુકમ હે?

કુભાન્ડરાય—(બધીવાતથી યથાસ્થિત વાકફ કરીને) કહો, હવે તમારો સો મતછે?

દરીયાખાંન—સાહેબ ઓર તો મેં સિપાઇ આદમી કયા સમજુ? મગર ઊસકે ભાગ જાનેકા જીમા મેરે શીરપર હે.

કુભાન્ડરાય—ઠીક ત્યારે તમારી સાથે મરજી ચાહે તેબીજા બે આદમીને લઈ જજો; કેમકે ઘણે કાને વાત જાય તેમાં માલ નહી.

દરીયાખાંન—બહોત અછા સાહેબ, મેં તૈયાર બેઠાહું. બારોટ આવે તો સંગ જાઊં (બારોટ પ્રવેશ કરેછે.)

કુભાન્ડરાય—લ્યો આ આવ્યા. આવો બારોટજી કહો હવે શું કરવુંછે?

શંકર—કરવું શું? મારી પણ ત્રણ કોથળીઓ પેલા માણસ પાશે ઉપડાવી તે તૈયારછે. બાકી આપને જે આપવાની હોય તે દરીયાખાંનને ગણીને સોંપો?

કુભાન્ડરાય—પચાસ કોથળી બહાર ગણીને ગાડીમાં મુંકીછે. તે ફેર ગણી લેજો; ને દરીયાખાનનેજ સાથે મોકલુંછું.

શંકર—ઠીકજછેને ચાલો ત્યારે દરીયાખાંન, "ધરમના કામમાં ઢીલશી" પછી દરવાજા બંધ થશે.

કુભાન્ડરાય—હા જાઓ પણ જો જો હોંશિઆરી રાખજો.

બંનેજણા—કાંઇ ફીકર નહિ સાહેબ, પરમેશ્વર જાળવશે. (બંને બહાર જાયછે તથા દીવાન સુઇ જાયછે.)

प्रवेश १८ मो.

સ્થળ કામનાથ મહાદેવનું મકાન.

શંકરબારોટ, દરીયાખાંન, ચાંદખાંન, જમાલખાંન તથા જોગીરાજ.

શંકર-માહારાજ ઉઘાડજો ઓ—(એક માણસ બારણું ઉઘાડેછે એટલે બધા જોગી પાશે જઇ પગે લાગેછે)

જોગીરાજ-(સિપાઇયો સામું જોઇને) કોન એ મ્લેચ્છહે? ઉનકો બાહીર બીઠાઓ.

શંકર-મિયાં તમે બહાર બેશો કેમકે, એમનો પુજા વગેરે સામન બધો અભડાય.

દરીયાખાંન-હાં બરોબર ભૂલગયા બાપજી માફ કરીયો.(તે તથા બીજા સિપાઇઓ બહાર બેસેછે).

જોગીરાજ-કેમ ઠીક તાલમેલ કર્યો કે નહીં?

શંકર-યાર શું કહેવું? ન્યાલજ કરી નાખ્યાને; લ્યો કહો હવે કેમ કરવુંછે.

જોગીરાજ-કરવાનું શું હતું? આ ચલમ ત્રણે જણને પાઓ એટલે ઘડી પછી બેભાન થશે પછી આપણે ચંપત થઇશું.

શંકર-શી રીતે જઇશું? ભાર ઘણો છે, ને વળી આપણે એક રાતમાં તે કેટલા ગાઉ ચાલશું?

જોગી-ચાલવું શું કામ પડે? જુઓ બહાર ઉંટ તૈયાર છે. કાલે વેચાતાં લઈ રાખ્યાછે, તે બહુ સારાં ચાલનારાં છે. રાત અડધીકને આશરે થાય, એટલે કુચ કરીયે. અજવાળી રાત છે તે ઝપાટયા જઇશું.

શંકર-ઠીક, ત્યારે લાવો ચલમ. વળી ઘણી વાર થાશે તો પેલા વહેમાશે.

જોગી-દીવાન પણ બુટી જણાયછે હો? આટલું થયા છતાં

પણ એ એનું ચોકસ કરવામાં બાકી રાખતો નથી.

શંકર–તમે વળી એના ઉપર પણ ભભરાવો એવા છો મ હારા બાપ! દસ વર્ષ રાજા પાસે રહ્યા હોત, તોપણ કાંઈ આટલું થવાનું હતું. હું બહાર જાઉ છું.

જોગી–હા જાઓ. (બારોટ બહાર જાયછે એટલે) બેઠ બચ્ચા બાહાર, લે ચલમ પી, (બારણો વાસે છે)

શંકર–લાવો બાપજી (પોતે ચલમભરી દરીયાખાંનને આપેછે)

દરીયાખાંન–તુમપીઓ તુમ.

શંકર–હયોજી, અભીમેં પેસાબ કરકે આતાહું ફીરપીઉંગા. (બહાર જાયછે.

દરીયાખાંન–અછા લાઓ (દરીઆખાંન પી પોતાના સો બતીઓને પાયછે એટલે બારોટ આવેછે.)

શંકર–એતો સારી જલગઈ હેં. તુમારે પાસ તમાકુ હે? અપન ફીરસે ભરે.

દરીયાખાંન–હાંજી બહોત હે લો ભરો. (બારોટ તમાકુંની ભરેલ ચલમ પીએછે એટલે થોડીવાર પછી બારોટ) તુમ સુરત રખીયો, મે જરા લેટતા હું.

શંકર–કાંઇ ફીકર નહી, સુખેથી સુઓ (એકપછીએક બધા સુઇ જાયછે એટલે ઓરડી પાસે જઇને) માહારાજ ચાલો વાર ન લગાડો.

જોગી–આ આવ્યો.

બંને જણ ઉટોપર સાંમન ભરી ચાલતા થાય છે. ને પાછલી રાતે દરીયાખાંન જાગેછે એટલે ઝબકીને એક દમ ઉઠેછે.

દરીયાખાંન–અબે ચાંદખાં, ઊઠ ઊઠ! બારોટ કહાં હે, ઓર કીસકા પહેરા હે?

ચાંદખાં–ખુદા જાણે કીસકા હે, મેંને તો જમાલકું સોંપાથા.

જમાલ–મુજે કયા ખબર? વલી મેં ને તું તો સાથીજ સો ગયેથે!

દરીયાખાંન–ચલો ચલો સાલે ઓતો કંઇ ભાગ ગયે. ઓર

અપન મારે જાઇંગે. (ત્રણે જણુ ધાબરાબની હી બહાર જાય છે) ક્યું કરીગેં યાર? સાલુને દગા દીયા, ઓર ખરાબ હુવે, કીતનેક આદમી કહેતે હૈં કે "કોઈબી વ્યસન ન પાડના" એ સચ બાત હૈ. હાય હાય! કબી ચલમ પીનેકી આદત નહોતી, તો ખરાબ ન હોતે. ઔર જેસી માલીકકી મરજી. અબ સોચનેં સેં ક્યા ફાયદા. મેનેં તો પહેલેસેં દીવાનજીકું કહાથા. મગર કમબખ્ત કહે કે "વોતો મેરા દેવ હૈ, ને ધુલ હૈ, ને રાખ હૈ. ને" ભાઇ લુટ લુટકે પેસા ઇકઠા કીયાથા, સો ગયે બીના રહેવે.

જમાલખાન-કરે ક્યા યાર, મેરે પાસતો તલવાર બી નહીં હેં. ઓર ઓતો સાલે કબકેબી ગએ હોઇંગે ફીર દરવાજા બી બંધ હેં.

ચાંદખાં-જબ ચલોને સો રહેવે. ફજરમે કહીંગે, કે "સાબ હમતો બારોટકે ભરોંસે રહે ઓર એસા હુવા" અબી ખબર કરીંગે, તો ફીર મેરા બેટા ડુડાયગા.

દરીયાખાન-યાર મુજે કલ નહીં પડતી. મગર ક્યા કરૂં? લા ઇલાજ ચલો સો રહેવેં. (બધા પાછા આવી સુઈ જાયછે.)

પ્રવેશ ૧૯ મો.

સ્થળ દીવાનનું ઘર.

કુભાન્ડરાય, તથા દરીયાખાન, પછીથી ધુળીવહુ.

કુભાન્ડરાય-સવારતો પડયું ને હજી કેમ કોઇ ના આવ્યું. લાવને કોઇને તેડવા મોકલું. અલ્યા માધીયા આ?

માધીયો-જી શાબ આ આયો. (પાસે આવેછે.)

કુભાન્ડરાય-જોને કામનાથ મહાદેવમાં દરીયાખાનછે, તેહને બોલાવી લાવને!

માધીયો-(દરીયાખાન વીગેરેને આવતા જોઇને) આ આયા.
(દરીયાખાન વગેરે પ્રવેશ કરેછે.)

કુભાન્ડરાય-કેમ દરીયાખાન બારોટ ક્યાંછે?

દરીયાખાન-જહાનમમેં સાહેબ, સાલેનેં રાતકું હમકું તો ખુદા જાંને કેસી ચલમ પીલાઇ, સો તીનુંકું નીશા આયા; ઊસ્સે સો ગયે. ઓર રાતમેં ઓ જોગીકું લેકે ભાગ ગયા.

કુભાન્ડરાય-(વિસ્મયથઇને) હાય હાય! શું કહોછો? દગો દીધો કે! તમે કેડે ન ગયા?

દરીયાખાન-સાબ, હમ તીનું જવાન પાંચ પાંચ કોસ તક દોડે, મગર કુછ પત્તાજ નહી લગતા. અબી અથડકે પીછે આએ.

કુભાન્ડરાય-ઠીક તમે હમણાં જાઓ,ને આપણા દસ સવારોને ચડાવો, તે વીશ વીશ ગાઊ જઇ આવે, ને જો દેખે તો પકડી લાવે. કહેજો કે જે ચોર પકડશે, તેને સારી પેઠે ઇનામ દઇશ.

દરીયાખાન-અછા સાહેબ હમ રજા મંગતેહેં.

કુભાન્ડરાય-હા જાઓ. હમેશને માટે રજાછે. (તે બધા જાયછે.) હાય હાય? સાળાઓએ દગો દીધો હેં? અરરરર! એમ થાયછે કે, જાણે પોક પોક મુંકીને રોઊં. કેટલાં સાટાં દોહોડાં કરીને પૈસો મેળવ્યો હતો. તે પલકમાં જતોરહ્યો હેં? શિવ! શિવ! શિવ! હવે કોને કહું, ને ક્યાંહાં જાઊંરે મારા બાપ!!! (આ શબ્દો સાંભળીને તેની વહુ દોડતી આવેછે.)

ધુળીવહુ-કયમ આમ કરોછો, શું થયું?

કુભાન્ડરાય-થઈ તારી હોળી. રાંડ! તારે સારૂ પેલા તારા દાદાપાસે કામનાથમાં ગયો હતો, તે ભીખ માગી.

ધુળીવહુ-મારે સારૂ શું છે? બરોબર કહોતો ખરા?

કુભાન્ડરાય-કહેશું? રૂપીયા પચાસ હજાર પેલો રાંડનો બારોટ

લઇને તે ખાવા સુધાંત નાશી ગયો ને રાંડ તારી હોળી! હું તો કંઇ એવામાં ન પડું. પણ રાંડ, તારા કંકાસથી અકળાંણો. હાય હાય! કેહેવત છે કે-" કંકાસે ઓળીનું પાણી સુકાય" શંખણી રોજ કંકાસ કરતી હતી, તે લાડુ ખવરાવ્યો ને ફળ પામી.

ધુળીવહુ-બહુ લોભ કરો, તે એમજ થાયતો! એહમાં હું શું કરૂં! સારૂ થયું. પીટયા પીતરાઇયોનો તો ભાગ ગયો?

કુભાન્ડરાય-બોલમાં રાંડ, દાઝયાપર ડામ ન દે તારે સારૂ છોકરો લેવા ગયો હતો.

ધુળીવહુ-છોકરો લેવા ગયા, તેહમાં રૂપીયા શેના જાય? પોતે લોભ કરવાને ગયા, તે ખરાબ થયા. એમાં હું શું કરૂં, ભોગ તમારા!!

કુભાન્ડરાય-રાંડ શંખણી? ગધેડીની! બોલતે બોલતે છકી જાયછે કે? જતી રહે અહીંથી. નહીં તો પછી પાંમીશ, ને લોકો ફજેતી જોશે. હાય હાય! મને પરણતી વખતે આડો સાપ ન ઊતર્યો તે આ રાંડ મારે કરમે ભાગી!

ધુળીવહુ-મારાં માબાપ કાંઈ તમારે ઘેર નહોતાં આવ્યાં. માવડીને ના પાડી હોત, તો કોઇએ ડામ ન દેત. વળી નાતમાં રાખ્યા, તેના બદલામાં ગાળો શું ભાંડોછો?

કુભાન્ડરાય-(અતિ ક્રોધ આવવાથી એક તમાચો લગાવી દઇને) ચુપ રહે પલીતની જાત? નથી બોલતો તેમ તેમ તો છાકેછે? બહુ બોલવું, બકબક કર્યાજ કરવું, એ તે શું?

ધુળીવહુ-ભોગ તમારા ફુટો કપાળ હું તો આ ચાલી. પેટમાં દુખેછે ને માથું શુ કુટેછે. (મનમાં) હવે ઘણું બોલીશ, તો અત્યારે કાળ ચડયો છે, માટે પુજા કરશે. (ચાલી જાયછે.)

કુબાનુશય—હાય હાય! રાંડનુ કહ્યું માનીને ત્યાં ગયો ત્યારે ભીખમાગી, રોજ કંકાસ, કંકાસ, ને કંકાસ!!! બીજી વાતજ નહી. બધા મુલકની પંચાત, ને પછી ઘણું કહીયે એટલે મરવા પડે. લોકોમાં ફજેતી થાયછે. ગામમાં રાજમાં, બધે ખમાં ખમાં થાય છે; પણ જ્યારે આ રાંડ પાસે આવુંછું, ત્યારે શેર લોહી બળેછે. હે ઈશ્વર! આજ પછી કોઈને આવી સ્ત્રી ન આપીશ. હાય હાય, પચાસ હજાર રૂપીયા!!! ઓ મારા બાપ! હવે ક્યાંથી પાછા મળશે!!! અરેરે! "ઝાઝો લોભ તે પાપનું મુળ" શાસ્ત્રમાં પણ કહ્યુંછે—

श्लोक.

किंध्यानैर्मुखसद्मपद्मशशिभिःकिंचेंद्रियाणांजयै,
किंकष्टैस्तपसांपुनःप्रतपनैःकिंमेदसांशोषणै;
किंयाज्ञानितश्रमैःपरिचयैःकिंक्लेशजातैर्व्रतै।
श्चेल्लोभोखिलदोषपोषणपटुर्जागार्त्तिचित्तेविभूः १

અર્થ—મુખ કમળને મીંચાવનારા ધ્યાનથી શું, અને ઈંદ્રીયો જીતવાથી શું, અથવા ઈચ્છા તજીને ચામડી બાળનારા તપ તાપવાથી શું, તથા ગ્રંથોના અભ્યાસ કરવાથી શું, અને છેલ્લે કલેશો કરી વૃત્ત કરવાથી શું થયું? એટલે પીડા ઉપજાવનારો અને સૌ દોષને પોષણ કરવામાં પ્રવિણ એવો જે માણસોમાં લોભ છે. તેથી સર્વ ગુણ (ઉપર કહેલા) નિરથક છે.—હાય હાય! પોકારી પોકારીને કહું છું કે કોઈ લોભ કરશો નહીં. અરેરે! લોભ ન કર્યો હોત, ને જે હતું તે ઉપર સંતોષ માન્યો હોત, તો આમાનુ કશું એ ન થાત. રાજ્યમાં, લોકોમાં અને બધે, બેવકુફ

હ્યોં; ને ઇજત ગઇ. પણ જીવ, હવે રડે પીટે કે ઉહારલી કરે કાંઈ થવાનું છે? માટે જેમ તેમ મન વાળીને બેઠા સિવાય બીજો કશો ઇલાજ નથી. આ પણ એક મોટી શિક્ષા મળી કે “ આજ પછી કોઇ જોગટાનો ભરોંસો કે લોભ કરવો નહી”.



પ્રથમ અંક સમાપ્ત.

oOo

અંક ૨ જો.

સ્થળ સુંદરપુર તથા શ્રીનગર.

અમલસિંહ..............શ્રી નગરનો અધીરાજા.
કામકળા.....—.........તેની સ્ત્રી.
કુભાન્ડરાય...............તેનો દીવાન.
હીમતસીંહ............શ્રી નગરનો પાટવી.
ગુણવંતરાય...............તેનો મીત્ર.
ગોવિંદરામ... ....બારોટનો દોસ્ત, જોગી.
શંકરબારોટ...... ....અમલસિંહનો પ્રીય નોકર.
દેવરાજ...............એક ગામડાનો પટેલ.
તલકસી...............તલાટી. ”
જીવણલાલ............કારકુન સરકારી.
કેસરીસિંહ...............સુંદરપુરનો રાજા.
ભાનુંમતિ...—.........તેની રાણી.
વિજયાકુંવરી............તેની પુત્રી હીમતસિંહની પ્રિયા.
સવિતાગવરી ....પ્રધાનપુત્રી. વિજયાની સખી તથા ગુણવંતરાયની સ્ત્રી.
જમના....................વિજયાની દાસી.
માધવરાય..............સુંદરપુરનો પ્રધાન.
તખતસિંહ ....સુંદરપુરનો દારૂડીયો પાટવી.
જારમતી.................તેની સ્ત્રી.
કુનિતી....................તેની દાસી.
રોફીલાલ, છેલમાસ્તર, બાંકેરાવ ....તખતસીંહના દારૂડીયા મીત્રો
નિરદયશંકર........એક લુચ્ચો બ્રાહ્મણ જારમતિનો યાર

प्रवेश १ लो.

સ્થળ શ્રીનગરનું ભાગોળ.

હીમતસિંહ, તથા ગુણવંતરાય.

હીમતસિંહ–(એકલો) અહો ઇશ્વર? તારી ગહન ગતિછે. તરણાનો મેરૂં, ને મેરૂંનું તરણું તું કરી શકેછે. એમાં જરાએ શક નથી. હું રાજપુત્ર, હજારો માણસમાં બેસનારો, અને એશ આરામ કરનારો તે આજ એકલો રણવગડામાં ભટકવા નીકળ્યો છું. અને હજી આગળ મારી કેવી દશા થશે, એ કહી શકાતું નથી. પણ હે જગન્નાથ? મારી નિચેની પ્રાર્થના સાંભળ કૃત્ય સામું ન જોતાં આપના બીરદ તરફ નજર કરી સહાય કરવા દયા કરજો.

લલિતછંદ.

જય જગતૂ પિતા, વિશ્વનાથરે;
અરજ હું કરૂં, જોડી હાથરે;
કરી કૃપા અને, ચિત્ત તે ધરો,
મદદ આ સમે, શ્રી હરી કરો. ૧
અકળછે ગતિ, નાથ આપની,
નવ કદી કહી, જાય તે બની;
રૂષિ મુંની મહા, પાર ન લહે,
ગરીબ દાસતે, શી રીતે કહે: ૨
સુનિત સત્યને, ન્યાયને ચહો,
કુકરમી જનોને સજા દહો;
પુરણ ખાતરી, એહ છે મને;
નવ નભી શકે, કુડ તું કને. ૩
તદપિ રાજ્યમાં, જેહ થાય છે,
ધટ કુકર્મનો, તે ભરાય છે;
થઇ રહે પુરો, તૂર્ત ફુટશે,

કુકરમી બધા, છાતી કુટશે. ૪
નવ હું ફાવીયો, સત્યને વિશે,
બયજ આવીયો, ઊલટો દિશે;
હુકમ આપનો, એમ જો થયો;
પરમ હર્ષથી, તેહ મેં સહ્યો. ૫
જરૂર આખરે, જૂઠ હારશે;
કુકરમી સહુ, તો પુકારશે;
(માટે) ખુશી થઈ હું તો, હાલ નિસરૂં,
પ્રથમ આપને, અર્જ એ કરૂં. ૬
મદદ આપજો, નાથ જગતના,
શરણ રાખજો, પ્રિય ભક્તના;
કુકરમી કદી, તોય દાસ છું;
પરમ આશથી, આશરે વસું. ૭
દુઃખ પડે ભલે, હું નહી ડરૂં;
મરજી હોય તે, હર્ષથી કરૂં,
(પણ) નવ કુકર્મ હું, ચિત્તમાં લહું;
અરજ આ કરી, એજ છું ચહું. ૮

ગુણવંતરાય-(પાસે આવીને) મેહેરબાન સાહેબ કે એ.—

હિમતસિંહ-અહો ભાઇ તમેજ કે! વાહ, બરોબર વખતે આવ્યા. આ જોડના ઘોડાપર ચડી બેશો, એટલે કુચ કરી આ માણસને રજા આપી દઇયે.

ગુણવંતરાય-જય જગદીશ્વર! (ઘોડાપર સ્વાર થઇને) એતો ઠીક પણ આપણે એકદમ નિકળી જશું, તથી ગામમાં હાહાકાર થઇ રહેશે માટે કાંક કરીને જવું જોઇએ.

હિમતસિંહ-એ તે કેમ ભુલ્યો હઇશ. પુછો આ માણસને? એક કાગળ પિતાજી ઉપરનો, તથા એક જાહેર જગ્યામાં ચોડવાનો. એ રીતે બે કાગળો એને આપ્યા છે. તેમાં પીતાજીવાળો કાગળ ગુપ્ત રીતે તકીયા નીચે મુકી દેશે, ને બીજો છે તે આ વખત બજા-

રમાં ચોડતો જશે.

ગુણવંતરાય—અત્યારે વંચાય એમ તો નથી, પણ મેહેરબાની કરીને કેહેશો કે—તેમાં શી મતલબ છે?

હિમતસિંહ—પિતાજીના પત્રમાં આપણા ખરા વિચાર, તથા બીજામાં, તે સાથે લોકોને દીલાશો આપી વર્ષની અંદર પાછું આવવા જણાવ્યું છે. ને એકદમ જવાનું કારણ. "મુસાફરી કરવાનો શોક હોવા છતાં પીતાજી રજા ન આપે માટે નીકળ્યોછું" એ મતલબથી વિસ્તારીને જણાવ્યું છે.

ગુણવંતરાય—બસ, અછી ગોઠવણ કરી છે. નહીં તો હું પણ ઘેરથી કાગળ કલમ ખીસામાંજ લાવ્યો હતો. કારણ અહીંથી લખીને વિદાય થવાનો વિચાર હતો.

હિમતસિંહ—અરે વાહ! વળી હથીયાર બાંદ્યાં ને એ પણ ખરૂં કે?

ગુણવંતરાય—અમારે નાગરને તો "કલમ, કડછી, અને બરછી" ત્રણે થીજો જોઇએ. આપના જેવો પોશાકતો વિશેષ કરીને ન ઓળખાવવાને માટે પહેર્યો છે.

હિમતસિંહ—ઠીકજછે ને, હવે આપણે ચાલશું?

ગુણવંતરાય—લ્યો ઇશ્વરનું નામ (ઘોડા લાવનારને રજાઆપી બંને ચાલતા થાયછે તથા તે માણસ કહ્યા પ્રમાણે કાગળોનુ કરેછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ વન.

શંકર બારોટ—ગોવીંદરામ જોગી—તથા પછીથી, હિમતસિંહ અને ગુણવંતરાય.

શંકર—યાર હવે તો ઊંટને જરા ધીમું હાકતો ઠીક. મારા તો પેટમાં દુખવા આવ્યું કહેવત છે કે "જીરવા

અઢારે વાંકાં" એમાં શક નથી.

જોગી-બેટાજી, જો ઝાઝી ગડબડ કરી તો પગ પકડીને ફેંકી દઇશ, પેલા વજીરને ખરાબ કર્યો એમ તને કરતાંએ વાર નહિ લાગે.

શંકર-ભૂલ્યો બાપજી. તમને ગુણકરી આવ્યો ને તમે આમ બોલોછો, એ ઘટે છે? ભલા હું પણ તમારો જાચક છું.

જોગી-ત્યારે છાનો માનો બેશીરહે, ને ભાટવેડા જવાદે સવારપડે એટલે તારા ત્રણ હજારલઇ જુદા પડવાની શરત કરતો હોય, તો ભલા; નહી તો ફગોળી દઇશ, માટે બોલીજા ઝટપટ, હા કે ના.?

શંકર-(મનમાં) "લેને ગઈ પુત ને ખો બેઠી ખસમ" હું પણ કેવો મુર્ખ તે પ્રથમથી વીચાર ન કર્યો ખેર, થનાર હશે તે થાશે. (ચાસન) યાર આમ દગો દેવો તને લાજીમ છે ?

જોગી-ત્યારે તેં શું કર્યું છે? હું હકીમ થયો ત્યારે તારા અન્નદાતાને તથા હમણાં પ્રિય મિત્ર દીવાનને છેતર્યો, એ દાનસ્તાઈ કે ?

શંકર-હાય હાય ! આતો "ધોબીનો કૂતરો ઘરનોએ નહીં ને ઘાટનોએ નહીં" ભાઇ સાહેબ, તારે બરોંસે જનમની કમાણી છોડીને આવ્યો, ત્યારે તું મદદ કરવાને બદલે ઊલટો ભીખ મગાવીશ?

જોગી-ભીખ મગાવવી હોત, તો ત્રણ હજાર પાછા ન આપત, જા, એના ખેતરો લઇશ, તો ઘણાએ આવશે, એમાં રડછે શુ? કરીશ તે ભોગવીશ તો?

શંકર—ઠીક ભાઇ તેમ. (મનમાં) જીવડા હવે વધુ બોલવામાં માલ નથી. (ચાસન) પાછળ કોઇ સ્વારો ઝપટથી આવેછે. તમે ઘોડાના દાબડાનો અવાજ સાંભળોછો?

જોગી-ફિકર શીછે? આપણેજ ચોર બની જઇશું. એટલે એમના શા ભારછે.

(ગુણવંતરાય તથા હિમતસિંહ ઘોડાપર સ્વાર થયેલા પ્રવેશ કરેછે.)

ગુણવંત-સાહેબ, પેલાં ઊંટ આપણને જોઇને આડા કેમ ચાલ્યાં ભલા!

હિમત-શી ખબર. આપણાથી ડરેલ હશે. જરા પડકારો એટલે જે હશે તે જણાશે.

ગુણવંત-અબે ઓ ઊંટવાલે, ખડે રહો તુમ લોક કોન હો.

જોગી-હેડયો જા, તારે મારગે સાનોમાનો. પસાત ના કર.

ગુણવંતરાય-ખડા રહેબે ! પંચાતકી જોરૂ, સીરકારી આદમીકું ક્યું બરોબર જવાબ નહીં દેતા હે?

જોગી-હાલ્યા જાઓ નં મીયાં મુંગે મહોડે નેકર પસે સપાઇગરી નેહરી જશે, તમારા જેવા ઘણાએ તીસમારખાં જોયાસે, ઓળખ્યા કે નહીં? એતો મામા.

હિંમત-સાલા સુવર ! તું ક્યા કરનેકા થા બે? કબસે કહેતે હેં મગર માનતાજ નહીં. (આડો ઘોડો ઊભો રાખી તેને રોકેછે.)

જોગી-જાકે પરો વસમાંથી, નેકર હમણાં એક ધોકલું ધોહ, તે માથું ભાંજી નાંછયોહ. મોટો તરવારીયાનો દીચરો આયો સે તે જાણ્યો એતો.

હિંમત-દીયા ધોકલા બાપકા કપાલ સાલે, ભાઇ બંધુક લગાઓ સાલુકુ. એતો ચોર હેં, નહીં તો સીધા જવાબ કાયકું ન દેવે.

ગુણવંત-હાં એજ મંગતે હેં (બંધુક ધરીને) ક્યું બેટાજી, બોલતે હો, કે હજી હીમત હે?

શંકર-(જોગીને) ભાઈ માર્યાં આતો, કહે હવે સાચે સાચું.

જોગી-જમાદાર સાહેબ, મારશો નહિં. અમેતો વટેમાર્ગું છીયે. આટલીવાર અમે તમને ચોર જાંણ્યા, તેથી આ યુકતી કરી. અમને ખબર નહોતી કે તમે સરકારી આદમી છો.

ગુણવંતરાય-જબ ઉતર નીચે, ઓર એ દુસરે ઝટકા સામાન બીતાકે ફીર ચલાજા.

જોગી-બાપજી, શું કામ ખોટી કરોછો? ઉતાવળનું કામછે. તેમાં તો રાતોરાત જઇએ છીએ.

હિમતસીંહ-નહી હમકું શક આતા હે વાસ્તે જલદી કર.

જોગી-મીયાં સાહેબ, એક વાણીઆનો સામનછે. આ ગુમાસ્તોછે, ને મારૂં ઝટછે, તેમ વોળાઉ પણ હું છું બાકી શું જોવુછે?

ગુણવંતરાય-બસ ગડબડ છોડ, ઓર સામાન બીતા.

જોગી-તમે પછે અમને કાંઇ હરકત કરો તો કોને કેહવા જઇએ? અત્યારે તો તમે કહોછો, કે સરકારી સ્વાર છીએ. પણ માંહે ફી હોય ત્યારે?

ગુણવંતરાય-નહિં નહિં હું રજપુતછું, ને આ મીયાંછે. આ પણા કુંવર સાહેબ પાસે રહીએ છીએ? માટે ભાઇ વેહેમા નહી ને સામન બતાવ.

જોગી-ઉભા રહો ત્યારે. (ઝટ બેસારેછે ને પછી થેલીયો બતાવીને) આ બધી શેઠની રોકડછે, કહો ભાઇસાહેબ, એકદંમ કેમ બતાવાય? ચોર હોય તો માર્યા જઇએ કે નહી?

હીમતસીંહ-આ કોણ ગુમાસ્તો છે? અલ્યા તારૂં નામશું મે આ કોની રોકડ છે? (બારોટ સાદ ઓળખાય માટે બોલતો નથી.)

જોગી-એતો બેહેરો છે. ને વળી વાણીયાભાઇ, તે ડરી ગયો હશે માટે નથી બોલતો.

ગુણવંતરાય-એનું મોં તો જોઉં, આપણા ગામનો હશે તો ઓળખાશે. (પાસે જઇને મોં ધારીને જુએ છે.)

હિમત-કેમ ઓળખ્યો કે? જાંણીતો હોય તો જવાદો. ખાલી આપણે પણ ખોટી થઇયે છીયે.

ગુણવંત-અરે આમતો આવો! આતો અજાયબી જેવું

છે. બારોટ જેવો કોક લાગે છે.

હિમત-(પાસે જઇ અજવાળી રાત હોવાથી મોં ઓળખાયાથી) અરે એજ ભાઇસાહેબ છે, કાંક હાથ માર્યો જણાય છે.

શંકર-હાય હાય મારા બાપ! આતો કુંવર સાહેબને ગુણવંતરાયભાઇ છે ને? (જોગીને) લે હરામખોર, મને ભીખ મગાવવાનું કહેતો હતો તે તંજ ભીખ માગી. હવે તારૂં પોગળ જાહેર કરૂં; મારો દાવ આવ્યોછે.

હિમત-કેમ, એ કોણ છે ને તમે આંહિં ક્યાંથી? આ શો ઢોંગ કર્યો છે? સાચે સાચું ન બોલ્યા તો સવારે ફજેતી થશે.

શંકર-બાપજી શું પુછોછો, આ એક પુરો ધુતારો માણસ છે. (બધી બિના બરોબર કહી બતાવે છે.)

ગુણવંત-(બધું સાંભળીને) જોયું સાહેબ? "ચોરીનો માલ ચંડાળે જાય, ને પાપી હાથ ઘસંતા થાય." એ ખોટું છે? કોની મીલકત, ક્યાં આવી. "સત્યમેવ જયતે" આપની મીલકત આપનેજ મળી.

હિમત-ભાઇ આ ગોવિંદરાય (જોગી)ને પણ સાબાશ છે. કેવો અકલવંત માણસ છે?

ગુણવંત-એતો ઠીક કર્યું. આપણા બે બાગ-વજીરને કાંક પાંસરો કર્યો. પણ આ બારોટજી તો મહા વિદ્વાન હતા, ને આમ શું થયું? કેમ બારોટ, હવે સુધારાવાળાના હાથ જોવા છે?

શંકર તથા ગોવીંદરામ-બાપજી તમારે ખોળે માથું છે. તારો ચાહે મારો. "છોરૂ કછોરૂ થાય, પણ માવતર કુમાવતર ન થાય" તમે અમારા ધણી છો, ને અમે તમારાં છોકરાં છીએ. મરજીમાં આવે તેમ કરો.

હિમત-કેમ ગુણવંતરાય શો મત્તછે? રાત જાયછે, ને વળી એમની તથા આપણી પાછળ સાલીયાં જબરાંછે.

માટે જલદી નિવેડો કરો. કાંક દયા લાવશું?

ગુણવંત-હાસ્તો, પાંચ પાંચ હજાર બંનેને આપો, કેમકે બારોટ તો આમે પણ તમારૂંજ ખાતો હતો કે નહી? વળી હવે એ બીચારો ક્યાં જશે? આ ભાઇ સાહેબે મેહેનત કરીછે. તથા થોડું ઘણું આપણું વેર પણ વાળ્યુંછે,

હિંમત-ઠીકજછે ને. પણ દહાડો ઊગ્યા પહેલ આપશું તો વળી બેજણા લઢી મરશે. માટે હાલ આપણી સાથે લઇ ચાલો.

શંકર-ઠીક બાપજી જેમ મરજી (બંને ઊટપર સ્વાર થઇ ચાલવા માંડેછે.)અન્નદાતા, આપ આટલી રાતે કેમ નિકળ્યાછો?

હિંમતસીંહ-ભાઇ મને મુલક જોવાનો બહુ શોક છે, પણ પીતાજી પાસે રજા માગું તો આપે નહી માટે, અત્યારે છાંનોમાંનો નીકળી આવ્યો છું

શંકર-ઠીક બાપજી. આપને ગમ્યું તે ખરૂં. (અજવાળી રાત હોવાથી વાતો કરતા કરતા ચાલ્યા જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ જનાનખાંનું,

અમલસીંહ—કામકળા અને પછીથી કુભાન્ડરાય.

કામકળા-કેમ ભલા આપણો ગોર કે જવાબ હજી સુધી કાંઈ ન આવ્યું? મને તો હવે વીવાહમાં મ્હાલવાનું બહુ મન થાય છે.

અમલસીંહ-ઇશ્વર જાંણે. દહાડા તો બહુ થયા. દયોને વજીરને બોલાવીયે. અલી દાસી જા, કોક માણુસને મોકલ તે દીવાનને બોલાવી લાવે.

દાશી-આ ચાલી. (તે જાય છે ને થોડીવાર પછી દીવાન સહ પાછી આવીને.) હાજર છે કૃપાનાથ. (કુભાન્ડરાય પ્રવેશ કરે છે.)

અમલસીંહ-કેમ દીવાનજી, આપણા કુંવરના વીવા વીશે કાંઇ ખબર ન આવી?

કુભાન્ડરાય-પૃથ્વીનાથ, હમણાંજ ગોર પત્ર લઇને આવ્યો" હું હજુરમાં આવતો હતો એટલામાં માણસ સામું મલ્યું. (કાગળ ધરીને) આ જવાબ. (ધરે છે.)

અમલસીંહ-તમે કહોને શું લખ્યું છે?

કુભાન્ડરાય-સાહેબ, ખુશીને સાથે વાત કબુલ રાખે છે. આપણે નાળીયેર મોકલાવીયે એટલી વાર.

કામકળા-ભાઇ, તમે ભલે આવ્યા. હવે હું રાજી થઇ. ભલા મારે આજ પાંત્રીસે વરશે વીવામાં મ્હાલવા દહાડા ઇશ્વર દેખાડશે.

અમલસીંહ-આ એક કાગળ તકીયા નીચેથી નીકળ્યો. જુઓને માંહે શું લખ્યું છે? (દીવાનને આપે છે.)

કુભાન્ડરાય-(વાચીને વીચારમાં પડે છે, તથા કાંઇ બોલતો નથી.)

અમલ-કેમ, કોઇએ કાંઈ તમારા વિશે લખ્યું છે? તમારો મને પુરો ભરોંસો છે કે તમે નીમકહલાલ છો. બાકી દુશ્મન તો ગમે તેમ લખે. તાણીને વાંચો તો ખરા.

કુભાન્ડ-પૃથ્વીનાથ, એ માંહેલું કાંઇયે નથી. આ તો કુંવર સાહેબનો લખેલો કાગળ છે.

કામકળા-એ ક્યાં ગામ ગયો છે તે કાગળ લખે?

કુભાન્ડ-ગામ ગયા નહોતા. પણ હવે ગયા.

અમલ-શું કહો છો? ક્યાં ગયો ને તે ક્યારે?

કુભાન્ડ-શાહેબ આમાં લખે છે કે "મને મુલક જોવાનો બહુ શોક હોવાથી આજ રાતે ગુણવંતરાય સુધાંત નિકળેલછું તે વર્ષ દહાડે પાછો આવીશ. આપની રજા

લીધા વિના જાઉં છું, એ મોટો અપરાધ કરૂં છું. પણ લાચાર. કારણ આપ પાસે રજા માગવા આવ્યો હોત, તો નિષ્ફળ થાત. ને તેથીજ આમ કર્યું છે. માટે કાંઇ ફિકર ન કરશો, તેમ ગુસ્સો પણ ન લાવશો." મૂળ વાત આ છે. બાકી તો ઘણીયે લપડ સાંધી છે.

કામકળા–હાય હાયરે બાપ! એકલો પરદેશ નિકળી ગયો ? આ તે કાંઇ નાની સુની વાત, રાજકુંવર; એણે કદી તડકો તો જોયો નથી, ને આ તો હવે કેવાં કેવાં દુઃખ વેઠશે. અરે હું તે હવે કોને કહું ને ક્યાં જાઉં ? ! !

અમલ–હું નહોતો કેહતો, કે કેવળ મુર્ખ થઈ ગયો છે. આ બધું ભણાવ્યાનું ફળ છે, પેલા ગોરા લોક એકલા નીકળે છે, તેમ પોતે પણ પસંદ કર્યું. પ્રભુ જાંણે શું થવા કાળ છે?

કુભાન્ડ–અરે સાહેબ ત્યાંથી બધી મંજુરી મંગાવીને હવે વિવાહનું કેમ થાશે ?

અમલ–એમાં થવુંતું શું? જેવી પેહેલીવાર ના પાડી હતી, તેમ આ વારે પરાણે ના લખી મોકલશું.

કુભાન્ડરાય–પૃથ્વીનાથ, એ તે આપણી લાજ? મરજીમાં આવતું હોય તો હાલ સગાઇ કરાવો ને પોતે આવે ત્યારે લગ્ન નક્કી ઠરાવજો.

કામકળા–ના. એ વાત ખોટી. ખરૂં પુછાવો તો એ એટલા સારૂજ ગયો છે જ્યાં સુધી એ કન્યા બીજાને નહીં, પરણે, કે આપણે માગું નથી કર્યું એવું એ નહી જાણે, ત્યાં સુધી એ પાછો નહીં આવે.

અમલસીંહ–પાછો ન આવીને તો બીજે ક્યાં જશે? પરદેશ વેઠલ નથી, ઘણી ખબરો પડશે.

કામકળા–અરેરેરે! તમને કાંઈ થાય છે? હાય હાય! અત્યારે

એ બિચારો ક્યાંહીએ ભટકતો હશે, ને આપણે તો
સુખમાં બેઠાં છીયે. સાથે ખરચી પણ પુરી હશે
કે નહીં હોય.

કુભાન્ડરાય—ના સાહેબ ખરચી તો છે. કાલેજ તીજોરીમાં-
થી હજાર રૂપીયા મંગાવ્યા હતા, તે એકલાને તો એ
ટલા રૂપીયા બહુ એ થઇ પડે.

અમલસિંહ—વગડે નીકળીને કાંઇ કોઇ ઉપાડીતો નથી ગયું,
આપણું કહ્યું ન માંની ગયો, ને તેથી દુઃખ ભોગ
વશે, તો નસીબ એનાં શું કરીયે, હવે કાંઇ ઇલાજછે.

કામકળા—વળી ઇલાજ તો સ્વારોને દોડાવો, ને આ સગ-
ઇ ભાગીછે એવો કાગળ લખી મોકલો, તો હમા
ણાં આવે.

અમલસિંહ—ઘેલી છે કે શું? કાલ રાતના ગયા છે, તે આ
વખત તો ક્યાંહી નીકળી ગયા હશે. હવે સ્વારો
ક્યાં અથડે? એનાં ઘોડાં જેવાં આપણા આખા
રાજ્યમાં બીજાં ઘોડાં નથી, તે દોડતાં જાય ને
પહોંચે.

કુભાન્ડરાય—અરે સાહેબ હવે તે પાછા વળે? એમને પણ
પોતાની એન રાખવાનું મંન થાય. ને વળી જેણે
અહિં રૂબરૂ કહ્યુ ન માન્યું, તે સવાર મોકલે પાછા વળે?

કામકળા—હાય હાય, મને તો જ્યાં સુધી એના કુશળ
સમાચાર નહિં આવે, ત્યાં સુધી ધાંન ભાવવાનું
નથી. માંડ માંડ પરદેશમાંથી ચાર દહાડા ભેગો
આવીને રહ્યો, ને માંહી વળી આ બીજું તાન
જાગ્યું. બળ્યો મારો અવતાર. છતે છોકરે ન છોકરા
જેવું રહેવું. તમે તજવીજતો કર્યા કરજો.

અમલસિંહ—પણ તે તો કેમ ભૂલીશ. અરે રે, આજનાં
છોકરાંના કાંઇ ઢંગ છે? મા બાપનું કહ્યું ન માંનીને
મરજીમાં આવે તેમ કરે. હવે મને પસ્તાવો લાગેછે

થાય છે; પણ શું કરીયે? એની આડાઇ એવી હતી કે દુઃખ પાંમ્યા વિના રહેજ નહિં.

કુભાન્ડરાય-ત્યારે સાહેબ, મને શો હુકમ છે ?

અમલસિંહુ-આ સબબ સુધાંત કાગળ લખી મોકલો; ને તમારે કાંમ હોય તો જાઓ.

કુભાન્ડરાય-બહુ સારૂં માહારાજા. (નમન કરીને જાય છે.)

અમલસિંહુ-બાપડો આ દિવાંન રોજ બડબડતો, કે ગુણી-યાની સોબત ખોટી છે. પણ નશીબ ભૂલાવનાર, તેમાં કોઇ શું કરે? ખેર. થનાર થયું. હવે સોચ્યાથી કાંઇ ફાયદો છે? કાલ વર્ષ જતું રહેશે. ચાલ જમવાનો વખત થયો.

કામકળા-અરે હવે મન વાળ્યા વિના બીજો શો ઉપાયછે? બળ્યું ખાવું. જ્યાં સુધી મારા વહાલાનું મોં નહીં જોઉં, ત્યાં સુધી ધુળ ખાધા બરોબરછે (બને જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ એક ગામડાનું પાધર.

ગુણવંતરાય—હિમતસિંહ—શંકર બારોટ

તથા ગોવિંદરામ જોગી.

હિમતસિંહુ-કેમ ગુણવંતરાય? અહીં ઉતરશું? સાત વાગ્યાછે.

ગુણવંતરાય-હા સાહેબ ઠીકજ છેને.

હિમત-આગામ આપણુંછે તે કોઇ ઓળખશેતો કેમ થશે.?

ગુણવંત-સાહેબ, આપતો બાળક પણાથી કોલેજમાં રહ્યા. છો, એટલે પ્રગણામાં થોડાકજ ઓળખતા હશે. ને કદાચ કોકને શક પડશે, તોએ આવો ડોળ જોઇને તે દુર થશે.

હિમત-બરોબર. પણ અહી ચોરો હશે કે? ઘોડાઓ થાકી ગયાછે, માટે અહીજ ઊતરશું.

ગુણવંત-ઘોડાઓનો એ કાંઇ વાંકછે? ચાળીસ ગાઊ આવ્યા. અહી સુધી આપણું પ્રગણું નથી. પણ આવાં અસલથી દસબાર ગામ છુટાં છુટાંછે. બાકી ખરી હદ તો વીસ ગાઊ રહી.

હિમત-મારો વિચાર એમછે કે, આહી આપણે જમીને બે વાગ્યા સુધી થાક ખાઇયે. કારણ પછીથી પાછલે પહોરે નિકળશું, તે સાંજસુધી પહોચી જઇશું.

ગુણવંત-હા અહીથી તો ફકત દશ ગાઊજ થાયછે. ચાલો આ લોકોનો નિવેડો કરીએ. આવો બારોટ—

શંકર-આ આવ્યો બાપજી. (ઊટ ઝેકારી બને નીચે ઊતરેછે તથા ગુણવંતરાય પણ નીચે ઊતરેછે ને તેમને ધાર્યા પ્રમાંણે રૂપીયા આપવાનું કરેછે એટલામાં.)

હિમત-ભલા આપણે ઊટ તથા બાકીના સામાંનનું શીરીતે થાશે?

ગોવિંદરામ-સાહેબ, હું સુંદરપુર પાસેના ગામડામાં રહુછુ, માટે મરજી હોયતો સાથે આવુ, ને ત્યાંથી પછી મારે ઠેકાંણે જઇશ. ભલા આપની રસ્તામાં ચાકરી કરીશ.

શંકર-ત્યારે બાપજી મને પણ ત્યાં સુધી લઇ જાઓ તો આપનો ઘણો આભાર માનુ. કારણ આમ રૂપીયા ઊચકીને જઈશ, તો ઠામ ઠામ પકડાઇશ.

હિમત-ઠીક ત્યારે પંચાત મટી. ચાલો ગુણવંતરાય, આપણે આમે માણસની જરૂર હતી. વળી બીજા નવ ક્યાં ગોતવા જઈએ.

(ગુણવંતરાય વગેરે બધા ગામમાં ચોરાપાસે આવેછે, ત્યાં એક મેહુતાને ઊતરેલો જોઇ સાહેબના સ્વારોનું નામદઈ જોડની કોટડીમાં ઊતારો કરેછે.)

-ooOoo-

પ્રવેશ ૫ મો.

સ્થળ એક ગાંમડાનો ચોરો.

ગુણવંતરાય-હિમતસીંહ-અને દેવરાજ પટેલ-જીવણલાલ-
તથા. તલકશી.

હિમત-આ ભલા કોઇ સરકારી માણસો છે?

ગુણવંત-સાહેબ, એ દીવાનનો ભાણેજછે. ને તે ઘણુંખરું મારાં ગાંમડામાં પોતેજ ઢાળવા જાયછે. એ પણ દીવાનની પંગતી માંહેલાછે. સાંભળો, એ લોકો કેવી વાતોકરેછે. (બંને લક્ષદઇને સાંભળેછે.)

જીવણલાલ-કેમ દેવરાજ પટેલ, હું, તમે, ને આ તળાટી ત્રણે અત્યારે એકલા છઇયે, માટે કહો શીરીતે કરવું?

દેવરાજ-સાયબ એમાં શું કરવું સે, આપ રયાં સરસ્તાથી અજાણ્યાસો. ચમ તલકશી?

તલકશી-ખરૂં જટો આપને ટાં ઘનુ ખરૂં ટો ડીવનજી સાયબજ પઢારેછે.

જીવણલાલ-પણ ભાઇ, હાલમાં રાજ્યનો ડોળ જુદી રીતનોછે. કુંવરસાહેબ બહુ હોશીયારછે, તે જો ખબર પડે, તો ધુળ કહાડી નાંખે.

દેવરાજ-અરે પરભુ પરભુ કરો. મારા શાયબ, તમે દીવાનજી શાયબના ભાણેજસો તે ચેનીમાએ શેર હુંઠ ખાધી સે તે તમારૂં નામ લે.

જીવણલાલ-હા પણ આપણેતો એમના પરતાપથીજ આમ એ ધડક ફરીયે છીયે.

તલકશી-અડે મારા શેઠ, વાનીયાની મટ રાખીયે આજ મેટાજી છો, ને કાલે કડી પડભુ ન કરે, ને નોકરી જટી રહે, ટો પછી ઘડમાં હશે ટે કાંમ આવશે. આગર બુઢી ઠઇયે હું ટો ખડે ખરૂ કહું કેમ દેવરાજભઇ બોલટા નઠી.

દેવરાજ-પણ એ તો પેલુંજ સેને, વળે આ તો દીવનજી સાહેબના હગામો, એટલે એનું ગજું સે તે નામ દે. નેકર લોક તો ઘણીએ બૂમ પાડેસે કે, ઢાર આ કરીસે, પણ આપણે સરકારનું નાંમ દીએ, એટલે બીઆએ ને બોલે નહીં.

જીવણલાલ-ઢાળ આકરી તો લાગેસ્તો. તે વિના આપણું પુરૂં કયાથી થાય?

દેવરાજ-એ તો હાહથાં જાયરો ભા, રયમ માહારાજ સીધું લાયા સો કે.

રસોઇયો-પટેલ આજતો, મોદક બનાવવાછે. કેમકે ગયાં ગામડાંમાં દુધપાક ઘણીવાર ખાધામાં આવ્યો, થતી એનાપર ભાઇની મરજી હવે નથી.

જીવણલાલ-એનું પણ કામ થાયછે. ત્રણ માણુસ છીએ, તેનું પાંચ જણનું સીધું લાવેછે. ઠીકજછે તો. સરકારના ઘરમાં કયાં એમ ટો ટો આવવાનોછે.

દેવરાજ-એમાં શું. આપ જેવા નસીબ વાળા સાથે ફરે, તાંણે પાંસ રૂપીયા કમાયજ તો. ને બાકી રાજને શુ અડેશે.

તલકસી-પન હવે દારો ચઢેછે. માટે ઉતાવર કરો, ચંમકે ખેતરો ઘનાંછે.

દેવરાજ-હા શાયબ હાલો, અહવાર થાઓ. આ ગામની શેમનાં છેતર બધાં સુટાં સુટાં સે, તે બે ચાર દી થાશે.

જીવણલાલ-હા ચાલો. ત્યારે આપણે તો બે મણમાં દો. સરકારનો ને અડધો મણ વજે આપણોછે તે છે. તમને બે ને કાંઇ કહેવું પડે તેમ નથી. ને વળી તમારૂં કે તલાટીનું ખેતર આવે ત્યારે મને ચેતવજો, એટલે હું સુરત રાખીશ.

દેવરાજ-સાયબ, આપનો ભરૂં હોજસે. આપણે પેલી બાજ ઢડીયુ (પાટલા) મોકલાવી કે ચંમ?

જીવણલાલ-હા પેલેગામથી ચોફાળ વણાવેલ તે, નેં પાટલા; એ આજેજ વળતણીયા સાથે ઘેર મોકલાવ્યો.

દેવરાજ-ઠયુ' તાણે. પછે કાંઈ હોય તો કેજો. ભીણ વરહ હારૂંછે.

જીવણલાલ-કાંઇ ફીકર નહિં. ચાલો હવે (ત્રણે જણ સીમ માં જાયછે.)

ગુણવંતરાય-કેમ સાહેબ, આ કારકુનોની ક્રતી જોઈ? ખેતરમાંથી સરકારી હીસ્સો લેતાં, ખેતરવાળાને બે મણ ભરવાનું કહે; ને પછી તલાટી તથા પટેલને ફોડી રાખે; તે તલાટી પેલાની પાસેથી બે મણ ભરી લઇને માંહેથી અડધો મણ રાખી, બાકી દોઢ મણ પટેલને આપે તે સરકારમાં મોકલાય. ને પછી પેલા અધમણમાંથી સમજણ પ્રમાણે ત્રણે જણ વહેંચી લે. એ પ્રમાણે બધાં ખેતરોમાં કરે, આતો એક દાખલો દીધો.

હિમતસીંહુ-બસ ભાઇ, મારૂંતો પેટ ભરાઈ ગયું. ભોગ બિચારી રૈયતના. પછી બૂમ પાડેસ્તો કે રાજા લૂટે છે. પણ હમણાં કાંઈ બોલવાનું નથી. થાય તેમ થવા દ્યો. હાથમાં બાજી આવે ત્યારે વાત.

ગુણવંતરાય-સાહેબ, આવાંતો કંઇક ચાલે છે. વખતે કોઇ હિંમતવાન થઈને ફરીયાદ કરવા જાય, તો કારબારી બાપડાને પરભારોજ ધમકાવીને વિદાય કરે; એટલે રાજાને કાંને શાંની વાત જાય?

હીમતસિંહુ-અરે ભાઇ, કાંઇ એક તરેહની લૂટ છે? પાટલા, રૂ, ને મીઠાંનો તો રોજ ઊડાવે છે. આતે શું કેહેવાય?

ગુણવંતરાય-ભોગ એમના. કરશે તે ભરવાને વાસ્તે. પણ હવે આપણે જરા સુઇ જઇએ. કેમકે કાલનો ઊજાગરો છે. પેલો ગોવિંદરામ ઠીક છે. તે આપણને બે વાગે જગાડશે.

હિમતસિંહ—ઠીકજ છે ને (બંને સુઇ જાય છે તથા એ વાગે ઉઠી સુંદરપુર તરફ ચાલવા માંડે છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ અંબાજીનું મંદિર.

વિજયા કુંમારી, જમનાં, તથા પછીથી સવિતા ગવરી, ને છેહલે બે સ્વારો.

વિજયાકુંવરી—(દરશન કરવા આવેલ તેથી વિનંતી કરે છે.)

ગરબી.

" અલબેલી રે અંબે માત જોવાને જઇએ " એ દેશી.

હે નોધારાં આધાર, સુણ અંબે માડી;
ભકતોનાં દુઃખ હરનાર, સુણ અંબે માડી. ટેક.
આરાસુર વાળી, બીરદાળી, જગત જનેતા સાચી રે;
કરજોડીને પુરણ ભાવથી, અરજ કરૂંછું રાચી.
સુણ અંબે માડી. ૧
સીંહ વાહેની, ચતુર ભુજાળી, દેવી દીન દયાળી રે;
આડ કેશરી લીલાઠ માંહે, ચંદ્ર છુપ્યો મુખ ભાળી.
સુણ અંબે માડી. ૨
આભુશણ વસ્ત્રોનું વરણુન, યથાસ્થીત વિસ્તારી રે;
કહેતાં મોટા કવિઓ થાકયા, હું તો કોણ બિચારી.
સુણ અંબે માડી. ૩
ત્રિશુળ શોભતું કરમાં છાજે, અરી જોઇને ડરતા રે;
ખડગ અવર હસ્તે છે તેથી, અસુર સરવ થરથરતા.
સુણ અંબે માડી. ૪
નામે નારી, પણ બળ ભારી, સરવ જગતની રાણી રે;
સાવિત્રી, ઉમીયા, લક્ષ્મી તું, બ્રહ્માણી રૂદ્રાણી.
સુણ અંબે માડી. ૫

કેરયા નિજ ભક્તોને સુખીયા, બહુ અસુરને માર્યા રે;
પરાક્રમીને અતુલ્ય બળીયા, તે પણ તુજથી હાર્યા.
સુણ અંબે માડી. ૬
અકળ કળા ને સક્તી તારી, કોઇયે પાર ન પામે રે;
કરે શેવના જે કો પ્રેમે, દુઃખ સહુ તેનાં વામે.
સુણ અંબે માડી. ૭
કઇક મરેલા થયાં સજીવન, વંઝા પુત્રોવાળી રે;
મહા સંકટ વખતે શુધ લીધી, તે સહુ હરકત ટાળી.
સુણ અંબે માડી. ૮
એ સંભારી હું પણ નિત્યે, કરૂં શેવના હરખી રે;
માગુંછું બદલામાં એક—જોડ મેળવો સરખી.
સુણ અંબે માડી. ૯
ખરા ભાવથી કરે શેવના, તેની આશા પુરે રે;
ગરીબ કીંકરીતણી વિનંતી, માત હવે ધર ઊરે.
સુણ અંબે માડી, ૧૦
ઉમર લાયક થઇછું તેથી, વિરહ પીડા કેમ સાંખું રે;
તારા વણ મા કોની પાસે, ભરમ ચિત્તનો ભાખું.
સુણ અંબે માડી. ૧૧
મુજ લાયક, ગુણવંતો, સારો, વેગે મેળવ સ્વામી રે;
કહે એમ વિજયા કુંવરી કે, ચહું એજ શીર નામી.
સુણ અંબે માડી. ૧૨

જમનાં-કેમ બાઇ સાહેબ, બગી જોડાવું? આપ અરજી તો કરી રહ્યાં છો.

વિજયા-ના આજ તો જરા બહારના દરવાજાની અગાશી પર બેશીયે. હજી દિવસ બે ત્રણ ઘડી છે.

જમનાં-જેમ મરજી. પધારો ત્યારે, ખુરશી તો પુજારી ત્યાં હમેશ હાજર રાખે છે.

વિજયા-હા મેં પીતાજીને કહીને અહીં સામાન રખાવ્યો છે. ને એ વખત જાણી રહ્યો છે. (બંને ઉપર જઇને બેસે છે.)

જમનાં-બાઇ સાહેબ, સવિતાગવરીની કાંઇ ખબર આવી કે નહીં?

વિજયા-અહો! ભલું સંભાર્યું. એતો હવે આવવી જોઇએ. મુદત વીતી ગયે આજ બે દહાડા થયા. પણ રસ્તામાં કાંક અડચણ આવી હશે.

જમનાં-રસ્તો તો આજછે, ઇશ્વર કરેને આજે આવે તો કેવી મજા પડે!

વિજયા-બસ, એમ કહીયે કે તારા સામા આવ્યા છીએ. (દુરથી ગાડી આવતી જોઇને) ભલા પેલું શું દેખાયછે?

જમનાં-કોકની ગાડીછે. જાણુમાં તો એજ હશે. હું સામી જઇ ખબર કાહાડું.

વિજયા-હા જા. ને એ હોય તો આંહી તેડી લાવજે. કેમકે રસ્તો જરા દુરથી ચાલે છે.

જમનાં-બહુ સારૂં. (થોડેક દુર જાય છે એટલે સવિતાને ગાડીમાં બેઠલી જોએ છે તેથી) કેમ બેન ખુશી તો ખરાં.

સવિતા-(અજાયબી પામીને) અહો જમનાબાઇ! તમે કયાંથી? અલ્યા ગાડીવાન, ગાડી ઉભી રાખ. (નિચે ઉતરીને ભેટે છે) કેમ તમે ખુશીમાં છો?

જમનાં-તમારી કૃપાથી. બાઇ સાહેબ માતાજીના દરશન કરવા પધાર્યા છે. તે અગાસીમાં બેઠા છે,'ને મને સાંમી તેડવા મોકલી છે.

સવિતા-ચાલો ત્યારે તો આનંદ થઇ ગયો. (બંને અગાશીપર જાય છે ને ત્યાં વિજયાને જોઇને) બેન નમન કરૂંછું ખુશીમાં તો ખરાં?

વિજયા-(એકદંમ ઉઠીને તેને વળગી પડીને) આવ મારી પ્રાણને ખુશી! સખી તું ગઇ તીયારથી મારી અકલા ને પ્રાંણ બંને તારી સાથે ગયાં હતાં તે હવે ઠેકાણે આવ્યાં. આવ્ય બેહેન બેશ. સવિતા એક ખુરસી ઉપર બેશેછે.) કહે ખુશી આનંદમાંછે?

સવિતા—હા જી આપના પ્રતાપથી. મન હતું તો કેવાં સહુના પેહેલાં મળ્યાં?

વિજયા—હા હવે તો આપણે ભેળાં જશું. તારી ગાડી તથા માણસોને વિદાય કરી દે, કેમકે એ ભૂખ્યાં હશે.

સવિતા—ઠીકજ છે ને. અલ્યા રામા, બાને કહેજે કે બેન પાસે છે તે હમણા ભેળાં આવે છે. (તેનાં માણસો જાય છે)

વિજયા—રસ્તામાં ધાર્યા કરતાં કાંક વધુ દહાડા થયા?

સવિતા—હા. ગાડીવાન માંદો પડી ગયો હતો, તે બે દિવસ વધારે થયા. ને ત્યાંથી પણ એક દિવસ મોડી નીકળી હતી.

જમનાં—મુસાફરીથી કેવો ચેહેરો થઇ ગયો છે?

વિજયા—મુસાફરીથી કાંઇ નહી પણ પ્રાણનાથના વિજોગથી.

સવિતા—જી હા, એમજ ને આપનો ચેહેરો પણ જે મંદ થઇ ગયો છે, તે તેને મેળવવાની આશામાં.

વિજયા—પણ તું વહાલી સખી કહેવાય છે, તે પરદેશ જઇ આવીને મારો ચેહેરો ખુશ કરવાને કાંઇ ઓસડ લાવી?

સવિતા—લાવી હઇશ તો મળી રેહેશે.

વિજયા—બેન તું તો નિરોગી છે તે મારી પીડીતની પીડા શું જાણે? મને જલદીથી ઓસડ આપે તો ઠીક.

સવિતા—"ઊતાવળે આંબા પાકે નહી" તાવનું ઓસડ વૈદ્ય ત્રણ દહાડા થયા પછી આપે છે, તીયારે આરામ થાય છે.

વિજયા—તે તો વૈદ્યના ઓષધથી થાય કે તેની અવધીથી થાય; એમાં કાંઇ એકલા વૈદ્યનું સપાડું ન કહેવાય.

સવિતા—વૈદ્યનું સપાડું ન કહેવાય, તો લે તારી પડીકી (કાગળ ફેંકે છે.) પણ જો જે, માંહે જરા નીસો છે, તે કદાચ ચઢે તો ઘેલી બની જઇશ નહી.

વિજયા—લાવ, એ કોનો કાગળ છે, (કાગળ લઇને) અક્ષર અ

જાણ્યાછે તે કેમ ફોડું ?

સવિતા-કાંઇ ફીકર નહી, હું કહુંછું કે ફોડ. વાંચીસ એ ટલે અક્ષર જાણીતા થશે.

વિજયા-(કાગળ હાથમાં રાખીને)બેન તું ઓસડ તો લાવી પણ કરી શી રીતે પાળવી, ને આને શું કરૂં?

સવિતા-"મીઠા ઝાડનાં મૂળ નલેવાય" એને ઘોઇને પી જા.

વિજયા-ત્યારે તો માંહે કાંઇ કબુલાત હોય તે પણ ખોઊશો.

સવિતા-તો એ શું? કાંઇ મને તો નથી ખોતી. ખરી કબુલાત હું છઉં કે નહીં.

વિજયા-કેમ તું શી રીતે ?

સવિતા-એટલે દુરથી ગોતીને ઓસડ લાવીછું ને, તેથી તને પુરેપુરૂં સુખ ન થાય તો હું આવી આ કામની? આ થઇ રહે તો બીજી દવા મંગાવીયે, ને તેથી પણ ઠીક ન પડે તો ખુદ વૈદ્યને બોલાવીયે. પછી કાંઇ?

વિજયા ત્યારે તો શું જોઇએ. (કાગળ ફોડી વાંચવાનું કરે છે. એટલામાં દાશી બહારથી દોડતી આવે છે તેની ભણી જોઇને) કેમ આમ બાભરી બની ગઇ છે? શું છે.

જમનાં-બાઇ સાહેબ પણે જુઓ. (વાઘ બતાવે છે.) માણસો તો નાશી ગયાં; કેમકે કોઇ પાસે બંદુક નહોતી. ને આપણે તો સપડાઇ ગયાં. હવે શું થશે?

વિજયા-હાય હાય! માતાજીને શરણે! ગભરાણે કાંઇ થાય એમ છે? એની ફાળ અહિં સુધી તો નહિં પહોચે.

જમનાં-અરે, એતો મોટાં ઝાડ ઊપર પણ ચડી જાય. બાઇ સાહેબ, આપ આમ પધારો ને મને ત્યાં ઉભી રહેવા દ્યો; તે મારા ઊપર ચોટ કરશે. મને ભલે ખાઇ જાય, પણ તેથી આપતો બચશો!

વિજયા-શાબાશ! મારી પ્રિય દાસી, તારી હિંમતને! કેમ બેન સવિતા. હવે શું કરશું?

સવિતા-કરવું છે શું? ઇશ્વર કરે તે ખરૂં. ખુરશીઓ પકડીને

ઉભાં થઇ રહીયે. તે જો તલપ મારે તો આપણે બંને જોરથી પુરશીઓ ફેંકશું. ને દાશી ઉપરથી બાજમ છુટી ફેંકશે; તેથી જો એ ધીધવાઇ જશે, તો આપણે નીચે ઉતરીને માતાજીના મંદીરમાં ભરાઇ જશું.

જમનાં-નિચે ઊતરાય એમ નથી. એ તો બારના થડમાં ઉભોછે.

સવિતા-ત્યારે હવે હિંમત હારે પણ શું થાય? આપણે કોકને બોલાવવાને બૂમો પાડશું, તો એ પણ ગાભરો બનશે. માટે માતાજીની સ્તુતી કરો તે વહારે ચઢે.

(થોડી વાર પછી બંદુકના આવાજ સંભળાવાને સાથે વાઘને એક પછી એક એમ બે ગોળીયો વાગેછે, તેથી તે ચત્તો થઇને પડે છે એટલે બે સ્વારો પ્રવેશ કરેછે.)

પેહેલો સ્વાર-કોઇયે ગભરાસો નહીં અમને ઇશ્વરે તમારી મદદે મોકલ્યા છે.

(સવિતા, વિજયા, તથા જમનાં ત્રણે એકી નજરે) તેમના તરફ જોઈ રહે છે.)

બીજોસ્વાર-કેમ બાઇયો, તમને બચાવવાને આ વખત અમને ઇશ્વરે મોકલ્યા, તેથી અમે તેનો આભાર માનીયે છીયે.

જમનાં-મારી બાઈ તથા આ પ્રધાન પુત્રી તમારો આભાર માનેછે. તમને ક્યાંથી ખબર પડી, કે અહીં વાઘ છે ને અમે સપડાયાં છઇયે?

પેહેલોસ્વાર-તમારાં માણસોએ મારી પાસે બંદુક માગી, ને તેમ થવાનું કારણ પુછવાથી તેમણે જણાવ્યું; એટલે અમે દોડી આવ્યા, ને ઇશ્વરે સહુ સારૂં કર્યું.

સવિતા-(ધીમેથી વિજયાને) મેં બંનેને બરોબર ઓળખ્યા. પેલા આગળ ઊભાછે, તે મારા પ્રાણનાથ. ને પાછળ છે તેનું તું જાણે.

વિજયા-હું શું જાણવાની હતી? પણ એ આંહી ક્યાંથી, ને આ તે શું?

સવિતા–જે થયું તે ઠીક થયું છે. એ બધી વાતો પછી.
પણ હાલ તો એકદમ ઘેર ચાલો. મારી બા ફિકર
કરતી હશે, ને વળી આ વાતની મહારાજને ખબ-
ર પડશે તો તેઓ પણ ગભરાશે.

વિજયા–(જમનાને) તું એક માણસને લઇ જા. ને આ બે
માણસોને આપણા બાગના બંગલામાં ઉતારો અ-
પાવી તેમની સારી પેઠ સરભરા કરી, પછી રજા
લઇને મારી પાસે આવજે.

જમનાં–વારૂ સાહેબ, આ ચાલી.

(બંને સ્વારોને લઇને તે જાય છે.)

વિજયા–કેમ બેન? હવે આપણે પણ ઘેર જઇશું બગી તૈ-
યારછે. જો પેલી આવી. (બગી પાસે આવે છે.)

સવિતા–એ પણ ગછન્તિ થઇગઇહતી કે?ચાલો વેળાસર આવી
એટલે ન્યાલ થયાં. (બંને બગીમાં બેશી ચાલવા માંડેછે.)

વિજયા–મને નથી લાગતું કે એ તારા સ્વામીનાથ હોય.

સવિતા–તમને નથી લાગતું, પણ મને લાગેછે તો, ઇશા-
રો કર્યો ત્યારથી હું સમજી ગઇ.

વિજયા–પણ તેમને આંહી આવ્યાની કંઇ વકી નહોતી;
ને એ શી રીતે બને.

સવિતા–મારે ચાલવાની આગલી રાતે એ એટલું બોલી
ગયા હતા કે "તારી પાછળ હું પણ આવું છું."
ત્યારથી મને શક પડેલ, તે આજ ખાતરી થઇ.

વિજયા–ત્યારે એમ હશે. પણ એ બે જણા ન આવી
પહોચ્યા હોત, તો આપણા પ્રાણ જાત; એમાં કાંઇ
શક નહોતો.

સવિતા–ખરૂંતો રૂડા પ્રતાપ બધી વાતે એમનાજછે.(સ-
વિતાનું ઘર પાશે આવ્યાથી) હવે મને રજાછે?

વિજયા–જા કહેતાં તો જીભ નથી ઉપડતી; પણ પાછી
ક્યારે મળીશ?

સવિતા–ઘણું કરીને કાલેજ આવીશ. કાંઇ ફિકર ન

રાખશે. હવે આપો વેદ આંહિ આવ્યોછે.

વિજયા-બેન ખરા પ્રતાપ તારા. (સવિતા પોતાના ઘરમાં તથા વિજયા દરબારમાં જાયછે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ રાણી વાસ.

તખતસિંહ, ભાનુમતિ, અને પછીથી કેસરીસિંહ,

તથા વિજયાકુંવરી.

ભાનુંમતી-(કુંવરને આવતો જોઇને) આવો ભાઈ આજ ક્યાંથી ભુલા પડયા?

તખતસિંહ-ના માજી, ભૂલા શુ પડે, પીતાજી પાસે ગયો હતો, તે કહ્યું લાવને બા પાસે પણ જતો આવું.

ભાનુંમતી-ભલે આવ્યા. ભાઈ મને તો જયારે તારૂં મોં જોઉછું, ત્યારે અપાર આનંદ થાયછે. પણ બાપુ હવે તમે તો મોટા વહુ વાળા થયા એટલે, એ વિશેનો વિચારે શું કામ કરો.?

તખતસિંહ-માજી, આપને આમ બોલવું ઘટીતછે? એ બધો પ્રતાપ આપનોજછે કે બીજા કોઇનો?

ભાનુંમતી-બાપુ, એવુ કહેતો સહુ, પણ વરતે કોકજ. પોતાની અકલ આગળ બીજાનું સાચું લાગતુંજ નથી.

તખતસિંહ-બેવકુફ હોય, તે મુરબીયોનું કહ્યું કમ સમજનું લેખવે. વળી આપણાથી ઘણાં વર્ષ થયાં હોય, જેણે ઘણાં ઘણાં કામો જોયા હોય, તેને વધારે સમજણ હોયજ, એમાં વીચારવા જેવું શુંછે?

ભાનુ-(મનમાં) આ વખતે મોકાજ કાંક ઠેકાણેછે. માટે લાવ બે અક્ષર કહું (થાસન) તારી વહુને બેનને બનતું નથી, તેનું તું શું કારણ ધારેછે?

તખ્ત—એમને તે શા ભાગ વેહેંચવાના હતા, તે ન બને?

ભાનુ—આજેજ બેન મારી આગળ ફરીઆદ કરતી હતી, કે "ભાભી મને રોજ રઝળતી, ધણીવગરની વગરે કહીને મેહેણાં મારેછે, ને વખતે ગાળો ભાંડેછે".

તખ્ત—એતો જરા મશ્કરી કરી હશે, તે બેહેને સાચું માન્યું હશે.

ભાનુ—નારે રડતી રડતી વાતકરતી હતી ને! મશ્કરીમાં કહ્યું હોય તો એટલું ન લાગે.

તખ્ત—બેને ફીતુરી ક્યાં થોડીછે. પોતે કાંક કહ્યું હશે, તીયારે સાંભળ્યું હશે.

ભાનુ—ના જમનાં તે વખત પાસે હતી, તે કહેતી હતી કે "બેન તો કશુંએ બોલ્યાં નથી."

તખ્ત—જમનાંને લડાવી મારવાં હોય, તે ગમે તેમ કહે બાકી બીજુ તો કાંઇ બોલે એમ નથી. એનો સ્વભાવતો અતી ગરીબછે.

ભાનુ—ભાઈ એમ તો કહિશમાં. તને તારી વહુનો વાંક ન વસતો હોય તો ભલે, બાકી હોકારા કરતી તો ઘણી-એવાર હું સાંભળું છું.

તખ્ત—કાંઇ નહિં મને કાંઇ થોડો અનુભવછે? હું એવો મુર્ખ નથી કે માણસનો સ્વભાવ ન પારખી શકું. એમતો તારા પ્રતાપથી ભણ્યોછું એટલે જરા બુદ્ધિછે.

ભાનુ—વહાલા, તેનું હું ક્યાં કહું છું. તારો સ્વભાવ ભોળોછે, તે તને વાંક નહી વસતો હોય. પણ સ્ત્રી ચરીત્ર તે ઘણાં અટપટાં હોયછે. તારી આગળ તો ગરીબ ગાય જેવી રહેતી હશે. પણ વાંસે વાઘ બનેછે.

તખ્ત—ના, તું પણ જયારે આમ કહીશ, ત્યારે એનુ પછી કોણ? બેનને ને એને તો જાંણે અદાવત છે, તો બિચારીને ન કહેવાય એટલાં દુઃખ નિત્ય દેછે, જુઠાં આળ મુકેછે; પણ એતો હુંજ સાંખી રહુ. બીજો હોય તો માંથુ કાપી નાંખે. કોઇની લાજ ઉપર વાત લાવવી, એતે શું નાની સુની વાતછે?

ભાનુમતી-બેન કંઇ કહે એવીતો નથી. પછી કદાચ કંઇ સળવળ જોઇને વેહેમ પડયો હશે, તો કહ્યું હશે.

તખત-સળવળ તે શી થવીતી? એ વળી ક્યાંથી ચોખી આવીછે! પેલી જાંણીને નથી બોલતી તેમા કે શું?

ભાનુમતી-અલ્યા, બેનને વિશે આવો વિચાર એકદમ તું વહુના કહેવાથી લાવેછે; એ તારી કેવી સમજણ?

તખત-ભલે, અમારી સમજણ ગમેતેવી રહિ, તેનુ તમારે શું કામછે. બેન કહેતે સાચુ ને બાકી બીજાં બધાં જુઠાં. કોઇ વગરજોયે તો વાત નહી કરતું હોય?

ભાનુમતી-તું આટલુ બધુ કહેછે, ત્યારે મારે પણ બોલવું પડેછે. બાકી તારી વહુએ આપણા રાજની લાજ ખોવાનાં આચરણ માંડયાંછે. તું રાત દાહાડો નીશામાં પડીરેહેછે; એટલે એને ફાવેછે.

તખત-કોણ નીશો કરેછે, વળી તું એ બેન જેવીછે કે? મારે માથે આળ મુકતાં વાર નથી લગાડતાં, તો પછી પેલી અબળાનું શું ગજું.

ભાનુમતી-(મનમાં) જીવડા, હવે બોલ્યાં તો કંકાસ થશે, માટે ચુપ રહે. આતો પથર ઊપર પાણીછે. (ચારાન) વારૂ ભાઇ ભુલ્યાં, હવે નહીં કહું. ને બેન મારી આગળ રોતી આવશી તો ઠપકો દઇશ, પછી કાંઇ? કેમ બેન આજે મોડી આવી? બહુવાર થઇ ગઇ?

(વિજયા તથા કેસરીસિંહ આવીને બેસેછે)

કેસરીસીંહ-એતો આજ નવે અવતાર આવી, તને ખબર નથી કે શું?

ભાનુમતી-નાના મહારાજ, કહોતો ખરા શું થયું?

કેસરી-આજે એ નિયમ પ્રમાણે અંબાજીનાં દરશનકરી અગાશીમાં બેઠી હતી, ત્યાં સવિતા પણ એને સાસરેથી આજ આવી તે મળી. ને બંનેજણ બેઠાં હતાં, એટલામાં એક વાઘ અકસ્માત આવીને દરવાજા આગળ ઊભો.

ભાનુમતી-હાય હાય! ત્યારેતો કાંઈ ખુન પણ થયાં હશે?

કેસરી-સાથે પાંચ સાત માણસો તો હતાં, પણ કોઇ પાસે બંદુક નહોતી; પણ "રામરાખે તેને કોણ ચાખે" એકદમ ઇશ્વરે સહાય કરી.

ભાનુમતી-શું વાઘ જતો રહ્યો કે કોઇયે મારી નાંખ્યો?

કેસરી-જતો શું રહે, એતો તલપ મારવાની તૈયારીમાં હતો. પણ તેવામાં ઈશ્વરે બે પરદેશી અમીરોને મોકલી દીધા ને તેમણે વાઘને પુરો કર્યો.

ભાનુમતી-ભલુ થજો એ પરદેશીયોનું. અત્યારે જોઇ, તે માતાજીનો પ્રતાપ કે એ અમીરોનો પ્રતાપ. ધન્ય છે એમની જનેતાને! નહીં તો લેવા દેવા વિના એવા કામમાં કોણ પડે.

કેસરી-માણસનું ત્યાંજ પારખુ છે, આતે કંઇ નાની સુની વાત? કોક રાજપુત્ર હશે, તે વિના આટલી બધી બહાદુરી ક્ષત્રી વિના બીજાથી થાય નહી.

ભાનુમતી-ત્યારે એ પરદેશીયોને ઇનામ આપી સારી પેઠે રાજી કરવા જોઇએ કેમકે એમણે તો અતુલ્ય નોકરી બજાવી.

કેસરી-ને વખતે બેને જમનાને બાગના બંગલામાં ઊતારો આપી જુજ સરભરા કરવા મોકલી. પણ પછી મને વાત કરી, ત્યારે તેજ વખત એ ખાતાના દરોગાને પણ મોકલ્યો છે. કાલે બધુ લશ્કર એકઠું કરી, તે વચ્ચે એમને ઇનામ આપશું; કે તેથી બીજાને પણ કોક વખત તેમ કરવાનુ મન થાય. (જમનાં આવેછે.)

જમનાં-(વિજયાને) બેન, હું ઊતારો અપાવી રહી એટલામાં મહારાજનાં માણસો આવ્યાં. તેમણે ખુબ સરભરા કરી. પણ માણસ શાં અમીર સ્વભાવનાં છે ને? બેશક કોઈ રાજપુત્ર છે. સાથે ખરચીમાંતો રૂપીયાનાં જટભર્યાંછે. જાતી વખત મને તથા બીજા

માણસોને રૂપીયા આપવા માંડયા, પણ કોઇયે લીધા નહીં.

કેસરી-આ જોતાં નકી રાજપુત્ર હશે. કાલે તજવીજ કરીશ. જો ભણેલ હશે તો સભા ભરીને ઇનામ આપશું.

જમનાં-એ તો ઇંગ્રેજીમાં વાતો કરતા હતા, ને વળી શ્લોકો પણ બોલતા હતા.

કેસરી-બસ ત્યારે જરૂર કોઇ પુરા વિદ્વાન છે. તે વિના પરોપકારમાં જીવનું જોખમ કોણ વહોરી લે. પણ જમનાં તને ખૂબ શાબાશી ઘટે છે.

ભાનુમતી-કેમ એણે શું કર્યું?

વિજયા-માજી, એ તો કહે કે "તમે પાછળ ઊભાં રહો ને હું આગળ ઉભું; એટલે વાઘ મને મારી નાંખે કે તમે નાશી જજો." પોતાનો જીવ અમારા કરતાં હલકો ગણ્યો.

ભાનુમતી-તને પણ ધન્ય છે? (સુનાની કંઠી ગળામાંથી કહાડીને) આ લે. તારા બોલના બદલામાં જે આપું તે થોડું છે.

જમનાં-(લઇને) માજી નીમકની શરતે જીવ દેવો એમાં શું સપાડું. પ્રભુ તમારૂં કલ્યાણ કરો ને અચલ રાખો.

કેસરી-હવે જમવાનો વખત થયો છે માટે ચાલશું? આજ તો આનંદનો દીવસ સમજવો.

ભાનુમતી-એમાં શો શક. કાલે પુન્ય દાન કરશું. (સહુ જમવા જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ તખ્તસીંહનું શયનગૃહ.

તખ્તસીંહ-જારમતી-કુનિતી-તથા પછીથી નિરદયશંકર.

તખ્તસીંહ-પ્રાણ પ્યારી, તું કેમ આજ મન દઇને બોલતી નથી, ને ઉદાસ છે?

જારમતી–પ્રાણનાથ, આખો દિવસ તો હું ગમે તેવી ઉદાસીમાં રહુંછું. પણ જ્યારથી આપનાં દરશન થાય છે, ત્યારથી ઊદાસી માત્ર જતી રહે છે. ને બાકી તો મને થોડું બોલવાની આદત છે, તેથી આપને એમ લાગતું હશે.

તખ્તત–ના તું ગમે તેમ કહે, પણ આજે કોઈ હોય એમ આંખનાં ડોડવાં સુજેલાં જણાય છે.

જારમતી–ના સ્વામીનાથ, કાંઈયે નથી. એ તો સહેજ. હોય, કોક દહાડો એમે થાય. ચાલ્યાં જાય છે.

તખ્તત–ના પ્યારી મારા સમ. મને કહે. ભલા કહ્યા વિના શી ખબર પડે. તું નથી કહેતી, તેથી મને ખબર નથી પડતી; ને માજી તો ઊલટાં તારો વાંક કહાડે છે.

જારમતી–એમ હશે. તમારાં માજી કહે તે ખરૂં.

તખ્તત–મને ક્યાં એમના બોલવા ઉપર વિશ્વાસ છે. તું તારે વીતી હોય તે કહેને.

જારમતી–મારી કરમ કુથલીમાં આપને ગુંચવીને શું કામ ઊદાસ કરૂં? આપ તો આનંદમાં રહી મજા કરો ને. અલી દાસી, લાવ દારૂ.

તખ્તત–ના એ પછી. ધન્ય છે તને મારી વહાલી! કે હું જરા ઊદાસ થાઊં, એટલા સારૂ બધું પોતાનું દુઃખ પણ કહેવા ના પાડે છે. પણ હવે ઝટપટ બોલી જા. રાત જાય છે.

જારમતી–તમારી બેને મને બધા શેહેરમાં ફજેત કરી, ને આજે તો બને મળી ખૂબ ગાળો ભાંડતાં હતાં. વળી બપોરે તો તમારી બેન ચાહીને આંહી લડવા આવ્યાં હતાં; તે મારવાની તૈયારીમાં હતાં.

કુનીતી–વળી છુપાવો છો શા સારૂ? કહોને કે માર્યાં. ત્રણ ચાર ધબાતો ચોડી દીધા હતા.

તખ્તત–બિચારી કેવી ગરીબ છે ને. હું બેનપર પધારે ગુસ્સે ન ભરાઊં એવા હેતુથી પોતે માર ખાધા છતાંએ કહેતી નથી.

જારમતી–આપના ઘરમાં કળેશ થાય એ કાંઈ સારૂં નહીં, એવું ધારીને હું કેટલુંક તો કહેતી નથી. બાકી કાંઈ ચૌદ વર્ષની કુંવારી સ્ત્રી તે સ્થિર થઈને બેસે કે? એ તો કાંઈ કહેવાની વાત નથી. આપણે કહીયે તો અદાવત ગણાય. આપુરૂં "વાજતું વાગતું તોરણે આવશે."

કુનિતી–બાઈ સાહેબ, કરશે તે ભોગવશે. એ તે કાંઇ કહે બને એમછે? પોતે એવાં એટલે બધુ જગત એવું દેખેછે. જુઓને રાત દહાડો આપણાં ચોડાં પડછાં જુએ છે!

તખત–ડોશી કેવી પાખંડીછે, ઊલટી મારી પાસે રાવ ખાતી હતી.

જારમતી–આપને શું કામ બોલવું પડે. મે પુરવે કરેલ હશે, તે આ ભવ વેઠું છું. એમાં કોઇનો વાંક નથી.

તખત–પણ એ બેન કેવી, મારી ઇજતના કાંકરા કરાવવા બેઠીછે. ઠીકછે હું પણ ઘાટમાંછું, લાગ આવે ત્યારે વાત. ચાલ લાવ અલી. (દાશી દારૂ આપેછે તે ખુબ પીધા પછી) લે પ્યારી ઊઠાવ, એટલે ઊદાશી ખુદાશી બધુ ઊડી જશે.

જારમતી–ના પ્રાણનાથ મને એ સદતો નથી માટે માફ કરો. ઊલટી હેરાન થાઊં એમાં શો માલ.

તખત–રહેવાદે ત્યારે, હેરાન શુ કામ થવું પડે, (કેટલીક વાર વાતો કર્યા પછી પલંગપર સુવા જતાં નીશો ચડવાથી ભોંયપર પછડાયછે) અછા બોત ખુશી હુઇ, પ્યારી મીલ ગઇ.

જારમતી–હવે બન્યા. માટે જા અલી બોલાવી લાવ.

કુનીતી–આ ચાલી થોડી વાર પછી ખૂબ બનશે, એટલે તેડી લાવીશ. (તે બાહાર જાય છે.)

તખત–(બેભાન પણામાં) કહ્યું પ્યારી? આટલી વાર હું તારો ધણી હતો ને હવે તું મારો થયો ખરૂં કે નહીં?

જારમતી-(મનમાં) ચાલે છે તો એમજ સરદારી તો હું ભોગવું છું.

તખત-(ખૂબ બેભાન બનવાથી વારંવાર અયોગ્ય બોલે છે).

જારમતી-અરે મરો તમે. શું કામ અતીશય પીને પછી બનો છો? પણ જીવ, આપણે શું કામ ના કહીયે. આપણે તો મન ધાર્યું થાયછે. (દાશી એક નિરદય શંકર નામના ધુતારા બ્રાહ્મણને તેડી લાવેછે.) પધારો મહારાજ, બીરાજો, આજ તો મારાપર મોટી કૃપા કરી.

નિરદયશંકર-(બેઠાપછી) અરે આ કુંવર સુતેલછે ને?

જારમતી-મહારાજ, એણે તો દારૂ પીધોછે, માટે કાંઈ હરકત નહીં. હવે આપ કહો મારે શી ચીંતા છે?

નિરદયશંકર-(જરાકવાર આંગળાંના વેઢા ગણીને) તમારે સાસુ ને નણંદનું દુઃખછે. તથા એક વખત ગર્ભ બગડયોછે.

જારમતી-(મનમાં) વાત તો બરોબર મળી. ને આ જવાન ઠીક દેખાયછે. દાસી એમતો હોંશીયાર છે.

નિરદયશંકર-કહો હવે મારૂશું કામછે? કહોતો સહુને વશ કરી આપુ. કહોતો પુત્ર આપુ. ઈશ્વરના પ્રતાપથી જેમ કહો તેમ કરવા સમર્થ છું.

જારમતી-મહારાજ, પછી તમે ફુટો નહીં તો કહું. વાત બીજે કાને ન જાય.

નિરદય-શીવ શીવ કરો, પુછો તમારી દાસીને કે હું કેવો માણસ છું?

કુનીતી-બાઈ સાહેબ, એ વાતની આપે લેશમાત્ર ચિંતા કરવી નહી.

તખત-(નિશામાં) ચીંતા નહી કરના, દિલમે સોચ નહીં ધરનાં; દુકકરમ આદરના, ફીર બુરે હાલસેં મરના; પર નહી કોઈસે ડરના. એતો પ્યો ગાયો.

જારમતી-ત્યારે મારી નણંદ આઠ દહાડામાં પુરી થાય, એ-

વું કરો તો હજાર રૂપીયા આપું.

નિરદય-એમાં શી મોટી વાતછે. સાત દહાડામાં ચટ. કાલથી શંકરના મંદિરમાં રૂદ્રી કરવા બેશીસ.

જારમતી-લ્યો આ હાર (પોતાનો હાર આપેછે) હાલ એ રાખો. ને પછી કામ કરી આપશો તો હજાર રૂ-પીઆ આપીશ. વળી મારે તો તમારી લાંબી આશા છે.

નિરદય-ઇશ્વર પાર પાડશે. ને બાકી તો કામ થયા પછી સમજ પડશે.

તખત-પડશે તારૂં ઘર, તું થઇશ કચર, હું પીઊં પ્યાલા ભર, અને બનુંછું ગબર.

નિરદયશંકર-ત્યારે હવે મને રજાછે? રાત બહુ ગઇછે, માટે પોલીસવાળાનો ડર લાગેછે.

જારમતી-હા ભલે જાઓ પણ હવેથી તમે કાંઇક વેષ બદલીને આવો તો ઠીકપડે. કારણકે વખતે કોઇ આવી ચડે.

નિરદય-એની કાંઇ ફીકર નહી. અમારી જાતના ઘણા બવાઇ કરેછે, તેથી હું સ્ત્રીનો સ્વાંગ પેહેરી જાણુંછું માટે હવેથી એમ કરીશ. હું જાઉછુ. તે (તથા કુનિતી જાયછે.)

તખત-હું એ જાણું છું, ગીતો ગાઉંછું, દારૂં પીઉછું ને ખુશ થાઉછું. ખ્યારી દારૂં પાઇશકે?

જારમતી-પડી રહેને પીટયા હીજડા! જ્યારે તારામાં રામ નથી ત્યારે આમ કરવું પડેછે કે નહી. માબાપે ભ ણેલાની જોડ મેળવીછે.

તખત-જોડ નહી, પણ ખોડ. જાહેર મનના પુર્યા કોડ, પણ પાછળ રળારોડ. કેમ દારૂ કેવો હતો?

જારમતી-ભોગતારા. બકયા કર હું તો સુઇ જાઉછું તે (સુઇ જાયછે.)

प्रवेश ९ मो.

સ્થળ કેસરીસીંહ પુસ્તકશાળા.

કેસરીસીંહ—માધવરાય—મનમોહનરાય સેક્રેટેરી,

હિમતસીંહ—ગુણવંતરાય તથા સભા મંડળ.

કેસરીશીહ-(સભાપતિની ખુરશીપર બીરાજી પાંચ મીનીટ પછી ઉભા થઇને) સુજ્ઞ સભાસદો ! આજે સભા મેળવવાનો હેતુ કંઇક તો નોટીસ ઉપરથી જણાયેલ હશે, પરંતુ મારા ધારવા પ્રમાણે દરેક મેંમ્બર એ વિશે પુરેપુરા માહીતગાર નહી હોય તેથી, સેક્રેટેરી જે આ બિનાથી પુરા વાકીફ છે, તે સભાને કહી સંભળાવશે.

(રાજા બેશી જાય છે.)

મનમોહનરાય-(ઉભા થઇને વિનય પુર્વક યથાસ્થીત વર્ત્તમાન કહી સંભળાવી બંને પરદેશીયોનાં અતિ વખાણ કરી બેસી જાય છે.)

કેસરીસીંહ-(ઉભા થઇને) મારા પ્રીય મીજમાનો ! ધન્યછે તમારાં માત પિતા તથા જ્ઞાનને ! તમારે મારી સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ ન હોવા છતાં, જીવને જોખમમાં નાખવાનું જે આ કામ તમે માથે લીધું. તેથી હું તમારો ઘણોજ આભારી થયોછું. તમે આ એક મોટા પરોપકાર તથા બાહાદુરીનું કામ કર્યું છે. એવું કહેવાને કોઈ પણ આંચકો નહીં ખાય પૈસો મેળવવાને, અથવા કિર્ત્તી સંપાદન કરવાને તો, અન્યનું હિત કરનારા આ જગતમાં ઘણા મળી આવેછે, પરંતુ કોઇ પણ પ્રકારનો લોભ ન રાખી, સુદ્ધ અંતઃકરણથી, કેવળ કોઇ અજાણ્યા દુઃખમાં ફસાએલા જીવોને મુકત કરવા રૂપી જે પરોપકારનું, અને વળી તે શેહેજ સાજ નહીં પણ પ્રાણઘાતક

લેશ માત્ર ન ડરતાં ખરૂં ક્ષત્રિવટ દરશાવવાને જે તમે માંથે લીધું, તેવા ગુણોને મળતા આવે એવા પુરૂષો તો ભાગ્યેજ મળશે. તમારૂં એસાંન જે મારા ઊપર થએલ છે, તેનો યથાસ્થિત બદલો વાળવાને તો હું અશક્તછું. તો પણ હું આશા રાખું છું કે, જે આ એક ભેટ તરીકે શીરપાવ અત્યારે હું તમને આપું છું તે સ્વીકારી મારા દિલને ખુશ કરશો. (ગુણ-વંતરાય તથા હિમતસિંહ સીરપાવ બાંધેછે ને નમ્રતા પુર્વક નમન કરેછે.)

ગુણવંતરાય—(શીરપાવ બાંધીને) સુજ્ઞ સભાસદો ગને પણ યથામતી બે અક્ષર બોલવાની રજા મળવી જોઇએ (રજા મળેછે એટલે) આ ક્ષણિક જગતમાં અસંખ્યા માણસો આવેછે, ને તેઓ પોત પોતાનું કામ કરી લઇ પાછા ચાલ્યા જાયછે, ત્યારે તેમના ગયા પછી શું રહી જાયછે? કરોડો માણસો આ જગતમાં વાસો કરી ગયાં તેઓના નામની કાંઇ નિશાની રહેલી છે, તેઓ પૃથ્વી ઉપર થઇ ગયા તેનાં ચિન્હો નજરે પડેછે? બધાં નહીં. ઘણાખરા તો કાળની રેલમાં ઘસ-ડાઇ ગયા, અને તેઓ હતાજ નહીં એમ લાગેછે. પણ થોડાક તો ખડકોની પેઠ તેઓ ઊપરથી કાળની રેલ ચાલી ગયા છતાં ઉભાછે, અને ધારવા પ્રમાણે અસં-ખ્ય વર્ષો સુધી અચળ રહેશે. એ ખડકો રહી ગયા છે, તે શું? તેઓના સુભ નામ અને આબરૂં સારૂં નામ એક અમુલ્ય વસ્તુ છે. જેની પાસે સારૂં નામ છે, તેના જેટલો બીજો કાંઇ શ્રીમંત નથી. બીજી સઘળી વસ્તુ ક્ષણ ભંગુર છે, પણ સુભ નામ તો અમર છે. હવે એ આબરૂ અને શુભ—નામ શાથી મેળવાય? સખાવત, અને સદ્‌ગુણથી. જે લોકો ગરીબ અવસ્થામાં હોય છે, તેમને પોતાનું નામ પ્રસિદ્ધ કરવામાં જેટલો શ્રમ

લેવો પડે છે, તેના કરતાં શ્રીમંતોને તેમ કરવામાં ઘણોજ થોડો લેવો પડે છે. પણ અફસોસ છે કે, હાલના ઘણા શ્રીમંતો તેમ કરવાને યત્ન કરતા નથી. તેઓ તો ફક્ત ગાડી, લાડી, અને વાડીનોજ શોક રાખે છે. પરોપકાર એ શું, અને પારકાને દુઃખ થવાથી તેને કેવું લાગતું હશે, તેને માટે તેઓ ભાગ્યેજ વિચાર કરે છે. આનું ખરેખરૂં કારણ જો આપણે જોઇશું, તો તેઓની અવિદ્વતા શિવાય બીજું કશું માલમ નહિં પડે. કેમકે વિદ્યા સંપાદન કર્યા વિના તેઓ સદ્‌ગુણ અને દુર્ગુણની વચ્ચેનો તફાવત બરોબર સમજી શકતા નથી. અને કદાપિ તેઓ તેનો થોડો અર્થ સમજે છે, તો તેનો ઉપયોગ ઘણો વિચિત્ર રીતે તેઓ કરે છે. ગવઇયા, રંડીયો, ભાંડ, ભાટ વગેરે જુઠાં વખાણ કરનાર ધુતારાઓને પૈસા આપવા એ તેઓ કિર્ત્તિ મેળવવાનું સાધન સમજે છે. પણ આમ કરવામાં તેઓ ઠગાય છે. જ્યાં સુધી તેઓની પાસે પૈસા હોય છે, ત્યાં સુધી પેલાઓ તેમનાં વખાણ કરે છે; પણ જ્યારે તેઓ તંગ હાલતમાં આવી જવાથી પેલા ખુશામતીયાઓને ના પાડે છે, ત્યારે તેઓ તેમની વખાણને બદલે બદબોઈ કરે છે. કદાપી આ લોકોની પાસે પુષ્કળ દ્રવ્ય હોવાથી, જન્મ પર્યંત આપે જાય છે; તો તેથી દેશને મોટો ગેર ફાયદો થાય છે. ઘણા લોકોને પોતાનો ધંધો છોડી દઈ તેમ કરવાનું મન થાય છે, અને તેથી હુન્નરની ક્ષિણતા થાય છે. આમાં તેઓ એકલાનોજ દોષ નથી. કારણ કેઃ—

શ્લોક.

सत्संगश्च विवेकश्च निश्चलं नयन द्वयम्;

यस्य नास्ति नरः सोध कथं नस्याद मार्गकः १

અર્થ-સત્સંગ, અને વિવેક એ બે માણસોનાં અચળ નેત્ર છે, એ બે વિનાનો માણસ આંધળો છે એટલે તે કુમાર્ગે ગયા વિના કેમ રહે? ત્યારે જુઓ કે, આ શ્રીમંતોને સત્સંગતો રાંડો અને ભવઇયા વગેરેનો હોય. એટલે તેમની બુદ્ધિ પણ તેવીજ થાય એમાં કાંઈ નવાઇ નથી. હવે, આપણા દેશના રાજાઓમાં આવી સખાવત કરવાનો ચાલ પડી જવાથી, એટલે રાજ્યનો પૈસો આવા લોકો લુટી ખાય છે તેથી, બીજા કશા શુભ કામમાં વાપરવા બાકી રહેતોજ નથી, એટલે તેઓ પરોપકારનાં કામો ક્યાંથી કરે? અને જ્યારે તે ન કરે ત્યારે તેઓનાં નામ અમર શી રીતે રહે? નહિંજ. પણ ઘણી ખુશીની વાત છે કે, હાલમાં થોડાક રાજા સખાવતનો ખરો અર્થ સમજ્યા છે. અને તેથી તેઓએ પોતાની બુદ્ધિ તથા દ્રવ્યના પ્રતાપથી કિર્તિ ફેલાવી અમર નામ કર્યાં છે. આ મહેલા આપણા શાણા અને નિપુણ સરદાર આ રાજાજી પણ છે. એમાં કાંઇ શક નથી. તેઓ પરોપકાર તથા હિંમતવાંનને કેટલા ચાહે છે, તેનો આ એક દાખલો છે. મોટા પુરૂષોનો ધર્મ છે કે, તેઓ જરા પણ સારૂં થયેલ જુએ, તો તેને ઉત્તમ ગણી ઘણી મદદ આપે છે. આથી કરીને સારૂં કરનાર માણસનું મંન વધારે શુભ કરવાને ઉશકેરાય છે. જેમકે-અમે બે ભાઇયો કાંઇ આટલા વખાણને લાયક નહિં હતા. ક્ષત્રી વાઘ મારે એમાં કાંઇ નવાઇ નથી. પણ અમારાં આટલાં બધાં વખાણ કરવાનો એ હેતુ છે કે-તેથી જોકે આ સાધારણ બાબત છે તો પણ આટલી પ્રતિષ્ટા મળી, ત્યારે તેથી વધારે શુભ કરતાં અતી લાભ થવાની આશા રહેથી, અમારાં અંતઃકરણ પરોપકારી અને ધૈર્યવાન થાય. જુઓ, ખરા પરોપકારી તથા વિદ્વાન તો આનું નામ. કે પોતેતો સુનિતીએ વર્ત્તેજ. પરંતુ બીજાનું

પણ હિત ચાહિ તેને તે પ્રમાણે ચાલવાને શીખવે. કે, જેથી કરીને તે આગળ જતાં પ્રતિષ્ટા મેળવે. આ બાબતમાં તે ઊશકેરનાર વિદ્વાનોને કંઈ લાભ રહેલ નથી. પણ સમજજો કે, જે વાતમાં પોતાનો કશો સ્વાર્થ ન રહેલ હોય તે કરે, ત્યારેજ ખરૂં પરોપકારીપણું કહેવાય. એવા પરોપકારીયોને ઇશ્વર કેવી રીતે ચહાશે, અને તેથી દુનીયામાં સુખી રહી અમર નામ મુંકી આખરે સદગતી પામે કેવો લાભ મેળવશે, તે વિશેનો વિચાર કરવાનું કામ સભાને સોંપી હું બેસવાની રજા લઊં છું. (તે બેસે છે ને ખુશીની તાળીયો પાડે છે.)

હિંમતસીંહ-(ઊભાથઇને) મારા મેહેરબાનો? વિદ્યા એ કેવી વસ્તુછે, તેના કેવા ગુણછે. એ વગેરે વીશે તો કોઇ સાહેબ અજાંણ્યા નહીં હોય. પણ આ વખતે મારે એ કહેવાનું છે કે- જેઓની પાસે ધન હોઇને વિદ્યાનો ખરો અર્થ સમજતા હોય, તેઓ આ જગતમાં પણ અગત્યના ગણાયછે. તેઓ અનેક પ્રકારે વિદ્યાને આશ્રય આપી શકેછે, તેની વૃધી કરી શકેછે, અને પરિણામે તેથી દેશને મોટો ફાયદો કરી શકે છે. જુઓ વિક્રમ અને ભોજરાજાના વખતમાં પ્રજાની હાલત ઘણી સારી હોવાનું શું કારણ ? તેઓ જાતે વિદ્વાન અને રિદ્ધિવાળા હતા, અને વિદ્યાનો ખરો અર્થ સમજવાથી વિદ્વાનોની કદર બુજતા, મોટા મોટા મુનીયોને નદી કિનારે દીવ્ય સ્થાનકો બંધાવી આપી તેઓને સઘળી વસ્તુઓ પુરી પાડતા. તેથી તેઓને એકાગ્ર ચિત્તે દેશના કલ્યાણને સારૂ રસ્તાઓ શોધી કહાડવા એ સુગમ પડતું આ રાજા વીદ્વાનોને અતીમાન આપી સુખી કરેછે એવું જાંણવાથી બહુ લોકોને તેવા થવાનું મન થતું અને તેથી વિદ્યાની વધારે વૃધિ થતી. રાજાઓ પાસેતો વિદ્વાનો હોવાજ જોઇએ જેમ વીંટીને હીરો શોભાવેછે, તેમ

સભાને પંડિત શોભાવેછે. ભોજરાજાના વખતમાં કાળીદાસ વગરે કેટલાક પંડિતો થઈગયા, તેથી પ્રજાને એટલો બધો લાભ થયેલ કે, તેમનાં અદ્યાપિ વખાણ થવાને સાથે અનંત કાળ થયા કરવાનો સંભવ રહેછે.

श्लोक.

मणिनावलयंवलयेनमणि र्मणिनावलयेनविभा तिकर, पयसाकमलंकमलेनपयपयसाकमले नविभातिसर; शशिनाचनिशानिशयाचश शी, शशिनानिशयाचविभातिनभः कविना चविभुर्विभुनाचकवीः कविनाविभुनाचविभा तिसभाः १

અર્થઃ—મણી વડે કંકણ, કંકણ વડે મણી, અને મણી અને કંકણ વડે હાથ સોભે છે. જળ વડે કમળ, કમળ વડે જળ, જળ અને કમળ વડે સરોવર સોભેછે. ચંદ્ર વડે રાત, અને રાત વડે ચંદ્ર; ચંદ્ર અને રાત વડે આકાશ સોભેછે. રાજા વડે કવિ, અને કવિ વડે રાજા; રાજા અને કવિ વડે સભા સોભે છે.

એટલે ખરૂં જોતાં હાલ આપણા દેશની દુર્દશા થવાનું કારણ એજ છે કે, રાજાઓ અવિદ્વાન હોવાથી, કારભારી તથા સભામંડળ પોતાના જેવું ભેગું કરેછે. અને કદાચ કોઈ સારો માણસ દુર્ભાગ્યે આવી ચડેછે, તો તેની બરોબર કદર ન બુઝાવાથી, અથવા અપમાન થવાથી તે દુર થાય છે અને વળી કદી કેવળ પેટજ ભરવાને જે મળે તે પર સંતોષ માની રહે છે, તો તેનો અભિપ્રાય કોઈ પુછતુ નથી. એટલે તે રહ્યો ન રહેવા જેવો થાયછે.

પણ નહી. સારા રાજા અને શ્રીમંતોએ તો મુરખોની સોબતજ ન કરવી જોઈએ. કારણ કે—

श्लोक.

वरंपर्वतदुर्गेषु, भ्रातंवनचरैःसह
नमूर्खजनसंपर्कः सुरेन्द्रभवनेष्वपि. १

અઘોર પર્વતોના જંગલમાં જનાવરોની સાથે ભ્રમણ કરવું તે સારૂં, પણ જો મુર્ખની સોબત હોય તો, ઈંદ્રના દરબારમાં પણ રહેવું ઘટારત નથી. અલબત આ વાત ખરી છે. કેમકે જો આપણે મુંગાં જનાવરોની સાથે ફરશું, તો તેઓ આપણી સાથે કાંઇ બોલતાં નથી, તેથી આપણે જેમ ડાહ્યા નહીં થઈયે તેમ મુર્ખ પણ થવાના નથી. પરંતુ જો મુર્ખ મંડળમાં સામીલ રહીયે, તો આપણે ગમે તેટલા તેમનાથી સાવચેત રહીયે; તોપણ તેમની સોબતનો અસર આપણને લાગેજ. હવે જો એવા લોકોની સાથે બોલવામાં પણ ગેર ફાયદો છે, તો તેમને હોદો સોંપવાથી કે, તેમનાથી કાંઇ કાંમ લીધેથી આપણે શું ફળ મેળવશું? તેનો વિચાર કરો? કંઇજ નહી, પણ નુકસાનકે ત્યારે તેટલાજ સારૂ શ્રીમંતોએ વિદ્વાનોને રાખી તેમને આશ્રય આપવો જોઇએ. કેમકે તે વિના તેમનું ધન નકામુંછે

श्लोक.

रत्नाकरःकिंकुरुतेस्वरत्नै, विंध्याचलःकिंक
रिभिःकरोति; श्रीखंडखंडैर्मलयाचलःकिं,
परोपकारायसतांविभूतिः १

પરોપકારી પુરૂષોની દોલત પારકાને સારૂછે. જેમ સમુદ્ર રત્નોને શું કરે છે? વિંધ્યાચળ હાથીને શું કરે છે. મલયાચળચંદનને શું કરેછે? અર્થાત સત પુરૂસોનાં વિભૂતી પોતા સારૂ નહીં પણ પરોપકાર સારૂં.

ધારો કે, વિદ્વાન ચંદ્રમા, અને રાત્રી એ ધનવાન છે. તો જેમ ચંદ્ર વિનાની રાત રળીયામણી નથી દેખાતી, અને તે ઉલટું અંધારાનું વિશેષણ ધરાવેછે; તેમ શ્રીમંતો વિદ્વતા વિના આપસ્વાર્થીનુ ઉપનામ ધરાવેછે. વળી જેમ ચંદ્ર રાત વિના ઝાંખો દેખાયછે, તેમ વિદ્વાનો પણ શ્રીમંત વિના નિર્બળ દેખાય છે. પણ જ્યારે રાત અને ચંદ્ર રૂપી શ્રીમંત અને વિદ્વાન મળે, ત્યારે શી બાકી રહે? ધનવાન વિદ્વાનોના આશ્રયથીજ દીપે છે, એટલે વિદ્વાનો તેમને દ્રવ્ય ખરચવા એવા સારાં માર્ગ બતાવેછે કે, તેથી તેમના કલ્યાણ ને સાથે દેશનું પણ હિત થાયછે. પરંતુ એ ખૂબ યાદ રાખવાનું છે કે, જો ધનવાન ભણેલ નહીં હોય, તો વિદ્વાનોની કદર કોઇ બુજનાર નથી; અને જ્યારે તેમની કદર નહીં બુજાએ ત્યારે બીજાઓને તેવા થવાનું મન શી રીતે થશે? નહીંજ માટે આપણા દેશના દરેક શ્રીમંતે વિદ્યાભ્યાસ કરવો, એ વધારે અગત્યનું છે. ત્યારે જે શ્રીમંતો કેલવાએલા હોય તેઓ કેટલા બધા અગત્યના ગણાય? ધનવાન અને વિદ્વાન કરતાં બમણા. કારણ તે બંનેના ગુણ અને શક્તિ એકલા તેમનામાંજ હોવાથી બંનેની અગત્ય સારેછે; વળી દેશનું ખરેખરૂં ભલું પણ તેમનાથીજ થાયછે. કે આ સભા જોઇને મને નિશ્ચય થાયછે કે આપણા રાજાજી એજ ગુણના છે. તેઓની સભા અને રાજ્ય મંડળમાં મોટા મોટા વિદ્વાનો છે, એ તેમની વિદ્વતાની મોટી સાબીતીછે. જે માણસ દેશનું ભલું કરવાને સમર્થ હોઇને, તેમ કરવાને ઇચ્છે; તેના કલ્યાંણાર્થે કોણ ઇશ્વરને પ્રાર્થના નહીં કરે? દરેક સાધારણ સમજણ વાળા માણસો પણ પોતાના દેશનું હીત થવા ચાહશેજ. ત્યારે વિદ્વાન સ્વદેશીયોની તો દીન પ્રતીદીન પોતાના સુવિચાર અને શક્તિથી દેશનું ભલું કરવામાં શામીલ રહેવાની ખાસ ફરજ છે. આ ભાષણ બંધ કરતાં હું પણ શુદ્ધ અંતઃકરણથી એજ માગું છું કે. સ્વદેશ

હિતકારક પુરષોને ઇશ્વર અહરનીસ સહાય કરો અને તેઓનું આવરદા તથા સકિત વધારો કે, જેથી આપણો ક્ષિણતા પામેલો દેશ પુનઃ ઊદય પામે તથાસ્તુ. (ખુશીના પુકારને સાથે તાળીયો પડેછે તથા હિમતસિંહ . બેસેછે.)

કેસરીસિંહ—કેમ શેક્રેટેરી. વખત થઇ ગયોછે માટે બરખાસ્ત કરીશું? આ બંનેને રોકજો.

મનમોહનરાય—વારૂ સાહેબ સભા બરખાસ્ત થાયછે.

પ્રવેશ ૧૦ મો.

સ્થળ પુસ્તકશાળાની કોટડી.

કેસરીસીંહ, મનમોહનરાય, ગુણવંતરાય, તથા હિમતસિંહ.

કેસરીસીંહ—તમે ક્યાંના રેહેવાસીછો, તથા આહિં કેમ આવવું થયુંછે?

ગુણવંતરાય—સાહેબ, અમે બે નંદપુરના રહેવાશી છીએ તે નોકરી સારૂ પરદેશ નીકળ્યા છીએ.

કેસરીસીંહ—તમે કહીં પરીક્ષા આપી છે?

ગુણવંતરાય—તાબેદાર બી. એ. થએલ છે. તથા (હિંમતસિંહ તરફ આંગળી કરીને) આ ભાઇ એફ. ઇ. એ. માં પાસ થએલછે.

મનમોહન—ત્યારે તમારૂં આવું જ્ઞાન હોય તેમાં શી નવાઇ.

કેશરીસીંહ—તમારૂં તથા એઓનું નામ શું છે?

ગુણવંતરાય—સાહેબ અમે બે પીતરાઇ ભાઈ છઇયે. મારૂ નામ જયસીંહ તથા એમનું વિજયસિંહછે.

કેશરીસીંહ—વાહ, જય વિજયની ખરેખરી જોડ છે. તમને આંહિં રાખવાનો જોગ કરીયે તો ખુશી ખરા?

હિમતસીંહ—કૃપાનાથ, એટલા સારૂતો સ્વદેશ છોડયુંછે

પછી કેમ ખુશી ન હોઇયે?

કેશરીસીંહ-કેમ મનમોહનરાય, તમારો શો મતછે?

મનમોહન-સાહેબ, વિદ્વાનતો સંપુર્ણછે, વળી એમના ચેહેરા ઊપરથી ખાનદાનનાં ફરજંદ જણાયછે. માટે જે જગ્યા આપવા ચાહો, તેને યોગ્યજછે.

કેસરીસીંહ-તમે કાંઈ કાયદાનો અભ્યાસ કર્યોછે?

હિમતસીંહ-હાજી. અમે બને વકીલાતની પરિક્ષામાં ઇશ્વર પ્રતાપે પાસ થયેલ છીયે. વળી અભ્યાસ વધારવાને કેટલાક દહાડા શ્રીનગરના પોલેટીકલ સાહેબની ઓફીસમાં વકીલાત કરેલછે. ને એઓ તો ત્યાંના ફોજદાર હતા, પણ કારભારીયોથી ખટપટ થવાને લીધે રજા માગી.

કેસરીસીંહ-(વિચારકરીને) ત્યારે અમારા ફોજદારને એક કેસ સારૂ પોલેટીકલ ઓફીસમાં મોકલવાનો છે. તેની અવેજીમાં વિજયસીંહ તમે કાલથી ઇન્ચાર્જ પણ કામ કરજો. તમને હાલ સોરૂપીયા મળશે. અને જયસીંહને માટે તો પોલીસ અમલદાર સિવાય બીજી જગ્યા હાલ ખાલી નથી.

ગુણવંતરાય-ખુદાવીંદ, સીપાઇગીરીની નોકરી કરવા પરતો તાબેદારને વધુ ખારછે, માટે કૃપા થાયતો સારૂં.

કેસરીસીંહ-બસ તો ભલે. તમને પણ હાલ સો મળશે. ઠીક થયું. પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ રોજ પેનશોનને માટે કહ્યા કરતા હતા.

હિંમતસીંહ-પૃથ્વીનાથ, આપનીતો એકદમ કૃપા તાબેદારો ઊપર થઇ ગઈ, ઇશ્વર આપના ન્યાયથી રાજ્યને અચળ રાખો.

મનમોહન-કદર દાંન સરદારની એજ ખૂબીછે. વળી આ મહારાજ તો બધા અધિકારી પોતે પસંદ કરીનેજ રાખેછે.

કેસરીસીંહ-તમે પંડે કામ કરવાને યોગ્ય જણાઓ છો, એટલે ઊંચા દરજાની જગ્યા મેળવો એમાં નવાઈ નથી. તમારો પગાર પણ મહીના પછી વધારી, બરોબર કામ કરશોતો તમને સારી પેઠે ખુશ કરીશ.

મનમોહન-પૃથ્વીનાથ, ઉમરતો નાનીછે. પણ કેવા નમ્ર ને સુશીલછે.

કેસરીસીંહ-બોલવા ઉપરથીજ સ્પષ્ટ સમજાયછે. નહીં તો બીજા આટલી ઊમરમાં આવું જ્ઞાન મેળવે, તો એવો રોફમારે કે બસ જોઈલ્યો.

મનમોહન-સાહેબ "પુરો ઘડો ન છલકાય."

ગુણવંતરાય-આપ કદરદાન અને સર્વજ્ઞછો તે સાફ સમજોછો, નહીં તો હાલના રાજાઓ તો બધા ઠીકછે.

મનમોહન—"ભાઈ હીરાની પારખ ઝવેરીજ કરે." ઈશ્વર એમને અમર રાખો. પ્રજાતો પળે પળે આશીર્વાદ દેછે.

ગુણવંતરાય-"માહા બુદ્ધીશાળી ને વિદ્વાનછે" એવું વર્ત્તમાન પત્રોમાં વારંવાર વાંચવાને લીધેજ અમે આહી આવ્યા છીએ. પ્રભુ એમના જેવા બધા દેશીરાજાઓને બનાવે તો પછી શી બાકી?

કેશરીસિંહ-સાડા છ થઈ ગયા માટે ઊઠશું?

મનમોહન-જેમ મરજી પૃથ્વીનાથ. (સહુ ઉઠેછે તથા બીજે દહાડે બંનેને જગ્યા મળેછે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ વિજયાકુંવરીનો મેહેલ.

વિજયાકુંવરી, તથા પછીથી સવિતાગવરી.

વિજયાકુંવરી-(એકલી) અહો ઇશ્વર! કાલે તેં જે મારા ઉપર ઊપકાર કર્યો તે વિચારી શકાય એવો નથી.

મને મર્ણથી બચાવી, એટલુંજ નહીં પણ મારે સારૂ નિયમીત કરૈલ યોગ્ય ભરથારે બતાવ્યો. અરેરે? હું કેવી મુરખી, તે ધબરાટમાં કાગળે ન વાંચ્યો! અહો ફક્ત એનો કાગળ જોવાથીજ આટલી દીલ-ગીરી થાયછે, તો ઇશ્વર કૃપાથી મારા લગ્ન બાદ વિયોગ થાશે તો મને કેવું લાગશે? પણ અરે! આતો હું શેખશલીના મનસુબા કરવા માંડી. હજીતો ઠેકાણું એ નથી. શી ખબર સવિતાએ બરોબર ઓળખેલ હશે, કે અટકળે કહ્યું હશે. પણ જમનાંના કહેવા પ્રમાણે વીદ્વાન તો ખરા. ઠીકછે. જેહશે તે જણાશે.

(સવીતાગવરી પ્રવેશ કરે છે.)

સવિતા–કેમ, આજે શા વિચારમાં ગરક થઈ ગયાં છો? બહુ વિચારશો તો ગાંડાં બની જશો.

વિજયા–તો પણ શી હરકત છે, તું વૈદ્ય પાસેજ છે. ક્યાં ઓષધ શોધવા કે કોઇ પાસે માગવા જવું પડે એમછે.

સવિતા–માગવા જવાનું તો પેહેલુંજસ્તો. મારાથી કાંઇ સુંઠના ગાંગડા ઊપર ધાંધીવટું ચાલે એમ છે. હુંતો વળી તને વૈદ્ય મેળવી આપું. પણ તારો રોગ પારખી ઓસડ આપવું એતો એના હાથમાં છે.

વિજયા–એવું હોય તોએ શું જોઇએ.

સવિતા–વળી એવુ હોવામાં હવે શી બાકી છે? વૈદ્ય તારી નજરે પણ પડી ચુક્યો.

વિજયા–પણ એતો બધું અનુમાનીક છે. કોઇએ કાંઈ નકી કર્યું છે?

સવિતા–અનુમાનીક તે કેમ રાખ્યું હશે? વેહેલી તજવીજ કરી ને ચીઠી પણ આવી ગઇ.

વિજયા–કોની, તારા પ્રાણનાથની?

સવિતા–મારા ને તારા બંનેના. હવે તો આપણાજ કહેને. બંને ભેગા છે.

વિજયા—મારાથી કેમ કેહેવાય? નાત, જાત, લક્ષણ, વિદ્યા, હજી કશાની ખબર નથી. ને એકદમ કહું તો અપરાધી ન ઠરૂં?

સવિતા—વળી હવે નાત જાતનું શું પુછવું હતું? કુળમાં ચઢીયાતો, રાજ તારા પિતા કરતાં મ્હોટું ને વળી પોતે પાટવી. એફ. ઇ. એ. માં પાસ થયેલ છે. ને લક્ષણમાં કાલેજ પરાક્રમ બતાવ્યું. પછી જુઠી શંકા શી રાખવી?

વિજયા—બસ ત્યારે વધુ શી તજવીજ કરૂ. પણ કોઇ પ્રકારનું વ્યસન કે અપલક્ષણ હોય, તો ભોગ મળે.

સવિતા—એ વાતની હું જાંમીન, કારણ મને પાકો અનુભવ છે. કાલે મારા પ્રાંણનાથને પોલીસ અમલદાર, તથા હિમતસીંહને ફોજદારની જગ્યા આપી; એમ મારા પિતા કહેતા હતા. ને વળી એ બને જણે ભાષણ આપ્યાં, તેનાં વખાણ તો આખું શેહેર કરેછે.

વિજયા—બસ ત્યારે. હવે જેટલી જોઇએ એટલી તજવીજ કરી લીધી. પણ એમનું મન હશે કે નહિં, તેની શી ખબર પડે?

સવિતા-બિચારો રાજપાટ છોડીને તો એટલા સારૂ આંહિ આવ્યો છે; ને વળી હજીતો મરજી વિષે પુછેછે.

વિજયા-એમ કેમ? ત્યાં રહે જોગ નહોતો બનતો?

સવિતા-(બધી બિના યથાસ્થિત ગુણવંતરાયના રૂકાથી જાંણેલ કહી સંભળાવે છે.)

વિજયા-હવે સમજણ પડી. પણ કહે બેન, હવે શી યુક્તિ રચવી?

સવિતા-અત્યારે હું માજી આગળ હિમતસીંહનાં ખૂબ વખાણ કરીને આવી છું. ને તેમને એ વાત ગમી તેથી પિતાજીને પુછીને લગ્નની તજવીજ કરવા માણસ મોકલવાનો નિશ્ચય કર્યો છે. હવે તને પુછે તો તું

બધો ભરમ ખોલી નાંખજે, એટલે આંહી ને આંહીં નક્કી થઈ જશે.

વિજયા-બેન તારો તો મારાપર અથાગ ઊપકાર થયો. હવે એનો બદલો તે હું શી રીતે વાળીશ.

સવિતા-એમાં બદલો શો વાળવો તો? પોતાની પ્રીયસખીના હિતાર્થે યત્ન કરવો એમાં શું સપાડું? વળી આમાં જરા મારો પણ સ્વાર્થ છે.

વિજયા-તારો શો સ્વાર્થ છે?

સવિતા-જ્યાં સુધી એ છત્તા થયા નથી, ત્યાં સુધી તેમને કેમ મળાય. ને પ્રસિદ્ધ થાય પછી તો જાંણે નીરાંત.

વિજયા-ખરોબર. ચાલો ઈશ્વર બધું સારૂં કરશે. પણ ભલા તારા પીતાએ પોતાના જમાઈને ન ઓળખ્યો?

સવિતા-એમને તો સારીપેઠ વેહેમ પડ્યો છે. પણ જૂદા પોશાક હોવાથી જરાક શંકા રહે છે.

વિજયા-બેન, આ જોગ ઈશ્વર પાર પાડે તો હું એક આ ભાભીના મહા સંકટમાંથી છુટું. કેવું બોલે છે ને કરે છે કે કાંઇ કહ્યાની વાત નહિં.

સવિતા-એતો બધા સમાચાર સાંભળ્યા. હીણીવાત તે છાંની રહે? પણ શું કરીયે બેન, "રૂપીયો ખોટો તેમાં પારેખનો શો વાંક."

વિજયા-ખરૂંસ્તો, ભાઇ છાકટો થઇને ન પડતો હોય, તો શું ગજુછે કે રાંડ આમ કરી શકે.

સવિતા-ભોગ એમના. "પાપનો ઘડો ભરાયા પછી ફુટશેજ." હવે મને બહુવાર થઇ માટે રજાછે.

વિજયા-જા બેન. હું પણ માજી પાસે જાઊં, જોઇયે કાંઇ કહેછે. (સવિતા જાયછે તથા વિજયા પોતાની મા પાસે જાયછે.)

प्रवेश १२ मो.

સ્થળ રંગમેહેલ.

ભાનુમતી-વિજયાકુમારી-કેસરીસીંહ-જમનાં

તથા પછીથી માધવરાય.

ભાનુમતી-આવ બેન, ક્યાંથી આવી?

વિજયા-માજી, સવિતા આવી હતી, તેની પાસે બેઠી હતી; તે એને ઘેર ગઈ એટલે હું અહીં આવી.

ભાનુમતી-મારે તને એક વાત પુછવાનીછે, પણ તું જરાએ શરમાયા વિના સ્પષ્ટ ઊત્તર દે, તો પુછું.

વિજયા-પુછોને, માની શરમ દીકરીને રાખીતો પાલવેજ નહી. માનોતો ડગલે ડગલે ખપ પડે. કેહેવતછે કે. "મા તે મા, ને બીજા વગડાના વા."

ભાનુમતી-સવિતા મારી પાસે આવી હતી, તે એના વરનો મીત્ર શ્રીનગરનો પાટવી ભણેલ ગણેલ બધીવાતે તારા લાયકછે, એમ ખાતરી પુર્વક કહેતી હતી. માટે મારી મરજી તો તારો વિવાહ ત્યાં કરવાની થઈછે.

વિજયા-મને પણ એણે બધી વાત કહી, ને બાકીતો તુ કરે તે શ્રેષ્ટ મારૂ હિતેચ્છુ તારા શિવાય બીજું કોણ વધારે છે.

श्लोक.

उपाध्यायान्दशाचार्य, आचार्याणांशतंपिता;
सहस्त्रंतुपितृन्माता, गौरवेणातिरिच्यते. १

અર્થ—ઊપાધ્યાથી દસગણા આચાર્ય, આચાર્યથી સોંગણો પિતા, અને તેનાથી, જન્મ આપનારી મા હજારગણી ઊત્તમ લેખાયછે.

ભાનુમતી-ત્યારે તારા બાપની સલાહ લઈને પછી તજવીજ કરીયે. પણ મને હજી જયાં સુધી એના ગુણો વિશે

પુરી માહીતી નથી, ત્યાં સુધી સંતોષ નથી થતો, સવિતા ત્યાંની પુરી વાકીફને તારી પ્રિયછે, એટલે, હીણું તો ન બતાવે. પણ વળી માંહે કાંક હોય, તો પછીથી પસ્તાવો થાય.

વિજયા—હા જોને, ભાઇ ઘણોએ ભણેલ છે, પણ મોટો અવગુણ છેજ કે નહીં.

ભાનુમતી—હું પણ એમ ડરૂંછું, પરંતુ રાજકુંવરતો જ્યાં સગાઇ કરશું ત્યાં વગર પારખાનોજ મળશે. એને કાંઇ છ મહીના પાસે રાખી કસોટી જોવાય. આપણે ઘણુંએ સમજીએ છીએ, પણ કેટલાક તો શીરસ્તા એવા આડા પડી ગયાછે, કે તે મુજબ કર્યા વિના છુટકોજ નહીં.

વિજયા—લેને ત્યારે ખરેખરૂં કહું. સવિતા તને કહેતાં શરમાણી, પણ મારી પાસે બધો ભરમ ખોલી ગઇ. પેલા જે બે નવા અધિકારી રાખ્યાછે, તેમાં ફોજદાર તે શ્રીનગરનો પાટવી; ને બીજો છે, તે સવિતાનો વર.

ભાનુમતી—હેં! આશું કહેછે! આતો "ઘેર બેઠે ગંગા નાહ્યાં" જેવું થયું. પણ એ આંહી કેમ આવ્યાછે?

વિજયા—(તમામ બિના સવિતાની કહેલી કહી બતાવેછે.)

ભાનુમતી—વાહ વાહ, ત્યારે તો હું પણ નજરે જોઇશ, ને બધું સારૂં થશે. (કેસરીસિંહ આવેછે)

કેસરીસીંહ—(બેઠા પછી) કેમ, આજ મા દીકરી શી ભાંજગડમાં પડયાં છો?

ભાનુમતી—આ કુંવરી મોટી થઇ, હવે કાંઇ પરણાવવાની ચાળ કરશો કે નહી. ચૌદતો પુરાં થયાં.

કેસરીસીંહ—આખો દિવસ હું એ વિશે વિચારૂંછું, પણ એના લાયક કોઇ નજરે નથી પડતો. એક શ્રીનગરનો પાટવી એફ. ઈ. એ. માં ગઈ સાલ પાસ થયોછે, પણ તે કુંવારોછે કે પરણેલ એ ખબર નથી. વળી એતો આપણાથી ઊંચા કુળના છે, એટલે બનવું મુશકેલ છે.

ભાનુમતી—એ છોકરો કુંવારો હોય, ને આપણી વાત કબુલ કરેતો પછી શાનું મુશ્કલ.

કેસરીસીંહ—કેમ ભલા, મને સમજણ ન પડી.

ભાનુમતી—પેલા બે નવા અધિકારીજે રાખ્યા, તેમાં ફોજદાર એજ હીંમતસીંહ; અને બીજો સવિતાનો વર છે.

કેસરીસીંહ—શું કહેછે? હું વારંવાર નહોતો કહેતો કે કોઈ રાજપુત્રછે. પણ તને ક્યાંથી ખબર પડી?

ભાનુમતી—સવિતા આવી હતી, તે બધો ભરમ ખોલી ગઈ. (તેની કહેલ બધી વાત કહી સંભળાવેછે.)

કેસરી—વાહ વાહ, પાડ પ્રભુનો. સુધરેલ હોય તેતો ગુણ સામુંજ જુવે, કદી કુળનો બાધ ન લાવે. ચાલો ત્યારે તો ચોરસું બેસાડી દઈયે. પણ એક વાર રીત પ્રમાણે બેનની સલાહ લેવી જોઈએ. કેમ બાપુ, તારી શી મરજી છે?

વિજયા—(કશું ન બોલતાં શરમાઈને નિચું જુવે છે.)

ભાનુમતી—એ બિચારી શું બોલે. "દીકરી ને ગાય, તો દોરે ત્યાં જાય."

કેસરી—નહીં, આપણે એને એવું ઠેકાણું ગોતી આપીયે કે સદા સુખી રહે.

ભાનુમતી—એમ ન હોય તો પછી આપણી વિદ્યા શા કામની. આ વાતમાં એની પણ ખુશીછે માટે નકી કરી દ્યો.

કેસરી—કહેવત છે કે "સબુરીનાં ફળ મીઠાં છે." તે ખોટું નથી. નહીં તો ઘેર બેઠે ઊત્તમ કુળનો વિદ્વાન પાટવી તે ક્યાંથી મળે. આ બાબતનો પ્રયાસ કોની મારફત ચલાવશું?

ભાનુમતી—વળી એમાં શું વિચારવાનું છે. સવિતાના પિતા આપણાએ ખરા, ને એમના એ ખરા.

કેસરી—બરોબર. અત્યારે ને અત્યારે બોલાવું. જા જમનાં; પહેરાવાળાને મોકલ તે દીવાનને જલદી બોલાવી

લાવે. (દાશી જાય છે.)

ભાનુમતી-હા વળી "ધરમના કામમાં ઢીલ શી." ઇશ્વરે બહુ આનંદ કરી દીધો.

કેસરી-આથી બીજું વધારે શું જોઇએ.

ભાનુમતી-પણ આપ કુંવરને જરા વારો તો ઠીક. દહાડે દહાડે વધુ બગડતો જાય છે.

કેસરી-એ વીશ વરસનો થયો. હવે એને શું કહીયે.

श्लोक.

लालयेत्पंचवर्षाणी, दस्मवर्षाणीताडयेत्
प्राप्ततुशोडवर्षांचा, पुत्रर्मात्रवडोचरेत्. १

અર્થ-છોકરાને પાંચ વર્ષ સુધી લાડ લડાવવાં, દશ વર્ષ સુધી (વાંક પડે તો) મારવાં, ને સોળ વર્ષનાં થાય પછી તો મીત્ર સમાન ગણુવાં જોઇએ. "પાકા ઘડાને કાના ન ચઢે" ને વળી કોઇ બીજાની સોબત હોય તો તે છોડાવીયે. પણ આતો એની ત્રીજ માંહે પહેલે નંબરેછે.

ભાનુમતી-એનું તો નામજ લેવા લાયક નથી. જેમછે તેમ ઠીક છે. શું કરીયે, પનારે પડી.

કેસરી-સંસાર છે, બધી વાતનું પુરેપુરૂં સુખ ક્યાંથી હોય. "ક ધાન કેળવી ખાવું."

ભાનુમતી-હા પણ તે તો ખરૂંજછે તો. (માધવરાય આવેછે)

માધવરાય-(પ્રણામ કરીને) શો હુકમ છે, કૃપાનાથ? (પાસે બેસે છે.)

કેસરી-(બધી હકીકત કહીને) કહો હવે તમારો શો અભિપ્રાય છે.

માધવરાય-પૃથ્વીનાથ. એતો સ્પષ્ટછે. આપણે એમની બધી બાબતમાં ખાતરી કરી લીધી છે. વળી એનની ઉમર દીન પ્રતીદીન વધતી જાય છે; માટે કંકુવાળા હાથ કરી દેવા એજ ઉત્તમ છે.

કેસરીસિંહ-ત્યારે કાલે તમે તમારા જમાઇને લઇને દસ વાગે મારી પાસે આવજો; એટલે આપણે નક્કી કરી દઇશું.

માધવરાય-બહુ સારૂં માહારાજા. મેં કાલે સભામાં જોયા ત્યારથી વિવિધ સંકલ્પ થતા હતા તે હવે સારૂ સમજાણું. વાંધો ફક્ત પોશાકનોજ હતો.

કેશરીસિંહ-પરદેશ નીકળે તે એમજ હોય. એ છોકરાને જોઇને મને બહુ સંતોષ થાયછે. એનું બોલવું સાંભળીને હું તો દીંગજ થઇ ગયો હતો.

માધવરાય-આપના પ્રતાપથી બધો આનંદછે. ઇશ્વર બેનનું બરોબર પાર ઉતારે, એટલે પરમ સંતોષ થાય. ભલા સવિતાને પણ મોટો આશ્ચર્યને આનંદ થાશે.

કેસરી-એતો પરસ્પરછે ને. બાળકપણાથી ભેળાં રેહેવાને લીધે બંનેનાં દીલ બહુ મળી ગયાંછે. ભલા તમારા જમાઇનું નામશુંછે?

માધવરાય-સાહેબ, ગુણવંતરાય. ને કુંવર સાહેબનું નામ હીંમતસિંહછે. હવે મને આજ્ઞાછે, હુકમ પ્રમાણેં કાલે ગુણવંતરાય સમેત હાજર થઇશ.

કેસરી-હા ભાઇ જાઓ. હાલ વાત પ્રસિદ્ધ ન કરશો.

માધવરાય-પૃથ્વીનાથ એતે મને કહેવું પડે? (માધવરાય જાયછે)

ભાનુમતી-ચાલો ત્યારે આપણે પણ આજ બેનનો વિવાહ મળ્યો જાણી કંસાર કરાવીએ.

કેસરી-હા એ તો નકી થયું. ઇશ્વર દયાળછે ને. નહીંતો ક્યાં એ, અહિં આવે શું કામ.

ભાનુમતી-વિજયા જાતેજ ભાગ્યશાળીછે. પધારો ત્યારે.

કેસરી-હા ચાલો (સહુ જમવા જાયછે.)

प्रवेश १३ मो.

स्थळ રાજમેહેલ.

કેસરીસીંહ-માધવરાય-તથા ગુણવંતરાય.

કેસરીસીંહ-કેમ પ્રધાનજી, પોલીસ ઇન્સ્પેકટરને પણ પકડી લાવ્યા કે? ઠીક કર્યું.

માધવરાય-સાહેબ, હુંતો આજ્ઞાને આધીન, બાકીતો આપના હુકમથી થાયછે.

કેસરીસીંહ-નહીં. તમારી પણ થોડી ઘણી સત્તાછે, મારે લીધેજ એમનાપર તમારો હુકમ ચાલે એમ નથી.

ગુણવંતરાય-ખરૂંતો સાહેબ, ઘણું ખરૂં કામતો એમનાથી પડે, કારણ અમારેતો રીપોર્ટ પણ એમના તરફ મોકલવા પડેછે.

કેસરી-હવે એતો હમણા થયુંછે. પણ આતો કંઇ મુદતથી સીદ્ધ થયેલછે.

ગુણવંત-(મનમાં) કાંક ગડબડછે. (થાસન) કેમ પૃથ્વીનાથ, સમજણ ન પડી.

કેસરી-તમને અમે ચોર પકડવાનું કામ સોંપ્યું, ત્યાં તમેજ પકડાંણા. સાબાશછે. અછી ચાલાકી કરી.

ગુણવંત-કેમ, ચાલાકી શી, પકડાવું શું; આતો કાંઇક મરમીત બોલાયછે, તે સમજ નથી પડતી.

કેસરી-જ્યાં સુધી નવો વેષ ધારણ કરેલછે, ત્યાં સુધી નહીં સમજાય, જયસીંહ નામ છોડી દઇને "ગુણવાળા" થાઓ.

ગુણવંત-સાહેબ, આપ આજ આવી હલકી મશ્કરી કેમ કરોછો? "ગુણવાળા" એટલે દાણાની ગુણ ધારણ કરનાર યાની "ગધેડા."

કેસરી-નહીં નહીં, એમતે કહેવાયે? સ્પષ્ટ સાંભળવા ચાહોછો, તો કહુંછું કે "ગુણવાળા રાજા" થાઓ.

કાંઇ નવું થવું નથી, ફક્ત કબુલકરવું બાકીછે.

ગુણવંત-સાહેબ, એતો વળી "મુર્ખાનામ શીરોમણી" નો ખિતાબ આપ્યો. પણ આપને આ સારૂં નથી લાગતું.

કેસરી-નાગરને જ્યારે રજપુત થવું સારૂં લાગ્યું, ત્યારે મને આમ બોલતાં કાંઇ હરકત નથી.

ગુણવંત-એમ હશે, તો આપણી નાતમાં એક ઘર વધશે. પણ આતો બહુ વિચિત્ર લાગવાને સાથે બીલકુલ સમજાતું નથી.

કેસરી-નાગર થઇને રજપુતનો વેષ ધારણ કરે તે વિચિત્રજ દેખાય; અને જ્યાં સુધી પોતેનાગર છે, એમ કબુલ નહિં કરે, ત્યાં સુધી સમજણ પડવાનીએ નથી.

ગુણવંત-સાહેબ, આપ મને નાગર ધારોછો? હું તો ક્ષત્રીછું.

કેસરી-સસરા દેખતાં કબુલ થવું એ શરમ ભરેલુ છે. માટે ગુણવંતરાયજી, ભલે ક્ષત્રી બનો.

ગુણવંત-(અજાયબી પાંમીને) અહો! આપને ક્યાંથી ખબર! માફ કરજો સાહેબ. નીમકની શરતે આ બધું કર્યું છે.

કેસરી-પરસ્પરે મારા જાણવામાં બધું આવ્યું છે. ભલાં ખુશીની વાત છે. નં એમાં અમને પણ લાભ છે.

માધવરાય-કેમ ગુણવંતરાય,તમારી સાથેછે એજ હિમતસિંહ શ્રીનગરના પાટવી કે?.

ગુણવંત-હાજી એજ શા કારણે આવ્યાછે, તે તો જાણવામાં ક્યાંથી આવ્યું હશે?

માધવરાય-બધું સમજાયુંછે. ને રાજાજી પણ એ વાતથી ખુશી થઇ તેમ કરવા ચાહેછે.

ગુણવંત-એટલે શી રીતે?

કેસરી-આતો પક્કો મુત્સદી જણાયછે. વળી ખુલ્લી કબુલાત લેવી હશે.

માધવરાય-જે આશાથી તમે આંહી આવ્યાછો, તે ઇશ્વર પાર પાડશે, અને ખુલ્લી રીતે બોલાવો તો "વિજયા

કુંવરીનાં લગ્ન હિંમતસિંહ સાથે કરવાને રાજા સાહેબ માગણી કરેછે."

ગુણવંત–હું રાજા સાહેબનો મોટો આભાર માની, હીમતસિંહજીની તરફથી કબુલ કરૂંછું.

કેસરી–કેવા ખંદાછે ને, ખરૂં કેહેવરાવ્યું ત્યારે રહ્યો. ગુણવંતરાય? તમે મારા બમણા સંબંધી થયા, અને એક રીતે હું તમારો મુરબીછું, માટે તુંકારાથી બોલાવું તો ગુસ્સો ન લાવશો.

ગુણવંત–પૃથ્વીનાથ, એ તે શું બોલોછો. હું તો આપનો હમેશનો તાબેદારછું. અને વળી તુંકારો તો ખરા પ્યારની નીશાનીછે.

કેસરી–કેમ પ્રધાન, ત્યારે હવે લગ્ન પણ નકી કરી લઇએ. "ધરમના કામમાં ઢીલશી."

માધવરાય–હાજી. આ અખાત્રીજનાં લગ્ન ગામમાં બહુ ઠેકાણેછે માટે આપણે પણ તે તારીખજ રાખીએ.

કેસરી–બરોબર દશ દહાડા આડાછે. કંઇ મોટી તૈયારી તો કરવી નથી. પણ ભલા કદી જાન તેડાવીએ તો કાંઇ હરકતછે?

ગુણવંત–સાહેબ, એ વાત જવાદ્યો. કારણ થોડા દીવસ આડા છે ને વળી બીજી રીતે નહીં ફાવે.

કેસરી–તમે કહો તેમ. પણ કહો, તમારી પાસે પુરી ખરચી છે, કે હાલ કાંઇ ઉછીનું લેશો? ખાનગીદાવે તમે ઘરના છો માટે પુછુંછું. ગુસ્સો ન લાવશો.

માધવરાય–ખરૂં કહોછો પૃથ્વીનાથ, એમાં ગુસ્સો શાનો લાવે. ઘેરથી છાનામાના નિસર્યાછે, એટલે પુરી ખરચી પાસે કયાંથી હોય.

ગુણવંત–નહિંજી કશાની જરૂર નથી. એ બાબતતો ઇશ્વરનો પ્રતાપ છે. તમારે જોઇયે તો માગી લેજો. કારણ ગઇ સાલમાંજ કુંવર સાહેબનાં લગ્ન કર્યાં છે, તે લાંબુ ખર્ચ થયું હશે.

કેસરી-શાબાશરે વકીલ! તમેતો ખરેખરી નોકરી બજાવી.

માધવરાય-ઠીક ત્યારે સમુ સારૂં. હવે વાત બહાર પાડું, તમે બરોબર મંજુરી લઇને આવ્યા છો?

ગુણવંત-હા, હા, ખુશીને સાથે કુંવર સાહેબની મંજુરી છે જાઓ.

કેસરી-ત્યારે હવે તમે જયસિંહજ રહેશો કે ગુણવંતરાય થશો?

ગુણવંત-ઇશ્વર તથા આપના પ્રતાપથી નામનો ભાવ ભજવી લીધો, માટે હવે તો મૂળ નામજ રાખીશ. ઊતારે જાઉં એટલી વાર.

કેસરી—ભલે ત્યારે તમને રજાછે, હું પણ રાણીવાસમાં ખબર કરૂં. (સહુવેરાઈ જાયછે.)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ રાણીવાસ.

કેસરીસિંહ, ભાનુમતી, વિજયાકુંવરી, તથા સવિતાગવરી.

કેસરી-અહો આજતો બધું મંડળ ભરાણુંછે ને, કેમ સવિતા, તું ક્યારે આવી? ખુશીમાંછે?

સવિતા-મહારાજ, પાંચ સાત દિવસથી આવીછું, ને આપના પ્રતાપથી ખુશીમાંછું.

ભાનુમતી-પછી ગુણવંતરાય આવ્યા હતા કે?

કેસરી-હા, નક્કી કરીને ત્યાંથીજ ચાલ્યો આવુંછું. છોકરો શો હોંશિયારછે ને?

ભાનુ-હોયજકની માધવરાયના જોયામાં તે કસર શાની રહે. ને વળી જાતે નાગર એટલે શું પુછવું.

કેસરી-લગ્ન પણ અખાત્રીજનાં નકી કર્યાં. કેમ ઠીક કે નહી?

ભાનુમતી-વાહવાહ, બહુજ સારૂં થયું. મેં પણ કાલે એ

બેજણુ કોર્ટમાંથી આવતા હતા તે જોયા. દેખીતા એ ઘણા રૂપાળાછે.

કેસરી-ગુણિયલ પણ તેવાજછે. તે દહાડે સભામાં ભાષણ આપ્યાં, ત્યારથીજ મેંતો પરીક્ષા કરી લીધીછે.

સવિતા-માજી કોનો વિહવા થયો? મને કાંઇ સમજણ ન પડી.

કેસરી-અહો! તમે પણ ચબક જણાઓછો ને? આટલું બધું કરીને અજાણ્યાં થઇ જાઓછે.

સવિત.-ના માહારાજ, મને પુરી ખબર નથી માટે પુછુંછું.

ભાનુમતી-વેહવણ, ચાંપલાં શુંકાંમ થાઓછો; તમારી સખીનો વિવાહ હીમતસિંહ વેરે કર્યો.

સવિતા-શું ખરી વાત? વાહવાહ, મારે મજા થઇ ગઇ પ્રભુ માહારાજ જોડાને અમર રાખો.

કેસરી-હા, તમારે બંનેને લાભ થયો. ખરો સ્નેહ હતો તો ઇશ્વરે સદા ભેળાં રેહેવાનું કર્યું.

ભાનુમતી-જાંન તેડાવેતો વગ નહિં પડતી હોય.

કેસરી-ગુણવંતરાય ના પાડેછે, કે વગ નહીં પડે.

ભાનુમતી-ત્યારે ઠીકજ છેને. બેન, તારે ખરો પાડ સવિતાનો માનવાનોછે. કેમકે એની યુક્તિથી આ બધી વાત થઇછે.

કેસરી-એમાં શો શક.

સવિતા-માજી આપના પ્રતાપથી. નહિં તો હુંતે બિચારી કઇ ગણતરીમાં.

કેસરી-બિચારી તો હવે બમણી સગી થઇ.

ભાનુમતી-હા હુંતો એને વેવાણ કહીનેજ બોલાવીશ. કારણ હાલ આંહી ત્યાનું બૈરામાં બીજું કોણછે.

સવિતા-ના માજી હું તો બેનની સખી, ને તમારૂં ફરજંદ, માટે તમારા પક્ષમાં.

કેસરીસિંહ-કુંવારી હોત તો એમ થાત. હવેતો મોડ પણ તારેજ બાંધવો પડશે.

સવિતા-મારી બેન પરણે ને હું મોડ બાંધુ એ કેવું વિ-

ચીજ દેખાડી.

કેસરી-કાંઇ હરકત નહી, તારો વર રજપુત થયો, એટલે તું રજપુતાણી થાય એમાં હરકત નહીં.

ભાનુમતી-હા, એણે પણ જુઓને કેવો વેશ ભજવ્યો હતો.

કેસરીસીંહ-અરે, મારે મ્હોડે તો કેટલીવાર સુધી દ્વિઅર્થી વાક્યો કહી, કબુલજ ન થયો ને કહે કે હું તો ક્ષત્રીછું. પછી જ્યારે ખરેખરૂં નામ કહ્યું, ત્યારે કબુલ થયો.

ભાનુમતી-એને પણ રંગછે. નીમકની સરતને સારૂ કેવી મુસીબત ઊઠાવી.

કેશરી-એ લોકોની એજ ખુબીછે. બધાં કામમાં હોશીયારને ક્યાંહી ન કળાય.

ભાનુમતી-અલી બેન, તને ગમ્યું કે નહી કેમ કાંઈ બોલતીનથી.

સવિતા-એ શું કામ બોલે. એની વતી હું કહુંછું કે ગમ્યું.

ભાનુમતી-ના, હવે તારૂં બોલ્યું કામ નહીં આવે. અમે તને વેવણ ગણીયે, માટે તું તો પરાઇ કહેવાય.

વિજયા-માજી, એમ કાંઈ બને, પહેલી તો એ આપણી:-

ભાનુમતી-ને પછી કહોની? અરે વાહરે બેન! પણ તને જેમ પસંદપડે તેમ. પછી કાંઇ.

સવિતા-માજી હવે મને રજાછે, પાછી કાલે હાજર થઇશ.

ભાનુમતી-હા જા બેન. (રાજાને) પ્રાણનાથ, આપણે પણ ભોજનનો વખત થઇ ગયોછે.

કેસરીસીંહ-હા ચાલો, (સહુ ઊઠી જાયછે.)

પ્રવેશ ૧૫ મો.

સ્થળ હિમતસીંહનું મકાન.

હીમતસીંહ તથા પછીથી ગુણવંતરાય.

હિમતસીંહ-(એકલો) અહો ઇશ્વર! તારી સહાય અત્યાર સુધી તો મને બરોબર મળીછે, ને હવે પણ અહીં-

નો ફેરો વેળાસર સફળ થાય એમ લાગેછે. પણ કોણ જાણે, રાજાનો શો એ વિચાર હશે. અત્યારમાં ગુણવંતરાય ગયેલછે, પણ તેતો રાજદ્વારી કામ હશે. કદી મારા લગ્નને સારૂજ બોલાવેલ હોય, તો કેવી મજા પડે! પણ જીવ, મનધાર્યું તે ક્યાંથી થાય. એમ જો થતું હોત, તો અહીં પરદેશમાં શું કામ આવવું પડત. અરેરે એવી સદ્ગુણી અને ભણેલી સ્ત્રી મને બીજે ક્યાંહી મળવાની નથી. માટે હે જગદેવ! તારા કામથી પીડીત થતા બાળકો તરફ કરૂણા દ્રષ્ટી કરી સહાય થા. (ગુણવંતરાય પ્રવેશ કરેછે.)

ગુણવંત-સહાયજછું, ને વળી બીજા કોની સહાય માગોછો?

હિંમત-આવો ભાઇ. કેમ કોર્ટમાં ન ગયા ને તુરત પાછા આવ્યા? દીવાનનું માણસ શું કામ બોલાવવા આવ્યું હતું?

ગુણવંત-એતો સેહેજ. એક કેસમાં અભિપ્રાય પુછવાનો હતો.

હિંમત-પછી તમે અભિપ્રાય આપ્યો! એ કેસ શી બાબતનો હતો!

ગુણવંત-ખાનગી વિષયનો હતો, ને અભિપ્રાય પણ બુદ્ધિ પ્રમાણે આપ્યો. તમને બોલાવતા હતા તે મેંજ ના પાડી.

હિંમત-કેમ ભલા, તમે મારે સારૂ શું કામ ના પાડી?

ગુણવંત-તમે આવ્યા હોત તો ના હક ફેરો થાત. કારણ તમારો ને મારો અભિપ્રાય એ બાબતમાં એકજ આવત.

હિંમત-એમ કેમ કહેવાય. કહેવત છે કે "કપાળે કપાળે જૂદી મત."

ગુણવંત-પણ. "સો શાણાનો એક મત." ખાતરી હતીજ તેમાં ના પાડી તે તેમણે પણ મંજુર રાખી.

હિંમત-તમે એ કેસની સમ્મતીમાં હા પાડી કે વિરૂદ્ધતામાં?

ગુણવંત-કાંઇ જુબાની લેવા બેઠાછો? ત્યાં ચોર ઠર્યા, એમ આંહી પણ કરોછો?

હિંમત-તમારા બોલવા ઉપરથી મને સમજણ નથી પડતી; ત્યાં ચોર શી રીતે ઠર્યા ને શું થયું?

ગુણવંત-મારા બોલવાપર એ લોકોને પણ વિશ્વાસ નહોતો આવ્યો. પછી ચોરતો શું-પણ "હું જુઠું બોલ્યો." એવું તે લોકોએ સાબીત કરી આપ્યું.

હિંમત-શાથી સાબીત કરી આપ્યું?

ગુણવંત-મારા બોલવા ઉપરથી. મેં તો વળી મારા નામ પ્રમાણે ગુણ પણ ભજવ્યો. હવે તમારે તેમ કરવું બાકી રહ્યું છે.

હિંમત-યાર, આમ મરમીત ન બોલ. મને તો સમજણ નથી પડતી, માટે ખરેખરૂં કહે.

ગુણવંત-જે શબ્દ બોલ્યો તે બધા ખરેખરા છે. પણ તમે ન સમજો, તેમાં મારો શો વાંક?

હિંમત-હું થોડું તો સમજ્યો છું. પણ કહું નેં કદી તે સાચું ન ઠરે તો તમે મશ્કરી કરો, એમ ભય રહેછે.

ગુણવંત-નહીં મશ્કરી શા સારૂ કરૂં, તમારૂં સગપણ તો મેં ભાઇનું રાખ્યું છે.

હિંમત-ભાઇનું નહિં, તો બીજા કોનું હતું?

ગુણવંત-આજે નકી કરી આવ્યો તેનું.

હિંમત-શું યાર, ઘડીકમાં કહોછો કે અભીપ્રાય આપ્યો, ને ઘડીકમાં કોહો છો કે નકી કરી આવ્યો; એમાં કયું સાચું સમજવું. મોંઘા શું કામ થાઓછો.

ગુણવંત-શા શારૂ મોંઘા ન થઇએ, તમારૂં કામ કરી આવ્યા છીએ.

હિંમત-શું કામ કરી આવ્યા, સગાઇ થઇ?

ગુણવંત-જીહા. રાજાજીને મોઢે માગું કરાવીને તમારા તરફથી મંજુરી આપી. કેમ ઠીક કર્યું કે નહી?

હિંમત-બસ યાર. તારા ઉપકારનો બદલો તો મારાથી વળવાનોજ નથી.

ગુણવંત-કેમ. તમે બીજો કાંઇ અનુમત આપત ખરાકે?

હિમત-ના ભાઇ ના. બીજોતે શો અનુમત આપું.

ગુણવંત-લગ્ન પણ અખાત્રીજનાં ઠરાવ્યાં. જાંન બોલાવવાનું કહેતા હતા, તે મેં ના પાડી.

હિમત-ઠીક કર્યું. આમે કોઇ ન આવત.

ગુણવંત-એમણે તો ઊછીની ખરચી આપવા કહ્યું.

હિમત-નહીં જી આપણે શી જરૂર છે. તમે શો જવાબ આપ્યો?

ગુણવંત-મેં કહ્યું કે તમારે જોઇએ તો લઇ જજો. એમતો આપનું નીમક ખાધું છે તે બોલ તો ન સાંખ્યું.

હિમત-સાબાશ મારા પ્રાણ પ્યારા, ધન્ય છે તારી ચાલાકીને.

ગુણવંત-ત્યારે આપણે પણ જોઇતી તૈયારી કરવા માંડીયે. ચાલો આજે કોરટમાં જઇ રજાનો રીપોર્ટ કરીયે.

હિમત-હા ચાલો હું પણ આવું છું. (બંને જાય છે.)

प्रवेश १६ मो.

સ્થળ હિંમતસિંહનો બંગલો.

હિંમતસીંહ તથા વિજયાકુમારી.

વિજયા-(કોટડી બહાર ઉભી રહીને મનમાં) આ પાસેની કોટડીમાં સવિતા રહે છે, માટે આજ કોટડીમાં પોતે હશે; પણ માંહે શી રીતે જાઉં? સવિતાએ યુક્તિતો સરસ બતાવી છે પણ મારી હીમત નથી ચાલતી. જેમ હું તેમની કલ્પના કરૂં છું તેમ એ મને ચાહતા હશે? લાવને કાંક આવાજ આવે છે, તે લક્ષ દઇને સાંભળું. (સાંભળે છે.)

હિમત-(એકલો) હે જગદીશ્વર? તારી મારાપર અથાગ કૃપા થઇ ગઇ, સ્વપ્નામાં પણ આશા ન રાખતો તેવી

ની મને મેળવી આપી. દયા સિંધુ! તારા ઉપકારો હું ગણુવા બેસું તો પાર આવે તેમ નથી. અહો! કાલે હું કોર્ટમાંથી આવ્યો ત્યારે તે મારા તરફ કેવું એકીનજરે જોયા કરતી હતી. અને જયારે મેં બારી તરફ જોયું, ત્યારે કેવું ચિત્તભેદક આંખના ઇશારાથી નમન કર્યું? ખરેખાત મારૂં મનતો હું ત્યાંજ મુકી આવ્યો છું.

વિજયા—(મનમાં) હવે તો મારાથી એનું મનરંજક મુખ જોયા વિના અહીં ઉભાં નથી રહેવાતું. માટે જાઉંજ. (કોટડીમાં પ્રવેશ કરીને) ગુણવંતરાયની આ કોટડી કે? સવિતાગવરી આંહી આવી છે?

હિંમત—(અતિ આશ્ચર્યતાથી કેટલીક વાર તેના તરફ જોઇ રહી નિચે પ્રમાણે જુસ્સા ભેર બોલી ઉઠે છે.)

મનહર છંદ.

ઇંદ્રને રીઝાવી, જોવા જગતમાં આવી આજ,
ખરેખાત અપછરા, રૂમઝુમ કરતી,
પાંખો નથી તેથી નહીં હોય એહ પરી પણુ,
પદમણી ચાલે જુઓ હંસ ગતિ ધરતી;
પીડાતો હતો હું કામી, ત્યાં તું ઉભી આવી સામી,
કોયલના જેવું કેમ નથીરે ઉચરતી.
સ્વપનું કે સાચું, જોઇ ચિત્ત અતિ રાચ્યું મોહી,
તારા મુખ વિના નથી આંખ કયાંહી ઠરતી. ૧
મુખ સુખકારક પુનમચંદ્ર જેવું લાગે,
શ્વેત ગાલ મધ્ય ભાગે ગુલાબી જણાયછે.
મીનના આકારવાળી કાળી આંખને નિહાળી,
મોહ તણાં બાણુવાગે કાળજું કપાયછે.
ભમરો ધનુષાકાર, હાલવેથી તે લગાર,
વ્યાકુળ કરી અપાર ચિત્ત હરી જાયછે,
દાડમની કળી જેવી દાંત તણી હારો વળી,

હોઠ પરવાળા જેવા રાતા બે દેખાયછે. ૨
પોપટની ચાંચ જેવી નાકમાં અમુલ્ય વાળી,
લાગેછે રૂપાળી, મોતી હોઠપર લટકે;
(જાણે) ઓસનાં ટીપાં પડેલ, કમળ પાંખડીપર,
એમ એહ મોતી ભાસે, ચિત્ત અતિ ખટકે.
કાળીનાગ—ફેણ જેવી વેણીને અંબોડો વાળી,
સેંથી પુરીછે સંભાળી, હિંગળુને ચટકે.
રૂપ જોઇને અનુપ, ગુપચુપ બેશી રહ્યો,
મોહિત થયો હું અતિ આલી તારે લટકે. ૩

વિજયાકુંવરી-(આ બધું સાંભળીને તે પણ સ્તબ્ધ બની ઉભી રહેછે, ને કાંઇ ઊત્તર નથી દેતી તેથી:-)

હીમતસિંહ-

લાવણી.

આ પરી જાતની નાર, પ્રાણઆધાર, બેશ મુજ પાશે;
કેમ સ્તબ્ધ બનેલી અતિ, આજતું ભાસે.
હું ચાહુંછું એ વાત, પ્રીત તુજસાથ કરીને સાચી,
ભવસાગર માંહે પછી ઝુકાંયેં રાચી,
આપણબે સરખી જોડ, હ્રદયના કોડ, સરવ વાતોથી,
પુર્યા જગદીશે આજ વિવિધ ભાતોથી,
નહીં તો હું રહુંછું ક્યાંહી, હોઊં શીદ આહીં, એકલો આવ્યો,
શીદ વિચાર આવો હોય ચિત્તમાં ભાવ્યો. ૧
પણ ઈશ્વર મરજી એમ, તેથી મુજ પ્રેમ સરસ બંધાયો,
અહીં મોહ-બંધને સ્વદેશાથી ખેંચાયો.
તું સમજેછે સહુ ચિત્ત, ધરીને પ્રીત, કેમ નવ બોલે,
નવ કેમ વદીને ભરમ ચીત્તનો ખોલે.
જગ-નિયમ પ્રમાણે થઇ પ્યારી તું સહી, હવેતો મારી,
તે માટ હશીને બોલ, સ્નેહ દીલ ધારી.
જોઇ મુંગું તારૂં મુખ, વધેછે દુ:ખ, અતી અકળાઊં,
તે માટ કંઇ પણ બોલ, જેથી ખુશ થાઊં. ૨

હે પ્રાણવલ્લભા! હું તારૂં રટણ કરતો હતો, ત્યાં અકસ્માત આવી ચડી. આવ આ ખુરશી પર બેશ, અને શાંત્ત વૃત્તીએ મનના વિચારો જણાવી સુખી કર.

વિજયા— લાવણી.

હે સદગુણના ભંડાર, શૂરા સરદાર, વાત સુણ્ય મારી;
તું જાણેછે કે હુંછુ હજી કુંવારી.
આછે એકાંત અવાસ, પુરષની પાસ, કેમ હું બેસું,
જો વગર વિચાર્યું કરૂં, જગતતો કહે શું?
(વળી) તું હાલ અતીશય ચ્હાય, પછીથી રાય, કદી વિસારે,
તો મારી અરજી કોણ ચીત્તમાં ધારે,
પરદેશીનો વિશ્વાસ, કરીને આશ, કેમ ચીત્ત ધરીયે,
સંપુર્ણ વિચારી પછી કામ આદરીયે. ૧

હિંમતસીંહ— સવૈઆ.

રાજ અને સુખ સાજ તજી તુજ કાજ વિદેશ
વિશે છઉં આવ્યો,
માત પિતા જગ લોક તણો ભયતો ચીતમાંહે જરા
નવ લાવ્યો;
હોંશ થકી કરી શોધ અને તજવીજ, પછી શુભ
પત્ર પઠાવ્યો,
પુરણ પંત સમેત કર્યાં સહુ ખેત, અને વળી હું
અહીં ફાવ્યો. ૧

હે પ્યારી? તારે સારૂ અતી મુસીબતો વેઠીને અહીં આવ્યો તે કદી વીસારૂં એ બનેજ કેમ! વળી.

સવૈઆ.

પ્રીતની રીત ખચીત વિચિત્ર, યથાસ્થિત તેહ કહી નવ જાયે,
જેહ મધુકર વાંસ ચીરે તેહ, ફુલતણી કળી માંહે પુરાયે;
આન વળી અળગી વસ્તુ, મરદોંથી કદી નવ તેહ ભુલાયે,
ભૂખ થકી જીવ જાય ભલેપણ હે પ્રિય? સીંહ ન ઘાસજ ખાયે.૧

માટે હવે કોઇ પ્રકારે શંકા ન રાખતાં તારૂં અને મારૂં અંગ મળીનેજ એક શરીર થાયછે, એમ સમજવું, વળી આટલેથી તને ખાતરી ન થાય તો તું કહે તેવી પ્રતિજ્ઞા કરવાને હું તૈયારછું.

વિજયાકુંવરી-(પાસેની ખુરશી પર બેસીને) બસ બસ પ્રાણનાથ, હવે હદ થઈ. આપનો કદી મેળાપ ન થયેલ માટે આટલી તસ્દી આપીછે તે માફ કરશો. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે—

श्लोक.

विद्याशौर्यधनाश्रयोगुणनिधिःख्यातोयुवासुंदरः
साचारःसुकुलोद्भवोमधुरवाग्दातादयासागरः;
भोगीभुरिकुटूंबवान्स्थिरमतिःपापार्तिदीनोबली,
जामातापरिवर्णितःकविवरैरेवंविधःसत्तमः १

અર્થ:-વિદ્યા ઘણી, કુટુંબ મોટું, સ્થીર બુદ્ધિ, દયાનો સમુદ્ર, શક્તિ પ્રમાણે દાન ધર્મ કરનારો, મીઠું બોલવું, સ્વધર્માચરણી સંપંન, ઊત્તમ કુળનો, સ્વરૂપવાન, જવાન, જગતમાં પ્રસિદ્ધ, ગુણની ખાણ, કાર્યવિષે સુરપણું, સંપત્તીવાન, લક્ષ્મી ભોક્તા, પાપ અને દરીદ્રની માલમજ નહી. એવો જે પુરૂષ તે કન્યાદાનને યોગ્ય છે.

આપ તો આ સહુ બતાવેલ કરતાં પણ વધારે યોગ્ય છો, એટલે આખા વિશ્વમાં મને આપ સમાન કોઇ મળનાર નથી. માટે હે મનમોહન? આપની અરધાંગના તરીકે ગણવામાં કંઇ પણ ભીન્નભાવ ન રાખશો.

કારણ કે:— મનહર છંદ.

નદી જોરાવાળી ભારી, સાગરને મળનારી,
કહો તે વિચારી કેમ ખમોચીયે મળશે.?

ચાત્રુકનો નીમ એહ, પીયે બુંદ મેહ તણું,
અન્ય જળ તણું તેહ, કેમ બુંદ ગળશે?
પોપટની સાથે રમનારી મેનાં તેતો,
કેમ કાગડાની સાથે પ્રીત કરી ભળશે?
તેમ પ્રિય હિમતને પતી ગણનારી નારી,
અવરને મળવાને કેમ કરી ચળશે?

હિમત-ઇશ્વરનો અથાગ આભાર માનીને હું મારી અરધાં-
ગના તને કબુલ કરૂં છું. માટે હવે હે પ્યારી?

મનહર છંદ.

કાયા રૂપી પેટી માંહે, પ્યાર રૂપી માયા મુંકી,
પ્રાણ કરે છાયા અને પ્યાર બહુ હોંશથી,
સુનીતીએ શસ્ત્ર ગ્રહી, એશ રૂપી વસ્ત્ર પેરી,
કરૂં સદા ચોકી હું તો ખરેખરા જોશથી;
પ્યાર રૂપી રત્ન એમ જાળવું હું જત્ન કરી,
યત્ન સાથે સારૂં રાખું દુર સહુ દોશથી,
આપ્યું છે જે જગનાથે, અમુલ્ય એ મારે હાથે,
જરી નહિં કરૂં દુર કદી તેને રોશથી. ૭

વિજયા-પ્રાણનાથ, કહેતાં જીભ નથી ઉપડતી, પણ બહુ
વાર થઇ માટે લાચારીયે રજા માગું છું. (જાયછે)

હીમંત-પ્યારી તું જવાનીજ હે'? અરેરે! મને કામથી પી-
ડાતાને તું જરાએ દયા લાવ્યા વિના ચાલી ગઇ!
અહો પદમણી? જયાં સુધી તારી મધુરી છબી હું
ફરીને નહી જોઉં, ત્યાં સુધી મને ચેન પડવાનું
નથી. જીવ, હવે ધીરજ પકડ. લગ્ન આડા ત્રણ
દિવસ છે. અહો! ગુણવંતરાયનો તો હું ડગલે ડગલે
આભારી થયો છું. આ વખત બધું કામ ધમધોકાર
એવું ચલાવે છે કે મને કશી ફીકર નથી. વળી
ભેરાંમાં મારી તરફથી કોઇ નહોતું. તે પણ સવિતાએ

બધી પોતાની સખીયોને એકઠી કરી છે. ખરેખાત એ બંનેની મદદ વિના કશું ન થાત. (વિચાર કરતો કરતો સુઇ જાય છે.)

(અખાત્રીજને દિવસે અતી ધામધુમથી યથાવિધિ લગ્ન થાય છે. શેહેરમાં અતી શોભા થાય છે. ને નિરવિઘ્ને બધી બાબતો બરોબર ઇશ્વર કૃપાથી પાર ઉતરે છે. રાજા, દંપતીને ખરચ બાંધીદઇ જુદુ મકાન રહેવા આપે છે, તેમાં કેટલીક મુદત સુધી રહી રાજ્ય કારબારમાં બંને મીત્રો અતી મદદ આપે છે. તથા આનંદમાં દીવસ નીરગમે છે.)



oOo

બીજો અંક સમાપ્ત.

અંક ૩ જો.

સ્થળ સુંદરપુર આનંદઘઢ તથા આરામપુર.

કેસરીસિંહ..............સુંદરપુરનો રાજા.
ભાનુમતિ..............તેની સ્ત્રી. રાણી.
વિજયાકુંવરી..............તેની પુત્રી હીંમતસીંહની સ્ત્રી.
સવિતાગવરી..............ગુણવંતરાયની સ્ત્રી.
હિંમતસિંહ..............શ્રીનગરનો પાટવી.
ગુણવંતરાય..............તેનો મિત્ર.
તખતસિંહ..............સુંદરપુરનો પાટવી.
જારમતી..............તેની કુચાલી સ્ત્રી.
કુનિતી..............તેની દાશી.
નીર્દયશંકર..............એક કુચાલી માણસ.
રોફીલાલ..............
છેલમાસ્તર.............. } તખતસિંહના દારૂબાજ મિત્રો.
બાંકેરાવ..............
મોહનરાય..............સુંદરપુરનો કારભારી.
માનસિંહ..............
રણમલસિંહ.............. } આરામપુરના પટેલ.
બાદરસિંહ.............. } લુટનો ધંધો કરનાર.
પચાણસિંહ..............
રૂપાળીબા..............માનસિંહની દીકરી.
અંબાલાલ..............આરામપુરનો ફોજદાર.
અનુપસિંહ..............આનંદઘઢનો રાજા.
ગુણસુંદરી..............તેની સ્ત્રી.
જાલમસિંહ..............તેનો પાટવી પુત્ર.
ભોગીલાલ..............તેનો મિત્ર.
મદનલાલ..............આનંદઘઢનો ફોજદાર.
મહાલક્ષ્મી..............કંન્યાશાળા ભણાવનાર.

પ્રવેશ ૧ લો.

સ્થળ રાજ્ય મહેલ.

કેસરીસિંહ, મોહનરાય, અને પછીથી હીમતસિંહ.

તથા ગુણવંતરાય.

કેસરીસિંહ-કેમ મોહનરાય, નવા અધિકારીઓ કામ કેવી રીતે ચલાવેછે?

મોહનરાય-પૃથ્વીનાથ, આપથી ક્યાં અજાણ્યુંછે. એમના બનાવેલ એક બે કેસ તો આપ પાસે આવ્યા હશે.

કેસરીસિંહ-હા પણ મારા કરતાં તમને વધારે અનુભવ હોવો જોઇએ. કેમકે તમારા પછી હું ફરીયાદ સાંભળુંછું. એટલે તમારા ઠરાવ ઊપર અપીલ હોય તે મારી પાસે આવે.

મોહનરાય-સાહેબ, મારૂં ગજું નથી કે એમના ઠરાવ ફેરવું. એમના આવ્યા પછી અપીલો બહુજ થોડી આવેછે. કારણ એ અદલ આપેછે, તેથી બહુ લોકોને અપીલ કરવા મન થતું નથી.

કેસરીસિંહ-ત્યારે પોલિસ ઇન્સપેક્ટર પણ એજ પ્રમાણે ચાલતા હશે.

મોહનરાય-એ તો બંનેની જોડછે. પ્રગણામાં લેશમાત્ર ચોરી નથી થતી, કારણ કે એ જાતે બહુ મેહેનત લઇને પ્રગણામાં ફરેછે.

કેસરી-ભલા સંતોષની વાત. એમની ઊમર થોડી હોવાને લીધે મને આટલો વિશ્વાસ નહોતો. કારણ બુદ્ધિ બળ વડે કામ ચલાવે, પણ લાંબો અનુભવ તો નહીં.

મોહન-અરે સાહેબ, સો વરસનો અનુભવી હોય, તે એમની આગળ રદછે, એવાં દ્રષ્ટાંતો દે છે કે આગલાને પરાણે કબુલ કરવું પડે.

કેસરી-એતો ઠીક, પણ તખતસીંહમાં જુઓને કાંઈ માલછે, પરણ્યો ત્યારથી કાલેજમાં જવું છોડી દીધું, ને આખો દીવસ નીશા પત્તામાં ગાળેછે. એને કશું કામ સોંપીયે, તો વખતે “વીવાહનું વરશી કરે” મને એ ખાતે બહુ અફસોસ રહેછે, પણ શું કરૂં કાંઈ “પાકે ઘડે કાના ચઢે.”

મોહન-હોય રાજપુત્રછે, એમણે કાંઈ તડકો છાંયડો વેઠ્યો છે? વળી હાલતો “માખણમાં પાડુછે.” ફિકર શું કામ રાખે. માથે પડશે એટલે બધું છોડી દઇ રસ્તે આાવીજશે, બુદ્ધિતો નિર્મળછે પણ વ્યસન ખરાબ પડ્યુંછે, એટલે આંમ થાયછે.

કેસરી-બળી એમની બુદ્ધિ, ભણાવ્યા ત્યારે આ શીખ્યા! કરમ વિના ફળ ન મળે, જુઓને કેળવણીની કેવી અસર થઇ. જયારે આવા આવા ભણીને ઊંધાં વાળે ત્યારે લોકો ઇંગ્રેજીને ધિઃકારેસ્તો. (તખતસીંહ, ગુણવંતરાય, તથા હીમતસીંહ આવી નમન કરીને બેસેછે.)

તખત-પીતાજી, આજે હું હીંમતસીંહની કોર્ટમાં ગયો હતો, તે એમણે એક ઠરાવ એવો સારો કેદીને વાંચી સંભળાવ્યો કે કાંઈ મણા નહીં.

કેસરી-તમાશામાં દૈવતછે? એમણે બનાવ્યું તેમાં તમારૂં શું પાક્યું. શરમ નથી આવતી. તમે બે ઉમરે તો સરખા છો.

તખત-આપ મને ક્યાં કાંઇ કામ સુંપોછો, વળી એમને તો અનુભવ પણ વધારેછે.

કેસરી-હા એતો બધું ખરૂં. વાંકજ મારોછે. કેમ ગુણવંતરાય, આજ બંને સાથે ક્યાંથી આવ્યા?

ગુણવંતરાય-તાબેદાર કોર્ટમાંથી આવતો હતો, ત્યાં રસ્તામાં એઓ મળ્યા, તેથી ભેળા આવ્યા?

મોહનરાય-પૃથ્વીનાથ, રાતે આપે યાદ દફતરે મોકલાવીછે

તેનો શો જવાબ લખું? આપ પધારશો કે નહીં?

કેસરી-હા વળી એતે વાતછે? પ્રગણામાં પોલેટીકલ સાહેબ પધારે ને મળ્યા વિના ચાલે?

તખ્ત-કાંઇ નહી. એમના તાબેદાર તો થોડાજ છીએ, કે આપના ગયા વિના કાંઇ કામમાં અડચણ પડે એમછે.

કેસરી-ભાઇ, તાબેદારતો પેહેલાસ્તો.

તખ્ત-એના તાબેદાર શાના? કદી ગણીએ તો રાણી સાહેબના તાબેદાર. બાકી તો એના કરતાં આપણે ચઢતા દરજાના, કેમકે રાણીસાહેબના એ નોકર, ને આપણે તો ગમે તેવા તોએ મિત્રમાં ગણાઇએ.

કેસરી-ભાઇ રાણી સાહેબ તો શેહેનશાહછે. વળી એમણેજ આપણે માથે ઉપરી તરીકે એમને નીમ્યાછે. આપણે તો સરકારના હુકમને માન આપવુંછે. ક્યાં એમની જાતને સારૂં છે.

તખ્ત-એ તો ખરૂં. પણ આપણે વાજબીરીતે ચાલીએ પછી એમનો શો ડર. જે રાજા પ્રજાને બરોબર ઇનસાફ નથી આપતા ને કુનીતિએ ચાલે છે. તે તો એવી લપછપ રાખે. આપણે શું કામ રાખીએ?

કેસરી-નહીં. કાંઇ એટલાજ સારૂ એમનાથી લપછપ રાખવી એમ નથી. પરંતુ તેઓ આપણું હીતઇછનારછે, ઘણી વખત આપણને સારી સલાહ આપેછે, ને આપણા સારાથી રાજી થાયછે; માટે આપણે એમનાથી સ્નેહ રાખવો જોઇએ. કેમ એ વાજબી કે નહી?

તખ્ત-એમ તો વાજબી. મિત્રની તો પરોણા ચાકરી કરવીજ જોઇએ. તો પણ તે રીતીસર હોય તો સારૂં. કેટલાક રાજા તો જ્યાં પોલીટીકલ પ્રગણામાં આવે કે એક દહાડો તેનાં લશકરમાંથી કોઇને પોતાની ગાંઠનું ખાવા નદે; ને વળી તેમના ખાસ પટાવાળા તથા કારકુનોને રાજી કરે તે તો જુદું. આ વાત પેલો

રૂસ્તમ કહેતો હતો, કેમકે એણે કેટલાક દહાડા સરકારી નોકરી કરીછે.

કેસરી-અરે એતો સાળો લફંગો છે, એનું બોલવું કોણ સાચુ માને. કદી એજન્સીના લોકો એવું ન કરે. એ લોકો તો અતી ચોખા હોય છે. પછી કોઈ છાંનુ છપનું કાંઇ કરતું હશે. કહેવત છે કે "ગામ હોય ત્યાં ઢેડવાડો એ હોય."

ગુણવંત-અરે સાહેબ, એતો મીયાંસાઇ વાતો "એક જાલેમેં, સો સાપ." ને કદાચ કોઇ રાજા એવું કરે તો તેથી એને ફાયદો શો? આ વાત સાહેબ પંડે તો જાણેજ નહિં. ને કદી દૈવ્ય યોગે જાણે તો એમનું અન્યાયી પણુ સ્પષ્ટ સમજાઇ જાય.

મોહનરાય-એમાં મુખ્ય વાંક કારભારીઓનો હોયછે. કોઇ કુચાલીના વખતમાં ધારો બંધાય, તો પછી નિકળવો મુશ્કલ. કેમકે જ્યાંથી હમેશે ખાવા મળતું હોય, ત્યાંથી બંધ થાય તો જરૂર આગલો દૂષ રાખે.

કેસરી-આપણા તથા એમના બંનેના હકમાં પાસવાંનોજ બીગાડ કરેછે. પોતામાં પુરી શક્તિ ન હોય તો પછી મુખીની પાસેના માણસોને રાજી રાખે એટલે નભાય.

ગુણવંત-સાહેબ, એ ચાલ રજવાડામાં બહુ હોયછે. કારણ રાજા લોકો ખીજમતદાર તથા ખવાસો ઉપર બહુ વિશ્વાસ રાખે છે, એટલે કારભારીને તેઓને રાજી રાખવાની ફરજ પડેછે. કારણ તેઓને પૈસા મળેથી રાત દિવસ રાજા આગળ જુઠાં વખાણ કર્યા કરે, તે પોતે સાચું માની કોઇની કારભારી ઉપરની ફરિયાદજ ન સાંભળે. ને તેથી કારભારીયો મન ધાર્યું કરી શકે છે.

કેસરી-ખરોબર કહ્યું. સરકારી ખાતામાં વગર કેળવાએલા નોકરોજ નથી રાખતા. ને રાજસ્થાનમાં તો જેમ હોય તેમ નભે.

મોહનરાય-પૃથ્વીનાથ, એવા રાજાનાં તો દરશને પ્રજાને દુર્લભ થઇ પડે છે. એટલે કદી કોઇને ફરિયાદ કરવા જવું હોય, તો સાત પહેરા ઓળંગ્યા બાદ, માંડ માંડ રાજા પાસે જવાય. વળી ત્યાં પણ પેલા લાલચુ પાસવાનો હાજરજ હોય, તે બાપડાને પુરૂં બોલવાએ ન દે, ને અધરથી વાત તોડી પાડે.

ગુણવંત-અરે રૈયત તો શું, પણ કારકુનોએ રજા વિના ન જઈ શકે. એ બધાનું કારણ એજ કે, રાજા પાસે કોઇ પણ જઇ શકે તો ફરિયાદ કરવાનું ફાવે, ને રાજાને પણ સાંભળ્યા વિના શી ખબર પડે કે કારભારીયો ગોટા વાળતા હશે.

કેસરી-આખો દિવસ તો નહીં, પણ અમુક વખત હરકોઇને આવવા દેવાનો ઠરાવ્યો હોય, તો બહુ સારૂં.

મોહન-બરોબર સાહેબ, તે વિના તો રાજા છે, હજાર દુશ્મન હોય; સૌને રજા આપવી કેમ પાલવે.

ગુણવંત-ત્યારે પછી પહેરાવાળાનું શું કામછે? શું ઇંગ્રેજોના કોઇ દુશ્મન નહીં હોય, પણ તેમને બંગલે જઇને જો પટાવાળા સાથે રજા મગાવીયે તો ઝટ બોલાવી અરજ સાંભળે. ને આતો ચોપદારથી અજાણ્યાની કે જે રાત દહાડો રાજા પાસે ન જતો હોય તેની તો રજાજ ન લેવાય.

મોહન-એતો ખોટું. ત્યારે પછી કારભારી રાજાને મનમાન્યું સમજાવે, ને રાજા તે સાચું માને, તેમાં શી નવાઇ. પ્રભુ મહારાજ, આપણા રાજાજીને અમર રાખો, એમના રાજ્યમાં કાંઇ અડચણ છે? ગમે તે આવો. સદર પરવાનગી.

ગુણવંત-ગુણીયલ સરદારની શી વાતછે. બધા રાજા આવા નથી હોતા. ક્યાંહાંકજ આવું અંધેર તો ચાલે છે.

કેસરી-અહો કહેવું ભુલી ગયો નેં? મોહનરાય, આજ યાદ લખી મોકલજો કે તા૦ ૧૫ મીએ સાહેબ સીમાડા

પર પધારે તો તે તારીખે હું પણ ત્યાં જાઊં.

મોહુન-બહુ સારૂં કૃપાનાથ, આજે લખાવી સહી કરાવી સાંજે રવાંને કરીશ.

કેસરી-ગુણવંતરાય, તમે બે પણ મારી સાથે આવજો. આપણને ચાર દહાડા થાશે, એટલામાં શીરસ્તેદારો નભાવી લેશે. આ સાહેબને કેળવાએલા લોકોપર બહુ પ્યાર છે.

ગુણવંત-બહુ સારૂં કૃપાનાથ તૈયારજ છીયેં. બહુ વાર થઇ માટે હવે રજા છે?

કેસરી-હા ભાઇ જાઓ. (બંને જાય છે.)

તખત-પીતાજી, મને સાથે લઇ જશો?

કેસરી-તારૂં શું કામછે? બીજો હોય તો કહેશે કે, તમે બહાર જાઓ એટલા દહાડા હું રાજ્ય જાળવીશ. પણ આતો સેલ થાય. ને કામ કર્વામાં તો મેહેનત પડે.

મોહુન-સાહેબ, ભલેને આવતા. એઓ પણ ઇંગ્રેજી જાણે છે તેથી સાહેબ ખુશ થાશે.

કેસરી-ગઈ સાલ સાહેબ સાથે શીકારે જતી વખત ભાઇને સાથે લઇ ગયો હતો, તે દેલવાડા મુકામે સાહેબની ઓફીસમાં દારૂ પીને મસ્તી કરી આવ્યો હતો, પણ એતો માણસો સારાંછે તે સાહેબને કાને વાત ન જવા દીધી. હાલે કદી એવું કરે તો પછીથી પસ્તાવાનું થાય.

તખત-હવે તો હું નીશાને પડખે પણ નથી ચડતો.

કેસરી-છ મહીના સુધી એથી અલગ રહીશ, તો ગમે તે જગ્યા આપીશ, ને મારી સાથે બધે તેડી જઇશ, પણ ઉપર કહેલ શરત પાર પડે તો.

તખત-આપને ન તેડી જવાનું મન હોય તો નહીં, મારૂં કાંઇ જોર છે.

કેસરી-થયું ત્યારે. ચાલો વખત થઇ ગયો છે, આજે કોઇ ફરીયાદી ન આવ્યા.

મોહુન-સાહેબ, આપે એવા અધિકારી નીમ્યા છે કે,

નામે ગેર ઇનસાફ થતો નથી. પછી આપની પાસે ફરીયાદીઓ શું કામ આવે.

કેશરી-તોપણ મેં તો ત્રણથી પાંચ વાગ્યા સુધી આંહી સહુ લોકને આવવાને છુટ આપી છે. ચાલો પાંચ વાગ્યા. (સહુ ઊઠી જાય છે.)

—o0o—

પ્રવેશ ૨ જો.

સ્થળ તખતસીંહનો મોહોલ.

તખતસીંહ તથા તેના દારૂબાજ મીત્રો.

તખત-(પોતાના મીત્રોને આવતા જોઇને) આવો મારા પ્રીય મીત્રો, આજે આપણે ઘણે દહાડે મળ્યા. જ્યારે પિતાજી બાહાર પધારે છે ત્યારે લાગ આવે છે.

શેખીલાલ-હા સાહેબ, આપની કૃપા છે તો મહીને બે મહીને આનંદ થાય છે.

છેલમાસ્તર-ખરૂં ભાઇ. નહીં તો આપણે ગરીબ સાંભરીયે પણ શાના.

તખત-નહીંજી તમે તો મારા જીવથી પણ વહાલા છો. તમને તે કેમ ભુલું.

બાંકેરાવ-યાર મનેં તો ગંગાજળ પીધે બહુ દિવસ થયા, તે દેહ બધી અશુદ્ધ થઇ ગઇ છે.

શેખીલાલ-ગંગાજળ શું કામ કહો છો. આપણે તો એનું નામ દુધીયું પાડયું છે, તે કોઇ અજાણ્યો કળી ન શકે.

છેલમાસ્તર-અરે પણ દુધીયા વિના તો દુખિયા બની ગયા છીયે.

તખત-એના શા ભાર છે (પેટીમાંથી શીશા કાઢી આપે છે.) લ્યો ઊડાવ્યા કરો.

શેખીલાલ-શો સખી દીલનો સરદાર છેને; વાહ યાર દાતા

ર તો આનું નામ કે જરાક વાત કહાડતામાં ગુંજ કરી દીધો.

છેલમાસ્તર-ભીઠાવ્યા કરો મારો બાપો કરૂં. આજે ફોજદાર ગામમાં નથી કે કાંઇ હરકત કરે.

રોફીલાલ-હા યાર પટાવાળા તો કુંવર સાહેબના દોસ્ત જાણી છોડી મુંકશે. પણ ભાઇ ભલું થજો કુંવર સાહેબનું, કે રોજ આવી મજા કરાવે છે.

બાંકેશવ-ખરૂં સ્તો. આપણે તો બધી વાતે રૂડા પ્રતાપ એમના. ઇશ્વર એમને વેહેલી વેહેલી ગાદી આપો.

રોફીલાલ-સહુની આશા ત્યારે પુરી થવાનીછે(પી રહ્યા પછી) લ્યો સાહેબ હવે બહુ થયું. (શીશા આપેછે)

તખત-કેમ જોઇતો હોય તો લ્યો. ખજાને ખોટ આવે તેમ નથી.

છેલમાસ્તર-ના, સાહેબ પછી બહુ પીધે તો માર્યા જઇએ. કેમ રોફીલાલ તમારા કેસનું શું થયું, કુંવર સાહેબ જાતે કોર્ટમાં પધાર્યા હતા તે છુટી ગયા હશો.

રોફીલાલ-ના ભાઇ રૂપિયા દશ ડંડના આપ્યા ને પોતે તો કાંઇ ન બોલ્યા.

તખત-યાર શું કરૂં, પીતાજીની એના ઊપર બહુ કૃપાછે ને એ ન્યાયીછે એટલે લાચાર.

છેલમાસ્તર-થઇ રહ્યું કે! તમારૂં તો પાણી ગયું. આજતો ઠીકછે, ને કાલે ઇશ્વર ન કરે ને કાંક થશે, તો રાજ્યનો ધણી રણી પણ એજ કે!

રોફીલાલ-હા વળી બધું ગામ તો કહેછે. ને જાણમાં આ બધા ભેગા થઇને પણ એ નક્કિ કરવાજ ગયાછે. નહીં તો માંહે પેલા બેનું શું કામ હતું?

તખત-યાર એ બહુ ફાવી ગયોછે. પણ શું કરૂં. એને કાંઇ થાય તો બેન રંડાય.

રોફીલાલ-(નીશામાં બબ્બાથી) શું થઇ જાય, કાંઇ રાજ ખોવાય!

બાંકુશવ–સાળો બાયલોછે. એનથી ડરેછે. (એ પણ બન્યો.)
તખતસીહ–સંભાળીને બોલ, હું પોલેટીકલ છુ(એ પણ બન્યો.)
શેઘીલાલ–ત્યારે હુ તો વળી રાજાછું એમ તારાથી ડરવાનો નથી.

છેલમાસ્તર–સાળા ઓ મસ્તી કરવી હોય તો ચાલો બજારમાં.
શેઘીલાલ– હા ચલો (બધા બેભાંન થઇ નીચે ઉતરી દોડેછે ને તે રસ્તા વચમાં પડવાથી પોલીસને હવાલેથાય છે. તથા તખતસિંહ પોતાની અગાસીમાં જઈ પડેછે.)

—૦—

પ્રવેશ ૨ જો.

સ્થળ તખતસિંહનો ખાનગી મહેલ.

તખતસિંહ, જારમતી, તથા કુનિતી.

તખતસિંહ–અહો સાવ સાંજ પડી ગઇ છે, ને હું આંહી અગાશીમાં કેમ પડયોછું? એતો એજ, નીશાના જોરમાં. પણ અરે મારા પ્રિયમિત્રો કેમ કોઇ નથી. મેં એમને નીશામાં માર્યા હશે, તેથી જોને પગરખાં અને લુગડાં મુંકીને જતા રહ્યા છે. પણ ચાલો, કાંઈ ફીકર નહીં; એ તો થતુંજ આવ્યુંછે. વળી કાલે બોલાવીશું. અહા? શી મજા આવી હતી ને. બસ એ તો કાંઇ વિચારે પાર આવે એમછે? શરીર તો નબળું થઇ ગયુંછે, પણ દુઃખ વિના સુખ ન હોય; માટે કાંઇ હરકત નહી એ તો બે ઘડી પછી મટી જશે. ચાલો પ્યારી પાશે જઇએ.(અગાશીમાંથી ઉઠીને મહેલમાં જાયછે.)

જારમતી–(તખતસિંહને આવતા જોઇને) ઘણી ખંમાં, પધારો પ્રાણનાથ. આજ કેમ કાંઇ તબીયત સુસ્તછે?

તખતસિંહ–હા પ્યારી. આજે મારા મિત્રો આવ્યા હતા, તેથી બ્રાન્ડિ પીધાને લાધે જરા મસ્તી થએલને લીધે,

રનખળું થઇ ગયુંછે. પણ શી એની સેહેજ-તછેને તારી મરજી હશે તો એક શીસો લેતો આવીશ.

જારમતી-(મનમાં) કોક દહાડો આને લીધે રંડાપો આવવાનોછે. (ચાસન) ના પ્રાણનાથ, મને તો એથી બહુ ગરમી થાયછે. આપને પસંદ પડે ને ખુશ થાઓ, તો મને હજારગણો આનંદ થાયછે. સ્રીયે સ્વામીના સુખથી રાજી અને દુઃખથી ઉદાશ રેહેવું જોઇએ.

તખત-ખરૂંછે પ્રાણવલ્લભા, તું ખરેખરી પતિવ્રતાછે એહમાં શક નથી.

કુનીતી-બાઇ સાહેબ,ગામમાં વાત ચાલીછેકે "મહારાજ પેલા બે જણને સાથે લઈને જે સાહેબ પાશે ગયાછે, તે હીમતસિંહને પીટચાને ગાદીનો વારસ ઠરાવવાને ગયાછે" એ ખરી વાત હશે?

જારમતી-શી ખબર, એ તરકટીયાનું કહ્યું જાય નહી. મને તો લાગતું નથી કે હીમતસિંહ રાજ પુત્ર હોય, સવિતાનો યાર હશે તે આ બધું કરી આવ્યું.

કુનીતી-બરોબર. નહીંતો આંહી આવીને શું કામ પરણે. ને વળી રાજકુંવર તે એકલા પરદેશમાં નીકળે.

તખત-પ્યારી, મેં પીતાજીને સાથે જવાનું મન કર્યું ત્યારે તેમણે ના પાડી.

જારમતી-જો દાશી, હવે તારી વાત સાચી ઠરી. નહીં તો એમને શું કામ સાથે ન લઇ જાય?

તખત-મને પણ મારા મિત્રો કહેતા હતા, માટે જરૂર એમજ હશે; પણ શું કરીએ, કાંઇ ઈલાજ મનેતો સુઝતો નથી.

જારમતી-થઇ રહ્યું પ્રાણનાથ! એમાં તો શું સુઝવુંછે. દુઃખનાં મૂળ કાઢી નાંખીએ, તો દુઃખ નામ ન રહે.

તખત-પણ તેમ કર્યાથી બેનનો જનમ રંડાપો વેઠવો પડે કે નહી. ને તેથી પાછું તારેને મારે દુઃખ.

જારમતી-એમ શું કામ કરીએ. પણ જીવ, હશે, આપણે

શું કામ કહીએ. એમના નસીબમાં રાજ કરવું નહીં, માંડયું હોય.

તખત-બારી તું પણ આમ બોલેછે? રાજ્યને માટે તો મોટા મોટા રાજાઓએ પોતાના બાપને પણ મારી નાંખ્યાછે. તું તો ઇતિહાસ જાણેછે ને કેમ ભૂલેછે?

જારમતી—ત્યારે આની શુળ કાઢવી એ તમને મોટી વાત લાગેછે?

તખત-પણ શી રીતે થાય, મારાથી તો કાંઈ થાય નહીં. ને કોક કરે તો પાછો જયારે પકડયાથી તપાસ ચાલે ત્યારે તે કબુલાત આપે તો માર્યા જઈએ.

જારમતી-એના તો ઘણાએ રસ્તાછે, પણ તમારાથી ન થાય.

તખત-વળી ન શેણે થાય, તું બતાવતો ખરી?

જારમતી-શા કામનું, તમે દયાળુછો તે નહીં બને, ને એમના એમ રહેશો.

તખત-અરે એતે વાતછે, તું કહેતો ખરી, પછી જો, કે હું કેવી રીતે વરતુંછું.

જારમતી-એમાં શું કહેવુંછે. તમારા પીતા ગામ ગયાછે, તે કાલે જે વખત એ એકલી હોય તે વખત જઈ, "પીતાની સામા જવુંછે" એવું બાનુ કાઢી બગીમાં બેસારી જંગલમાં લઇ જઈ ને ઘાટ ઘડી નાખો.

તખત-બારી, પણ તે વખતે કદી મને દયા આવી જાયતો હેરાંન થાઉં; કારણ અમે તેવીતો એ બેનછે.

જારમતી-થયું ત્યારે, દયા આવતી હોય તો બનેવી ખાવા પીવા પુરૂ કરીને રાજકરે તે બેઠા બઠા સાળા કહેવાઇને જોયા કરજો, એમાં શી હરકતછે. રજપુતતો કોઇ દીકરી ન મારે; આતો હું તમને નવાઇ કરવાને કહુંછું.

કુનિતી-અરે બાઇ સાહેબ, અસલતો કોઇ રજપુત દીકરીને મોટી થવા નહોતા દેતા; અને જાણુમાં શાસ્ત્રમાં એને માટે પાપે નથી.

જારમતી-અને પાપ પુન્યતો પછી, પણ મોટા મોટા ઘણાએ

રાજાઓ પોતાને હાથે પોતાની દીકરીયોના ભોગ માતાને આપેછે. આમને તો પરવશ થવું બહુ ગમેછે.

તખત-એ તે શું કહેછે? કહેતો હમણાં જઇને પુરી કરી આવું.

જારમતી-એટલે પિતાજી આવીને તુરત તમને ગાદી આપીદે ખરૂં?

તખત-ના પછી તો ફજેતી થાય. પણ આતો તું નાહીમત કહેછે તેથી બોલવું પડેછે.

જારમતી-હું એક માણસ તમારી સાથે મોકલીશ તે પુરી કરશે. તમે તમારે બગીમાં બેસારી જંગલમાં લઇ જજો. એટલીજ સાવચેતી રાખવી, કે કોઇ એની પાસે ન હોય ત્યારે તેડવા જવું.

તખત-ઠીક ત્યારે કાલ સાંઝે વાત. પણ જે માણસ તું સોંપે તે પુરો વિશ્વાસુ હોવો જોઇએ.

જારમતી-એતે આપ શું બોલોછો, મારામાં તે વળી ભૂલપડે. પણ હે હૈયાના હાર! જો એ પાપ ટળેતો આપણે અખંડ આનંદ થઇ જાય.

તખત-ખરૂં કહેછે. તારી બુદ્ધિથી બધું સારૂં થશે.

જારમતી-પ્રાણનાથ, મરજી હોયતો આજે સાથે જમવા બેશીયે.

તખત-હા ચાલો. (બંને જમવા જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ વિજયાકુંવરીનો બંગલો.

વિજયાકુંવરી, સવિતાગવરી, અને પછીથી તખતસીંહ.

વિજયાકુંવરી-(સવિતાને આવતી જોઇને.) આવો સવિતા બાઇ, ખુશીતો ખરાં.

સવિતાગવરી-તમે શી હાલતમાંછો, ખુશીમાં કે ઉદાશીમાં.

વિજયા-તેતો તું જાણે.

સવિતા-આતે શું? તું ખુશીમાંછે કે ઉદાશીમાં, તેની મને શી રીતે ખબર પડે?

વિજય-તને ઘણીવાર અનુભવ થયેલ છે માટે.

સવિતા-શી બાબતનો?

વિજયા-પ્રાણનાથના વિયોગનો.

સવિતા-મને તો અનુભવછે. પણ કાંઇ દુનીયામાં સોમા સ્વભાવ સરખા નથી હોતા.

વિજયા-મારો ને તારો તો સરખો છે.

સવિતા-ઉમર અને જ્ઞાનમાં. પણ દરજામાં તો તારો ચઢીયાતો છે.

વિજયા-વળી સ્વભાવની ઉમર શી ને જ્ઞાન શું, આતે બોલે છે કે બકે છે?

સવિતા-જાણીને કાલી થાય તેમાં કાંઇ શું કરે. જેમ જેમ વાત કાઢું છું તેમ તેમ ચહેરો તો ઊતરતો જાય છે.

વિજયા-કાંઇ નહી. ચહેરો શેણે ઊતરે.

સવિતા-પ્રાણનાથ સાંભરી આવ્યાંથી.

વિજયા-"હૈયે હોય તે હોઠે આવે" પોતાના મનમાં એના એ વિચાર રમી રહ્યા છે.

સવિતા-ને તને તો સાંભરતાએ નહીં હોય.

વિજયા-અમારે તો જેમ છે તેમ ઠીક છે. કાંઇ તારી પેઠે ઘેર એકલા ન રહેવાણું તે પુંઠે પીયરમાં તો નથી આવ્યો.

સવિતા-ના આતે કાંઇ તારૂં પીયર છે, આતો સાસરૂં કહેવાતું હશે.

વિજયા-તું તો સહેજ વાતમાં બાંધી લઇને મને બોલવાએ નથી દેતી.

સવિતા-એતો ઠીક. પણ આજે બે દહાડા થયા; હવે કયારે આવશે?

વિજયા-હમણાં શું કામ છે. ભલેને અથડાતા. રોજ પાસે રહે તો પ્યાર ન વધે.

સવિતા-એતો ખરૂં છે હો, પરદેશ સાસરૂં હોય તો પિયર જઈએ એટલે બાર વર્ષે; ને સાસરે ગમે તેટલું રહિયે પણ પાછું પિયર જતી વખત દુઃખ થાય.

વિજયા-તને થતું હોયતો તું જાંણે. હું તો સ્વપ્નામાંએ ન સંભારૂં.

સવિતા-બે દહાડામાં જરાક જેટલું તો મોં થઇ ગયું છે, ને વળી લાંબો અનુભવ થયા પછી બતાવીશ.

વિજયા-આજ ભાઇ ઉપર કાગળ આવ્યો છે, તે પ્રમાણે તો પરમ દહાડે પીતાજી આવવા જોઇએ.

સવિતા-પિતાજી તો ઠીક, પણ પતીજી કહેને, મનની વાત જણાવ્યા વિના બાંધે ભરમે શું કામ કહેછે?

વિજયા-બાંધે ભરમે કહ્યે ન સંતોષ થયો. લે બાઇ, તારો વર પણ પરમ દહાડે આવશે.

સવિતા-ને તારો તો ત્યાં રેહેશે કેમ? વગર પુછે કહ્યું તો તેં.

વિજયા-મેં તો મારા પિતા સારૂ કહ્યું હતું. બાકી એવા પરદેશી તો રાજમાં ઘણાએ આવે છે, તેનો કોણ ભાવ પુછેછે.

સવિતા-તું પડે ભાવ પુછવાની વતી દાશી થઇને તો રહીછે.

વિજયા-જ્યારે તું તારા પ્રાણનાથથી પહેલી જુદી પડી ત્યારે (નીશાસો મુકીને) આ પ્રમાણે કરતી હતી ખરૂં?

સવિતા-ઘણી ચતુરાઇ ન બતાવો. પ્રાણનાથ સાંભર્યાથી નિશાસો મુકવો પડ્યો, તેમાં મારૂં ઓઠું શું કામ દેછે.

વિજયા-તું મારો ગુરૂ છે માટે.

સવિતા-બેન, જ્યારે આપણે બે સાથે શ્રીનગર જઇશું ત્યારે કેવી મજા પડશે.

વિજયા-મારી વહાલી, ઇશ્વરને પ્રાર્થના કર. કે એ દિવસ વહેલો દેખાડે.

સવિતા-એ દિવસ દેખાડવો તો પતિના હાથમાં છે, કાંઈ ઈશ્વરના હાથમાં નથી.

વિજયા-તે હું પણ એમજ કહું છું. જેમ ઇશ્વર જગતનો

ધણી. તેમ એ આપણા ધણી માટે ઇશ્વર.

સવિતા-વારૂ પણ તેમાં મારે શી પ્રાર્થના કરવાની છે. તું કર.

વિજયા-આગવો તું છે. તારી સલાહ પ્રમાણે વિશેષ વરતાય છે.,

સવિતા-ના એ બાબત તો તારેજ માથે લઇ પાર પાડવી.

વિજયા-ઠીક ત્યારે આવે એટલીવાર, પણ હજી તો આડા દહાડા છે.

સવિતા-અંહ! બે દહાડા તે કઇ ગણતરીમાં, સેહેજ જતા રહેશે.

વિજયા-મોંતો કહેછે પણ મનને પુછી જો.

સવિતા-પુછ્યું એતો મનને. કાંઇ ઉદાસ થયે કે વિચાર કર્યે આવવાના છે. વખતે સાંભરે તો પણ તેથી ઊદાસ થયે ફાયદો શો?

વિજયા-બેન તને તો ટેવ પડી છે. ને મારે તો આ પહેલુંજ છે.

સવિતા-"નવું નવું નવ દહાડા" એક બે વાર એમ લાગે પણ પછીથી મન વળાય.

વિજયા-કાંઇ મન વાળ્યું વળે એવું નથી તો.

સવિતા-એતો રીત, પ્રથમ તો મુશ્કીલ લાગે. પણ બેચાર વાર એમ થાય એટલે પરાણે મન શાન્તતા પકડે.

વિજયા-સારૂ એમ ન બોલ. વિયોગ શબ્દ વાપર્યા કર.

સવિતા-બાળી મુંક એ શબ્દ. મને તો એ દુશ્મનનું નામ નથી ગમતું.

વિજયા-ખરેખાત એ શબ્દ તો એવોજછે. પણ શું કરીયે, ઇશ્વરે આપ્યો ત્યારે જેમ તેમ સ્વીકાર્યા વિના છુટકો નથી.

સવિતા-ખરી વાત. પણ હવે તો બહુ વાર થઇ માટે જાઉં છું. રજા છે?

વિજયા-જાઉં છું કહીને રજા માગે છે, ત્યારે પછી હું માન ભંગ થવાને શું કામ ના પાડું. પણ બેન પાછી કાલે

આવજે હમણાં તો મને જરાએ નથી ગમતું.

સવિતા–ને મનેં તો ગમતું હશે. જાઉં છું.

વિજયા–હા જા બેન આવજે. (સવિતા જાય છે ને થોડી વાર પછી તખતસીંહને આવતો જોઇને) (મનમાં) અહો આજ ભાઇ ક્યાંથી?

તખત–બેન પીતાજીનો કાગળ આવ્યો છે, તે અત્યારે ચંદન બાગ જે અહીંથી બે ગાઊ ઉપરછે ત્યાં પધાર્યા હશે. બા તો ત્યાં ગયાં. ને આપણને તેડાવ્યાં છે માટે ચાલો.

વિજયા–એમ કેમ? પિતાજી તો બે દિવસ પછી આવનુ વાના હતા.

તખત–આ સાહેબની સાથે મડમ છે, તેને તમને તથા આપણું શેહેર જોવાનું મન થયુંછે. માટે આજ સહુ બાગમાં એકઠાં થાશું ને સવારે પાછાં આવશું.

વિજયા–ત્યારે હું મારી બગી જોડાવીને આવું છું.

તખત–ના કાંઇ કામ નથી. એ બાગમાં ઝાઝો બારાગ નહીં સમાય. ખાસ ગણતરીનાં ઘોડાંનુજ મોકલ્યુંછે, માટે આપણે એક બગીમાં જશું. ચાલો બહાર બગી તૈયાર છે.

વિજયા–ચાલો ભાઇ. (મનમાં) અજાયબી લાગેછે, ને વળી એનું મોં ગંધાય છે; માટે નિશામાં કહેતો હશે. (ચાસન) આ વાત નક્કી છે, તમે બરોબર બોલોછો?

તખત–અરે એમાં હું ખોટું શું કામ બોલું. કાંઈ ઘેલો તો નથી. તું વેહેમાઇશમાં. મેં દારૂ નથી પીધો.

વિજયા–ઠીક ત્યારે આ આવી. (બંને બહાર જઇ બગીમાં બેસે છે તથા ચાલતાં થાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ જારમતીનો મહેલ.

જારમતી તથા કુનિતી.

કુનિતી—મહારાજ પધાર્યા કે?

જારમતી—હા, ડાહ્યા ડમરા કરીને મોકલ્યા તો છે. પછી થાય તે ખરી.

કુનિતી—એતો તમારે ફતેહ સમજવી. આપણા નવા મહારાજ ઘણા હોંશીયાર અને બહાદુર છે.

જારમતી—તારી પારખમાં ફરક ન પડે. પણ મને તો જ્યારે એને પુરી કરી ક્ષેમ કુશળ પાછા આવે ત્યારે નિરાંત થાય.

કુનિતી—અરે એતો આવ્યા જાંણો, હરકત શી છે. પાપ ગયું, હવે ગમે તેમ કરો, કોઇ કાંઇ જોનારછે?

જારમતી—નિરભય પટા. હવે એ દારૂડીયાને ઘેલો બનાવ્યો કે આનંદ.

કુનિતી—હા એ ઠીકછે રોજ બને છે એટલે આપણે મન ધાર્યું થાયછે, એનામાં એ વ્યસન ભલે રહ્યું, નહીં તો આ બધું કરવામાં કબુલાતજ કેમ આપે.

જારમતી—દારૂ બુદ્ધિ ઘટાડી નાંખેછે, કાલે તેં ઠીક ટાપશી પુરી હો.

કુનિતી—મને તમારે કહેવું પડેજ નહિં.

જારમતી—એના મનમાં આપણું કહેવું બરાબર ઠસી ગયું, નહીં તો આ વાત માથે ન લે.

કુનિતી—વળી તમે અત્યારે પણ સારી પેઠ પાઇને મોકલ્યા એ ઠીક કર્યું. નહીં તો ત્યાં ગયા બાદ દયા લાવત.

જારમતી—પેલા મહારાજને આંહી બગી લાવવા કહ્યું છે, તે જાળવીને તેડી લાવશે. બગીવાળાને પણ ન કહ્યું એ ઠીક કર્યું કે નહીં?

કુનિતી–ઠીકરતો. બે કાને ખાલી વાત જાય એમાં શો માલ. પણ હવે થોડુ ઘણું ડોશીનું સાલ રહ્યું.

જારમતી–એ રાંડતો એના વિજોગથી રોઇરોઇનેજ મરી જશે.

કુનિતી–ખરૂં કહોછો, કારણ એને બહુજ પ્યાર હતો. ચાલો તે આજ પુરો થશે.

જારમતી–ને આપણો ખાર પૂરો થશે. રોજ રાંડ પડછા જોયા કરતી હતી.

કુનિતી–હા, ને વળી પોતે ચોખી હોવાને લીધે ફાવતી. નહીં તો જરાયે દાળમાં કાળું હોત, તો તો એવી ધધેડ ચડાવત કે નામ લેવું ભૂલી જાત.

જારમતી–પણ એવી નહોતી માટેજ આમ કરવું પડયું. ચાલો હવે સંતાપ મટયો.

કુનિતી–બધા ભવનો. હું બહાર ખબર કહાડવા બેસુંછું.

જારમતી–હા જા, ને જેવા આવે તેવા માંહે લઇ આવી ઘોડા પણ નીચે બંધાવી દેજે.

કુનિતી–મને કહેવું નહી પડ. (બને જુદાં પડેછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ વન.

વિજયાકુંવરી, નિર્દયશંકર, તખ્તસિંહ, અને પછીથી

કેટલાક સ્વારો.

વિજયાકુંવરી–(મનમાં.) અહો ઇશ્વર! ભાઈ સાથે કોઇ માણસ નથી, મારાં માણસને મેં બંગલો સાચવવા રાખ્યાં, ને એણેતો કોઇને બોલાવ્યું જ નહીં. આતો બાગનો રસ્તો એ ન હોય, આ બગીવાળો એ અજાણ્યોછે; માટે રખેને કાંઇ કપટ હોય! ભાઇને પુછુતો ખરી, જ્યાં સુધી એછે, ત્યાં સુધી કશી હરકત

નથી; કારણ ગમે તેવો તોએ માજણ્યો ભાઇ ને વળી પુરષછે. (ચાસન) ભાઇ, આપણે કેમ એકલાં છઇએ?

તખત-(નીશામાં) મોસેં સાચી કહેદો, નાહીં તો બીલમા. (ઇત્યાદી ગાયછે ને જવાબ નથી દેતો.)

વિજયા-અરે હાયહાય! આનેતો નીશો ચઢયો છે. હવે મારી શી દશા? આ બગીવાળો તો કશું ન સાંભળતાં દોડાવેજ જાયછે, અરેરે! આતો અઘોરવન આવ્યું! હે ઇશ્વર? આનો ખરો અર્થ શો હશે, તે કેમ સમજાતુ નથી. શું તું મારા ઉપર કોપાયમાન થયોછે? તારી ગરીબ બાળકીનો કાંઇ અપરાધ આવ્યોછે? કૃપા સાગરા! જો એમ હોય, તો પણ એક વખત આઘોર રાનમાંથી મારા મકાનમાં ક્ષેમ કુશળે પાછી મોકલ.

નિર્દયશંકર-(બગી ઉભી રાખી બારણું ઊઘાડીને) ચાલો નિચે ઊતરો.

વિજયા-કેમ અલ્યા, આંહીં શા સારૂ ઊતારે છે, ને તું કહોનો નોકરછે?

નિર્દય-હું જમપુરીમાં નોકર છું, ને તને પણ ત્યાં મોકલવી છે; માટે ઊતાવળ કર.

વિજયા-અરે દુષ્ટ તું આ શું બોલે છે. તું નથી જાણતો કે મારે માંથે મોટા મોટા સિંહો રક્ષણ કર્ત્તા છે? મોટા ભૂપનું પણ ગજું નથી કે મારો વાંકો વાળ કરી શકે. મૂર્ખ તારી મતી ફરીછે, માટે વિચાર કર. જો તને શણગાર જોતા હોય, તો લે હું ખુશીથી બધા તને આપું. પણ અરે, જો આ મારો ભાઈ ક્રોધમાં ભરાઇને બેઠોછે તે તારૂં કાટલું કાઢી નાંખશે. માટે છાનોમાનો ઘર તરફ ચાલ.

નિર્દય-હવે તો પરમેશ્વરના ઘર તરફ તને મોકલી હું પાછો જવાનો છું. ને આતો મુડદુંછે, માણુસજ નથી.

વિજયા-અરે મુર્ખ. તું મને મારીને ઘેર જઇશ, તો તારા

શા હાલ થશે તે તું જાણેછે? હું કોની પુત્રીછું એ વિશે તું અજાણ્યો હઇશ.

નિર્દય-ઝાઝી પંચાત જવાદે. હું જાણુંછું કે તું રાજપુત્રી છે. ચાલ મારી તલવાર ઉતાવળ કરેછે.

વિજયા-અરરરર? શું આ લોઢાની તલવાર તે મારી કોમળ દેહને લાયકછે? જો એણે ખુન કર્યાથી જેવી કાળાશ પકડીછે તેમ તારે પણ થવું પડશે, માટે હજી ભલો થા.

નિર્દય-એ ભક્ષવિના કાળી પડીછે. તે તારા લોહીમાં બો-ળાયાથી તેજદાર થશે.

વિજયા-શીવ, શીવ, શીવ!! હું કોની પુત્રી! અત્યારે શી હાલતમાં આવી પડીછું? હે ભવાની! આ દુષ્ટના દિલમાં દયાને મોકલ.

નિર્દય-હું તને એ દેવીનેજ અર્પણ કરવાનો છું. પાડા બકરાનો તો સહુ ભોગ આપે, પણ સુંદર વનમાં કોમળ કુમારીકાનો ભોગ આપીશ તો માતા વધુ પ્રસન થાશે; માટે ચાલ નીચે ઉતર.

વિજયા-અરેરે? શું વિશ્વમાં બધા અન્યાયીજ છે.

નિર્દય-જગતમાંતો ઘણાએ ન્યાયી હશે, પણ તેમાં મારે શું.

વિજયા-અહો પ્રાણનાથ? તમારી શી ગતી થશે હાયહાય, પ્યારના ઝટકા એવાતો સખત વાગશે, કે તમે ઘડી-ભર પણ આ બેવફા દુનીયામાં ન રહેતાં મને મળવાને દોડી આવશો? અલ્યાભાઇ, મારા લાડીલા પતીની ખાતર મને જવાદે, તેં પણ કોકથી પ્યાર બાંધ્યો હશે, તો જાણતો હઇશ કે વિખૂટાં પડે કેવું દુઃખ થાય છે.

નિર્દય-હા હું સારીપેઠે જાણુંછું ને પેટ તથા એ પ્યારની ખાતરજ આમ કરૂંછું.

વિજયા-હાય હાય! મારી ભાભીનાં મહેણાં શિવાય મેં દુઃખ નામ જોયું નથી ને તું તો આજ મારો દુઃખ-

માંજ છેડો આણવા બેઠોછે.

નિર્દય—ના હું નહીં, પણ એજ તારી ભાભી. તેના પ્યારની ખાતર મારે આ કરવું પડેછે.

વિજયા—અહો ઇશ્વર? શું જગતમાં અન્યાયજછે? ભાઇ તુંજ પરોક્ષ દાવે બોલ, કે મારો અનાથનો શો વાંક થવાથી એ મને આફતમાં ઝીકાવેછે.

નિર્દય—અત્યારે વાહીત દાવો નથી. મારી પ્રીયાનું કામ કરવાની મેં કબુલાત આપીછે માટે તૈયાર થા.

વિજયા—હાયહાય! આવાં દુષ્ટ કૃત્યો વિશે વધારે ન બોલીશ. અરેરે તને દયા નહીંજ આવે?

નિર્દય—મારૂં નામજ નિર્દય છે તે દયા શું કામ રાખું?

વિજયા—મારાં માબાપ રડી મરશે, અરે ભાઇ જો તું મને અત્યારે પાછી લેઇ જા તો તું જે માગે તે આપું ને ત્યાં કશી વાત ન કરવાને મોટી પ્રતિજ્ઞા કરૂં.

નિર્દય—(મનમાં) જીવડા એ તે કેમ બને હવે એના તરફ વધારે વાર જોયાથી દયા ફાવી જશે. (પ્રકાશ) અરે તું ઝટપટ નીચે ઉતર, નહીં તો તારો ભાઇ પણ તારી સાથે આવશે.

વિજયા—ગયો, શું મારા ઉપરજ તું તારી ક્રૂરતા વાપરવાનો છે? હે જગદીશ્વર! આ સંસાર અતિ વિચિત્ર છે, તેનો ખરો મર્મ તારા શિવાય કોઇ જાણી શકતું નથી."કૃપાસાગર"એ નામ કોણે પાડયું હશે? ખરેખાત મારો અતી મોટો અપરાધ તારી નજરમાં આવ્યો હશે. હે દેવાધિ દેવ? આ ક્ષણિક વિશ્વમાં જીવોને મોકલીને તારી મરજી પ્રમાણે સુખ દુઃખ ભોગવાવી પાછા બોલાવી લે છે, તે પ્રમાણે હું પણ આવેલી છું. મારા ઊપર તારા જે જે ઉપકાર થયાછે, તે કહેવા બેસે પાર આવે તેમ નથી. વળી તેનો બદલો વાળવાને બદલે કેટલીક વખત તારી મરજી વિરૂદ્ધ ચાલી, અપરાધી ઠરી છું.

તેને માટે આ સમયે હું ખરા દિલથી પસ્તાવો કરી માફી માગી લઊંછું.

નિર્દય-અરે હવે એતો માફજછે. ચાલ નિચે ઊતર નહીંતો હાથ પકડીને ખેંચી કાઢું છું.

વિજયા-(ઈશ્વર સ્મરણ કરતાં નિચે ઉતરેછે, ત્યાં કેટલાક ઘોડાના પડઘા સંભળાયાથી) લે દુષ્ટ, મારે સારૂ મદદ આવી પહોચી. હવે તું જીવતો જવાનો નથી.

નિર્દય-(સ્વારો આવતા હોય એમ આભાસ લાગવાથી) અહિં જરાએ ઠેરવામાં માલ નથી. (બગી ઉપર ચઢી જઇ સપાટાબંધ દોડાવી જાય છે, ત્યાં કેટલાક સ્વારો પ્રવેશ કરે છે.)

માનસિંહ-અલ્યા બાદર, પેલું સેદું કોણ બોલે સે.

બાદર-બાવા, એતો કાંક બોળોસે. આપણે શું કામ પુસવું પડે.

માનસિંહ-અરે એતો કોક દખનું માર્યું બૂમો પાડેસે. માટે હાલહ્મા, આપણા બીજા અહવારો ક્યાંસે.

બાદર-ઠાકોર, એતો દેવી સે, માટે બોલાયામાં માલ નહીં કાઢીયે; વળી આ રાજાની શેમમાં સોકી ખૂબ રહે છે. માટે ખોટી થવામાંએ ઠીક નહીં પડે.

માનસિંહ-(વિજયાની પાસે જઇને) બાઇ તું કોણ સે ને આંહી ચમ ઊભી સે.

વિજયા-ભાઇ હું વખાનું માર્યું માણસ છું. એક દુષ્ટ મને ફોસલાવી આંહી મુકીને નાશી ગયો, માટે મુજ ગરીબની વહાર કરો તો સારૂં.

માનસિંહ-અલ્યા બાદરા, ચ્યમ ડરેસે, આને તારા ઘોડાપર બેહવાદે, તું ચેડેચેડે આવજે. આજે કાંઇ લુટ નથી કરી કે પગેરૂં આવે.

બાદર-આ આયા રણમલ અને પચાંણજી. (બે જણ પ્રવેશ કરે છે.)

માનસિંહ-અલ્યા પચાંણ, આ જોતો ખરો, એંદર રાજાના ઘરની અપસરા જેવી અસતરીને આ વગડામાં કોક મેલીને નાહી ગયું.

પચાંણ-ભેગી લેવી હોય તો હેંડો ઝટપટ. આ હદમાં ઉભા ન રહો. અહીંના પોલશવાળા બહુ હોશીયાર છે; તે રાતદી ફર્યા કરેછે.

રણમલ-હવે જાવાદ્યોને, એની વાંહે વળી કાંક લપ હશે; તો હેરાન થાશું.

માનસિંહ-પરભુ પરભુ કરો. એમતે શું નામરદા સીયે, આજને આજ પરોઢ સુધી આપણે ગામ જતા રેહેશું, બાઈ આ ઘોડાપર બેશીજા, અમારે અહુર થાયસે.

વિજયા-ભાઈ તમે મને કયાં લઇ જશો?

માનસિંહ-ફકર ન રાખીશ, અમે તને સખી કરશું.

વિજયા-પછી મને દઓ દ્યોતો હું પરદેશમાં શું કરૂં! મુજ ગરીબ પર દયા રાખજો હું તમારી ધરમની બેન છું.

માનસિંહ-હા બેન હા. તું મારી ડીચરી સે. હાલ્ય તને તારે ગામ અમે મેલવા આવશું પસે કાંઇ!

વિજયા-(ઘોડાપર સ્વાર થઇને) હે ઇશ્વર! અત્યારે તેં જે આભાર કર્યો તે વિચારી શકાય એવો નથી. ખરે ખાત મરતેમરતેજ બચાવી. નહીંતો આ લોક અકસ્માત ક્યાંથી આવી ચઢે, એમની આગળ ખરૂં નામ દઉં ને કદાચ 'માંહેથી ત્રીજુ તાન જાગે તો હેરાન થાઉં', માટે હાલતો જે આવી તે ભાગવું.

પચાણ-રણમલ. ઠાકોરમાં આ મોટો અવગણ સે. જેની તેની દયા લાવેસે, પણ યાદ રાખજો કે કોક રીના એવા ખરાબ થાશો કે વાત નહીં.

માનસિહ-ભાઇ તમને જવાનીયાને શી માલમ. એના ધરમને લીધેતો ખાંની રહીસે. નેકર પટેલાત કરવી ને ધાડ કરવી એ ત થાયકે?

રણમલ—કાંઇ એમતો કહેશોમાં, આપણા ફોજદારને રાજી ન રાખો ને પગીને પણ ફોડી ન રાખોતો ખબર પડે.

પચાંણ—ખરું કહેસો. આતો પગ પાધરમાં આવે કે પગી જેમ તેમ શેમમાંથી કાઢીદે, ને બોલે નહીં; વળે આપણા ગામોનો મેતો પણ ભલો તે પાંચ રૂપીયા લઇને પણ બોલતો નથી.

રણમલ—હા, નેકર એતો ઘણીવાર જાણસે કે સોરીનો માલ ફલાણાના ઘરમાંસે. પણ શાતદી એને શું કે થાંણાના સપાઇને શું, આપણાથી કામ, એટલે ના બોલે.

પચાંણ—ભાઇ થાણાના મીયાંતો બધાએ ઠીકસે, આપણા ગામમાં પરમદી સોરી થઇ, તેમાં મીયો ઉઠયોતો, ને ચેડ જયોતો.

માનસીંહ—અરે હમણાં દહદી ઉપર એક મીયાં લોટ જવા જયાતા ત્યાં પેલા પખલાથી ચીભડાં લેતાં તકરાર થઇ, તાણે લોટાને તલવાર એણે પડાવી લીધાંતાં, તે મેં પાસાં અલાવ્યાં.

પચાંણ—બાપા એતો રાજ એવાંજ હોય, ચેટલીવાર કોઇ માલ પકડાય એમ હોય તો આપણને ખસેડવા એ કહેછે.

રણમલ—ભાઇ આમતો કાલ સાંજ સોરા પોંચશું. નેકરં જરા દાબીને ઘોડાં હાકો.

માનસીંહ—હા હાલો આપણે રાજની પંસાત શું કામ કરીયે.

વિજયા—(મનમાં)અરેરે? મારા પ્રાણનાથ, માબાપ, સવિતા વગરે જયારે એમ જાણશેકે, વિજયા ગેબ થઇ ગઇ; ત્યારે એમને કેવું લાગશે? પેલાં દુષ્ટોએ તો એવો પ્રપંચ રચ્યો હશે કે કોઇને ખબર નહીં પડે; પણ “પાપનો ઘડો ભરાયાથી ફુટશેજ.” એમને પણ એ કૃત્યોનો બદલો વેળાસર મળશેજ.

મારે હવે ઠેકાણે પડ્યું કે તુરત ખબર દેવી જોઇએ ભલા માતાજી માતાજી, થાયતે ખરી. (કુંવારો સાથે ચાલી જાય છે ને તેમાના મુખી માનસીંહના ઘરમાં ઊતરી ત્યાં રહેછે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ રાણીનો મહેલ.

ભાનુમતી–સવિતા-જમનાં-ને પછીથી કેસરીસીંહ વગેરે.

ભાનુમતી-(સવિતાને આવતી જોઇને) આવો વેવણ, બહુ દહાડે ઝબક્યાં.

સવિતા-માજી, આપ પણ શું આખો દહાડો મશ્કરી કરોછો. મને એ સગપણ નથી ગમતું. કાંઇ બેન તથા આપના સગપણ કરતાં એ વધે ?

ભાનુમતી-તું જાણે બેન, આજના વખતમાં તો પિયર કરતાં સાસરાનું સગું વધારે વહાલું લાગેછે.

સવિતા-તે લોકોમાં રીવાજ ચાલતો હશે, પણ મારે માટે નહીં.

ભાનુમતી-ક્યાંથી, બેન પાસેથી આવી!

સવિતા-ના હું તો ઘેરથી ચાલી આવું છું.

ભાનુમતી-ત્યારે ભલા એ હજી સુધી મારી પાસે કેમ નથી આવી? અલી દાશી ખબર કહાડને બેન શું કરેછે.

(દાશી જાયછે તથા થોડી વાર પછી આવેછે.)

દાસી-બાઇ સાહેબ, બેન તો મહેલમાં નથી ને એમની દાસી કહે કે એતો રાતનાં માજી પાસે ગયાંછે.

ભાનુમતી-શું બેન મહેલમાં નથી? બોલાવ્ય એની દાશીને? (તે આવેછે એટલે) કેમ અલી બેન ક્યાંછે?

જમનાં-માજી કાલસાંઝે હું મહાદેવ ગઇ ત્યારે સવિતા

બેન પણ બેઠાં હતાં. તે વખત પોતે એમ કેહેતાં હતાં કે આજ માજી પાસે સુઈરહીશ, એટલે હું મારે આ વીને પુછ પરછ કર્યા વિના છાની માની સુઈગઇ હતી. હમણાં બીજી દાશીતો માંદીછે તે આવતીજ નથી.

ભાનુમતી–આતે તું શું બોલેછે? ત્યારે એ ક્યાં ગઇ? મેતો રાતની જોઇજ નથી. કેમ સવિતા તને કાંઇ ખબર છે?

સવિતા–માજી મને તો કશી ખબર નથી. હું તો કાલે સાંજે એમનાથી જૂદી પડી બાદ મળીજ નથી.

ભાનુમતી–સાચે સાચુ કહેને, તને કાંઇ ખબરછે કે એ ક્યાં ગઈ; તારી આગળ તો બધી વાતો કરે છે.

સવિતા–ના માજી ના, મારા જીવના સમ જો મને કાંઈ ખબર હોય તો. હાયહાય, એમ શું હું કાંઈ મુર્ખ છું તે આપનાથી કાંઇ હોય તો છાનું રાખું.

(ડંકાનો અવાજ સંભળાય છે.)

ભાનુમતી–જા દાશી; મહારાજ પધાર્યા, તે કહે કે સહુ સ્વારોને રોકજો, બેન ક્યાંક જતી રહી છે.

દાશી–આ ચાલી–(એકદમ રાજા પાસે જઇને) મહારાજ, બેનબા કાલ સાંજનાં ક્યાંક ગયાં છે, તે પછી પત્તો નથી, માટે સ્વારોને રોકવાનું રાણી સાહેબે કહ્યુંછે.

કેસરીસીંહ–તું શું બોલેછે, બેન ક્યાં જાય? ચાલ્ય હું આવુંછું. ગુણવંતરાય? સહુને રોકજો. (રાજા મહેલમાં જાયછે.)

કેસરીસીંહ–કેમ પ્યારી, બેન ક્યાં છે?

ભાનુમતી–(એકદમ રોઇ પડીને) મહારાજ, કાલ સાંઝની મારી પાસે તો આવીજ નહોતી, તે અત્યારમાં સવિતા આવી તેથી એને બોલાવવા મોકલી, તો જમનાએ આવીને કહ્યું કે મને પણ ખબર નથી; ને સવિતા તો હમણાંજ આવી. આપ કાંક તજવીજ કરો, મારી વહાલીનું મોં વેળાસર દેખું તો મને નિરાંત થાય.

કેસરી–જા દાશી ગુણવંતને બોલાવી લાવ. (ગુણવંતરાય

માંહે આવે છે એટલે) બેન કાલ સાંઝથી ક્યાં ગઇ તે ખબર નથી, માટે સહુ સ્વારોને એકદમ જૂદી જૂદી દિશામાં મોકલી દ્યો, ને તમે પણ તજવીજ કરો. આતે કેવો ગજબ ને શું કહેવાય! મને તો કાંઇ સમઝાતું નથી.

ગુણવંત–પૃથ્વીનાથ, બહુ અજાયબી છે; પણ હાલ ખોટી થવાનો વખત નથી. હું જાઊં છું ને હુકમ અમલમાં લાવું છું. (તે જાય છે.)

કેસરી–હા ભાઇ જા, પ્રભુ તને સહાય કરે ને મારી જીવન-દોરી મળે. અરે પણ આતો વિચાર કરે કાંઈ બંધ બેસતું નથી. એ શું કામ નાશી જાય, એને શું દુઃખ હતું.

સવિતા–મહારાજ, એમને કાંઈ દુઃખ નહોતું, પણ કદી કોક દાઇ દુશમને કાંઇ કપટ રચ્યું હોય તો પ્રભુ જાણે.

કેસરી–એને દુશમન પણ કોણ હોય. અરેરે! મારી લાડકી એવી મીઠી હતી કે કોઇની આંખમાં નહોતી ખટકતી. હવે તો મારાથી પણ ધીરજ રહેતી નથી. વિચાર કરૂં છું તેમ કાળજું ભરાતું જાય છે.

ભાનુમતી–વળી દુશ્મન તો એકજ છે તો, પણ આપને સાચું નહીં ભાસે. એ તરફ વિચારતાં મને પણ ફક્ત ત્યાંજ શક જાય છે.

કેસરી–ભલા જાણે, વહેમાવાનું તો એ એકજ ઠેકાણું છે; પણ એની શક્તિ કેટલી.

સવિતા–મહારાજ, શક્તિનું તો બોલશો નહીં. હીણું કામ કરનારમાં ઘણા બુટા ઊઠાવવાની કળા ભરેલી હોયછે.

કેસરી–પણ હવે તેની તજવીજ કરવી જોઇએ કે નહીં? ભાઈ ક્યાં છે?

જમનાં–મહારાજ, કુંવર સાહેબે તો ખૂબ દારૂ પીધો હતો, ને એમના મીત્રો પણ આંહી આવેલ તે મહેલમાં મારીને બધું ધમસાણ કરી મેલ્યું છે.

કેસરી-આ તું ક્યારની વાત કરે છે, ને એના મીત્રો ક્યાંછે?

જમનાં-મહારાજ, કાલ તથા પરમદીના બપોરની. એમના મીત્ર તો પોલીસ ચોકીમાં છે.

ભાનુમતી-અરે પણ સાંજ સુધી તો સવિતાએ ને તેં પણ જોયેલ છે.

કેસરી-સવિતા, તે વખત એ કશી ઉદાશીમાં હતી, કે કોઇ બીજી બાબત વિશે વાત કરતી હતી?

સવિતા-ના મહારાજ, આનંદમાં હતાં; ને વાતો પણ સ્વભાવીક કરતાં હતાં. વળી મને આજે આવવાની ખાસ ભલામણ કરી હતી તેથી હું અત્યારમાં આવીછું.

કેસરી-ત્યારે એનાથી કાંઇ થયું નથી. કોક દુષ્ટેજ ઘાણ વાળ્યો છે.

ભાનુમતી-જુઓને, તમારા લાડકવાયા તો મસ્તાન થઇને પડયા હતા. પછી કરનારને ફાવ્યુંજ હશે તો. (તખતસીંહ આવેછે.)

તખતસીંહ-માજી, બેન ક્યાં ગઇ ને આ બધી શી ગડબડ થઇ રહીછે?

કેસરીસીંહ-અદયા પલીત, કાલે પાછું એ લોકોને ભેળા કરીને તોફાન મચાવ્યું હતું કે? જો માંહેથી ફળ નીકળ્યું તે. કાલ સાંઝે તું ક્યાં હતો?

તખતસીંહ-(ઊતરી ગયેલે ચહેરે) તબીયત સુસ્ત હતી, તે મહેલમાં સુઇ રહ્યો હતો.

કેસરીસીંહ-બેભાન પડયો હતો કહેને. ચંડાળ? મારે પેટે તું ક્યાંથી આવ્યો. ફટછે તને! તારા દેખતાં બેન ગેબ થઇ પણ કશી ખબરજ નથી.

ભાનુમતી-એતો નીશામાં ઘેલા થઇને પડ્યા હશે, તે શાની ખબર પડે.

કેસરીસીંહ-અરે પણ હવે તે તજવીજ ક્યાં કરવી ને શું કરવું. હે ઇશ્વર, સહાય થા, ને મારી અબળા પુત્રીને ઝટ મેળવ, અરેરે રસ્તામાં એમ જાણતો કે

ઘેર જઈશ એટલે તુરત એનું મો જોઈશ, પણ ઇશ્વર શું ધારતો હશે.

ભાનુમતી—અરેરે! મને તો એમ થાયછે કે જાણે મરી જાઊં, હાય હાય, શો ઈલાજ કરીયે ને ક્યાં જઈએ! મનેતો બધો આધાર ને ગમત એનીજ હતી. એ મારા પ્રાણ તું ક્યાંહી અથડતી હઈશ.

કેસરીસીંહ—છોકરાં તરફથી મને એને લીધેજ સંતોષ હતો કેમકે આતો માલ વિનાનાછે.

સવિતા—માહારાજ, આપ થાક્યા હાર્યાછો, માટે કમર છોડો ને થાળ જમો. પ્રભુ સારૂં કરશે, શું કરીયે આપણા નસીબમાં એમનો વિયોગ માંડયો હશે. અરેરે, એ બીચારીને પહેલી કશી ખબર નહીં પડી હોય, નહાતો મને પ્રાણ ગયે પણ કહ્યા વીના ન રહે. (રોવા માંડેછે.)

કેસરીસીંહ—બાપુ, આથી માંદી પડી ને મરી ગઇ હોતતો આટલું ન થાત. પણ આતો એ ક્યાંહી પીડાતી હશે, ને આપણે આંહી સુખમાં બેઠાં છઈએ. બળો એ સુખ. (રૂવેછે).

જમનાં—મહારાજ આપ જ્ઞાની થઇને આમ શું હીમત હારી જાઓછો. હોય સંસારછે. સુખ દુ:ખ ચાલ્યાં જાયછે.

श्लोक.

गतेशोकंनकर्तव्यो भाविष्यनैवचिंतयेत्
वर्तमानेनकालेन प्रवर्त्तन्तोविचक्षणाः १

વખતે માણસ મરી જાયછે તોપણ શું કરીયે છીએ, તો આતો આશાછે. પ્રભુ કાલે મેળવશે. ગભરાયાથી તેમને ખોળવાની તદબીર પણ નહીં સુઝે.

સવિતા—માજી હુંતો હવે જાઊંછું. મારાથીતો રોયુ નથી રહેવાતું; ઘેરજઇને ખૂબ રોઇશ, તોએ જ્યાં સુધી મારૂં

કાળજુ મને નહી મળે ત્યાં સુધી સુખી થવાની નથી.

ભાનુમતી—જા બેન, શું કરીયે સંસારનો મોહજ એવો છે, નહીં તો અમને તો લાગે પણ તને આટલું શું કામ થાય.

કેસરીસીંહ—અરે બેન તો આપણા કરતાં પણ વધારે ચાહતી હતી જા બેન. (સાવતા જાય છે.)

ભાનુમતી—ત્યારે મહારાજ, આપ પણ કમર છોડો. દસ ગાઉથી પધાર્યા છો તે થાકી ગયા હશો.

કેસરીસીંહ—હા, પણ તે તો કર્યા વિના છૂટકો છે? એ જીવતી હશે તો પત્તો લાગશે, નહીં તો ગયતો છેજ

(રાજા જમવા ઊઠે છે તેની સાથે સહુ જાયછે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ હીંમતસીંહનો બંગલો.

હીમતસીંહ એકલો ને પછીથી ગુણવંતરાય.

હિમતસીંહ—(એકલો) મનહર છંદ.

વારંવાર કરી પ્યાર, પ્રાણને રીઝાવનાર
પ્યાર ન લગાર ધારનાર કદી ચિત્તમાં;
રતી ને લજાવનાર, કામ ને જગાવનાર,
હેત દરશાવનાર, રાત દિન પ્રીતમાં;
સુખ કરનાર હરનાર દુઃખ દિલ તણું,
પ્રિય વદનાર રાજી સદા મુજ હિતમાં;
પ્રાણ થકી પ્યારી પ્રીયા મારી એકદમ આજ,
ગઇ ક્યાં, મુકીને મને ગતિ વિપરીતમાં. ૧
મન હરનારી વશ કરનારી પ્યારી મારી,
મુજને વિસારી આજ એકલી ગઇ કહીં;

પ્રેમથી બોલાવ આવ ચિત્તને રીઝાવ ઝટ,
નહીં'તો બચાવ આજ પ્રાણનો થશે નહીં;
અંન નહી ખાઉં, રાગ રાગણી ન ગાઉં વળી,
અતિ અકળાઉં, કર શાન્ત આવીને અહીં;
સુનો મેલ ખાવા ધાય, વખત કેમ જાય અરે,
તારા વિના પ્યારી અતી પીડીત છઉં સહી. ૨

ભુજંગી છંદ.

અહો પ્રાણ પ્યારી સદા હેતકારી,
મને કેમ તેં આજ દીધો વિસારી;
ગઇ એકલીને કર્યો મેલ ખાલી,
હવે ભેટશું ફેર કયારે વહાલી. ૧
મધુરા સ્વરોથી ગીતો ખુબ ગાતી,
તદા ચિત્ત માંહે ખુશી કેવી થાતી;
નહીં સાંભળું શું હું વાણી રસાળી?
હવે ભેટશું ફેર કયારે વહાલી. ૨
કરૂં ગુપ્ત વાતો હવે કોની પાસે,
વદું કોની સાથે હું વાણી ઉલાસે;
થઇ તું વિના જીભડી મુજ કાલી,
હવે ભેટશું ફેર કયારે વહાલી. ૩
અરે મેલમાં એકલો કેમ બેસું,
"પધારો" હવેતો નહીં કો કહેશું!
થઇ સેજડી તું વિના મુજ ખાલી,
હવે ભેટશું ફેર કયારે વહાલી. ૪
અરે કામનો તાપ હું કેમ સાખું,
થતી વેદના કોની પાસેજ ભાખું;
વિયોગે ખરે નાંખીયો હર્ષ બાળી,
હવે ભેટશું ફેર કયારે વહાલી. ૫
કદી જાણતો તું દગો દેશ આવો,
ન લેતો કરીને વિવા ખૂબ લ્હાવા;

અરે તેં ખરે મોહની મારી પાળી,
હવે ભેટશું ફેર ક્યારે વહાલી. ૬
કદી કેમ તેં વેણુ લોપ્યું ન મારૂં,
કરી યાદ તે દાશ આજે વિસારૂં;
સદા કેમ આજ્ઞા પ્રમાણેજ ચાલી?
હવે ભેટશું ફેર ક્યારે વહાલી. ૭
નહીં તુ વિના કોઇની સાથ લાકું,
મળે જો નતું પ્રાણને નકી પાકું;
નહી ઇશ શું નાંખશે દુઃખ ટાળી?
હવે ભેટશું ફેર ક્યારે વહાલી. ૮
નહીં અન્યને ચાહું તું વિણ લેશે,
કરૂં વિનતી ઈશ પાસે હમેશે;
"કરીને કૃપા મેળવી દે કૃપાળી,"
હવે ભેટશું ફેર ક્યારે વહાલી. ૯

રાગ વસંત.

હાયે પ્યારી તણો શું થયો વિયોગ,
આતે કીયા કરમના લાગ્યા ભોગ. હાયે પ્યારી. ટેક.
મુકી ચાલી તજી મહેલ માળ ગોખ,
નાંખ્યો શીર પર મારા પુર્ણ શોક;
જાણે રોઊં અરે હું મુકીને પોક,
પણ લાજું કહે મને મૂર્ખ લોક. હાયે પ્યારી. ૧
ભાઇ ચિત્તે દયા મુજ આણી કોક,
શોધી કહાડયો પ્રીયા કાંઇ કરીને મોખ;
હાયે થાશે નહીં શું હવે સંજોગ?
ક્યારે મટશે ચીતથી કામ રોગ. હાયે પ્યારી. ૨
પ્યારી તું વિણુ પાળુંછું હું શોગ,
જેમ લીધો હોય કોઇ દુઃખીયે જોગ;
નહીં ફળ શું મળેને તે થાશે ફોક?
વહારે ધાઓ હવે તો પુણ્ય શ્લોક. હાયે પ્યારી. ૩
(ગુણવંતરાય પ્રવેશ કરેછે.)

ગુણવંતરાય-ભાઈ તબીયત કેમછે!

હિંમતસીંહ-જાણ્યા છતાં શું પુછો છો. કેમ તમે શું કરી આવ્યા!

ગુણવંતરાય-ક્યાંહી પત્તો લાગતો નથી. ફક્ત કાલ સાંઝે કુંવરની બગી નીકળી હતી. તે તો દાશી કહે છે કે, "હું તખતસીંહ સાથે બાગમાં ગઇ હતી."

હીમતસીંહ-ત્યાં કાંક શંકા જેવુંછે ખરૂં.

ગુણવંત-મને પણ ઘેરથી એમ ખબર મળીછે કે જે થયું છે તે એની ભાભીથી થયુંછે. કાંઇ ફિકર ન રાખો, હમણાં બધો પત્તો મેળવી આપું છું.

હીમતસીંહ-ભાઈ, હાથમાં આવેલ હરણી છુટી ગઇછે, તે અફસોસ કેમ ન થાય!

માલીની વૃત્ત.

શુભ ધરી ચિત આશા, હું ચડયો અશ્વ માંયે;
મુજ જીવ સમ બંધુ, મેં લીધો ત્યાંહ સાથે;
બહુ ઝડપથી દોડી, નગ્રને છોડયું વાંસે,
તવ અતીશય બારા, તું હતો એક પાસે. ૧
નિયમીત ચિત્ત માંહે, જ્યાં જવાનું ચહેલું,
ભયભીત નહીં આવે, હર્ણ દીઠું પહેલું;
અતિ ચપળ સુમીત્રે, હર્ષથી તે બતાવ્યું,
સજ થઇ તીર સાધ્યું, દ્રષ્ટીયે જ્યાંહ આવ્યું. ૨
ખુબસુરત ઘણી તે, હાય હર્ણી હતી રે,
તુરત પકડવાની, વાધી વૃત્તી અતીરે;
તદબીર સહુ સાથે, નીર ફેંક્યું જ રોરી,
ઝટપટ જઇને તે, છાતીમાં વાગ્યું જોરી. ૩
ભયભીત થઈ ઉભી, ના શકી તેહ નાશી,
કરી કબજ જઈ મેં, મોહની નાંખી ફાંસી,
અતિ ભમિત થઇને, આખરે તેહ પાડી,
મદદ કરી સુ-ભ્રાતે, સાંભરે ચિત્ત દાડી. ૪

ઘડી સુખ થકી બેશી, થાક મેં ત્યાં ઉતાર્યો,
નગર લઇ જવાનો, તર્ક તો ઉર ધાર્યો;
અચબુચ ચમકીને, હર્ણી ગઇ તે વછૂટી,
તવ મુજ પ્રિય ભાઇ, હું રહ્યો માથું કૂટી. ૫

ગુણવંત–ઘાયલ છે તે બહુ નાશી નહી શકે, માટે આપણે તજવીજ કરીયે છીયે. તેમાં ઇશ્વર કૃપાથી વેળાસર પાર પડીશું.

હિમત–ભાઇ એના કરતાં હું વધારે ઘાયલ થયેલ છું.

ગુણવંત–એમાં શો શક. સાચો ખારજ એવોછે.

હિમત–વીચાર કરતાં એમ સમજાય છે કે, એ પંડે કાંક દગાથીજ ફસાઇ પડી હશે.

ગુણવંત–ખરેખર એમજ થયેલ હશે. જુઓને થોડા દહાડામાં મૂળ શોધી કહાડી બધો પત્તો મેળવી આપીશ.

હિમત–તમારો ભરોંસોજછે. યાર મનેતો હવે આ મહેલમાં નથી ગમતું, માટે ક્યાંહી બહાર જઇયે તો ઠીક.

ગુણવંત–ચાલો સરકાર લાયબ્રેરીમાં. ત્યાં જુદા જુદા વિષયો ઉપર દીલ દોડથી કાંક શાન્તતા વળશે.

હિમત–હા ભાઇ ચાલો. (બને જાયછે.)

प्रवेश ९ मो.

સ્થળ આરામપુર નામનું ગામડું.

જાલમસીંહ––ભોગીલાલ––અને પછીથી અંબાલાલ.

જાલમસીંહ–કેમ ભોગીલાલ? આ વખતે આપણને પ્રગણામાં ઠીક ગંમત પડેછે.

ભોગીલાલ–પિતાજી ભેળા આવ્યા હોત, તો કાંઇ ન થાત.

જાલમસીંહ–ખઇ કહોછો આપણે તમારી સલાહ પ્રમાણે ચાલીયે છીયે તેથી આનંદ થાયછે,

એકસીપાઇ-ગરીબ પરવર, ઇસ ગામમેં અબી એક રંડી પટેલ કહીંસેં લે આયાહૈ, સો કયા અછી હૈ. સુબાન અલ્લાહ. ઇસકે અગાડી પરીબી કયા ગીનતીમેં.

ભોગીલાલ-હા સાહેબ. કાલે મેં પણ એને જોઇ ત્યારથી હુંતો ઘેલોજ બની ગયોછું, મારૂંતો અભિમાન ઊતરી ગયું કે આપણુને શું રૂપાળી સ્ત્રી મળશે.

જાલમ-બહુ રૂપાળીછે હૈં? અહીંના પટેલની એ છોકરીછે?

સીપાઇ-નહીં સાહેબ. ઓતો કહીંસે આઇહૈ. મગર મેનેતો ઊમર ભરમેં એસી કહીં નહીં દેખી, કયખૂબ સુરતી ઓર છટા, બસ અલ્લાહી અલ્લા. કહેસે ન બને. હુરકા બચ્ચાજ દેખલો.

ભોગીલાલ-આપની નજરે પડેતો પરણ્યા વિના ન રહો. કારણ એના જેવી સો સો ગાઊમાં મળવી મુશ્કેલછે.

જાલમ-યાર ત્યારે કેમે કરીને આજને આજ મેળવતો ઠીક. કેમકે કાલતો પછી પીતાજી આંહી આવવાનાછે. પણ શી તદબીર લગાવશું?

ભોગીલાલ-તેની ફિકર ન રાખશો. હું મુત્સદી છઊં. આ ગામનો ફોજદાર ફકડનેં મારો દોસ્તછે, માટે તેની મારફત કરશું.

જાલમ-ત્યારે એને બોલાવું? જરા લાલચ દઇશું તો મદદ કરશે.

ભોગીલાલ-હા. જાઓ મીયાં એને એકલાને આંહી તેડી લાવો. (સીપાઇ જાયછે.)

સાહેબ, પટેલના ઘરમાં એ સ્ત્રીછે, ને પટેલની છોકરી મારી તથા ફોજદારની ઓળખીતીછે માટે તેની મારફત જોગ ગોઠવશું. (અંબાલાલ પ્રવેશ કરેછે.)

અંબાલાલ-શો હુકમછે પૃથ્વીનાથ?

જાલમ-ભોગીલાલ, એને વાકેફ કરો, પણ જો જો, વાતની ઘણી ફાટાફુટ ન થાય,

ભોગીલાલ-એ તે વાતછે. ફોજદાર સાહેબ, આપનું એક કામ પડયુંછે, તે મદદ કરો તો કહું.

અંબાલાલ-હાજર સાહેબ. આપને ક્યારે ના પાડુંછું. આપ વડે તો મુળગો હું નભુંછું, નહીં તો મને શું આવડેછે.

ભોગીલાલ-તમે પટેલને ઘેર જે નવી સ્ત્રી આવીને રહીછે, તેને ઓળખોછો?

અંબાલાલ-એને જોઇતો છે, પણ વાતચીત નથી કરી; બાકી એના શા ભારછે.

ભોગીલાલ-બસ ત્યારે બની શકે તો એ કામછે. તમારી મહેનતનો બદલો વાળી આપશું.

અંબાલાલ-અરે સાહેબ, તમારો ભરોંસોજછે. બાકી આતો મરજી હોયતો આજને આજ મેળવી દઉં.

ભોગીલાલ-આજને આજ શીરીતે મેળવશો, કાંઇ યુક્તિ ખોળીછે?

અંબાલાલ-ત્યારે આજતો નહીં. પણ કાલે એ જે વખતે ખેતરમાં ભાત આપવાને જાય, તે વખત તમે પણ જાઓ તો જોગ બને, હું આગળથી ગોઠવણ કરી રાખીશ.

જાલમ-ફોજદાર, તમે પણ ઠીક જણાઓ છો. હું તમારી રીતને ચાહુંછું.

ભોગીલાલ-કાલ સવારમાં તમે ઇશારો કરાવશો તે વખત અમે બે છાનામાના ઘોડા ઊપર બેશી નીકળી પડશું, તે આ ગામથી ગાઉ દુર તળાવછે ત્યાં જશું; માટે ત્યાં મોકલજો.

અંબાલાલ-તો એ ઠીક પણ ખરચી જોઇએ.

જાલમ-લ્યો આ પંદર રૂપીયા. (રૂપીયા ધરેછે.) વધારે જોઇએ તો આપું.

અંબાલાલ-(લઇને) બસ સાહેબ. આમાં કાંઈ મને મળવાનું નથી.

જાલમ-હું જાણુંછું. કાલ સાંઝે પીતાજી આવવાનાછે,

તેમની આગળ તમારાં વખાણ કરી પગાર વધરાવી આપીશ.

અંબાલાલ-સાહેબ, આપનો ભરોંસો છે. ને બાકી આપને ખરી મદદ તો આ ભાઇનીછે.

જાલમ-તેમાં તો હું એને મારી પાસે રાખુંછું, ને બીજું કાંઇ કામ કરવા નથી દેતો.

ભોગીલાલ-સાહેબ અમારે નોકરને તો જે ધણી ફરમાવે તે કામ કરવું જોઇએ.

જાલમ-નહીં. દીલથી મેહેનત લેવાની વાત ઓરછે. જુઓને આ વિશે કેવો ડોળ કરી આપ્યો.

અંબાલાલ-કાલ પિતાજી પધારવાનાછે તેથી મારે બહુ કામછે માટે રજા માગુંછું. કાલે આપ જરૂર નવ વાગે જજો.

જાલમ-હા જાઓ, (અંબાલાલ જાયછે) યાર તુંપણ ક્યાં ક્યાં લાકડાં લગાવતો ફરેછે. આને ક્યાંથી ઓળખે?

ભોગીલાલ-એતો મારી નાતનોછે ને ખરેખરો રોકીછે.

જાલમ-યાર એ યુક્તિ તને ખૂબ આવડેછે. દખીતો ગરીબ જેવો પુરી વાત કરતાં નથી આવડતી પણ આમ જુઓ તો પૂરો પહોચેલો.

ભોગીલાલ-સાહેબ ગમે તેવો છું, પણ આપનું કામ બરોબર કરૂંછું.

જાલમ-હું પસંદ કરૂંછું, ને એટલા સારૂ તો તને પાસે રાખુંછું.

ભોગીલાલ-હવે હું પણ સાહેબ જમવાનો વખત થયો છે માટે જાઊંછું.

જાલમ-હા જા પણ પાછો વેહેલો આવજે (બંને જુદા પડેછે)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ માનસંગ પટેલનું ઘર.

વિજયાકુંવરી તથા પછીથી રૂપાળીબા.

વિજયકુંવરી-(એકલી) "વેદરભી વનમાં વલવલે" એ રાગ.

જગ કરતા આ શું કર્યું, નવ કેમ કળાય;
કટક ચઢયું કીડી ઉપરે, એતે કેમ ખમાય. જગ૦ ૧
હું છઊં કોની બેટડી, આજે બેઠી કયાંહીં;
ધારે નહીં કોઇ સ્વપ્નમાં, આવી રહીશ હું આંહી. જગ૦ ૨
રહેવા હતા અતીશોભતા, ખાસા બંગલા મહેલ;
આજે વસવું ઝુંપડે, તે પણ છે મુશકેલ, જગ૦ ૩
સુંદર પકવાનો બહુ, જમતી હું હંમેશ;
તે આજે ખાઊં પારકી, ખાટી છાશને ઘેંશ. જગ૦ ૪
બેશી બગીને ગાડીએ, જાતી બાગની માંહીં;
ભટકીને થાકી જાઊં છું, ઘોર વગડે આંહીં. જગ૦ ૫
હાજર રહેતી દાશીઓ, વળી દાસ અનેક;
કરવી પડેછે ચાકરી, કયાંહાં ગઇ મુજ ટેક. જગ૦ ૬
માત પીતા સખી ભાઇને, રહેતી કુટુંબની સાથ;
કહેવાતી રાજ કુંમારીકા, થઇ અબળા અનાથ. જગ૦ ૭
પૂર્વની વાતો સાંભરે, ત્યારે હૈયું ભરાય;
કયાં સુધી હું અહીંયાં રહું, દહાડા કેમ ગળાય. જગ૦ ૮
માત પિતા હશે ગોખતાં, પળે પળ લઇ નામ;
સાંખશે કેમ વિયોગ આ, મારા પ્યારા શ્યામ. જગ૦ ૯
હાય ફરી કયારે મળું, કરૂં શોજ ઉપાય;
હે દુ:ખ ટાળક? કેમ તું, મને સહાય ન થાય? જગ૦ ૧૦
આલી સદા હું સુનિતીયે, નિત્યે કરતી ભજંન;
આવી પડયું કેમ આવડું, મારે માથે વિધંન. જગ૦ ૧૧
ન્યાયી મટી હવે શું કરે, નાથ તું અન્યાય?
પણ જીવ આ હું શું બકું, એ તે કેમ ધરાય. જગ૦ ૧૨

અલ્પમતે જાણું નહિં, (પણ) હશે કારણ કાંક;
મુજ કરતાં વધુ બહુ ખમે, દુઃખ આડે આંક. જગ૦૧૩
જેણે છોડાવી છે મર્ણથી, કેમ ભૂલશે તેહ;
ચિત અતિ કાચું દુષ્ટ તે, લાવે છે સંદેહ. જગ૦ ૧૪
હે જગદીશ્વર! એજ હું, કરૂં અરજ આ વાર;
તુરત મેળવ માબાપને, મુંજ પ્રિય ભરથાર. જગ૦ ૧૫

અરેરે! બીજું બધું તો ઠીક છે. પણ આ પારકે ઘેર મફતમાં પડ્યાં રહેવું એ મને જરાએ નથી પરવડતું. માનસંગતો દયાળુ છે, પણ ઘરમાં બધાં સરખાં ક્યાંથી હશે. મને એ આંહી કેટલા દહાડા રાખશે, ને પછી શું કરશે; એ સમજાતું નથી. અરેરે શાસ્ત્રમાં કહ્યું છે કે:—

श्लोक.

कष्टंचखलुमूर्खत्वं, कष्टंचखलुयौवनं;
कष्टात्कष्टतरंचैव, परगृहनिवासनं. १

અર્થ:—મુર્ખાઇ ઘણી દુઃખકારક છે. તેમ જુવાની પણ (તેને જાળવવી એ કઠણ છે માટે) દુઃખકારક છે; પરંતુ એ બંને કરતાં પણ બીજાનેંઘેર રહેવું એ વધારે દુઃખ કારક છે. આમાં જરાએ શક નથી પણ શું કરૂં, કશો ઊપાય નથી સુઝતો. (રૂપાળીબા પ્રવેશ કરે છે).

રૂપાળીબા-કેમ બેન શા વિચારમાં બેઠાં છો.

વિજયા-આવો રૂપાળીબા ક્યાંથી આવ્યાં?

રૂપાળી-મારે સાસરેથી હમણાંજ ચાલી આવું છું. તમે આંહી અમારા શહેરનો પાટવી આવ્યો છે તે જોયો કે?

વિજયા-મારે જોઇને શું કામ છે. પર પુરૂષને ચાહીને જોઇએ તો પાપ લાગે.

રૂપાળી-ખરૂં કહોછો. મેં તો કહ્યું કે એ ગામમાં આવ્યો છે, તે બધા ગામને હાલા હલવે છે. (મનમાં) આને

આ વાત પરવડતી નથી માટે દગો કરવો પડશે.

વિજયા—કેમ ભલા, ગામને શી હરકત કરે છે?

રૂપાળી—કાલે એ આવ્યો, ને આજે રાજાજી આવવાના છે, તે બધા ગામમાંથી જેનાં દેખે તેનાં ખાટલા ગોદડાં શીપાઇયો પડાવી લેછે.

વિજયા—વધારાનાં હોય તે, કે ના સુવાનાં પણ?

રૂપાળી—હાય હાય, વધારાનાં લઇ જતા હોય તો તો શું જોઇએ. આતો ઘરમાં જેટલાં હોય તેટલાં બધાં લઇ જાય.

વિજયા—તે એટલાં બધાં ખાટલા ગોદડાંને શું કરતા હશે?

રૂપાળી—બધાં તો કાંઇ કામમાં નથી આવતાં. પણ જ્યાં પાંચનો ખપ હોય, ત્યાં દસ મોકલે તો મેતાની તારીફ થાય એટલા સારૂ બહુ ભેગાં કરે.

વીજયા—એતો જુલમ. આપણે ભોંયપર સુઇ રહીએ; ને ત્યાં પડયાં રહે.

રૂપાળી—અરે એમાં તો શુંછે; પણ જેટલા દહાડા સરકાર ગામમાં રેહેશે, એટલા દહાડા ગામનું છોકરૂં એ દુધ પામવાનું નહી. બધું દોવાઇને મેતાને ઉતારે.

વીજયા—તે દુધના પૈસા આપે ખરા કે નહીં?

રૂપાળી—પૈસા શેના? એતો બધુ મફતમાં. વળી વધે તેનો માવો કરીને મેતા ઘેર મોકલાવે.

વીજયા—અરેરેરે? આતો કેવળ લૂટ કહેવાય.

રૂપાળી—ઘાસ, બળતણ, શાક, વગેરે જે જે સામાન જોઇએ તે બધો લોકોના ઘરમાંથી ઉપાડી જાય ને લાંબા વખતથી સીરસ્તો પડી રહેલ, એટલે કાંઇ બોલાય નહીં.

વીજયા—ત્યારે તો એ રાજા રૈયતની ખબર લેવા પ્રગણામાં નિકળે કે હેરાન કરવા?

રૂપાળી—હેરાનતો આસપાસના લોકો બહુ કરે, રાજા સાહેબ તો દયાળુ ને ઇનસાફીછે; ને બાકીતો રૂપીઆ ઉઘરાવવા.

વિજયા—રૂપીઆ શેના ઉઘરાવવા? શું રાજા જાતે વીઘોટી વસુલ કરે?

રૂપાળી—વિઘોટી, કર, એતો બધું જુદુ. આતો ગામમાં રાજા આવે, ત્યારે પટેલ વગેરે મોટા મોટા લોકો પોતાના ગજા પ્રમાણે પાંચ કે પચીસ પણ નજરાણો કરે. ને તેમાંએ રાજા કરતાં કારભારી આવે ત્યારે વધારે આપે; કેમકે રાત દહાડો કામતો એનાથી રહ્યું.

વિજયા—પણ કારભારીતો માહું આવતા હશે.

રૂપાળી—માહું આવે તેણે કાંઇ મુંકીદે કે? જ્યારે કોઇને પટેલાત લેવી હોય ત્યારે સો રૂપીયા સરકારના નજરાણાના ઠરાવે, તો પચાસ છાના કારભારીના હોયજ. એમ બધી બાબત જેટલી સરકારની ચાવી, એટલી કારભારીને છાની આપવી પડે. ને વળી જ્યારે શહેરમાં જાય, ત્યારે પાંચ રૂપીયા એમનાં છોકરાના હાથમાં પણ મુંકવા પડે.

વિજયા—ત્યારે તો લૂટવાનીજ વાત. એતે કારભારી કે લૂટારા?

રૂપાળી—એક સીપાઇ આવે, તોએ કેટલો હુકમ બજાવે. ઘેર તો રોટલોએ ન મળતો હોય, ને ગામડામાં બશેર પાશેર માગે, ને દુધ વિનાતો ચાલેજ નહીં.

વિજયા—ત્યારે પછી મોતા લોક શું કામ બાકી રાખે?

રૂપાળી—એતો વળી વાતજ કરવાની નથી. કારભારીયો પોતાના સગા બાબસ્તાનેજ ઢાળવા મોકલે. તે હજારો રૂપીયાનો માલ લઇ જવાને સારૂ જૂલમ ગુજારે તે જુદો. લોકોને મારે કુટે ચાહે તે કરે. ન દાદ કે ફરીયાદ.

વિજયા—તોબા બેન. એવા રાજમાં કેમ રહેવાય.

રૂપાળી—જખ મારીને રહીયે છીયે. શું કરીયે, કાંઇ બાપ દાદાનાં ખોરડાં નેં ખેતરો મુંકીને નાશીયે જવાય?

વિજયા—ખરૂંતો. લાચારીનો શો ઇલાજ.

રૂપાળી-અહા પોર દીતો ચઢવા આવ્યો, આપણે તો ભાત આપવા જવું છે. કાલે મારા ભા કહેતા હતા કે બેનને પણ આપણાં ખેતર દેખાડજે, કેમકે વખતે કોઇ ન હોય તો ભાત આપવા જવા કામ આવે. કેમ તમે આવશો કે?

વિજયા-હા, ચાલોને, ભલા એ બહાને વગડામાં ઇશ્વરી કુદરતના નમુના જોવામાં આવેથી આનંદ થાશે.

(બંને જાય છે.)

प्रवेश ११ मो.

સ્થળ આરામપુર પાસેનું તળાવ.

જાલમસીંહ, તથા ભોગીલાલ, અને પછીથી રૂપાળીબા, તથા વિજ્યાકુંવરી.

જાલમસિંહ-કેમ ભલા હજી સુધી કોઇ ન આવ્યું. રાતે તો અંબાલાલ કહેકે મેં પટેલની છોકરીને કહી રાખ્યું છે, માટે જરૂર તેડી આવશે.

ભોગીલાલ-(દુર આંગળીવડે બતાવીને) પેલાં બે જણ દેખાય છે તે તો નહીં હોય?

જાલમસીંહ-(જોઇને) અરે હા તેજ. જોને પેલી જમણા પાસા પર છે તે કેવી ચમકે છે.

ભોગીલાલ-હું કહેતો હતો તે એજ. હજી પાસે તો આ-વવા દ્યો, પછી એની ખુબસુરતી જણાશે.

જાલમ-હું ઇશારો કરૂં એટલે તું ખશી જજે.

ભોગીલાલ-જેમ મરજી. (બંને પાસે આવી પહોંચે છે તેથી ભોગીલાલ સંતાઇ જાય છે).

વિજયા-રૂપાળીબા, આતો તળાવ જેવું દેખાય છે; હવે આપણાં ખેતર કેટલેક દુર હશે?

રૂપાળી-ખેતરનું શું કામ છે, તું તારે મારી સાથે ચાલી આવ. જો પેલો રાજકુંવર આપણી વાટ જુવે છે.

વિજયા-હાય હાય! ચંડાળણી આતે તું શું બકે છે? મને દગો દીધો કે?

રૂપાળી-દગો શેનો. રાજકુંવર વિના તે બીજો તારા કરમમાં કીયો મળવાનો હતો. એક વાર ખૂબ હેત બતાવીશ, તો જરૂર તને પરણશે, ને બધા ભવની ભાવટ જશે.

વિજયા-હીણું કર્મ કરનારી? તું પાપમાં પડીને મને પણ નર્ક કુંડમાં ઝીકવાને ઉપદેશ કરે છે? પ્રાણ ગયે પણ એ વાત થવાની નથી.

રૂપાળી-ઝાઝી ચોખી થઈશ તો સાર નહીં કાઢે. અહીં તારૂં કોણ છે?

વિજયા-મારો સચરાચર વ્યાપક, સત્યનો બેલી ઈશ્વર છે. તે જરૂર મારૂં શીયળ વૃત્ત જાળવશે.

રૂપાળી-વારૂ, જાળવશે તે જોઈશું. (જાલમસીંહને) લ્યો મહારાજ હવે હું મારે છુટી. તમે જાણો ને એ જાણે. (જતી રહે છે).

વિજયા-(ઊભી ઊભી મનમાં) હે જગદીશ્વર? જે બલાથી હું ડરતી હતી તેજ મારે માથે આવી પડી. અરેરે, હું સ્વરૂપવાન ન હોત, તો મારી આ દશા થાત. હવે ક્યાં જઈશ, ને શું કરીશ? ગમે તેવો તોએ એ પુરૂષ છે. બળાત્કાર કરશે તો મારૂં શું ચાલશે? ઈશ્વર મારા નસીબમાં દોશીત થવું લખ્યું હશે, નહીં તો પેલા બગીવાળા પાસેથી શું કામ છૂટીથાત! હે દયાનાથ! મારી ઉપર કૃપા કરીને શીયળ વૃત્તનો બચાવ કરજો. તમે સત્ય અને સુનિતીના બેલી કહેવાઈને આ આફતમાં મને સહાય નહીં કરો? અહો, મને યુક્તિ સુઝી. ચાલ એની પાસે તલવાર છે તે લઈ દગાથી ઘાયલ કરી આ ઘોડાપર

ચઢી નાશી જાઉં. જીવ! હવે બહુ વિચારમાં ન પડતાં જે કર તે જલદી કર. હે નોધારાં આધાર, દ્રુપદીની લાજ રાખનાર! મહારી વહારે ધાઇ મને આ ધારણામાં ફતેહમંદ કરજો.

જાલમ–કેમ પ્યારી કાંઇ બોલતી નથી ને વિચારમાં પડીછે? હું તને જોઇને એટલો મોહીત થયોછું કે આજે મારા પિતા ગામમાં આવવાના છે, તેમની રજા લઇ તને પરણવાનો મેં નિશ્ચય કર્યો છે, માટે તારા ભાગ્યનો ઊદય થયો સમજી ખુશીની સાથે બોલ, અને કોઇ પ્રકારે સંકોચ ન રાખતાં મારી પાસે આવીને બેશ.

વિજયા–તમારી વાતથી હું બહુ રાજી થઇ. મારાં ગરીબનાં એવાં ભાગ્ય કયાંથી. જો તમે તમારા કહ્યા પ્રમાણે પળશો તો હું મોટો આભાર માનીશ.

જાલમ–ત્યારે તું પાસે કેમ નથી આવતી. તારૂં ખુશકારક મોં જોઇને મારાથી નથી રેહેવાતું.

વિજયા–રાજપુત્ર, તમે સમજણા થઇને કેમ આવો અયોગ્ય વિચાર કરો છો. હું હજી કુંવારીછું માટે કોઇ પુરૂષને અડવાની નથી, કારણ તેમ કર્યાથી મોટો અપરાધ થાય છે.

જાલમ–એતો કોણ જોઇ આવ્યું છે, તું કહે તેમ કરવાને હું અત્યારથી વચન આપું, સમ ખાઉં, ને તું કહે તેમ કરૂં; પણ અત્યારે ના પાડીશ એ વાત નહીં બને.

વિજયા–હું કબુલ થાઉં છું. પછી ઊતાવળા શું કામ થાઓ છો. અત્યારે મને રજા આપો, ને તમારા પિતા આવે એટલે નકી કરીને ચાહેતો આજને આજ પરણજો. વાંધોતો ફક્ત બે પોહોરનો છે.

જાલમ–નહીં નહીં નહીં. પ્રિયા, આ વખત તારી ના હું માનવાનો નથી માટે ભલી થઇને માન.

વિજયા—હું પતિવ્રત પાળવાનીછું, માટે એક રસ્તો બતાવું તેમ કરોતો પછી કશો બાધ ન આવે.

જાલમ—અરે તું મારી આશા પૂરી પાડની હોય, તો જેમ કહે તેમ કરવાને તૈયારછું.

વિજયા—એકવાર તમે તળાવમાં નાહી શુદ્ધ થઈ આવો, એટલે આ તલવારને ત્રણ ફેરા ફરી ચોથો સુર્યનારાયણની સાક્ષીથી તમારી સાથે ફરીશ; એ પરણ્યા બરોબરજ છે. તમે અતિ ઉતાવળા થાઓછો માટે આ રસ્તો કાઢયો.

જાલમ—અરે તળાવમાં પાણીતો અહીંથી જરા દુરછે, ને વળી નહાતાં કરતાં વાર બહુ લાગશે માટે માનીજાને.

વિજયા—શીવ શીવ કરો. કદી હું પાપ કરવાની નથી, તથા તમે એવા કુચાલી થશો તો હું તમને પરણવાની નથી.

જાલમ—ત્યારે તું બેશજે હું લુગડાં ઉતારી નાહીઆવું.

વિજયા—ધન્યછેરે શાણા રાજકુંવર! તમે પુરા વિદ્વાનછો, એ આથી સારૂ સમજાયછે માટે હવે હું તમને છોડવાની નથી. (જાલમસીંહ લુગડાં ઉતારી તળાવમાં નહાવા જાયછે, એટલે વિજયા તેની તલવાર ખુલી કરી હાથમાં લઇ ઘોડો છોડી ઉપર બેશવા જાયછે, તે દુરથી તેની નજરે પડવાથી એકદમ પાછો દોડી આવેછે.)

જાલમ—અરે આતું શું કરેછે ને ક્યાં જાયછે? રાંડ લુચ્ચી દગો દેવાનું કરેછે કે? (ઘોડાની લગામ ઝાલી રાખીને) અહ્યા ભોગીલાલ, દોડજે આતો રાંડ નાશી જવાનું કરેછે.

ભોગીલાલ—(પાસે દોડી આવી ખુલી તલવાર જોવાથી) તમે વળગોછો શું કામ, જુઓતો ખરા રાંડ જવાની ક્યાંછે.

વિજયા—(તલવાર ઉગામીને) પાસે આવો ચંડાળો, હું તમારા ભોગ લેવાને તૈયારછું.

જાલમ—(અતી કામાંધ હોવાથી) અરે ચાલ તોફાની તારાથી

એમ ડરવાનો નથી. (લગામ છોડવવાનું કરેછે એટલે ભોગીલાલ આઘો જઈ ઊભો રહેછે તેથી તેને) ફટછે નામરદો? ખરે વખતે નાઠોછે, પણ બેટાજી યાદ રાખજે.

ભોગીલાલ–તમારે માટે જીવ ન ખોવાય. જાવા દોને એમાં–શા માલછે?

જાલમ–અત્યારે પ્રાણ જાય તો પણ મારાથી રહેવાય નહી (લગામ છોડાવી વળગવા જાયછે.)

વિજયા–અહ્યા કામાંધી પતંગીયા તું એજ માગેછે. (જોરથી બે ઝટકા મારેછે તે જાલમસીંહના હાથપર વાગવાથી થોડીવારે ચકર ખાઇ નીચે પડેછે.)

ભોગીલાલ–(દૂર ઊભે ઊભે) એ રાંડ તેંતો ગજબ કર્યો.

વિજયા–આવ તારામાં પણ રામ હોયતો. કેમરે દુષ્ટણ્ણા? તને પણ પૂરી કરૂં કે? જા તારા બાપે મને મોતથી બચાવી હતી તેથી આ વખત તને જવા દઊંછું. (ઘોડાપર ચઢી નાશી જાયછે.)

ભોગીલાલ–અલી નાશીજા, નહીંતો આપણે માથે આવશે ને માર્યા જઇશું.

રૂપાળી–હુંતો જાઊંછું. પણ તું મારૂં નામ ન લઇશ, ને અજાણ્યો થઇ જજે.

ભોગીલાલ–એ તે વાતછે. તું મારૂં નામ દઇશમાં. (કુંવરને પડતો મુકી બંને નાશી જાયછે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ આરામપુરનું પાધર.

અંબાલાલ તથા રૂપાળીબા.

અંબાલાલ–(રૂપાળીબાને આવતી જોઇને) કેમ ઠકરાણી એકલાંછો, ને તમારી જોડ ક્યાં ગઇ?

રૂપાળી–અરે ગજબ થઇ ગયોછે. તમે મને ઝટપટ ઘેર

જવાદો નહીંતો હું મારી જઈશ. (ચાલવા માંડેછે.)

અંબાલાલ-(તેને રોકીને) પણ કહેતો ખરી શુંછે ? બાભરી કેમ બની ગઈછે. ?

રૂપાળી-પેલી રાંડ કુંવરને ઝટકો મારીને નાશી ગઈ, તે કુંવર તળાવ પાસે પડયોછે.

અંબાલાલ-હેં ! આતે શું કહેછે? ઝટકો શી રીતે માર્યો, ને એ કયાં ગઈ ? બરોબર ખુલાસો તો કહે.

રૂપાળી-અરે બાળ્યો ખુલાસો. હુંતો એને કુંવરને સોંપી જતી રહી તેમ ભોગીલાલ પણ સંતાઈ રહ્યો હતો.

અંબાલાલ-હાય હાય? ભોગ મળશે. પછી શું થયું. !

રૂપાળી-પછી થોડીકવારે કુંવરે બૂમ પાડી તેથી અમે પાસે ગયાં ત્યાં જોતાં જોતામાં પેલી હાથમાં ખુલ્લી તલવાર લઈ ઘોડો છોડી ઊભી હતી, નેં કુંવર હુજત કરવા માંડયો એટલે ઝટકો મારી નાશી ગઈ.

અંબાલાલ-ભોગીલાલે કાંઈ મદદ ન કરી.

રૂપાળી-અરે એતો ખુલી તલવાર જોઈનેજ થરથરતો હતો. તે એ પરભારો ગામમાં ગયો નેં હું આમ આવી.

અંબાલાલ-હાય હાય! હવેતો હું ને તું બને માર્યા જઈશું.

રૂપાળી-કર્યુંછે તે ભોગવશુંજતો, કાંઈ ઊપાય સુઝેછે?

અંબાલાલ-તું ગામમાં જઈને તારા બાપને કહે કે અમે ખેતરે જતાં હતાં ત્યાં બને મળી લાજ લેવા આવ્યા તેથી પેલી ઝટકો મારીને નાશી ગઈ ને હું આમ આવી.

રૂપાળી-વાહ વાહ. ખૂબ અકલ સુઝાડી. હું ગામમાં જઈને બૂમ ઉડાડુંછું.

અંબાલાલ-હા જા. હું પણ સીગરામ લઈને તેડવા જાઊંછું. ત્યાં મરી જશે તો મારા ભોગ મળશે.

રૂપાળી-મરી જાય એવું વાગ્યું નથી. પણ ઝટ જજો. હું પણ જાઉંછું. (બંને જુદાં પડેછે.)

प्रवेश १३ मो.

સ્થળ આરામપુરનો ચોરો.

અનુપસીંહ તેનો વજીર. ને પછીથી માનસંગ,

અંબાલાલ, જાલમસીંહ, ભોગીલાલ,

તથા રૂપાળી બા.

અનુપસીંહુ—શો સખત તાપ પડેછે ને. આપણે સવારમાં નીકળ્યા એ ઠીક કર્યું, નહીં તો સારી પેઠ તડકો ખમવો પડત.

વજીર—અન્નદાતા, હજી ખરો તડકો તો જેમ જેમ બપોર ગળશે તેમ તેમ પડશે.

અનુપસીંહુ—કુંવર કેમ દેખાતો નથી, એનાં માણસ તો બધાં આંહી છે.

એકસીપાઈ—સાહેબ, મેં જબ ગામમેં આતાથા, તબ કુંવર સાહેબ ઓર ભોગીલાલ દોનું પાધરમેં મીલેથે; ઓર સીમકી તરફ જાતેથે.

અનુપસીંહુ—અત્યારે બે વખત ક્યાં ગયા હશે? હું તો ધારૂં છું કે કાંક કુકર્મ કરવાને ગયેલ હશે. જો જો વજીર એ કોક દહાડો એમાંને એમાં પ્રાણ ખોશે.

વજીર—પૃથ્વીનાથ, હવે આપણે ગમે તેટલું કહીયે પણ એમને અસર નહીં કરે કારણ કહેવતછે કે:—

બારે ગાઊએ બોલી બદલે, તરવર બદલે શાખા,
બુઢાપણમાં કેશ બદલે, પણ લક્ષણ ન બદલે લાખા.

અનુપસીંહુ—વળી પેલો ભોગીલાલતો અતીશય કુચાલીછે, ને તે ભાઇસાહેબનો પ્રાણપ્રીય મીત્રછે; એજ ખરાબ થવાની મોટી નીશાનીછે. કારણ—

श्लोक.

दुराचारीदुरादृष्टी, दुरावासीचदुर्जनं;

यन्मैत्रीक्रियतेपुंसां,नरःशीघ्रंविनश्यति. १

અર્થ-જેની ચાલ ખરાબ, પાપીનજર, ખરાબ જગે રહેનાર અને સર્વ લોકોમાં દુષ્ટ હોય, એવા સાથે જે મીત્રાઇ કરે તે જલદી નાશ પામેછે. (માનસંગ આવેછે, ને તે સલામ કરીનેબેસેછે.)

વજીર-આવો પટેલ કેમ આમ રોશો ભર્યા દખાઓછો, છો તો ખુશીમાં ?

માનસંગ-શું શાયબ, હવેતો અમો ઘણો બારીક આયોસે. મોટાનાં છોકરાં તોફાન કરે ને કાંઇ સજા ન થાય, તાણે ગરીબનાતો ભોગજકની.

અનુપસીંહ-આમ કેમ બોલોછો? સમજણ નથી પડતી, માટે ખુલાસે કહો.

માનસંગ-ગરીબ પરવર, કહીને પણ રહેવું તો તમારા ગામમાં. ખોરડાં મેલીને ક્યાં જઇએ.

અનુપસીંહ-પણ અરે? ક્યારે તમારી ફરીયાદ અમે નથી સાંભળતા, તે આમ બોલોછો. ચોખેચોખું કહો, હું વાજબી હશે તેમ કરીશ.

માનસંગ-શું શાયબ બોલે, હમણાં એની મેળે સમજાશે.

વજીર-નહીં નહીં, તમે ખંચાઓછો શું કામ, જે હોય તે ખરોખર કહીદ્યો

માનસંગ-આજ મારી સોકરીને એક પરદેશી બાઇ મારે ઘેર રહેતી હતી તે, બે જણ છેતરે ભાત આલવા જ્યાંતાં; તે કુંવર શાયબ નં પેલો મેંતાનો દીચરો સે, તેણે વગડામાં લાજ લીધી. શાયબ એતે કાંઇ વાત, કહેતાંએ લાજીયે; પણ માહે બીજી વાત સે, એટલે કહેવું પડે સે.

અનુપસીંહ-કેમ બીજી શી વાત છે, કુંવરનો વાંક છે તો હું સજા કર્યા વિના નહીં છોડું.

અનસંગ-અરે અન્નદાતા, સજા કરનાર તો પરભુ રયાં કાચો સે. કુંવરને તે પેલી પરદેશી બાઇ હેમતવાન તે ઝટકો ચોડીને નાશી ગઇ. પણ આ સોકરી રાંક તે ઇજત ખોઈને આવી. મા બાપ, એ મેં'તા ઉપર મારી ફરીયાદ સે. કુંવર શાયબ માટે તો હવે કાંઇ કહેવાનું નથી.

અનુપ-જુઓ વજીર, પુતર ફળ પામ્યા ખરા. (અંબાલાલ કુંવરને સીગરામમાં નાખી લઇ આવેછે.)

અંબાલાલ-પૃથ્વીનાથ, કુંવર સાહેબને દવાદારૂને માટે ઝટ બંદોબસ્ત કરાય તો ઠીક.

અનુપ-હા ભાઇ, મને બધી ખબર પડી છે. આંહી એક પલંગ નાખી એ હરામખોરને સુવાડો. હું પુછું તો ખરો. કેમ ભલા કહેવુંક વાગ્યું છે?

અંબાલાલ-સાહેબ, આપનાં પુન્ય પ્રતાપે ઈશ્વરે સહાય કરી છે; બહુ નથી વાગ્યું. (જાલમસીંહને પલંગપર સુ. વાડે છે.)

અનુપ-કેમ અલ્યા, આ ઇનામ ક્યાંથી લાવ્યો?

જાલમસીંહ-ભોગીલાલ મને સેલ કરવાને બહાને બહાર તેડી ગયો, ને ત્યાં કુકર્મ કરવાનું કહ્યું, તે મેં ના પાડીને ઠપકો દીધો તેથી તકરાર કરી ઝટકો મારીને નાશી ગયો.

અનુપ-જુઓ હોંશીયારી બતાવે છે. જાઓ ફોજદાર, ભો. ગીલાલને પકડી લાવો.

અંબાલાલ-આ ચાલ્યો સાહેબ. (તે જાય છે)

અનુપ-અલ્યા, તેં ના પાડી એટલા સારૂ તકરાર કરીને માર્યો એ કેમ મનાય?

જાલમ-એના મનમાં ડર હશે કે જાણે ફજેત કરશે અથવા કાઢી મુંકશે, માટે આમ કર્યું.

અનુપ-તું બપોરે એકલો સેલ કરવા શું કામ ગયો, કાઇ

દહાડો એમ જાય છે?

જાલમ-ના, આજેજ એકલો ગયો. પણ મને શી ખબર કે મારો દીલોજાન દોસ્ત થઇને આમ કરશે.

અનુપ-સાબાશ, ખૂબ જવાબ દેતાં આવડયા. યાદ રાખકે પાપ છાનું નથી રહેતું; મને બધી ખબર પડી છે. ને જે થયું તે ઠીકજ થયું છે. (અંબાલાલ તથા ભોગીલાલ આવે છે.)

અનુપ-(ભોગીલાલને) કેમ આજે તો તમારા દોસ્તપર બહુ મેહેરબાની કરી?

ભોગીલાલ-શાની કૃપાનાથ? હું ગરીબ શું મહેરબાની કરવાનો હતો.

અનુપ-જુઓને આ હાલ થયા છે તે. (કુવરસામી આંગળી કરે છે.)

ભોગીલાલ-(ભડકીને) હાય હાય! આ કયાંથી થયું? મનેતો ખબરે નથી, અન્દાતાજી, હુંતો ઊતારેથી પાધરો ચાલ્યો આવું છું. કેમ અંબાલાલ?

અનુપ-ભાઈ તું સાચો. હું કયાં અંબાલાલની સાક્ષી માગું છું. કેમરે જાલમ? આ શું કહે છે?

જાલમ-જુઠું બોલેછે. એમતે એ કદી કબુલ કરવાનો છે.

અનુપ-પટેલ તમારી છોકરીને બોલાવો જોઇએ.

માનસંગ-પૃથ્વીનાથ, એતે અમારી ઇજત. મને પુસવું હોય તે પુસો. ને વાત તો મેં જાહેર કરી એજ સે.

વજીર-આઇ ચાલે નહીં, માટે બોલાવો. સરકાર તો મા બાપ છે. વળી વહુ હોયતો ફિકર, આતો દીકરી છે.

માનસંગ-(પોતાની દીકરીને તેડવા જાયછે, તથા થોડીવાર પછી તેને લઈને પાછો આવે છે.)

અનુપ-કેમ બાઇ, તારા ઊપર કોણે જુલમ ગુજાર્યો?

રૂપાળીબા-પૃથ્વીનાથ, મેતાના છોકરાએ.

અનુપ-શી રીતે વાત બની તે બધી માંડીને કહે.

રૂપાળીબા—શાયબ, અમે બે ભાત દેવા જતાંતાં, તે મારગમાં આ બે જણા ધકયા ને તલવારૂં કાઢીને અમને ધમકાવ્યાં, પસે આ મૂંતાએ મારા ઊપર જુલમ ગુજાર્યો ને પેલી બાઇ તો ઝટકો ચોહ્હોડીને જતી રહી.

અનુપ—શાબાસછે એ સ્ત્રીને! ધન્યછે એના માતપિતાને! જ—!રૂર કોઇ ઉત્તમ કુળની હશે. કેમ ભોગીયા? આશું કહેછે?

ભોગોલાલ—(કાંઇ પણ ન બોલતાં નિચું જોઇ જમીન ખોતરેછે.)

અનુપ—(કુંવરને) કેમ સાચા બોલા? આતો કહેછે કે, તમારી વાહાલીએ ઝટકા માર્યાછે, કાંઇ ફિકર નહીં એ તો પ્યારનો ઘાછે તે દુઃખતો નહી હોય. બેવકુફ સાચે સાચું કહી દેને; હવે તારૂં છુપાવ્યુ છુપવાનુંછે?

જાલમ—ભોગીલાલે મને ફોશલાવીને એ પરદેશણનાં બહુ વખાણ કર્યાં તેથી આ ફોજદાર મારફત અમે તેડાવી.

અનુપ—ફોજદાર પણ ભેગાછે કે? શી રીતે તેડાવી?

જાલમસીંહ—ફોજદારને પટેલની છોકરી સાથે ઓળખાણ છે તે તેની મારફત પેલી નવીને તળાવપર બોલાવી.

અનુપ—સાબાશ, હવે તે જાણે ખરેખરી મજા આવી. ફોજદાર સાહેબ, આપે એમનું કામ પારપાડી આપ્યું, તેના બદલામાં અમે ઇનામ સારી પેઠ આપીશું. તમારૂં સપાડુ નહી રાખીએ.

અંબાલાલ—(મનમાં) અરેરે! મને આ શ્લોક બરોબર આવડેછે કે—

શ્લોક.

नदीनांचनखीनांचशृंगीनांशस्त्रपाणिनां,
विश्वासोनैवकर्तव्यंस्त्रीषुराजकुलेषुच. १

અરેરે તે સંભાર્યો નહીં, ને રાજાનો વિશ્વાસ કર્યો.

પ્રભુ જાણે હવે શી હાલત થશે. ખેર, હવે પસ્તાયે શું થાય. પહેલાં લોકો છીનાળાની મના કરતા, ત્યારે હું તેમને મુર્ખ ગણતો હતો, પણ અત્યારે તેમની શીખામણ મને અમુલ્ય લાગી. ને તે ન માનતાં એ છંદમાં પડી આ હાલતે પહોચવાથી જે પસ્તાવો થાય છે તે મારૂં મન જાણેછે.

વજીર-પટેલ, હવે કાંઇ બોલવાનું છે? આતો તમારી તળે પણ રેલો આવ્યો.

માનસંગ-શાયબ, એતો બધા અદાવદના માર્યા સુઝે તેમ કહે, તે કેમ મનાય.

જાલમ-વળી અદાવત શાની. આ વાત તળાવપર બની ને એનું ખેતર તો બીજે ઠેકાણે છે.

અનુપ-પટેલ, તમારાં ખેતરો અહીંથી કહી દીશાયે છે?

માનસંગ-શાયબ, આથમણીમેર અધગાઉ ઊપર છે.

અનુપ-અહ્યા, તું કેહેછે તે તળાવ ક્યાં આવ્યું.?

જાલમ-એતો પૂર્વ દિશામાં એક ગાઉ દુર છે. અમે બળાત્કાર કરીયે તો એ ત્યાં શેની આવે?

વજીર-કૃપાનાથ, કુંવર સાહેબની વાત સાચી લાગેછે. પણ એણે ઝટકો શી રીતે માર્યો એ સમજાતું નથી.

જાલમ-સ્થોને ખરેખરૂં કહું. (બધી બિના યથાસ્થિત કહી બતાવેછે.)

અનુપ-(સાંભળીને) તમારા પ્રાણપ્રિય સદગુણી મિત્રે કાંઇ મદદ ન કરી?

જાલમ-એ તો જેવી પેલીએ તલવાર ઊપાડી કે દુર જતો રહ્યો, તે પછીથી મારી પાસેજ ન આવ્યો.

વજીર-અધમ! આથી બીજો કયો બેવફા માણસ જગતમાં હશે. ફટછે નીમકહરામ કુતરા.

અનુપ-કાંઇ હરકત નથી. આ બધા તોહોમતદારોને લઇને ચાલો શેહેરમાં. ત્યાં બરાબર કેસ ચલાવીશું.

વજીર-હા પૃથ્વીનાથ એમજ ઠીક પડશે, હાલ આ બધાને

પહોરામાં રખાવુંછું.

અનુપ-હા, હું પણ હવે આ ભાઈ સાહેબની જરા શેવા ચાકરી બજાવુ.

(રૂપાળીબા ભોગીલાલ, તથા અંબાલાલ પહેરામાં રહેછે તથા રાજા સાંઝે કુચ કરી શેહેર તરફ જાયછે.)

प्रवेश १४ मो.

સ્થળ વન.

વિજયાકુંવરી એકલી તથા પછીથી મદનલાલ

ફોજદાર અને કેટલાક સ્વારો.

વિજયા-(મનમાં) અહો હો! હું આ ચાલી જાઊંછું, પણ ક્યાં જઇશ ને શું કરીશ? કદી ઘોડાપર ન બેઠલ તેથી પગેતો ચાઠાં પડી ગયાં છે, ને ગરમીથીતો બધા શરીરમાં આગ સળગી રહીછે, અરેરે! મારાપર કેવી કેવી આફતો આવી પડી, પણ જગકર્ત્તાએ આત્યાર સુધીતો ખરે વખતે વહારે ધાઇ સહાય કરી છે. હવે શુ થશે, એ વિશેનો વિચાર કરવા માંડુંછું, તો છાતી ભરાઇ જાયછે. માટે જરા જૂના જ્ઞાનને સંભારી હૃદય દ્રઢ કરવું જોઇએ. વિવેક ચૂડામણીમાં લખ્યું છે કે:—

श्लोक.

तमसाग्रस्तवद्भानात्अग्रस्तोऽपिरविर्जनैः
ग्रस्तइत्युच्यतेभ्रात्याह्यज्ञात्वावस्तु लक्षणं. १

અર્થઃ-જેના હૃદયમાં સંપુર્ણ જ્ઞાનનો સુર્ય પ્રકાશ્યોછે, તેવા સદ્ગુણી પુરૂષને પડતી દશા કોઇ પણ રીતે બાધ

કરી શકતી નથી. આ પ્રમાણેછે, માટે જીવડા હીંમત ન હારવી. કારણ કેઃ—

श्लोक.

पातितोपिकराघातैरुत्पत्त्येवकंदुकः
प्रायेणसाधुवृत्ताना, मस्थायिन्योविपत्तयः १

અર્થઃ—દડો હાથે વતી પછાડવાથી જેમ તે ઉછળીને ઉંચે જાયછે, તેમજ ઘણું કરીને સદગુણીયોની વિપત્તી સ્થીર રહેતી નથી. માટે ઇશ્વર ઉપર વિશ્વાસ રાખી જે થાય તે ધૈર્યતાથી વેઠવું એજ નીઆયછે. ખાસ હવે તો બહુ થાકી ગઇ છું, માટે પેલા ખેતરમાં રસ્તાથી દુર વડનું ઝાડછે, ત્યાં કોઇની નજર ઝટપડે તેમ નથી; માટે એને છાંયડે બે ઘડી સુઇ જાઉં. આ ઘોડાને પણ હવે તો છોડી મુંકું, કેમકે મારાથી કાંઈ ઘોડા ઉપર બેશીને શહેરમાં નહીં જવાય. વળી જ્યાં સુધી એ મારી પાસે હશે, ત્યાં સુધી પકડાવવાનો ભય રહેશે. (એમ વિચારી ઘોડાપરથી ઊતરી ઊપરની ગાદી તથા તલવાર સાથે લઈ ઘોડાને છૂટો મુકી, તલવાર પણ વડની બખોલમાં સંતાડી, ગાદી બીછાવીને સુઇ રહેછે. નેં થોડીવાર પછી ત્યાં ફોજદાર તથા કેટલાક સ્વારો જરા દુરના ઝાડ નિચે ઊતરેછે.)

મદનલાલ—સુલતાનભાઇ, આજ પણ આપણા ભોગ મળ્યા હોત, પણ ઇશ્વરેજ બચાવ્યા.

સુલતાન—સાહેબ, મેતો પહેલેસેં કહેતાથા, કે ઇસ તરફ ચોર ગયેહેં વાસ્તે આપણે દુસરી તરફ જાવેં; મગર મેરા કીયા આપને ન માના.

મદન—પણ શું કરીયે, લોકો સહુ એમ બૂમ પાડવા માંડ્યા કે આજ તરફ ગયાછે, ને તે સાંભળ્યા છતાં આપણે

તે બાજુએ ન જઇએતો ખોટું દેખાય.

દરીઆખાંન-બરોબર કહેતે હો સાહેબ, સાફ યું કરનેસેં તો સબ લોક સમજ જાવે.

મદન-તોએ આપણે ઉતાવળા નહોતા ગયા, નહીંતો પાદરમાંજ ભેટો થાત.

સુલતાન-કાયકું ઝખ મારને ઉતાવલે જાવેં? પાંચ રૂપેકે દરમાહે વાસ્તે કુંછ જાનભી ખોયા જાયકે? એસેતો સાલે રોજ લૂટ કરીંગે.

મદન-અરે રામ રામ કરો. સાટે આપણે દરરોજ પાછળ ક્યાં જઇએ છીયેં. પગીને સમજાવી ગમે ત્યાં પગ ખરો ઠોકી મુંકી આવીયે છીયે.

દરીયાખાન-હાં સાહેબ, એ ખૂબ તદબીરહે. ઓ ફરીયાદી કું વલતર ભી મીલે, નોકરી બી કરી ગીણાય; ઓર ફીર અપના જાનભી બચે.

સુલતાન-જાનકે પીછે સબ બાતહે. બોત દોડમ દોડા કરેંતો કુંછ મારે જાવેં.

દરીઆખાન-સાબ, ભલા ઇનકું વલતર કબ મીલતા હોયગા?

મદન-હોળી દીવાળીને વાયદે. સતરવારતો ફરીઆદીને ધક્કા ખવરાવીયે, કે જા સાળા ધરાળી પગી લાવ, ગાહીત લાવ; ને તેમ કરતાં આખરે ઠરાવ કરીયે, તો સોની ફરીયાદના બદલામાં વીસનું હુકમનામું કરી આપીયે.

સુલતાન-ઉસબિના સરકારકું કહાંસે અછે લગેં. એસે પુરે વલતર દીલાવેં તો દુસરે રોજ નીકાલ દે.

મદન-એવાત પણ ખરીછે, ને વળી એ પગ પણ જેમ આપણે ખોટા પગઠોકી એસાડીયે છીયે તેવા હોયછે.

સુલતાન-ને વલી કીતનેક લોકતો પચાસકા માલ જાય, તો દોસોકા દાવા બાંધે, ફીર વલતરભી એસાજ મીલેતો.

મદન-યાર હું તો કદી ચોરો પછવાડે ચડતો નથી, પણ આતો મોટી ચોરી હતી એટલે ન ચાલે. ભલુંકરો માબાપ, વખતે મેળાપ થાય ને આપણે સામા થઇયે તો માર્યાજ જઈયે કે નહીં.

સુલતાન-અરે સાહેબ, આપતો આજ આયેહો, દુસરે છોટે ફોજદારતો લૂટકી ખબર આવે ઉસ બાદ ઢોલ કરકે ચઢે, ઓર ધીમે ધીમે જાવે તો મીલેજ કાયકું ને કભી પુરે કીસમતસેં દખેતો પીછે ફીરને કાં દેર હોતીહે.

મદન-રોજનું થયું તે એમ ન કરે તો માર્યા જાય.

સુલતાન-ઓ ખેતમેં ઘાંસ અછાહેસો જરા ઘોડું કું છોડીંગે?

મદન-છોડોને, બહુ ધાનતો નથી. ને કદી હશે તોએ આપણુને કોણ પુછનાર છે.

સુલતાન-(બીજા સીપાઇ સાથે ઘોડાં લઇ ખેતરમાં મુકવા જતાં થોડીવાર આગળ ગયા પછી) દીવાનજી સાહેબ, ઈધર તો પધારો?

મદન-શુ છે?

સુલતાન-અરે સાહેબ, આપ ઇધરતો આઓ. (ફોજદાર ત્યાં પાસે જાય છે.)

વિજયા-(આ ઘોંઘાટથી જાગીને બેઠી થયાથી આસપાસ લોકોને ઊભેલા જોઇ (મનમાં) હે ઈશ્વર! પાછી દુઃખમાં ફેંકી. ભલે તું મારી ગમે એટલી કસોટી જો, હું કદી ડગનાર નથી.

મદન-કેમરે તું અહીં શા સારૂ સુતીછે નેં કોણુછે?

વિજયા-બાઇ હું પરદેશી દુખીયણ સ્ત્રી છું, આ જોડેના શહેરમાં નોકરી કરવાની ઉમેદ જાઉછું.

મદન-તું શુ નોકરી કરવાની હતી?

વિજયા-કન્યાશાળામાં ખાલી જગ્યા હશે, તો ત્યાં નોકરી કરીશ. નહીંતો ગમે તે ઉદ્યમ કરી પેટ ભરીશ.

મદન-(મનમાં) સાળીને કાંક નિમિત્તથી પકડીને ઘેર પ-
હોંચડાવું. (ચાસન) આ ગાદી તો ઘોડાપર નાંખવા-
ની જણાયછે !

વિજયા-એ હલકી છે માટે ગોદડા તરીકે વાપરવાને મેં
ઘેરથી સાથે લીધી છે.

મદન-નહીં, તારી પાસે બીજો કશો સામાન નથી, વળી
આજે ચોરી થયેલ તે માંહેલી એ ચીજછે માટે તું
ક્યાંથી લાવી છે એ સાબીત કરી આપ્યા સુધી
ગુન્હેગાર છે.

વિજયા-શી રીતે ગુન્હેગાર ઠરાવોછો? એ ગાદી મારીછે,
એમ હું સાબીત કરી આપીશ.

મદન-પણ ત્યાં સુધી તને પહેરામાં રાખવી પડશે.

વિજયા-વીરા, ફરીયાદી કોણછે, શો શો માલ ગયોછે, એ
બધું કહોતો ખરા. ?

મદન-તારે તેની શી પંચાતછે, છાની માની ચાલ, નીકર
હુકમનું અપમાન કર્યું ગણી સજા કરીશ.

વિજયા-આવા સાધારણ સવાલ ઉપરથી હુકમનું અપમાન
થયું કહેવાય નહીં.

મદન-તને શી ખબર પડે. અમારી મરજી ઉપરાંત જેટલું
બોલે તેટલું અપમાનમાં ગણાય.

વિજયા-આવું વળી કીયા કાયદામાંછે. ?

મદન-સાળી ટીસીખોર દેખાયછે, વળી કાયદાનો આધાર
માગેછે, અમારી મરજી તે કાયદો. આગળ થા, નહીં-
તો સીપાઇયોના ધકા ખાવા પડશે.

વિજયા-ઠીકભાઇ. આ પણ ખરો ઈનસાફ. ચાલો જ્યાં
લઇ જાઓ ત્યાં હાજરછું. સાચને શી હરકતછે.

મદન-દરીયાખાન, મેં ચડજાતા હું, ઓર તુમ ઈસ ઓરતકું
અપને મકાનપર લેતે આઇયે.

દરીયાખાન-બહોત અછા સાહેબ.

(ફોજદાર સ્વાર થઇ શેહેરમાં જાયછે, તથા દરીયાખાન પાછળથી વિજયાને પણ તેને ત્યાં પહોંચાડે છે.)

પ્રવેશ १५ मो.

સ્થળ આનંદઘઢમાં ફોજદારનું ઘર.

મદનલાલ ફોજદાર તથા વિજયાકુમારી.

વિજયા-(એકલી) અરેરે! આતો "લેને ગઈ પુત ને ખો બેઠી ખસમ." એના જેવું થયું. આટલી વાર જે જે વિપત્તિયો મારા ઉપર પડી તે સાંખી રહી, પણ હે જગતેશ્વર! હવે કૃપા રાખો તો સારૂં. દયાસિંધુ? મારા ઊપર બીજી ગમે તેવી આફત ફેંકશો તો તેની મને ફિકર નથી. કારણ મહાન્ હરીશ્ચંદ્રને પણ ઢેડને ઘેર રહેવું પડયું હતું, તથા નળ જેવા પ્રતાપી રાજાને પણ સારથી થવું પડયું હતું, તો હું તે બિચારી શી ગણતરીમાં. પરંતુ મારૂં શિયળવ્રત ભંગ થવાનો ડર લાગે છે તેમાં સહાય થાજો. આ ચંડાળે મને ઓરડીમાં પુરાવી, તેથી એના મનોવિકાર સ્પષ્ટ સમજાય છે. કદાચ હાલ તે આવી મને હેરાન કરવા ચહાશે તો તારાવિના બીજો કોણ સહાય કરનાર છે?

(મદનલાલ આવે છે.)

મદન-કેમ, શા વિચારમાં પડી છે?

વિજયા-ભાઇ મને અબળાને ઝાઝી ન ઝોળતાં વેળાસર ખુલાસો કરો તો ઠીક.

મદન-કાંઇ વગડામાં તો નથી બેઠી. બધું સારૂં થશે.

વિજયા-તમે ઇનસાફદાર છો તેથી પ્રજાને પિતા સમાન છો. મુજ ગરીબને પણ ધર્મની બેન ગણી રક્ષણ કરજો. કારણ હું દુઃખના દરિયામાં ડુબી ગઇછું.

મદન-લેને ચોખ્ખું કહ્યું. દુઃખમાંથી કાઢું તો પછી કાંઇ હરકત છે? પટરાણી કરીને તું કહીશ તે પ્રમાણે ચાલીશ,

વિજયા-શિવ શિવ શિવ! તમે તે ન્યાયદાતા છો કે દુષ્ટ કર્મ કરનાર છો? આવું વાક્ય બોલતાં શરમાતા નથી? હું નાગરાણી મટીને તમારે સારૂ વટલીશ એ કદી બનવાનું છે? જરા વિચાર તો કરો?

મદન-તારૂં ખાવા પીવાનું જૂદું રખાવી બધી સગવડ કરી આપીશ, માટે માનીને દુઃખમાંથી મુક્ત થઇ સુખ સાગરમાં પડ.

વિજયા-મારા પ્રાણનાથના મેળાપ વિના મને લેશ માત્ર સુખ થવાનું નથી. વળી હું જાતે પતીવૃત્તા છું, કારણ કે:—

श्लोक.

विद्यारूपंकुरूपाणां, क्षमारूपंतपस्विनाम;
कोकिलानांस्वरंरूपं, स्त्रीणांरूपंपतिवृत्ता. १

માટે મારૂં ખરેખરૂં રૂપ હું કદી છોડવાની નથી. મારા પતી વિના જગતમાં અન્ય ભાઈ બાપ સમાન છે.

મદન-પ્યારી હું પણ મેટ્રીકયુલેટેડ છું. ને મને નિશ્ચય છે કે તું પણ વિદ્વાન છે, તો આપણું જોડું મળવાનેજ ઇશ્વરે આ અવસર આપ્યો છે, માટે મારૂં કહ્યું કબુલ કરી આનંદ પામ. તારો પતિ તો ક્યાંહી આથડતો હશે, ને કહેવાએ હશે. ને મારા ઘરમાં તો નવેનિધ છે.

વિજયા-તમારા મનોવિકાર ઉપરથી તમારૂં જ્ઞાન સારૂં સમજાય છે. વળી:—

श्लोक.

रोगान्वितः पिशाचोवा, क्रोधनोनापिमद्यपः

वृद्धोवाप्यविदग्धोवा, मूकोंधोबधिरोपिवा, १
रौद्रायापिदरिद्रोवा, कदर्यकुत्सितोपिवा;
कातरःकितरोवापि, ललनांलंपटोपिवा. २
अहंकारंविहायाथ, कामक्रोधौचसर्वदा:
मनसोरंजनपत्युः कार्यनान्यस्थकुत्रचित्. ३

અર્થ-રોગી અથવા પિશાચ, ક્રોધી અથવા દારૂ પીનારો, વૃદ્ધ અથવા મૂર્ખ, બહેરો, મુંગો અથવા આંધળો, ચીડાઉ સ્વભાવનો અથવા કંજુસ, નિંદીત, બીકણ કપટી અથવા વ્યભિચારી હોય; તો પણ અહંકાર, કામ ક્રોધ વગેરે મુંકીને સ્ત્રીએ પતિ ખુશ રહે એ કામ કરવું, અને જેમાં નાખુશ થાય તે ન કરવુ. એવું શ્રીમદ્ભાગવતમાં શ્રી કૃષ્ણે નારદને કહ્યુંછે. માટે હું કદી તે વિના બીજા પુરૂષને પસંદ કરવાની નથી નથી ને નથી.

મદન-જેમ જેમ નરમ પડીને હું સાંભળી રહુંછું, તેમ તેમ વધારે જ્ઞાન અને તાન આવેછે. મોટી શાસ્ત્રી બની ગઇ તે જાણીએ છીએ. ભલાઈ લઇને સમજ જા નહીં તો પરાણે વટલાવીને બળાત્કાર કરીશ.

વિજયા-હું અબળાછું. તમારે શરણે આવી ત્યારે તમે ઊલટા નીર્દય બન્યા. ઠીકછે મારાં નસીબનો વાંક. યાદ રાખો કે પરાઇ સ્ત્રીને ઘરમાં રાખ્યાથી કોઈનું કલ્યાણ થયું નથી ને થશે નહી કારણઃ—

श्लोक.

लंकेश्वरोजनकजाहरणेनवाली,
तारापहारकतवाप्यथकीचकाख्या;

पांचालीकाग्रहणंतोनिधनंजगाम,

तच्चेतसापिपरदाहरतिनकांक्षेत्. १

અર્થ—સિતાના હરણથી રાવણનું કુળ નાશ પામ્યું, તારાના અભિલાષથી વાળીનો જીવ ગયો, અને દ્રુપદીની ઇછાથી કીચક બંધુ વર્ગ સમેત નાશ પામ્યો, તેજ પ્રમાણે જે પરસ્ત્રીની ઇછા રાખે છે તે નાશ પામે છે.

મદન—બસ હવે વધારે ગડબડ જવા દે, જો તારા બધાં શ્લોકનો એકજ જવાબ તારા મનને મળતો દઊંછું તે સાંભળ:—

अंधस्यदीपंबधिरस्यगीतं, मूर्खस्यकिंज्ञानकथा प्रसंग; मुक्ताचहाराकिलमर्कटानां, मिष्टान पानांपशुगर्धवानां. १

તારા જેવા હજારો શ્લોક હું જાણુંછું પણ મારૂં મન મારા હાથમાં નથી માટે હઠ છોડી દે. કેમ હજી કાંઇ વધારે કહેવું બાકી છે?

વિજયા—હા. એજ કે જો તમે મને વધારે પજવવા ચહાશો તો હું જીભ ચગદીને મારો પ્રાણ તમને સોંપીશ, કેમ એથી વધારે કાંઇ તમારે જોઇએ છીએ?

મદન—(મનમાં) જરૂર આવી દ્રઢ છે માટે કાંક એમ કરશે તો માર્યા જઇશું, માટે હાલ જવા દઇ લાલચમાં નાખું. (ગાસન) અરે તું એટલું બધું શું કામ બોલે છે, હાલ તારી મરજી ન હોય તો નહીં. તું કહે તેવી સવડ તને અહીં રહેવાની કરી આપું, તારા પતિથી મેળવું, પણ એકવાર તું મને કબુલાત આપી રાજી કર.

વિજયા—(મનમાં) જીવડા, હવે ચોળી ચીકણું કરવામાં માલ નથી. કારણ " અણી ચૂકયો સો વર્ષ જીવે." માટે લાવ ઘીના કુપ્પામાં હાથ મુંકાવું. (ચાસન) તમે મને આંહીની કન્યાશાળામાં જગ્યા અપાવો, તો આજથી વીશે દહાડે તમને રાજી કરૂં. આ કહેતાં મને અતી શરમ આવે છે, પણ પાપી પેટને લીધે લાચાર.

મદન—(મનમાં) હવે " નાની મોટી કરવા જતાં કુંવારા રહીશું." (ચાસન) તને કાલે કન્યાશાળામાં જગ્યા અપાવું, પણ પછી તો વારંવાર મારૂં કહ્યું માનવામાં રગઝગ નહીં ચાલે.

વિજયા—મારી રોજી તમારા હાથમાંજ છે. હું આડી ચાલું તો રજા આપજો એટલે ઝખ મારીને કહ્યું માનીશ. મારે પણ પેટ તો વળગ્યું છે.

મદન—તો કાલ સવારમાં રૂપીયા ચાળીશની જગો અપાવું, મારૂં પ્રબળ તો જો, રાજમાં કર્ત્તા હર્ત્તા તો હુંજછું.

વિજયા—ભલા, તો તેથી મને પણ લાભ થશે.

મદન—ત્યારે આ વખત હું જાઊંછું, પણ તારી કબુલાત પ્રમાણે પળજે.

વિજયા—ખુશીને સાથે પધારો, તમારે જરાએ ફીકર ન રાખવી.

(મદન લાલ જાયછે તથા વિજયા સુઇ જાયછે. ને બીજે દિવશ પોતે કેળવણી ખાતાનો ઉપરી હોવાથી પોતાની સગી ઠરાવી વિજયાને સવારમાં શીપારસથી કન્યાશાળામાં મુખીની જગ્યા અપાવેછે.)

प्रवेश १६ मो.

સ્થળ આનંદઘરની કન્યાશાળા.

વિજયાકુંવરી તથા મહાલક્ષ્મી.

વિજયાકુંવરી (એકલી.)

નારાચછંદ.

અહો દયાનિધાન પૂર્ણ કામ વિશ્વના ધણી,
થઇ ઘડી ઘડી દુખી હું કેમ આટલી ઘણી;
ખરે શું કૃત્ય મેં કરેલ છે આતજ ઘાતકી,
સજા હું ભોગવુંછ તેહ માટ આ બધી નકી. ૧
નથી હું યોગ્ય આટલી બધી સજા ઊઠાવવા,
અરે તમે પસંદ શુ કરો મને રીબાવવા;
કરૂં સદા તમારૂં ધ્યાન, નામ નિત્ય હું લઊં,
ન થાય પાપ મારૂં, તોય ને વળી દુખો સહું. ૨
પ્રભુ જરા દયા કરો કૃપાળુ નામછે ધર્યું,
કહે સહુ તમારૂં ચિત્તછે દયા થકી ભર્યું;
તથાપિ કેમ ફાયદો મને ન તેહનો મળે,
કરે વિચાર મર્મ ચિત્ત તેહનો નહી કળે. ૩
ક્ષમા વળી હવે હરી જરાક તો કૃપા કરો,
અરે ન અર્જ કેમ દિકરી તણી હૃદે ધરો;
થઇ બહુ સહી શકું નહી દુખો હવે પ્રભુ,
બચાવ તો ઘણો કર્યો ન ખાતરી હવે નભું. ૪
ગ્રહોજ હાથ નાથ દાસીનો કરી અતિ ત્વરા,
કરોજ માફ દોષ બાકીના હવે દુઃખો હરા;
હું બાળ ના મળે જરાય જ્ઞાન અર્જ શું કરૂં,
તથાપિ વાર વાર એજ આપ પાસ ઊચરૂં. ૫
કરો તમે સહાય નાથ વૃત્ત મુજ જાળવો,
ન કોપ કાંઇ નાંખશો હવે કદી પ્રભુ નવો;

નમું નમું અપાર વાર પ્યારથી દયા નિધે,
કરૂં હું જે વિનંતી તેહ ધારજો બધી રદે. ૬
ગરીબ કિંકરી તણા ગ્રહોજ હરત તાતજી,
બચાવીને હવે સહુ થવાની અન્ય ઘાતથી;
સ્વઠામ, ગામ, માત,તાત, નાથ સાથ મેળવો,
ચહું હું ચિત્ત એમ પાંમી જન્મ તો ફરી નવો.૭
વિચારી જોઉં વાજબી, કહું સજા ઘટીતછે,
અપાર ઊપકાર તે થએલ આપથીજ છે;
તથાપિ મોહ જાળમાં ફસાઇ આ બધું કહું,
સદા સુખો અને ખુશી વિવિધ પામવા ચહું.૮
કરૂં શું? સર્વ આપ પાસ રાત દિન જાચવું,
મળેથી તેહ છાકી મોહ-ફંદમાંહે રાચવું;
ન શક્તિવાન, આપની કૃપા થઇછ જે બધી,
હું મુક્ત થાઊં પાછીવાળી તેહ આપને કદી. ૯
અનુગ્રહો અતિ થયા, વળી વધુ કદી થશે,
દયા નિધે, ન શક્તિ તેથી આપની ઘટી જશે;
અપાર કર્જદાર છું, તદુપરાંત આપશો,
ધરી વિનંતી ચિત્ત નાથ કષ્ટ સર્વ કાપશો. ૧૦

અરેરે ? હવે વાયદાના દહાડાતો ઘણા પાસે આવતા જાયછે ને, હું શું કરીશ, એ કાંઇ સુઝતું નથી. એકદમ ચાવી થાઊં, ને પછી તેથી ""બકરી કાઢતાં પેસે ઊંટ."" તેના જેવું થાયનો પસ્તાવું પડે, (મહાલક્ષ્મીને આવતી જોઇને) આવો બેન તમારા સહવાસથી મને આનંદ રહેછે.

મહાલક્ષ્મી-બેન, તમે પંડ ભલાંછો તેથી બીજાને સારાં કહો એમાં શી નવાઈ. મનેતો તમારા મેળાપથી અપાર હર્ષ થાયછે, ઇશ્વર સદા તમને આ જગ્યા પર અચળ રાખો.

વિજયા-કાલે બપોરે દરબાર તરફથી લોકોનાં ટોળાં કેમ આવતાં હતાં..?

મહાલક્ષ્મી-ખરોબર નામ ઠામની ખબર નથી, પણ એક ગામડાના પટેલની છોકરીપર, એક કારકુન ઉપર, તથા એક ફોજદાર ઉપર, કંઇ ચાર્જ આવવાને લીધે, તપાસ ચાલી કાલે શિક્ષા સંભળાવી. તેમને તુરંગમાં લઇ જતા હતા.

વિજયા-એમને કેટલી કેટલી શિક્ષા શી શી બાબત થઇ ?

મહાલક્ષ્મી-બાબતની તો ખબર નથી. પણ કારકુન તથા ફોજદારને બે વરસ, તથા પટેલની છોકરીને ત્રણ મહીનાની ટીપ મળી.

વિજયા-નસીબ એમનાં. કુકર્મ કર્યાં હશે, ત્યારે સજા થઇ હશે, પણ આ જોતાં આપણા મહારાજા બહુ ન્યાયી હશે.

મહાલક્ષ્મી-અતિશય દયાળુ તથા વ્યભિચારના કટ્ટા દુશ્મન છે, બીજી બાબતો વિશે થોડી દરકાર રાખેછે, પણ આ ઉપર લક્ષ બહુ દેછે.

વિજયા-એતો મોટો ગુણછે.

મહાલક્ષ્મી-બેન, ભલા તમારે ફોજદાર કાંઇ સગા થાયછે ? કારણ કે તમને તો એની સીપારસથી જગ્યા મળીછે.

વિજયા-બાપુ એ વાતતો કહેવાનીજ નથી, મને રસ્તે જતાં પકડી પોતાના ઘરમાં પુરેલ, તે મેં વીશ દહાડાનો જુઠો વાયદો કર્યો ત્યારે તેની શરતે આ જગ્યા અપાવીછે. હવે ફક્ત તેના બેજ દિવસ બાકી રહ્યાછે, તેથી મને અતિ ફિકર થાયછે, પણ શું કરૂં; મને તો કાંઇ ઉપાય સુઝતો નથી.

મહાલક્ષ્મી-રાજાજીને છાંની અરજી લખો તો હું કુંવરીને ભણાવવા જાઊં છું તે પહોચાડી દઊં.

વિજયા-વાહવાહ, એ ખૂબ વાત કહી. પણ મહારાજ ખરોબર બંદોબસ્ત કરશે ખરા ?

મહાલક્ષ્મી-હા. તેની તમારે ફિકર ન રાખવી, એ બા-

ખતની હું જવાબદાર.

વિજયા-લાવો ત્યારે કાગળ ને કલમ, તે અત્યારેજ લખી નાંખું.

મહાલક્ષ્મી-હા ધરમના કામમાં ઢીલ શી. (તે લાવીને આપેછે તથા વીજયા એક અરજી લખેછે.)

વિજયા-સાંભળ, આ પ્રમાણે લખ્યું છે. (તેને વાંચી સંભળાવે છે.)

મહાલક્ષ્મી-(સાંભળીને) વાહ વાહ, ખૂબ ટુંકામાં મજમુન ગોઠવ્યો છે. લાવો હું લઇ જઇશ. પીટ્યો માગતો હતો. બેન તમે ભલે આવ્યાં.

વિજયા-કેમ ભલા તમે આમ બોલોછો?

મહાલક્ષ્મી-બધા ગામને ત્રાસ પમાડેછે. પણ દીવાનનો જમાઈ થાય, તેથી નભતું હતું.

વિજયા-પાપ ક્યાં સુધી ટકે. (એટલામાં ઘંટ વાગેછે) અહો વખત થયો!

મહાલક્ષ્મી-હા ચાલો, હમણાં આપના આવ્યા પછી તો ધમધોકાર કામ ચાલેછે.

વિજયા-શું કરીયે, નીમક ખાવું તે કરવુંજ જોઇએ.

(બને નિશાળમાં ભણાવવાને જાયછે.)

પ્રવેશ ૧૭ મો.

સ્થળ આનંદગઢનો રાજ્ય મહેલ.

અનુપસીંહ-ગુણસુંદરી તથા મહાલક્ષ્મી.

અનુપસીંહ-કેમ મહાલક્ષ્મી; હવે કુંવરીને શું ચાલેછે?

મહાલક્ષ્મી-પૃથ્વી નાથ, આજ દિવસ દસ થયા ત્રીજી ચોપડી માંડી છે.

અનુપસીંહ-અહો, ચાર મહીનામાં ત્રીજી ચોપડી શરૂ કરાવી? સાબાશ. આ જોતાં તમે સારી મહેનત લીધી.

ગુણસુંદરી-જ્યારે ભણાવવા આવેછે, ત્યારે ખરી થઇને મંડે છે; પછી કેમ ન શીખે.

મહાલક્ષ્મી-એનની બુદ્ધિ તેજછે; તથા ભણવામાં લક્ષ બહુ રાખેછે; એટલે સપાટા બધ અભ્યાસ ચાલેછે. જો ભણનાર મંદ બુદ્ધ વાળું તથા બેદિલ હોય, તો શિક્ષક ગમે તેટલો શ્રમ લે, પણ તે બધો વ્યર્થ જાય.

ગુણસુંદરી-એતો ખરૂં છે પણ હવે શીખવવામાંએ ફરક પડે છે.

મહાલક્ષ્મી-મહારાજ, ખરૂં પુછો તો ઘેર શિખવ્યાના કરતાં નિશાળમાં મોકલો તો બહુ સારૂં.

અનુપસીંહ-હું જાણુંછું કે, નિશાળમાં મોકલ્યાથી એકલી વિદ્યા સંપાદન થાય એમ નથી, પણ બીજાની સ્થિતી જોઇ સુખ દુઃખની સમજ પડેછે; તથા બીજા કેટલાક લાભ થાય છે. પણ આટલા દહાડા મુખી શીક્ષકનુ નક્કી નહોતું એટલે નહોતો મોકલતો. હવે પેલી નવી બાઇ રાખીછે, તેથી મોકલવા વિચાર છે.

ગુણસુંદરી-ભલા એ ક્યાંની નેં કેવી છે? મારે તો એને જોવી છે.

મહાલક્ષ્મી-માજી, બહુ નિપુણને રૂપાળી છે. કોઇ અમીરનું ફરજંદ હોય, એમ બોલવા ચાલવા ઊપરથી જણાય છે; દુઃખની મારી અહીં આવી ચઢી છે. મૂળવાત પુછેથી કોઇને કહેતી નથી.

અનુપસીંહ-ભલા એ નિશાળના કામમાં કેવી હોંશીયાર છે.

મહાલક્ષ્મી-અરે સાહેબ, એનું જ્ઞાનતો આપણી ગુજરાતી નિશાળના મેહેતાજી કરતાં પણ વધારે છે. એવું સરસ રીતે શિખવે છે કે છોકરીઓ ખરા ઉમંગથી ભણે છે.

ગુણસુંદરી-ત્યારે કાલે તું એને તેડીલાવજે આપણે જોઇયે, જરા વાત ચિત કરીયે.

મહાલક્ષ્મી-(સાંભરી આવ્યાથી) મહારાજ, આ અરજી લક્ષ દઇને વાંચવાની કૃપા કરશો? (ધરેછે.)

અનુપસીંહ-(લઇને) કોહો શી બાબત લખીછે. ?

માહાલક્ષ્મી-આપ વાંચશો એટલે સમજાશેજ. (રજા સહુ સાંભળે તેમ તાણીને વાંચેછે.)

" પરમ દયાળ, પરોપકારી, પર દુઃખ ભંજન, સદ્"
" ગુણ સંપંન. પ્રજા પ્રતીપાળક, અબળા દુઃખ "
" ટાળક, ન્યાયં દાતા ધર્મ-પિતાજી રાજા સાહેબ "

" શ્રી અનુપસીંહજી બહાદુર. "

" શુ. આનંદવદ. "

" આ અરજી શરૂ કરવાની પહેલાં હું ઈશ્વર"
"પાસે એજ માગુંછું કે, "ફરીથી આવી બિના લખ-"
"વાનો વખત ન આવો." આપ-પિતા રૂપ આગળ"
"આ વર્ત્તમાન જાહેર કરતાં મને ઘણીજ શરમ આવે"
"છે; પણ જો હું તેમ ન કરૂં, તો તેથી મને અપાર"
"નુકસાન થાય, એટલુંજ નથી, પણ જો તેથી મારે આપ"
"ઘાત કરવી પડે તો-અથવા તે કર્મ મારાથી કરાય"
"તો-સર્વજ્ઞ સરવેશ્વરની હજુરમાં મારા ઘણાજ ખરાબ"
"હાલ થાય. ત્યારે તેમ થવાના કરતાં આપ દયાળુ સર-"
"દારની આગળ લાજ છોડી પુરી આશાથી બનેલ"
"હકીકત લખી વિંદીત કરવી, એ વધારે સારૂં જણા-"
"યાથી આ નિચે અરજ કરવાનો હેતુ આપ કૃપાસાગર"
"પ્રજા હિતેરછુને જણવતાં આશા રાખુંછું કે મુજ ગરી-"
"બડી લાઇલાજ બાળકીની દયા લાવી વહારે ધાવા"
"આપ જેવા સંપુર્ણ સુનિતી વર્ધક કદી ભુલનારે નથી."

"આંહીના દુષ્ટ ફોજદાર મદનલાલે હું આ"
"શહેરમાં આવતી હતી, ત્યાં રસ્તામાંથી પોતાની નીચ"

"મુરાદ પાર પાડવાના ઇરાદાથી મને નીર અપરાધીને"
"જુઠું નિમિત્ત મુંકી ધમકી દઈ સીપાઇયો જોડે ખરાબ"
"હાલતે પોતાને ઘેર મોકલાવી દીધી. મને એ તકશીર"
"અબળાને નાહક દુઃખમાં નાંખવાનો જે થોડોક અનુ-"
"માનીક સબબ મારા જાણવામાં આવેલ, તે રાત્રિ"
"આઠ વાગે ત્યારે તે કાળમુખો મહારી પાસે આવી,"
"શ્યામ દામ ભેદ અને દંડે કરી સમજાવી મને કુકર્મ"
"કરવાને લલચાવવાનું કર્યું ત્યારે ખરો પડયો. આ વખત"
"જો પૃથ્વી માતાએ મારી પ્રાર્થના સાંભળી માર્ગ દીધો"
"હોત, તો મારે આ અરજી લખ્યા પહેલાં અચળ"
"સુખ થાત. પણ મારા પાપી જીવને હજી વધારે કષ્ટો"
"વેઠવાનાં હશે, તેથી એમ થયું નહીં. આ વખત તે"
"કામાંધીએ કહેલા અપશબ્દોના ઘા મને એવા વાગ્યા"
"છે કે, તે અંતકાળ સુધી રૂઝાવાના નથી. અને ખરેખાત"
"તે વખત મને "આપઘાત કરવાથી ઇશ્વર કોપાયમાન"
"થાય છે." એ વાક્ય યાદ ન આવ્યું હોત, તો હું મારો"
"પ્રાણ ત્યાગ કરત. આ સમયે મારા ઊપર જગકર્ત્તાની"
"કરૂણા દ્રષ્ટી થવાથી, મેં તે દુષ્ટને વીસ દિવસનો જુઠો"
"વાયદો આપ્યો, તે તેણે સાચો માનવાને લીધે હું તે"
"વખતે બચી આ જગ્યાએ આવી છું. કાલે વાયદો"
"પુરો થશે, એ વિચાર આવ્યાથી છાતી ભરાઇ જઇ"
"કલમ પડી જાય છે. હે નોધારાં આધાર પિતાજી! મેં"
"બહુ વાર મોટાં મોટાં સંકટ વેઠી પ્રપંચથી મારૂં શીયળ"
"વૃત્ત જાળવ્યું છે; પણ આ વખત મને કશું સુઝતું"
"નથી. હાય હાય! તે દુષ્ટ કાલે મારી પાસે આવશે"
"ત્યારે કોઇ સહાય કરનાર નહિં હોય તો, ખચીત"
"આપઘાત કરી એ વિશેના ગુન્હા બદલ સજા ભોગ"
"વીશ; પણ મારૂં શિયળ વૃત્ત ભંગ નહિં થવા દઊં."
"સત્યમેવજયતિ-એ યાદ આવે છે, ત્યારે આપની તર-"

"દૃથી સંપુર્ણ મદદ મળી મારા શિયળનો બચાવ થવાની"
"આશા બંધાય છે. સત્ય ચાહનાર, સુનિતી સ્થાપનાર,"
"પવિત્ર પિતાજી? ગરીબ, દુખો સહી તદન આવી રહેલી"
"અબળાની વહારે વેળાસર આવવાને કદીપણ ભુલશો"
"નહીં. અને ખરેખર જો આપ મારા દુર્ભાગ્યે નહીં"
"આવો તો મારો પ્રાણ ઇશ્વરને હવાલે કરીશ. કારણ"
"કે ગમે તેવું દુઃખ પડે, અથવા ગમે તેમ કોઇ લલ-"
"ચાવે, પણ હું પ્રાણ ગયા સુધી એ વાત કબુલ કરવાની"
"નથી નથી ને નથી. દયા સિંધુ? કાલરાત્રે મહાલક્ષ્મીના"
"કહ્યા પ્રમાણે બંદોબસ્ત કરશો, તો આ દુખીત અ-"
"બળા જન્મ પર્યંત આપનું કલ્યાણ થવાને ઈશ્વર પ્રાર્થના"
"કરવા નહીં ચુકે. મારા દુઃખની યથાસ્થીત બિના કહી,"
"આપને કંટાળો આપવાનું, અને આપના આનંદમય"
"અંતઃકરણને ઊદાશ કરવાનું દુરસ્ત નહીં લાગ્યાથી,"
"આપને આ અરજી વાંચતાં તસ્દી પડી હોય તેને"
"માટે માફી માગી મારી કલમ અટકાવું છું.

મુ૦ આનંદગઢ કન્યાશાળા.	લીખતંગ આપની
	મદદ ઊપરજ જીવવા
મીતી જેઠ વદી ૫.	ની આશા રાખનાર

"દાસી વિજયાના" પ્રણામ.

અનુપ-(વાંચી રહીને) શું દુષ્ટ ફોજદારે મને જુઠું સમજાવ્યું હતું કે મારી આગળ પોતાની સગી ઠરાવી જગ્યા આપવાની મંજુરી લઇ ગએલ. મને શી ખબર કે માંહી આમ હસે.

મહાલક્ષ્મી-અરે મહારાજ, એ તો દીવાનજીનો જમાઇછે, એટલે કોઇ બોલી નથી શકતું; બાકી બધા ગામને ત્રાહી ત્રાહી પોકરાવેછે, કારણ એ અતિ કુચાલીછે

અનુ૦-અરે! આ વાતની મને ખબર ન થઇ હત, તો બીચારી અબળા ઊપર કેવો જુલમ થાત!

મહાલક્ષ્મી-એમાં શો શકછે, પૃથ્વીનાથ, એના જેવી સુનીતીવાળી બીજી કોઇ પૃથ્વીપર નહીં હોય. એ દુષ્ટે અતી લાલચ તથા ધમકી આપી પણ નજ ડગી.

અનુપ-ધન્યછે એને તથા એના જ્ઞાનને! ખરી ભણેલ તો એનું નામ, કાંઇ હરકત નથી, એણે મને અગાઊથી ચેતવ્યોછે, તો બધું સારૂં થશે.

ગુણસુંદરી-મહારાજ, પછી આપ ભૂલી જશો, માટે અત્યારે ને અત્યારે બંદોબસ્ત કરો તો ઠીક.

અનુપ-અરે ભુલું એ તે વાતછે? હું જાતે કાલે આઠ વાગે નિશાળમાં જઇશ. મહાલક્ષ્મી તું પણ કાલે ત્યાં આવી પાછલી બારી ઊઘાડી રાખજે એટલે મને આવવું ફાવે.

મહાલક્ષ્મી-ઠીક યુક્તિ શોધી કહાડી. હું એને કહીશ તે એ દુષ્ટને ફોસલાવી નિશાળમાં લઇ જાય.

અનુપ-હા એમજ કરજે. ને એ બાઇને ધીરજ આપવાને સાથે કહેજે કે, કશી ફીકર ન રાખે એ પંડે સુનિતીવાળી હોવાથી જરૂર ઇશ્વર રક્ષણ કરશે.

ગુણસુંદરી-અહો, પણ કેવી યુક્તિથી એક વખત છુટી ગઇછે ને! ધન્યછે એની જનેતાને! એતો એનીજ હિંમત ચાલે, બીજું હોય તો ધીધવાઇને ફસાઇ જાય.

અનુપ-ખરાખોટાની પરીક્ષા ત્યાંજછે તો. મોઢે તો સહુ ફુલાઇ મારે પણ ખરે વખતે સમજણ પડે.

મહાલક્ષ્મી-મહારાજ, હું રજા માગુંછું. આ વાત હું જઇને કહીશ, ત્યારે એને અપાર આનંદ થાશે.

અનુપ-હા જા. ને કહેજે કે કશી ફિકર ન રાખતાં ગભરાય નહીં.

મહાલક્ષ્મી-આપે સહાય કરી, હવે શું કામ ગભરાય.(સહુ વેરાઇ જાયછે.)

પ્રવેશ ૧૮ મો.

સ્થળ આનંદઘરની કુંન્યાશાળા.

વિજયાકુંવરી, મદનલાલ, તથા પછીથી અનુપસિંહ ને મહાલક્ષ્મી.

વિજયા-(ફોજદારને આવતો જોઇને) આવો ભાઇ, આજે તો બહુ દહાડે ગરીબ બેનની ખબર લીધી.

મદન-(મનમાં હજી સાળી ભાઇ કહેવા નથી છોડતી. (ચાસન) કેમ આ શું કરોછો?

વિજયા-મહીનો પુરો થવા આવ્યો, માટે પત્રક તપાસુછું.

મદન-મુકને પડતું, એતો આપુરૂં થશે. કોણ તપાસ કરીને એવી પુછપાછ કરનારછે.

વિજયા-એમ કેમ બોલોછો? જેનું નિમક ખાવું તેનું ખરા દીલથી સોંપેલ કામ કરવુંજ જોઇએ, તે તપાસેછે કે નહીં તેની આપણે દરકાર ન રાખવી.

મદન-કોઇ પુછતું નથી. એમ હોય તો અમને ઘડીભર પણ શાની નવરાશ મળે.

વિજયા-તમે તો મોટાને વગવાળા તે ચાલે. પણ હું અનાથ એમ કરૂં તો મારી જાણ.

મદન-હવે અનાથ શું કામ રહેછે. આજે વીસમો દહાડો છે તે ભુલી ગઈ?

વિજયા-ભાઇ તમને એ બોલવું ઘટીત છે? ભલા મુજ પરદેશી દુખીયણની આપે દયા જાણી, તેથી હું આપનો આભાર માનુંછું. હુંતો તમારી ધર્મની બેનછું.

મદન-જો પાછાં ચોચળાં માંડયાં કે ? યાદ રાખ કે હવે હું માનવાનો નથી.

વિજયા-તમને આ ઘટતું નથી. આ લક્ષણમાં જરૂર તમે ખરાબ થશો અને અંતે માઠું પરીણામ નિપજશે,

માટે એ ખ્યાલ જો પોતાનું હિત ચહાતા હો તો છોડી ઘો કારણ કે:—

श्लोक.

आयुःक्षतिर्विकलताउपहास्यताच,
निंदार्थहानिलघुताचगतिःपरत्र;
स्यादित्ययद्यपिरतेनपरांगनाया,
प्राहुस्तथाप्यनधमित्यपिकारणेन. १

અર્થ—પરસ્ત્રી ભોગવેથી આવરદા ઘટે છે, બેચેની આવે છે, મશ્કરી થાય છે, નીંદા થાય છે, પૈસો ખરાબ થાય છે, હલકાપણું આવે છે, અને આ લોક તથા પરલોકમાં ઘણું દુઃખ થાય છે. એ પ્રમાણે સાત પ્રકારની હાનીયો છે.

મદન—જો હવે હું એ તારી સિધાઇ માનવાનો નથી. અને જેમ તું વાર લગાડે છે તેમ તારા હકમાં નુકસાન થાય છે.

વિજયા—મારી ગરીબની ઉપર કૃપા કરીને એ વાતની માફી આપો તો આપ જે કહો તે કરવાને હું તૈયાર છું.

મદન—એટલા સારૂં તો આ બધી માથાકુટ કરી છે, ને વળી બીજું તો શું તને ધાડે દ? કેમ માને છે કે નહીં?

વિજયા—નહીં, નહીં, નેં નહીં. પ્રાણ જાય તો ભલે પણ એ વાત હું કદી કરનાર નથી.

મદન—મહા મુસીબતે ધાન ભેગી થઇ છે, ને હાથે કરીને શું કામ દુઃખમાં પડે છે.

વિજયા—એવું કર્યાથી ધાન મળે તેના કરતાં ભૂખે મરવું હજાર દરજે બહેતર છે.

મદન-પ્રિયા, ઘણી મોંઘી શું કામ થાય છે. તારે કાંઇ વધારે જોઇતું હોય તો માગી લે તે વાતની હું ના નથી કહેતો.

વિજયા-તમે શું ધૂળ આપવાના હતા, ડાહી ડાહી વાતો કરો એટલુંજ છે.

અનુપ-(પાછલા ભાગમાં છુપી રહેલ તે મનમાં) આણે તો ફસાવાનાં ચિન્હ માંડયાં.

મદન-અરે એ તે તું શું બોલે છે, જા તું જે માગે તે ન આપું તો મારા ધરમના સમ.

વિજયા-નહીં આપી શકો માટે શું કામ સમ ખાઓછો.

મદન-અરે પણ માગ્યા વિના? જા ફરીને કહુંછું કે તું જે માગે તે ન આપું તો મારી સાત પેઢીનું વચન જાય.

વિજયા-ત્યારે હું એજ માગુંછું કે એ વાતની મને માફી આપો.

અનુપ-(મનમાં) સાબાશ છે તહારી બુદ્ધિને.

મદન-ચાલ ચાલ ધુતારી, એમ ઠગાઇ કરે હું તને છોડવાનો નથી.

વિજયા-ફટછે તારી જાતપર! સાત પેઢીનું વચન નથી પાળતો? જરા તો શરમા, શું જોઇને વચન આપવા બેઠો હતો.

મદન-(ભોંઠો પડયાથી ગુસ્સે થઇને) રાંડ આંહી વળી અદલ ચલાવવા આવી છે. જોઈ આ તલવાર માની જા, નહીં તો પુરી કરીશ તે કોઇને ખબરે નહીં પડે.

વિજયા-ભાઇ એમ કરે તો તો હું આપઘાત કરવાના પાપમાંથી બચું, તથા મારૂં શિયળ વ્રત પણ જળવાય.

મદન-સ્ત્રી ચરીત્ર શાનાં કરેછે. મરવું તો ઘણું દોહેલું છે.

વિજયા-તમારા જેવા હીચકારાના મનથી, હું તો મારા દેહને સુનીતીના કંડમાં ભોગ આપવાને અતી ખુશી છું.

મદન-પ્યારી ભલી થઇને માન. શું તું આવી સતવાળી થઇને તારો વાયદો પુરો નહીં કરે?

વિજયા-ના ના નં ના. વધારેવાર એવા શબ્દો રૂપી બા

મારા હૃદયમાં ન મારીશ.

મદન—અરે પ્યારી, તારા ઘા મને એથી પણ વધારે વાગ્યાં છે. આવ હવે બહુ થયું. (ભેટવા જાયછે.)

વિજયા—(ધક્કો મારીને) અરે્યા ચંડાળ, જરા શરમા. સારૂં શું નિર્લજ ને અંધ બની જાયછે.

મદન—(અતી ક્રોધે ભરાઇને) રાંડ વળી જેમ જેમ લાડ કરૂંછું તેમ તેમ ઊંચે ચઢેછે. (તલવાર કહાડીને) કેમ બોલ, હવે હા પાડવી છે કે મરવુંછે ?

વિજયા—હું કદી નથી ડગવાની. ઉલટી તને ભલામણ કરૂંછું કે આ વખત મારૂં દીલ ઇશ્વરથી જોડાયલછે માટે ઊતાવળ કરી મને અખંડ સુખ પામવાને અમર દુનીયામાં મોકલીદે.

મદન—બેવકુફ, ખાલીપીલી જીવ ખોઇશ. ઇશ્વરને ઘેર કોણ જોઇ આવ્યુંછે કેઃ—

વિજયા—અરે્યા ચંડાળ તું તારે મારતો હોયતો માર; પણ મને અપ શબ્દ ન સંભળાવીશ.

મદન—છેલ્લું કહુંછું કે કબુલ કર, નહીંતો મારી નાંખીશ. આંહી કોણ તારો બાપ આડો આવશે?

વિજયા—મારો સચરાચરવ્યાપક ઇશ્વર જરૂર મારૂં રક્ષણ કરશે.

મદન—(તલવાર ઊચકીને) કેમ હવે બોલાવ તારા રક્ષણ કર્તાને.

અનુપ—(બહાર આવીને) ખબડદાર દુષ્ટ જો ઘા કર્યો તો માર્યો જઇશ.

મદન—(ડરવાથી તલવાર ફેંકી દઇ) અરે તું વળી કોણછે, ને આતે શું કહેવાય. (થરથર ધ્રુજેછે.)

અનુપ—તારો બાપ પરમેશ્વર, સીપાઇયો આને પકડીને લઇ જાઓ પહેરામાં. (કેટલાક સીપાઇ જે નિશાળના પાછલા ભાગમાં રાજા જોડે આવી છુપી રહેલ

ફોજદારને બાંધીને પહેરામાં લઇ જાયછે.)

વિજયા-(એકદમ રાજાના પગપર પડીને) હે પીતાજી પ્રાણ દાતા ? આપે ખરેખાત આજ ડુબતાં બાંહ્ય ઝાલી. મુરબી, આપનો આભાર મારાથી શી રીતે વળશે. (ગળગળીત થઇ જાયછે.)

અનુપ-ઊઠ બેન, ચાલ મારી સાથે, તું મારી દીકરીછે. ધન્યછે તારી હીમત તથા બુદ્ધિને, શાબાસછે તારી દ્રઢતાને! મહાલક્ષ્મી તું આને રાણી પાસે લઇજા. હું પેલા ચંડાળની ખબર લઈ આવું છું.

મહાલક્ષ્મી-ચાલો બેન, હવે સુખનો સૂર્ય ઉદય થયો. તમે તમારી બધી વાત આપણા માયાળુ પિતા પાસે કહેશો એટલે બધું સારૂં થશે.

વિજયા-હા મારી વહાલી, પ્રભુ તારૂં તથા મહારાજનું જુગો જુગ કલ્યાણ કરો, કે મને ખરે વખતે સહાય કરી. (સહુ દરબારમાં જાયછે.)

પ્રવેશ ૧૯ મો.

સ્થળ રાજ્યમહેલ.

અનુપસીંહ-ગુણસુંદરી-તથા વિજયા કુંવરી.

અનુપ-બેન, તારૂં ખરેખરૂં ઠેકાણું, હકીકત, અને મા-બાપનું નામ વગેરે કહે.

વિજયા-મહારાજ, કહીશ. આપને નહીં કહું તો કોની આગળ કહીશ.

ગુણસુંદરી-તું છુપાવેતો ભલે, પણ મારા ધારવા પ્રમાણે તું કોક રાજપુત્રીછે.

વિજયા-માજી, રાજપુત્રી હોઊં, તો વળી આ દશાએ પહોચું ?

અનુપ-નહીં નહીં, તું સાચું ન કહેતો મારા સમ.

વિજયા-કૃપાનાથ, મારી કર્મકથા એવીછે, કે તેથી આપને દીલગીરી પેદા થવાને સાથે કદાચ ક્રોધ પણ ઉત્પન્ન થાય એવો ભય રહેછે.

અનુપ-મને કોઇ દહાડો ક્રોધ ઉત્પન્ન થવાનો નથી.

વિજયા-હું આપની સંપુર્ણ અપરાધી થયેલછું, માટે કહુંછું.

અનુપ-તારા જેવી સુનિતીવાન સ્રીથી કોઇ પ્રકારનો ગુન્હો થાયજ નહીં. ને કદી થયેલ હશે, તોએ જા માફી આપુંછું.

ગુણસુંદરી-બેન, મહારાજ પંડે માફી આપે છે, પછી શું કામ બંચાયછે? કહે પેટ ખોલીને.

વિજયા-(અથથી તે 'ઇતી સુધી તમામ હકીકત કહી સંભળાવેછે.)

અનુપ-(વાંસો થાપડીને) ધન્યછે મારી વહાલી તારી બુદ્ધિ તથા ધૈર્યતાને! ખરેખાત તું તારા કુળમાં રત્નછે. ઇશ્વર તને ચિરંજીવી રાખી સદા સુખી કરો.

ગુણસુંદરી-બસ, તું તો મારી દીકરીજ, હવે હું તને તારા માબાપ પાસે પણ નહીં જાવા દઉં પુરાંપુન્ય કર્યાં હોય, ત્યારે આવી સદ્ગુણી દીકરી પેટ અવતરે.

અનુપ-એમાં કાંઇ શકછે, પણ જુઓને ઇશ્વરની ગહનગતિ? આવી સ્રીપર આટલી આફતો આવે એ વાજબી છે!

વિજયા-પિતાજી, ઇશ્વર તો ન્યાયીજછે. આપણે સમજ-વામાં ભૂલ કરીને તેને દોષ દઇએ છીએ.

અનુપ-શાબાસ બેન તારી સમજણને, ખરેખાત જેમ હરીશ્ચંદ્રની સત્યને માટે ઇશ્વરે પરીક્ષા લીધી હતી, તેમ તને પણ એટલાજ સારૂ આફતમાં નાંખેલી. હવે એ સર્વજ્ઞ સર્વેશ્વરને,તારા વિશે ખાતરી થવાથી જરૂર તને અખંડ સુખ આપશે.

વિજયા-કર્ત્તા હર્ત્તા તો દરેક બાબતનો ઇશ્વરજછે. પણ અત્યારે આપના પ્રતાપથી બચીને માબાપને મળીશ. આ-

પનો મારા ઉપર મોટો આભાર, ને તેનાં બદલામાં મારો અપરાધ, એ મને બહુ સાલેછે.

અનુપ-નહીં નહીં. એતેં વાજબી કર્યુંછે. એતો કુંવર જીવ્યો, પણ કદાચ મરી જાત તો પણ તું દોશિત ન કહેવાત.

ગુણસુંદરી-એને માટે તો તારાં જેટલાં વખાણ કરીએ એટલાં ઓછાંછે. એ તો તું ખરી પતિવૃતા, તે આ-ટલી લાલચ તથા ધમકીથી ન ડરી, નહીં તો આ વખતમાં તોજેમ છે તેમ ઠીક છે.

અનુપ-સાચાનું પારખું કસોટીથીજ પડેછે કેમકેઃ-

श्लोक.

छिन्नोपिचंदनतरूर्नजहातीगंधं,
वृधोपिवारणपतिर्नजहातीलीला.
यन्त्रार्पितोमधुरतांनजहातीइक्षु;
क्षिणोपिनत्यजतिशीलगुणान्कुलीन. १

અર્થ-જેમ ચંદન વૃક્ષ ભેદાયાથી પોતાની ખુશબો તજતું નથી, જેમ હાથી ઘરડો થયા છતાં સુંદર ચાલ ભુલતો નથી, અને જેમ શેરડી પીલાયા છતાં મીઠાશ મુકતી નથી, તેમ કુળવાન પુરૂષ ક્ષિણતા પામે તોપણ સદ્ગુણ છોડતા નથી.

જો બેન તું સુનિતીએ ચાલી તો આખરે જય પામિને આનંદ થયો. ને કુનિતી કરી હોત તો આજે ક્યાહીં પડી હોત.

વિજયા-પિતાજી આપના પ્રતાપથી તથા વડીલોના પુન્ય વડે એ સહુ થયું ને થશે.

ગુણસુંદરી-મહારાજ જાલમસિંહનો કાંઇ કાગળ આવ્યો?

અનુપ-હા કાલના કાગળમાં કુશળ સમાચાર લખવાને

સાથે લખેછે કે મને મોશાળમાં ગમેછે. પાંચ સાત દહાડા પછી આવશે.

ગુણસુંદરી—અરે રે! આપણે એને પુરૂં ભણાવ્યો નહીં, તેથી કેવું પરિણામ નિપજ્યું. જો ખરૂં જ્ઞાન મેળવ્યું હોત તો આમ ન કરત.

વિજયા—કેટલાક રાજકુંવરો અધુરૂં ભણવાને લીધે અભિમાની તથા કુચાલી થઇ જાયછે, તે અભણના કરતાં પણ માઠાં કૃત્ય કરેછે માટે જો ભણાવે તો સંપુર્ણ જ્ઞાન અપાવવું જોઇએ. કારણ તે વિના મેહેનતનું ફળ ન મળે.

ગુણસુંદરી—બેન, અમે તારાં એને લીધે અપરાધી થયાં છીએ.

વિજયા—માજી આપના અથાગ એહસાન આગળ એતે શી ગણતરીમાં.

અનુપ—આજે હું તારા પિતાપર કાગળ લખું તેમાં તું પણ અક્ષર કરજે, એટલે તેમના મનમાં વધુ આનંદ થાય. ચાલો દીવાનખાનામાં, ત્યાં બેઠા બેઠા કાગળ લખશું.

વિજયા—ચાલો પૃથ્વી નાથ પધારો.

(સહુ ઉઠી દીવાનખાનામાં જાયછે ને ત્યાં અનુપસિંહ કાગળ લખીને રવાને કરેછે તથા વિજયાને પોતાની પુત્રી કરતાં અાધક ગણી તેની ખરદાસ્ત રાખેછે.)

અંક ત્રીજો સમાપ્ત.

અંક ૪ થો.

—००—

સ્થળ સુંદરપુર.

કેસરીસીંહ..............સુંદરપુરનો રાજા.

ભાનુમતી..................તેની પટરાણી.

તખતસીંહ.............. તેનો પાટવીપુત્ર.

રોફીલાલ		તખતસીંહના
છેલ માસ્તર.	....	દારૂડીયા
બાંકેરાવ.		મીત્રો.

જારમતી..................તખતસીંહની સ્ત્રી.

કુનિતી....................તેની દાસી.

નિર્દયશંકર..................તેનો યાર.

હીમતસીંહ ....કેસરીસીંહનો જમાઈ.

ગુણવંતરાવ ....તેનો પ્રિય મીત્ર.

સવિતાગવરી.......... ..તેની સ્ત્રી.

રામપ્રસાદ..................પોલીસનો જમાદાર.

લવિંગી....................ભાનુમતીની દાસી.

પ્રવેશ ૧ લો.

સ્થળ હીંમતસિંહનો બંગલો.

હીમતસીંહ-ગુણવંતરાય-અને પછીથી તખતસીંહ.

હીમતસીંહ-(એકલો)

રાગ હોરી.

ક્યારે મળશે પ્રિયા મુજ શાણી, શાણી, ક્યારે મળશે
પ્રીયા મુજ શાણી. ટેક.

દિવસ બહુ થયા મુંકી મનેં અહીં, છાની જતી રહી રાણી,
ખબર પડી નહીં જરીએ હજી પણ, લાધી ન કંઇ એધાણી,
હશે એતે ક્યાં પકડાણી, ક્યારે મળશે પ્રીયા મુજશાણી. ૧
બેસીને સનમુખ ખુરશી ઉપરે, બોલતી મધુરી વાણી;
કઇક વખત શુભ ગરબી પ્રેમની, ગાતી રાગ-ખુશ તાણી,
અતિ ચિત્ત ઉલટ આણી, ક્યારે મળશે પ્રીયામુજ શાણી. ૨
બહાર જવાનું કરૂં હું તેવારે, મન વિચાર તેહ જાણી;
બહાનાં વિધ વિધ કાઢી રોકતી, ઝાલતી પ્યારથી પાણી,
ખવાડતી તાંબુળ આણી, ક્યારે મળશે પ્રીયા મુજશાણી. ૩
નિત્ય અતિ ખુશ કરતી -હૃદયને, કદીયે નથી રીસાણી;
જો દીલગીર જરાએ જુએતો, તુરતજ તેહ પીછાણી,
વાત કરતી મનમાની, ક્યારે મળશે પ્રિયા મુજ શાણી. ૪
હાય, એવી સહુ મોજ મજાઓ, સરવ થઇ ધુળ ધાણી;
એકલો હું અકળાઉં અહીંને, એ ક્યાંહી દુઃખમાં લેવાણી,
કોને કહું કરમની કહાણી, ક્યારે મળશે પ્રિયા મુજ શાણી. ૫

(ગુણવંતરાય આવીને બેસેછે.)

ગુણવંત-મહારાજ, આજ કાંક ખબર મળ્યા છે.

હીમત-શી બાબતના ભાઇ?

ગુણવંત-એસ્તો! એમ સાંભળ્યું છે કે કુંવર પણ કાવતરામાં
સામીલ હતો.

હીમત-પણ યાર, તેણે શો દહાડો વળે. એ કાંઇ પોતાને મોઢે કબુલ કરી બધી વાત કહે.

ગુણવંત-જ્યાં સુધી પેલી ચંડાળણીની સોબત છે ત્યાં સુધી નહીસ્તો.

હીમત-ત્યારે શા કામનું. ભાઈ, હવે તો ધીરજ નથી ધરાતી. એમ થાય છે કે હું પણ નીકળી પડું. જો નશીબ સવળાં હશે તો ક્યાંકને ક્યાંક મળી રહેશે.

ગુણવંત-એમ ઉતાવળા ન થશો. એ ભાઇ સાહેબને મેળવશું તો બધી વાત કહી દેશે.

હીમત-એતો આપણે ત્યાં માઠું આવે છે, એટલે શી રીતે દીલ મળે.

ગુણવંત-અરે એની હજાર તદબીરો છે. આજ રાતે ગાયન કરાવવાને બહાને એને બોલાવશું.

હીમત-બળ્યું ગાયન. મને તો કાંઇ ચેન નથી પડતું.

ગુણવંત-ફિકર ન રાખો. મેં ખૂબ ફોસલાવ્યો ત્યારે એ એટલું કબુલ થયો છે કે, હજી એ જીવતી છે, ને એની વહુએ આ કર્યું છે.

હીમત-ત્યારે એ વાત મહારાજને કહીયે, તો પછી એ બધી વાત ન કહે?

ગુણવંત-અરે પેલી રાંડ મહા કાવતરાંખોર છે, તે જો ભમાવે તો આટલેથીજ બંધ વળે.

હીમત-બરોબર હું સમજ્યો. "પથર તળે હાથ આવ્યો હોય તો કળે કરીને કાઢવો જોઇએ." (તખતસીંહ આવે છે તેને) પધારો મેહેરબાન. આજે તો બહુ દિવસે કૃપા કરી.

તખત-મેહેરબાન, કૃપા તો આપની જોઇએ. કેમ ગુણવંતરાય?

ગુણવંત-હું કોની તરફ બોલું? ચાલો બંને તરફ. એતો પરસ્પર હોવી જોઇએ.

તખત-નહી', તમે તો મારા નવા દોસ્ત થયા છો ને' એમ તો જુના છો, માટે જુના કરતાં નવાનો વધારે ભભકો હોવો જોઇએ.

ગુણવંત-ખરોખર સાહેબ. વળી હાલતો નીમક પણ આપનું ખાઉછું, માટે આપની તરફ બોલીશ.

હીમત-(તખતસી'હને.) કાલે મહારાજ તમારે વિશે સારો અભિપ્રાય આપતા હતા.

તખત-શું કહેતા હતા ?

હીમત-કહે કે "હાલમાં તખતે ચાલ બહુ સુધારી છે, માટે થોડા દહાડા બાદ એક કોર્ટ પર નીમશું."

ગુણવંત-પછી તમે કાંઇ કહ્યું ?

હીમત-હા, આપણા તો મીત્ર થયા છે, એટલે હવે કહ્યા વિના છુટકો. મેં પણ ખૂબ પુષ્ટી આપી.

તખત-ભાઈ તમારો પાડ. પિતાજીનો મારા તરફ પ્યાર નથી, પણ તમે એમ કહ્યા કરશો તો કાંક થશે.

ગુણવંત-હીમતભાઇ, કુંવર સાહેબ ખરૂં કહે છે; કારણ મહારાજ તમારી સલાહ પ્રમાણેજ ચાલે છે.

તખત-ભાઈ તેમાં તો એમને કહુંછું.

ગુણવંત-ખૂબ નસ પકડી છે. મીત્રોને નભાવવા હોય તો એમને છોડશો નહી', કારણ એ રાજાજીનું દીલ છે.

તખત-યાર એ લોકો રોજ મારો જીવ ખાય છે, વળી મને પણ રોજ કહ્યા કરે છે તેથી શરમ આવે છે.

ગુણવંત-આવેસ્તો, તમે રાજપુત્ર ને તેના મીત્ર ગરીબ સ્થિતિમાં રહેતો પછી તેમના નશીબનોજ વાંક.

હીમત-ભાઇ, આજ રાતે ખાનગી મીજલસ છે તે પધારશો કે ?

ગુણવંત-એ વળી ક્યાં બોલ્યા. રાણી સાહેબને તજીને આવવું નહી' ગમે.

તખત-ગુણવ'તરાય તમે પણ આમ બોલો છો ! જાઓ

આજે રાતે આંહીંજ સુઈ રહીશ.

ગુણવંત–અત્યારે તડાકા મારો છો, પણ મહેલે ગયા પછી તો રજાજ નહીં મળે.

તખત–ભલા ત્યારે જોજો પારખું, ક્યાં આવું છે.

ગુણવંત–ઠીકજ છે નેં.

તખત–ત્યારે મને રજા છે? રાતે પાછો આવીશ. કેટલાક વાગે ગમત શરૂ થશે?

ગુણવંત–નવ વાગે શરૂવાત થાશે, પણ ખાનગી ગમત છે માટે એકલા આવો તો ઠીક.

તખત–અરે આવવાનું શું કહો છો, આજે તો આંહીજ સુવું છે.

ગુણવંત–નહીં સુવાય ને પછીથી બનશે.

તખત–ભલા જોઇ લેવાશે. (જાય છે.)

ગુણવંત–કેમ ઠીક દમ દીધો કે નહીં, વળી રાતે એકલો આવશે તો સમજાવવું ફાવશે, આપણે પણ માણસો ખસેડી દેજો.

હીમત–ઠીકજ છે નેં. રાતે ખુશ કર્યા પછી પુછશું તો એકલો હશે તો જરૂર કહેશે.

ગુણવંત–અરે એની તો હજારો યુક્તિ છે. ચાલો કોર્ટમાં આવો છો?

હીમત–હા ચાલો. (બંને જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ જારમતિનો મહેલ.

જારમતી, કુનિતી નેં પછીથી નિર્દયશંકર.

જારમતી–અલી આજે તો પોતે ગાયન સાંભળવા ગયા છે.

કુનિતી–બાઇ, હમણાં એ લુચ્ચાઓની સોબતે ચડ્યા છે તે ઠીક નથી.

જારમતી—હું એ જાણું છું કે ઠીક નથી થતું, પણ શું કરીયે. હરઘડી બધી બાબતમાં રોકવા જઇએ તો દીલ ખાટું થઇ જાય.

કુનિતી—બીજું તો કાંઇ નહી, પણ પેલી વાત વિષે જો કહી દેશે તો માર્યા જઇશું.

જારમતી—મને પણ એજ ડર લાગે છે. કારણ જરા ભોળાને ચઢાવ્યા હોય તો પેટની વાત કહીદે એવા છે.

કુનિતી—એતો જખ મારેછે, સહુ સારાં વાનાં થશે; પણ પોતે પાછા ક્યારે આવવાના છે.

જારમતી—જાણુમાં અત્યારે નહીં આવે, મેં પણ ચાહીને રજા આપી, કેમકે આપણે છુટે મને બીલકુલ જોગ નહોતો આવતો.

કુનિતી—હા ઠીક થયુ છે. પણ કહો હવે કેમ કરવુંછે?

જારમતી—કરેશું. આતો દારૂ પીપીને સાવ બળહીણ થઇ ગયેછે.

કુનિતી—બાઇ, તમેતો અજાએબ જેવાં છો, "મોરપર ણાવી આપે પણ કાંઇ ઘરે ચલાવી આપે કે!"

જારમતી—પણ એ કામ તો મહા કઠણછે. કદાચ ચાવું થાય તો માર્યા જઇએ.

કુનિતી—અરે જાઓ મારી બાઇ, ત્યારે પછી સ્ત્રીચરીત્ર કોનું નામ. પુરૂષને તો મુઠીમાં રમાડીએ.

જારમતી—એમ તો મારે મજાછે કેમકે એ મારે વશછે, ને વળી દારૂપીને બે ભાન થાયછે, એટલે કશાની ખબરજ ન પડે.

કુનિતી—ત્યારે પછી તમારા હાથ કોણ ઝાલી રાખેછે.

જારમતી—જા ત્યારે પાછલે બારણેથી તેડી આવ. તારી ખરી મહેનતછે તે હું જાણુંછું (કુનિતી જાયછે એટલે મનમાં) આપણે હવે ઘણે ઠેકાણે ભટકવું નહી, હાલ તો આ રાતે આવ્યા કરશે, ને પછી વેષ પહેરી જાણેછે

માટે એક દાસી તરીકે રાખીશ, કારણ પોતે કાંઈ એવી ઝીણી તપાસ રાખતા નથી. અત્યારે આવવાના નથી એતો નક્કીછે, માટે નિરાંતે બેઘડી વાત ચીત પણ થાશે. અહો! પેલી રાંડનું સાલતો મુળથીજ ગયું, કેટલાક ચાંપલા લોકો કહેછે કે "કુકર્મ કરે તે બદલો પામે" કહો એનું મુળ કાઢી નાંખ્યું. હું મજા કરીશ, મને શું થયુંછે? એતો કરતાં આવડયું જોઇએ.

કુનીતી–બાઇ હવે હું રજામાગુછું.(કુનીતી તથા નિર્દયશંકર આવેછે.)

જારમતી–લે આ કોથળી.(હજારરૂપીઆ આપેછે.) છાની માની લઇ જઇ કાલ વાત ઊડાડજે કે કોક લઈગયું. નહીં તો પેલો કદાચ પુછે તો શો જવાબ દઇએ.

કુનિતી–પાછલી બારી ઊઘાડી રખ્ખીછે,તે માંહેથી સાંકળ વાસજો. કારણ કદી મોટે બારણેથી કદાચ પોતે આવે તો એમને અહીંથી નાશી જતાં ઠીક પડે.

જારમતી–જા એ બારી હું મારે વાશીસ તને રજાછે.

કુનિતી–(મનમાં)ચાલો આપણે પણ આજ ઘણે દહાડે છુટાં થયાં છીએ (જાયછે.)

નિર્દય–કેમ રાણીસાહેબ, શો હુકમછે?

જારમતિ–આ દેહ તમને સોંપુછું તે નીભાવજો.

નિર્દય–હુંતો તમારો તાબેદારછું, માટે આપ નીગાહ રાખજો; કારણ હું ઘણો ગરીબ માણસછું.

જારમતી–હવે તમારે કમાવાની કશી જરૂરનથી.

નિર્દય–(મનમાં) જો કોક દહાડાના પકડાણાતો માર્યા જઈશું, પણ ખેર થતારહશે તે થાશે, હાલતો મજા કરશું.

જારમતો–તમે ડરશો નહીં, પોતેતો આજગમતમાં ગયાછે તે સવારમાં આવશે.

નિર્દય–ના તેની તો કાંઇ ફિકર નથી.

જારમતી–આવો ત્યારે આપણે એક બે ચોપટ ખેલીયે.

નિર્દય-હું પાછલી બારી ઉઘાડી મુંકીને આવ્યોછું તે વાશી આવું.

જારમતી-એતો આફુરી વસારો, એમ કોણ આવેછે. હવે નિરાંત કરીને બેસો.

(બને ચોપટ રમવા માંડેછે તેના તોરમાં પાછલી બારી વાસવી ભુલી જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ હિમતસીંહનો બંગલો.

હીમતસીંહ, ગુણવંતરાય, તથા તખતસીંહ.

ગુણવંતરાય-કેટલા વાગ્યા હશે ?

હીમતસીંહ-હમણાં એક વાગ્યો.

તખત-ભાઇ સાહેબ, ખૂબ ગમત થઇ, મહેરબાની કરીને બીજે ત્રીજે આવી ગમત કરવી પડશે.

ગુણવંત-બસ ભાઇ, મીઠા ઝાડનાં મૂળ લેવા બેઠા કે?

તખત-તમે મારા લાયક જે કામ કહેશો તે હું બજાવીશ પણ ગાયન સંભળાવવાની તો કૃપા કરવીજ પડશે.

હીમત-તમને ગાયનપર બહુ શોક હોય એમ જણાયછે.

તખત-હા મેહરબાન, મને એના જેટલો બીજી કાઇ બાબત ઉપર શોક નથી.

હીમત-તમે અમારી ખાસ મંડળીના થાશો તો એમાં શું મોટી વાતછે.

ગુણવંત-અહીંતો જુદાઇ નામ ન હોય, તો દોસ્તી બંધાય. જુઓને અમારા બેના પ્રાણ પણ જુદા કહેવાય નહીં.

તખત-(મનમાં) પિતાજી પણ એના હાથમાં છે. (પ્રાસન) તમારાથી હું કશો પડદો રાખુંતો મને પિતાજીના સમ.

ગુણવંત-બસ બસ, સમ ખાવાની જરૂર નથી. આજથી તમને પણ એક દીલના ગણશું પણ યાર, તમારૂં

વિચિત્ર કામછે, અમારા બોલવા ઉપર વિશ્વાસ નહીં આવે.

તખત-અરે એતે વાતછે. જો તમારાથી હવે અળગો થાઉં તો ધ્યાનત દેજો. (દારૂ પીવો સાંભર્યાથી) યાર હવે મને રજા છે?

ગુણવંત-થઇ રહ્યું કે, બોલતા હતા તે શું ને આ શું.

તખત-પણ ભાઇ સાહેબ, તમારે કાંઇ મારૂ કામછે? ખાલી પીલી રોકી રાખ્યાથી શો ફાયદો થશે.

ગુણવંત-ચાલો ત્યારે હું પણ આવું છું, હીમતભાઇ, રજા લઊં છું.

હીમત-રજા લઊં છું કહ્યું એટલે લાચાર, જો માગી હત તો ન આપત.

તખત-હું પણ રજા માગું છું.

હીમત-હા ભાઇ પધારજો. તસ્દી માફ કરજો.

તખત-અરે મહેરખાંન, એવી તસ્દીતો હમેશ પડજો. (ગુણવંતરાય તથા તખતસીંહ જાયછે.)

હીમત-(એકલો) ગુણવંતરાયે આટલી ચોકશી કર્યા પછી વાત કેમ ન કહાડી, એ સમજાતું નથી. પણ જરૂર એ કાંક દાવમાંજ સાથે ગયો હશે, હું પણ આ વિચારમાં એમની સાથે મુંકવા માણસ મોકલવું ભુલી ગયો. ખેર, એતો દુર પહોચ્યા હશે, હવે ક્યાં પાછા બોલાવું. વિચાર કરતો કરતો સુઇ જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ માર્ગને પછીથી તખતસીંહનો મહેલ.

ગુણવંતરાય, તખતસીંહને, પછીથી તેમનાં ખાનગી માણસો

તખત-ગુણવંતરાય, ભલા રાજ કીલ્લાનો દરવાજો તો બંધ થયો હશે ખરૂં?

ગુણવંત-આ વખત ક્યાંથી ખુલ્લા હશે, ને તમે જો ઊઘડાવશો તો મહારાજ જરૂર વહેમાશે.

તખત-ત્યારે કેમ કરૂં, પછવાડેની બારી તો આથી ઉજડ જગ્યામાં છે. તમે મને વળી એકલો આવવા કહ્યું ને હીમતસીંહે તો સાથે કોઇ માણસ પણ ન મોકલ્યું.

ગુણવંત-ચાલો હું મુંકવા આવું, આપે ઊજડ જગ્યામાં એકલા ન જવું જોઇએ.

તખત-ચાલો ભાઇ સાહેબ, હું પછી પહેરાવાળો તમારી સાથે ત્યાંથી મોકલીશ.

ગુણવંત-અરે એમ તો શી હરકત છે. જુઓ આ મારો પહેરાવાળો. (તલવાર બતાવે છે.)

તખત-વાહ યાર તમે પણ ખૂબ સાવધ છો હો.

ગુણવંત-એતો વખતે એવી કામ લાગે કે કાંઇ મણા નહીં.

તખત-તમે તો મને શરમાવી નાંખ્યો. કારણ મારે રજપુતને તો અવશ્ય રાખવી જોઇએ તે નથી, ને તમારી પાસે છે. હવેથી હું પણ રાખીશ.

ગુણવંત-બારી ઊઘાડી નહીં હોય તો કેમ કરશો!

તખત-ઊઘડાવશું. મારી વહાલીને તો આજ નીંદ્રા પણ નહીં આવી હોય.

ગુણવંત-શા સારૂં!

તખત-ભાઇ, એતો ઘણીજ પતિવ્રતા છે, મને મુંકીને જમતી પણ નથી. જો જરાક મારી તબીયત સુસ્ત હોય તો પોતે ઊદાસ થઇ જાય છે.

ગુણવંત-તમે કહો તો ભલે, પણ મને તો જરા માત્રે સાચું નથી લાગતું. બલકે—

તખત-કેમ બોલોને શું કહેતા હતા.

ગુણવંત-કાંઈ નહીં, તમને વળી ગુસ્સો ચડે તો રંગમાં ભંગ પડે.

તખત-વાહ ભાઈ, આવા સત્યમીત્ર થયા પછી હવે તો ગુસ્સો આવેજ નહીં. તમારે જે બોલવું હોય તે બોલો.

ગુણવંત-એની ચાલ તમારા કહેવા ઉપરથીજ સારી નથી લાગતી. કેમકે જે હદ ઊપરાંત કરે તે બધું જુઠું સમજવું. એતો બધાં સ્ત્રીચરીત્ર, ને ફોસલાવવાની વાતો.

તખત-નહીંજી, ચાહે તો અત્યારેજ પારખું જો જો, ઘણું કરીને તો એ જાગતીજ હશે. (બારી પાસે આવી પહોંચવાથી તે ઊઘાડી જોઇને) અરે વાહ, જુઓ એ કેવી ચતુર છે?

ગુણવંત-મને એ ચતુરાઇ જુદી તરેહની લાગે છે. પણ ખેર, હવે મને રજા છે!

તખત-નહીં નહીં, તમે નથી માનતા તો ચાલો મારી સાથે, એ જાગે છે કે નહીં.

ગુણવંત-મારા મેહેરબાન, એ વાતમાં માલ નથી માટે મને જવાદ્યો.

તખત-શું તમે આ બધું જુઠું માનોછો! મારી સાથે ન આવો તો મારા સમ.

(બંને માંહે જાય છે તથા જારમતી અને નિર્દયશંકરને બેભાન પડેલાં જોઇને વિસ્મય થાય છે.)

ગુણવંત-સાહેબ, લીજીયે સલામ, આ તમારી પતીવ્રતા કે? મને મારે બહારથી જવા દીધો હોત તો આ દેખાવ જોત? મેં પહેલથી નહોતું વરત્યું!

તખત-(અતિ ક્રોધ આવી જવાથી ગુણવંતરાય પાસેથી તલવાર પડાવી એકદમ બંનેને પુરાં કરે છે.)

ગુણવંત-હાં, હાં, હાં, ભાઇ, ભાઇ!!! આ શું કરો છો!
(રોકવા જાય છે.)

તખત-તમે વચ્ચે ન આવો, મારા હાથમાં હથીઆરછે ને મને અતી ક્રોધ આવ્યોછે.હાય હાય આવો દગો!હવે મને બધી સમજ પડી. આટલા દહાડા હું મારી પવિત્ર બેન તથા માયાળુ માજીનો વાંક કાહાડતો હતો તે એ ચંડાલણીના કહેવા ઊપર કે? ધિક પડી મારા

*જીવતર માં? હાયહાય! માહારી વહાલી જનેતાને આ દુષ્ટ ણીને માટે ન કેહેવાય એવાં વચન કહ્યાંછે. મારી પર્મ શુશીળ બેનને હજારો વાર જુઠાં આળ ચઢાવી આ ખરે દુઃખમાં ઝીકી દીધી, તે આ શંખણીના કહેવા ઊપરથી! ધિક્કારછે મારી બુદ્ધિ તથા વિદ્યાને? અરેરે કેવાં કેવાં કપટ વચનો નમ્રભાવે બોલીને લડતી? રાંડ પેલી કુંભારજા દાશી પણ એની જોડછે, કાંઇ હરકત નથી, હવે એનો વારો. ભાઈ ગુણવંતરાય, તમારો મોટો આભાર માનુંછું કે, તમે મને સમજાવીને આ ખેલ બતાવ્યો. અત્યારથી મને પુર્ણ ખાતરી થઇછે કે તમે બને મિત્રો મારૂં હિત ઇચ્છનારજછો. ને આ વેસ્યાના કહેવા ઊપરથી તમને વિપત્તિમા નાખ્યાછે તેને માટે તથા મારી વહાલી માડી તથા બેનને કુવચનો કહ્યાંછે તેને માટે મને એવો પશ્ચાતાપ થાયછે કે મારૂં શરીર પાડી નાખું.

ગુણવંત–ભાઇ ધીમા પડો, એ લોકો આટલી બધી સજાને લાયક નહોતાં.

તખ્ત–મેં વાજબી કર્યુંછે. આ વખતનો જે ગુન્હો હાલ તેણે કર્યોછે એજછે, એમ તમે ન સમજતા, એના જેટલા વાળછે એટલા ગુન્હા એણે કર્યાછે, એટલુંજ નહીં પણ મારી પાસે કરાવ્યાછે.

ગુણવંત–કદી એને માટે એમ કહો તો આ પુરૂષનો એવડો મોટો અપરાધ નહી હોય.

તખ્ત–છીટ છીટ! એનો વળી એથી પણ હિણાં કૃત્ય કરનારછે. મારી આગળ એ વાત ન બોલાવો મને અથાગ શરમ આવેછે. હવે કહો કે આનું શું કરવું.

ગુણવંત–એને કોઇના જાણવામાં ન આવે તેમ વિદાય કરવાં જોઇએ કારણ, નહીં તો આપણી લાજ જાય ને મુરખાઇ ગણાય.

તખ્તત-મારા પ્યારા હેતુ, ખરોબર કહોછે.હવે તમે કહો તેમ કરૂં.

ગુણવંત-કરવુંછે શું. આપના ખાસ ખાનગી જે માણસો હોય તેમની સાથે જંગલોમાં મોકલી બાળી નંખાવો.

તખ્તત-નહીંનહીં,એમનેતો અગ્નિસંસ્કારપણ ન હોવો જોઇએ.

ગુણવંત-ભાઇ, આટલા બધા ગુસ્સે ન થાઓ,એમાં કારણછે. તમે આમને આમ ફેંકાવી દીધાથી મુડદાંને કોઇ ઓળખશે,તો વાતની ચાપાચીપ થાશે.ને બાળીદેશો તો કોઇ જાણશે પણ નહી. માટે આપ માંહેજઇ ને વિશ્વાસુ માણસોને તેડી આવો, ને હું પણ મારા નાયકોને બોલાવી લાવું, તે બધા મળીને આ વખતેજ લઇ જશે ને હું સાથે જઈ ફુંકાવી દઇ સવાર પડતાં પાછો આવીશ.

તખ્તત-ઓ મારા મેહેરબાન ધન્યછે તને, હું કુબેર તથા દેવસંગને બોલાવી લાવુંછું, કારણ તે લોકો બહાર સુતા હશે. પણ ભલા દરવાજા તો બંધ હશે!

ગુણવંત-તેની હરકત ન રાખશો, હું કહીશ તો ઉઘાડશે, પણ જો સવાર પડવા દઇએ તો તમે જરા વગર વિચાર્યું કર્યુંછે તેથી બધા રાજ્યમાં તથા બીજા મુલકમાં ફજેતી થાય.

(બંને જણા માણસોને તેડીઆવી તમામ તૈયારી કરી રહેછે એટલે) હું હવે જાઉછું, તમે નાહીને સુખેથી સુઇ રહેજો. હું યુક્તિબંધ પિતાજીને પણ જાહેર કરીશ.

તખ્તત-વાહ ભાઇ સાહેબ, હું તમારો આભાર કદી ભુલવાનો નથી. (તે બધા જાય છે તેથી એકલો મનમાં) મારી માયાળુ બેનને આ રાંડના કેહેવા ઉપરથી જંગલમાં લઇ ગયો. અરેરે! તે બિચારી ક્યાંહી દુઃખ પામતી હશે? ઓ મારી વહાલી વિજયા? હું તારો કેવો ભાઇકે તને મારવા લઈ જતાં જરાએ દયા ન

લાવ્યો! મારાં પુજ્ય માતપિતાને પણ મેં એથી કેટલાં બધાં દુ:ખી કર્યાં છે! અરે આવા સુજ્ઞ અને નિર્મળ મનના માણસોને મેં તરકટી માન્યા, નેં એ મહા પાતકી તથા ઘાતકી રંડાઓને નિતી વાળી ગણી! હજાર હજાર ધીક્કાર છે મારી સમજણને! અરે હું પંડ મુર્ખ, મા બાપ તથા કોઈ બીજાનું કહ્યું ન માની એ પારકા ઘરની ચાર દહાડાથી આવી રહેલી રાંડને છંદે ચાલ્યો, ત્યારે કેવો પાપી થયો? હે ઇશ્વર? આજ પછી કોઇને આવી રાંડોની મરજી પ્રમાણે ચાલવા દઇશ નહીં. જ્યારે હું એના તાબામાં રહ્યો, ત્યારે એ ફાવી ને આ બધું કરી શકી. પણ જીવ, હવે થયું તે ન થયું થવાનું નથી. એ એનાં કરેલાં કૃત્યોનો બદલો પાંમી, માટે હવે આપણે સુજ્ઞ મિત્રોના કહ્યા પ્રમાણે ચાલશું તો કાંઇ હરકત નહિં આવે. (વિચાર કરતો કરતો સુઇ જાય છે).

પ્રવેસ ૫ મો.

સ્થળ હિંમતસીંહનો બંગલો.

હિંમતસિંહ તથા ગુણવંતરાય.

હીમત—અહો ભાઇ આજે તો બહુ વહેલા આવ્યા, કેમ આંખો પણ ઉજાગરા જેવી જણાય છે?

ગુણવંત—આખી રાતનો ઊજાગરો છે.

હીમત—અહીંથી એક વાગે ગયા તોપણ જંપીને સુતા નહીં.

ગુણવંત—શું મેહેરબાન તમે પણ મશ્કરીમાં ઊડાવો છો, કોઇ નકામી ક્ષુદ્ર બાબત માટે નથી જાગ્યો.

હીમત—ના ક્ષુદ્ર શાની, ઘણીજ કીંમતી, ને તમે જે ઊજાગરો કર્યો તે પણ વાજબી. હવે રાજી થયા?

ગુણવંત—મારા સરકાર, મશ્કરી છોડીને હું વાત કહું તે સાંભળો.

હીમત-ભાઈ, તમે મને ચીડવવાને ચહાતા હશો તો તેમ થવાનું નથી. હું તમારી એવી રાતના ઊજાગરાની વાત સાંભળવાનો નથી.

ગુણવંત-મશ્કરી ન સમજો, ખરેખરી અગત્યની તથા તમે ધારો છો તે કરતાં ઘણી જૂદી તરેહની વાતછે.

હીમત-ફરમાવો સાહેબ.

ગુણવંત-(તમામ હકીકત કહી સંભળાવીને) કેમ એ ઉજાગરો કેવી બાબતનો ધારો છો.?

હીમત-બહુ અજાયબી એટલીજ છે કે, એને એકદમ મારવાનો જુસ્સો ક્યાંથી આવી ગયો.

ગુણવંત-અરે આતે તમે શું બોલો છો? નજરો નજર આવો ખેલ દેખાયત્યારે ગુસ્સો આવ્યા વિના કેમ રહે.

હીમત-બરોબર કહો છો. પણ એ જરા પોચો છે તેથી હું શક લાવ્યો.

ગુણવંત-તે વખત તો ખૂબ શુર આવ્યું, પણ માંહેથી બીજી વાત નિકળી.

હીમત-બીજી શી વાત?

ગુણવંત-એ એમ બોલીગયો કે "અરે બેન તું અત્યારે ક્યાંહી દુઃખ પામતી હઇશ" વળી "આ બંનેજણે મોટો ગુન્હો કર્યો તથા મારી પાસે કરાવ્યો છે." આ ઉપરથી ભાવાર્થ સાફ સમજાય છે.

હીમત-એતો જરા ખુશીની વાત, કે હજી પૃથ્વી ઊપર ક્યાંક પણ છે. ભલા આપણે એનું હવે કળે કળે ઠેકાણું પુછી લઇશું.

ગુણવંત-નુકશાન કરનાર દુર થયાથી હવેતો બધું સારૂં થશે.

હીમત-ઇશ્વરની મરજી હશે તેમ થાશે, કોઇને દોશ શું કામ દઇએ.

ગુણવંત-ત્યારે હું ઘેર થઈ આવીને રાજાજીને ખબર કહેવા જઇશ.

હીમત-હું પણ નિયમ પ્રમાણે આઠ વાગે આવીશ.

(બને જુદા પડે છે.)

प्रवेश ६ ठो.

સ્થળ રાજ્યમહેલ.

કેસરીસીંહ, ભાનુમતી, તથા પછીથી ગુણવંતરાય અને હીંમતસીંહ.

ભાનુમતી–પ્રાણનાથ, બેનની તે હવે કેટલા દહાડા વાટ જોવી, ક્યાંહીથી કાગળ પણ ન આવ્યો. મને તો કળ નથી પડતી, આખો દહાડો અકળામણ આવેછે.

કેસરીસીંહ–ચો તરફ માણસો મોકલીને તજવીજ તો કરાવીયેં છીયે, પછી ખરાં તો આપણાં નસીબ.

ભાનુમતી–અરેરે, આપણે તો મજા કરીયેં છીયે, ને એતો ક્યાંહી પીડાતી હશે. (રોવા માંડેછે.)

કેસરીસીંહ–એમ રડે કાંઈ આવી જવાની છે, જ્યારે ઈશ્વરની મરજી હશે ત્યારે મળશે. શું કરીયેં કાંઇ ઇલાજછે?

ભાનુમતી–આશા રાખીને બેઠાં છીયેં. નશીબમાં હશે તો મળશે. (ગુણવંતરાય આવેછે.)

કેસરીસીંહ–અહો ગુણવંતરાય, આજ અત્યારમાં ક્યાંથી આવ્યા?

ગુણવંત–મહારાજ, જરા અરજ કરવાની છે; તે માણસોને ખસેડશો?

કેસરી–હા ભલે. દાસી, હાલ તમે સહુ બહાર જાઓ. (રાણી ઊઠવા માંડેછે.)

ગુણવંત–માફ આપતો બીરાજો. આપને સાંભળવાની જરૂર છે.

કેસરી–કેમ ભલા, એવી શી બાબત છે?

ગુણવંત–આમ ખુરશી ઉપર પધારોને.(બંને ખુરશી ઊપર જઇ બેસે છે, એટલે તમામ વાત કહી સંભળાવેછે.)

કેસરી–(સાંભળી રહીને)કેમ પ્રિયા, તું ઊતાવળી થતી હતી ને અકળાતી હતી તે હવે સમજી? હું નહોતો કહે

તો કે પાપનો ઘડો ભરાવાદ, એટલે એની મેળે ફુટશે!

ભાનુમતી-મહારાજ, આપતો હમેશ કહેતા હતા; પણ મને એનાં દુષ્ટ કરમો સાંભળીને નહોતું ખમાતું.

કેસરી-ગુણવંતરાય, તમારી અકલ તથા યુક્તિને હજાર રંગછે. ધન્યછે તમારી ફઈને કે ખરોબર નામ પાડ્યું.

ભાનુમતી-હા જુઓને કેવી ચાલાકીથી બધું કામ કર્યુંછે.

કેસરી-તમારા કહેવા પ્રમાણે એ બેનના કામમાં શામીલ હોવો જોઇએ.

ગુણવંત-હા મહારાજા. આપ જરા બોલાવીને ધીમેથી પુછો તો ઠીક. (હીમતસીંહ તથા તખતસીંહ આવેછે.)

ભાનુમતી-(તખતસીંહને) અલ્યા ભાઇ, હવે જરાયે ગભરાઇશ નહીં; જે થયું તે ઠીક થયુંછે. દીકરા, માતો કડવાં ઓસડજ પાય, પણ ગુણ થાય ત્યારે સમજાય.

તખત-(નિચું ઘાલીને રૂવેછે તથા બોલતો નથી.)

કેસરી-કાંઈ ફિકર નહિં, હવે આ વાત જનમ પર્યંત યાદ રાખશો તો બહુએ છે.

ગુણવંત-મહારાજ, હવે તો પોતે ખરા દીલથી પસ્તાવો કરેછે.

ભાનુમતી-ભાઈ, કાંઇ ફિકર નહિં. માણસ જેમ જેમ ઠોકર ખાય, તેમ તેમ હોંશીયાર થાય.

તખત-ઓ મારી વહાલી, અપાર આભાર કરનારી જનેતા! મેં તને જે કુવાક્યો કહ્યાંછે, તેનો બદલો હું મારી જીભ કાપી નાંખું ત્યારે વળે.

ભાનુમતી-એટલો તને પસ્તાવો થાયછે, તો તે કાપ્યા વતજછે. ને વળી હું માફ કરૂંછું, પછી કાંઇ?

કેસરી-પણ અલ્યા, હવે સાચે સાચું કહે; તને બેનની વાતમાં શી ખબર છે.

તખત-એ વાત મારી પાસે ન કહેવરાવશો, મને એમ લાગેછે કે એ કુકર્મ મેં કર્યું તેને બદલે મારૂં મોત

થવું જોઈએ.

કેસરી–જો સાચે સાચી બધી બીના કહિશ ને તેથી બ-
નનો પત્તો લાગશે તો બદલો વળી જઈને તને;
માફી મળશે.

તખત–અરેરે! એને માટે તમે મને કદી માફી આપશો
તો ચાલશે; પણ ઈશ્વર કાંઈ છોડનાર છે? તમારાં
પુજ્યનીકનાં મન દુખાવ્યાં છે તે હું ક્યાં છુટનાર છું.

કેસરી–પણ તેતો બધું હવે સુઝે છે તો. પ્રથમથી વિચાર્યું
હોત તો વીમાસવું ન પડત, ખેર થનાર થયું છે માટે
હવે ચોખે ચોખું કહીદે.

તખત–(તમામ હકીકત કહી નીચું ઘાલીને રૂવે છે.)

કેસરી–સાબાશ તારી બુદ્ધિને! ઠીક કર્યું છે. હવે જગતકર્ત્તા
વેળાસર બેનને મેળવે એટલે જાણે ન્યાલ થયાં.

ભાનુમતી–હશે, હવે એ બહુ ધબરાએલો છે માટે આપ
વધારે ન કહેશો.

કેસરી–ના હવે શું કહે, આપણા નશીબનો વાંક એમાં
કોઇ શું કરે.

ભાનુમતી–ચાલો ત્યારે આપણે હવે નાહિ નાંખીયે, નહીંતો
વળી કોક આવીને અજાણ્યું અડશે તો ચાપા
ચીપ થશે.

કેસરી–તે તો કાંઇ છાનું રેહેવાનું છે, પણ રખાય એટ-
લું તો રાખીયે; કેમ હીમતસીંહ, તમને તો ખબર
પડી હશે.

હીમત–હાજી, મારા જાણવામાં આવ્યું છે.

ભાનુમતી–આ ગુણવંતરાયને જોઇને મને તો બહુ આ-
નંદ થાય છે. કારણ એ શાણો, નમ્ર, ને ચાલાક છે.

કેસરી–અરે એતો ખરેખરો મુત્સદી છે. (રાજા ઊઠે છે
તેથી સહુ સહુને ઠેકાણે જાય છે.)

-o0o-

प्रवेश ७ मो,

સ્થળ શેખીલાલનું ઘર.

શેખીલાલ તથા કુનિતી.

શેખીલાલ-(દાસીને આવતી જોઇને) અહો આજ આ કુનિતી કેમ આવી હશે? (પાસે આવી એટલે) આવો કુનિતીબાઇ, ઘણે દહાડે પધાર્યાં.

કુનિતી-ભાઇ, મારી ગરજે આવીછું. જો કરો તો તમારૂં કામ પડ્યું છે.

શેખીલાલ-મારૂં શું કામ પડ્યું છે?

કુનિતી-હશે ત્યારે કહેતી હઇશ. થઇ શકે એમ હોય તો વચન દ્યો.

શેખીલાલ-વગર સાંભળે વચન કેમ દેવાય, કદી કરી શકું એવું હોય કે ન હોય.

કુનિતી-તમે ધારશો તો કરી સકશો, એમાં કાંઇ મોટી વાત નથી.

શેખીલાલ-લ્યો ત્યારે વચન છે જાઓ, આજ તમે મારે ઘેર આવ્યાં તે ના પડાય?

કુનિતી-જો યાર બીજે કાને વાત ગઇ તો હું નેં તું બંને માર્યા જઈશું.

શેખીલાલ-તેની તમારે જરાએ ફિકર ન રાખવી.

કુનિતી-કાલે તમારા દોસ્તે રાણીને મારી નાંખી, ને હવે મારા ઉપર આવી પડી છે.

શેખીલાલ-શું કહોછો, શા સારૂ મારી નાંખી; પકડાંણી કે?

કુનિતી-હા એતો ઠેઠ પહોચી, પણ હવે પેલા બે પડખે ચઢ્યા છે તે મારા પણ ભોગ મળશે.

શેખીલાલ-હાસ્તો, તમારે પણ ફિકર તો પહેલી.

કુનિતી-હિમત હોય, નેં એક વાત કહું તે કરો, તો મારો બચાવ થવાનેં સાથે તમારૂં પણ કામ થાય.

શેખીલાલ-બોલો તો ખરાં.

કુનિતી-જો તમે નિશાના બહાનામાં એને આજને આજ પુરો કરો, તો હું તમને લ્યો આ પહેલું. (સો રૂપીયા આપીને) ને પછીથી હજાર રૂપીયા દઉં.

શેખીલાલ-એતો ઠીક, પણ કદી પકડાઉં તો?

કુનિતી-નિશામાં માર્યા બાબત તો થોડીજ સજા છે, ને ખરચ થાય તે મારે આપવું.

શેખીલાલ-અરે એમતો આપણે ક્યાં કાચા છઇયે, કોઇને માથે ઢોળી પાડશું; પણ તારી પાસે એટલા પૈસા છે?

કુનિતી-પૈસા પૈસા શું કરો છો, રાણીનાં ઘરેણાં બધાં મારા ઘરમાં છે; ને લે આ, તેં હા પાડી તેના ઇનામમાં. (એક વીંટી આપે છે.)

શેખીલાલ-જાઓ ત્યારે આજે મંડળ લઇને સાંઝે જઇશ, તે હું નહીં પીઉં ને બીજા સહુને પાઈ બનાવીને કામ કરી નાશી આવીશ, એટલે પેલાઓને માથે પડશે.

કુનિતી-આઠ વાગે રાતે એને દારૂ પીધાની આદત છે, માટે તે વખત જશો તો ખુશીથી પારો, તેમ તમારે નાસવાનું પણ ઠીક પડશે.

શેખીલાલ-પણ જો, અમે આ જીવસટાનું કામ કરીએ છીયેં તેના બદલામાં તારે મારી મરજી જાળવવી પડશે.

કુનિતી-અરે યાર, જો તું કામ પાર પાડીશ તો તને જન્મ સુધી મજા કરાવીશ, તું ફિકર શું કામ રાખે છે.

શેખીલાલ-ત્યારે સવારમાં ખબર સાંભળજે, ને ચાહે તો રાતે નવ-દસ વાગે એટલામાં આવજે એટલે સમાચાર કહીશ.

કુનિતી-ઠીક ત્યારે હવે હું જાઉં છું, પણ જો જો હો, વાત બીજે કાને ન જાય.

શેખીલાલ-અરે એતે તું શું બોલે છે, હવે તો મજા થશે.

કુનિતી–તું ફતેહ કરી આવે તો એ લોકો રોવા કકળવામાં પડવાથી આપણે નહીં સાંભરીયે, તેથી નાશી જવાનું ફાવશે.

રોફીલાલ–બરોબર, આજે તો એ ભૂલી ગયા હશે; નીકર તને વેહેલીએ પકડી હોત.

કુનિતી–અરે પ્યારા, તું ફતેહ કરે તો આપણે બીજે કોઇ દેશ જઇને ભેળાં રહીયેં તથા મજા કરીયે.

રોફીલાલ–વાહ વાહ, ત્યારે તો ખૂબ આનંદ થશે. જા ત્યારે આજ ગમે તેમ કરીને એનેં પુરો કરીશ. એક તો તું જાતે રૂપાળી છે નેં વળી પૈસો પણ પુષ્કળ. અહાહાહા! કયારે રાત પડે ને એને પુરો કરૂં.

કુનિતી–(મનમાં) આજ તો કોઇ ઉદાશી તથા ધભરાટમાં પકડવા નથી આવ્યું, પણ એ લોકો જો વિશ્રામ પામશે તો જરૂર મારી હાજરી લેશે. આ ઠીક ઉપાય સુજયો. એને પણ લાંબી આશા બંધાવી છે, માટે એ જરૂર કામ કરશે. (પ્રકાશ) હવે હું જાઉછું તે રાતે દસ વાગે ત્યાં આવીશ.

રોફીલાલ–હા જાઓ, તમે જરાએ ચિંતા ન રાખશો.

(બંને જુદાં પડે છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ તખતસીંહનો મહેલ.

તખતસીંહ અને પછીથી રોફીલાલ વગેરે

તેના દારૂબાજ મીત્રો.

તખત–(એકદમ સાંભરી આવ્યાથી) કાલે તો મેં મુદલે દારૂ પીધોજ નથી. કયારનો વિચાર કરતો હતો કે આજ શરીર કેમ સુસ્ત જણાય છે, પણ હવે ખરેખરૂં કારણ સમજાયું. એતો એજ, રંગપાણી વિના તે

મેહેર કેમ આવે, માટે સહુથી પહેલું એ કરીયે (ઉઠીને થોડો દારૂ પીએછે એટલામાં તેના મીત્રો આવેછે તેમને જોઇને) અહોહો? પધારીયે મેહેરબાન, આજ કયાંથી કૃપા કરી.

રોફીલાલ—ભાઇ સાહેબ, બહુ દિવસ થઈ ગયા હતા તે છાવને મળ્યા વિના ચેન નહોતું પડતું, માટે કહ્યું આજ તો ચાલો જઇ આવીયે.

તખત—બહુ મેહેરબાની કરી, આજે તો હું એકલો છું.

હેડમાસ્તર—કેમ ભલા, રાણી સાહેબ કયાં ગયાં છે?

તખત—એતો કાલે એને પીયર ગઇ છે.

બાંકેરાવ—ત્યારે તો હવે છાંટા પાણી ઢીલાં પડી ગયાં હશે, કેમકે એઓ હોય તો હઠ કરીને પાય, નં આતો એકલા પીવું, તે મજા ન આવે.

રોફીલાલ—ખરૂં કેહો છો, આપણે ઘેર તો ઘણીએવાર છાના છપના પીયેં છીયેં; પણ જયારે મંડળી ભરાય ત્યારે કેવી બહાર પડે છે.

બાંકેરાવ—પણ વાર તે બહારને વાર થાય તે તો ઠીક ન પડે, સાંભર્યા પછી તે સાજું કેમ રહેવાય.

રોફીલાલ—ઊતાવળા શું કામ થાઓછે, હમણાં મેહેરબાની થશે.

તખત—શું તમારે રંગપાણી જોઇએ છીએ? અરે એમાં શી મોટી વાતછે. (પાંચસાત સીસા લાવીને મુકેછે.)

બાંકેરાવ—(એક પ્યાલો ભરીને) કેમ શ્રીગણેશાયનમઃ કોણ કરેછે?

હેડમાસ્તર—એ શુભ કર્મ કરવાનું મને બહુ ગમેછે. (બે ચાર પાલા પીને) કેમ સાહેબ, આપ પણ જરા ટઠાર થાઓ તો ઠીક.

બાંકેરાવ—બસ આજ તો સહુ સરખા પીયે, તે વિના આપણે પીવાના નથી.

તખત—ભાઇ મેં તો પીધોછે.

રોફીલાલ-અરે શું પીધાછે પીધાછે કરોછો, જાઓ મારા સાહેબ, આજે હવેલીમાં કોઇ નથી તે મસ્તી થાશે તો પણ હરકત જેવું નથી.

તખત-ઠેરો ત્યારે પાછલી બારી ઉઘાડી મોટું બાર બંધ કરી આવું, કેમકે વખતે પિતાજી આવી જાય તો માર્યા જઇએ.

રોફીલાલ-ઠીક બંદોબસ્ત કર્યો કેમકે રાત બહુ જાય તો મોટે રસ્તે ન જવાય.

તખત- અરે રાજઘડીનો દરવાજો તો દસ વાગે બંધ થશે, ને તમને તો આજ બે વાગ્યા સુધી જવા નથી દેવા. હું એકલો છઉં, તે ગમત વિના રાત કેમ જાય.

છેલમાસ્તર-ઠીક સાહેબ જેમ મરજી, પણ પછી પકડાયા તો માર્યા જઇશું. હમણાં પેલો ફોજદાર સખતછે.

તખત-અરે એની તમે ફિકર ન રાખશો. એને તો મદુ બનાવી દીધોછે માટે નહીં બોલે.

રોફીલાલ-જા બાંકેરાવ, બારણાં વાસી પહેરાવાળાને ભલામણ કરી આવ. (તે જઈ બારણાં વાસી આવેછે). યાર આજ તો પેટપુર બેધડક પીયે, કારણ આખી રાત કદી પડયા રહીશું તોએ હવે હરકત નથી.

છેલમાસ્તર-હા ભાઇ, મારીપણ એમ મરજીછે. ચાલો ચારે શીશાની વહેંચણ કરી દયો.

તખત-આ બહુ જલદ દારૂછે માટે થોડો પીજો.

રોફીલાલ-અરે સાહેબ, જખ મારેછે. આપણા તો કોઠા થઇ ગયા તે હરકત નહીં આવે.

બાંકેરાવ-ચાલો ત્યારે વધુ પીએ તે બહાદુર. (સહુ પીએછે પણ રોફીલાલ નથી પીતો તેથી) કેમ ઉસ્તાદ તમે આજ બેશી રહ્યાછો.

રોફીલાલ-ભાઇ આજે મારી તબીયત નાદુરસ્તછે માટે માફ કરો.

તખત-તમારા વિના ટીપુંએ પિએ તે તમારો બેટો.

રોફીલાલ-સાહેબ હું હેરાન થઇશ, માટે આજ માફી આપો.

તખત-પંચાત છોડ, પીવો હોય તો પી નહિંતો પછી ઠીક નહીં પડે.

બાંકેરાવ-મંડળીમાં બેસીને છોત રાખે તે કેમ બને.

રોફીલાલ-(મનમાં) જરા થોડો પીને હોંશિઆર રહીશ તો કાંઇ હરકત નથી, બાકી અત્યારે ના પાડી તો ઊલટા હેરાન થાશું. (ચાસન) લાવો ત્યારે (બધા ફુકળ પીએછે પણ રોફીલાલ થોડો પીએછે.)

તખત-લે આ મારા હાથનો પ્યાલો.

રોફીલાલ-બસ સાહેબ, મેં ઘણો પીધોછે માટે માફ કરો.

બાંકેરાવ-કુંવરસાહેબ મેહેરબાની કરીને પાયછે ને હાથ પાછો વાળશો?

રોફીલાલ-(મનમાં) ગજા ઊપરાંત પીવાણો પણ હરકત નથી, એમ શું જીવ કબજામાં નહી રહે? જરા વધારે ખબરદારી રાખીશ. (સહુ અતીશયપીને શીશા મુકીદેછે.)

તખત-(તલવાર લઇને) જો રોફીલાલ, આ તલવાર મેં ખજાનામાંથી આજે કઢાવી.

રોફીલાલ-શું આપ હવેથી તલવાર બાંધશો?

તખત-મને શોક થયાથી આજ પાંચ સાત તલવાર મંગાવી તે કોચ તળે પડીછે તેમાં આ સહુથી ઠીક લાગેછે.

રોફીલાલ-(બધી તલવારો જોઇને) બરોબર સાહેબ, આપે પસંદ કરી એજ સહુથી સારીછે.

બાંકેરાવ-આગતો રાત નહીં જાય, માટે કાંક તદબીર કહાડો તો ઠીક.

તખત-ચાલો આજે ચોપટ ખેલીયે. (ચોપટલાવી રમવા બેસેછે, ને ચારે જણા કેટલીકવાર રમ્યા પછી નીશામાં બનેછે.) કેમ અહ્યા બે પડયા ને ચાર શેના દીધા?

બાંકેરાવ-પુછ તારા બાપને, ત્રણ પડયા છે કે બે.

છેલમાસ્તર-અહ્યા વરણુશંકર, ત્રણ કયાં પડયા છે?

તખત-પાછી સોગટી હઠાડ, નહીંતો માર ખાઇશ.

બાંકેશવ-બસ સાલે નહીં ખીસાતેહે. તું ક્યા મારેગા; કુછ તેરેસે ડરતે હૈં !

તખત-સાળા સુવર, નથી માનતો!(ખીસીયેથી તલવાર લેછે.)

રોફીલાલ-(જરા ભાનમાં હોવાથી) આઓએ, ઇધર આઓ. (કોચ તળે પડેલી તલવારોમાંથી સહુને એકેક આપીને) ચાલો મારી સાથે બહાર, એટલે ચોગાનમાં મજા આવશે.

બાંકેશવ-હા ચાલો. (બધા બારીમાં થઈ બહાર ચોગાનમાં જાયછે એટલે રોફીલાલ પણ બેભાન થાયછે.)

રોફીલાલ-ઠેરો, બે જણા આમ આવોને, બે સામા થાઓ, હું ગવરાવુ તે ગાઓ, ને પછી આવી જાઓ.

(ગવરાવેછે.) દોહરો.

મજા મદિરામાં ભલી, પીયો જેમ વધુ તેમ;
આખર એમાં સમજજો, નહીં કુશળ કે ક્ષેમ. ૧

બસ હવે-"હડેટ હોમ, સંડેલ હુરૂ" લડાઇ શરૂ થઇ.

(એક બીજાને મારવા માંડેછે, રોફીલાલ વગેરેને પુષ્કળ વાગવાથી પુરા થાયછે તથા કુંવરને એકજ જખમ વાગવાથી જરા હોશમાં રહેછે એટલામાં કુનિતી પ્રવેશ કરેછે.)

કુનિતી-(મનમાં) અહાહાહા!!! રોફીલાલે કામતો ખૂબ કર્યું, પણ ઉલટું થયુંછે; પોતે મરાણો ને આતો હજી જીવેછે. માટે ચાલો હુંજ એક તલવાર લઇ પુરો કરૂં, નીશામાંછે એટલે ઊઠીને મારી નહીં શકે.

(એક તલવાર લઈ તખતસીંહની પાસે જાયછે એટલે.)

તખત-આવો પ્યારી, તું મને બહુ સારી લાગેછે.

કુનિતી-હા, શું કામ સારી ન લાગું, લે તને ઇનામ. (તલવાર ખેંચી એક જખમ મારી બીજો મારવા જા-

ઋછે એટલામાં ગુણવંતરાય વગેરે પ્રવેશ કરેછે.)

ગુણવંત-અરેરેરે !!! આતો ગજબ થાયછે ને ! (એકદમ તલવાર ખેંચી દોડેછે ત્યાં દાસી કુંવરને બીજો જખમ મારી ગુણવંતના હાથથી પુરી થઇ નિચે પડેછે.)

સીપાઈયો-યાખુદા, પરવર દીગાર, હમકુ સાબત હરામ મેજે હોતે તો બસ કામ કીયાથા, હાય હાય કુછ ન હુઇ ઓર કુંવર સાહેબ ચલે ગયે.

ગુણવંત-(કુંવરની પાસે જઇને) શીવ! શીવ! શીવ! ગજબ થઇ ગયો ! આ બધા દુષ્ટો મુવા તેનીતો કાંઇ ફિકર નથી, તેમ આ રાંડ પણ જાણમાં કુનિતીછે, માટે એ પણ ઠીક થયું; પરંતુ આ અમુલ્ય કુંવર, ગુલાબના ફુલજેવો, તે જોતાં જોતાંમાં ઊડી ગયો એ જોઇ છાતી ફાટી જાયછે. હાય હાય ! સ્વપ્નામાં પણ આમ થવું નહોતું ધાર્યું. (કેટલીકવાર તે મુડદા તરફ એકી નજરે જોઈ બોલી ઊઠેછે.)

કટાવ છંદની ચાલ.

“અરે ખરે હું, જાગુંછું શું, નથી ઊંઘતો ? આવ્યો”
“આંહી, સ્વપ્નામાંહી, નવ એ નકી. આવી વકી, કો”
“નવ રાખે, કો નવ ભાખે, તેતો આંખે, આજ જણાઇ; ”
“ઘણી નવાઇ, લાગે ચિત્તમાં. અજબ ખેલ આ, ત્રાસ”
“પમાડે, હરખ નસાડે એવો ભારી, બહુ દુઃખ કારી”
“અને ભયંકર, નજરે જોયો. કેમ બન્યો તે, આવે”
“ટાંણે, વિચાર આણે, સમજાણુંથી, લાગે અતીશય,”
“વ્યસન ખારૂં ખારૂં; જોઇ ખેલ આ સહુ જનને વારૂં વારૂં. ૧
“અરે અજબ આ, ગજબ થયો તે, અતિશય અદ્”
“ભુત, નવ દખેલો, સહુથી પહેલો, અહીં મચેલો, આજ”
“જણાયો; થાય ન વર્ણન, સોચ કરે મન. અરરરરરરર!”
“ઠરે નજર નવ, મુડદાં દેખી, વિચિત્ર તે વળી. પણે”

"પડ્યો છે, હાથ એકલો, પગ કાપેલો, પેલો છેલો, દદ
"તરફડે, સમજણુ ન પડે, હશે જીવતો, હવે હાલતે
"બંધ પડ્યો એ. ગયો ઈશાની પાસે આજે, સાથ સ-
"માજે, ધરી ન લાજે, હીણુ કાજે, દારૂ ખાજે, ઘાણુ
"ગાળીયો, હર્ષ ટાળીયો; કુંવર સુકોમળ, અથાગ બળ
"પણુ, થઇ આજ ક્ષિણુ, પડ્યો ચોકમાં. અરે શોકમાં,
"દારૂ કેરા, થયા હાલ આ, બુરા આખરે, હેત સાંભરે,'
"તેનું ત્યારે. હૈયે મારે, સરરરરરરરર, થાય સેડકો, ચર'
"ચર ચર ચર, બળે ચિત્ત પણુ, ઊપાય નહિં કંઇ,
"હવે કરૂં શું? અરે રાંડ આ, તજી ઉદાશી, કેવી ખાશી,'
"સુતી વચમાં, ખરે આજ એ, અહીંયાં આવી, પંડે"
"હણુવા, હિંમત લાવી, તેમાં ફાવી, ને વળી બદલો,"
"પોતે પામી,"ગઈ બહુ નામી, પાસે આજે, જવાબ દેવા"
"દુષ્કરમોનો બદલો લેવા, એથ્યું સારૂં, પણુ સંભારૂં,"
"કુંવર તેવારે, બહુ અકળાઉં, ક્યાં હું જાઉં, કરૂં હવે"
"શું, એમજ થાશે નવ સમજાએ, સબબ અવર કંઇ,"
"શીવાય આ સારૂં, પણુ જરૂર એજ દુઃખ રૂપ દારૂ દારૂ. ૨"

હાયહાય મારા નવા મિત્ર તું એકદમ આમ જતો રહ્યો હે? અરેરે શું તું મને ફરી નહિં મળે? જયારે આ ખબર તારા માત પીતાને પડશે ત્યારે તેમની કેવી દશા થશે! હે મારા હેતુ, તું એક વખત બોલ, અહો અન્દાતા; આ કાળરૂપી ખબર મારે તમને જાહેર કરવી પડશે. હરહરહર! હે ઇશ્વર! તારી ગહન ગતિછે. અરેરે એ બીચારાં પુત્રીના વિયોગથી અડધાં તો સુકાઇ ગયાંછે, ને આ ખબર પામશે ત્યારે પછી શી બાકી રહેશે.

રામપ્રસાદ—મહારાજ, આપ કછુ કરોતો અછા, એસે દીલ ગીરી કરનેસે ક્યા ફાયદા હે.

ગુણવંત—હા ભાઇ, રાજાજીને આ ખબર કહેવરાવ્યા વિના છુટકો નથી, માટે આ પાછલી બારી ઉઘાડીછે ત્યાંથી

જઈ જાહેર કરાવો, હું આ મુડદાની ચોકી કરું છું.

રામપ્રસાદ-બહુત અચ્છા સાહેબ, એ થશે. તે (જાયછે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ રાજાનું શયનગૃહ.

કેસરીસિંહ, ભાનુમતી, લવીંગી, રામપ્રસાદ, તથા બીજા માણસો.

રામપ્રસાદ-અબે પેહેરાવાલા કોનહે!

પહેરાવાળો-અત્યારે વગર વિચારે કોણ આવેલછે.

રામપ્રસાદ-(પાસે જઇ મો જોઇને) અહો આપ ખડેહેંકે.

પહેરાવાળો-અહો રામપ્રસાદ! મે તમને ઓળખ્યા નહીં તે માફ કરજો, અત્યારે કેમ આવવું થયું?

રામપ્રસાદ-ભાઇ કુંવર સાહેબ સ્વર્ગવાસ હો ગયે, સો હમારે અમલદારને ખબર દેનેકે બાસ્તે ભેજાહે.

પહેરાવાળો-અરે આતે તમે શું બોલોછો શું ખરી વાતછે? લ્યો માંહેની પહેરાવાળીને બોલાવું. અરે લવીંગી બાઇ આમ આવજો.

લવીંગી(બહાર આવીને) અહીં તમે કેમ ગડબડ કરો છો, મહારાજા જાગશે.

રામપ્રસાદ-બાઇ, તુમ જાકે જરા મહારાજકું જગાકર ઇધર, જલદીસેં ભેજદો, બહુત અગત્યકા કામ હે.

લવીંગી-મહારાજને જગાડું એવું શું કામ છે?

રામપ્રસાદ-અબ તુમ કાહેકું પંચાત કરતહો, વો સબબ તો નહીં કહેતે હોઇંગે.

લવીંગી-ત્યો ત્યારે મારે શું. (શયનગૃહનાં બારણાં ઠોકીને) મહારાજ એ રાજાધિરાજ—

કેસરીસીંહ-(જાગીને) પ્યારી તું બોલાવેછે ? ના, અરે કોણ એ—

સર્વાંગી-કૃપાનાથ, રામપ્રસાદ આપને બહાર બોલાવેછે; કહેછે કે બહુ અગત્યનું કામ છે.

કેસરીસીંહ-અહો બહુ અજાયબી છે, આ આવ્યો, બારી ઊઠતો ખરી કાંક નવું જુનું થયું.

ભાનુમતી-(જાગીને) મહારાજ, આપ અત્યારે ઉતાવળા ક્યાં પધારો છો!

કેસરી-અરે પેલો રામપ્રસાદ પોલીસનો જમાદાર આવ્યો છે તે હાલ હાલ મને જગડાવીને બહાર બોલાવેછે.

ભાનુમતીઃ— દોહરો.

અરે આંખ કેમ ફરક તું, ચિત તું ક્યમ અકળાય;
અપ શુકનો બહુ થાયછે, આતે શુ કહેવાય. ૧
જરૂર કાંક વિપતિ પડી, ન સંદેહ તલભાર;
જપ મારીને વેઠશું, જે કરશે કિરતાર. ૨

રામપ્રસાદ-મહારાજ જરા ઇધરતો પધારો, (પાસે આવેછે એટલે) ગુણવંતરાયને મેરેકુ ભેજાહે, ઓર રસ્તેમેં કુંવર સાહેબ.—

કેસરી-શું એ પુરો થયો! દારૂનું ખરેખરૂં ફળ પામીને છેડો આવ્યો?

રામપ્રસાદ-ભગવત સહાય કરો, મેરી જીભસેં કહા નહીં જાતા હૈ.

કેસરી-અરે ભાઈ વાર ન લગાડતાં ઝટ સામે સાચું બોલ.

રામપ્રસાદ-મહારાજ યેહી બાત હૈ, ફીર ઓર કહા કહું. મેરી મોત ક્યું નભયી કે એસી કાળ-ખબર કહેને બાસ્તે આયા.

કેસરી-ભાઇ તારો વાંક નથી, નશીબ ફુટનાર એમાં કોઇ શું કરે. અરે ઓ બારી ઝટ બહાર આવ, કરમ ફુટી ગયું.

ભાનુમતી-શું પૃથ્વીનાથ, આપ આમ કેમ બોલોછો.

કેસરી–પ્યારી, ઇશ્વરનો આપણા ઉપર કેવળ કોપજ થયો; ઘર લુટાઇ ગયું. ઓ મારા વહાલા રે તું એકદમ ક્યાં નાશી ગયો. (પુષ્કળ રોવા માંડેછે.)

ભાનુમતી– મનહર છંદ.

જગતના ઇશ, હવે કેમ કરી નામું શીશ,
રૂદે નથી રે'તી રીશ, કોને જઇને કહું;
દાઝયાપર દીધો ડામ, બગાડ્યાં સરવ કામ,
જપું આઠ જામ, તેનો બદલો આવો સહુ?
અરે રેરે હાય હાય, આતે કેમ સંભળાય,
પુત્ર પ્યારો ચાલ્યો જાય, નેં હું જીવતી રહું;
બળી જાઓ રાજ ગામ, મારે નથી કોનું કામ,
પુત્ર ગયો મુંકી ઠામ, હવે તે હું શું થહું. ૧

ગરબી.

"ઓડા બાઇ બુડંતો તારો રે, અંબે આઇ પાર ઉતારો," એ રાગ.

અરે હાય કુંવર કાલા રે, મને મુંકી કેમ ગયો વહાલા. ટેક.
આજ સુધી મુજ પાસ રહી, કરી વાત ધરીને પ્રીત;
ગયો રજા લઇને પછી શું આ, કામ કર્યું વિપરીત. અરે૦ ૧
કરવું હતું કદી કામજ આવું, પહેલે કહ્યું નહીં કેમ;
આવી સવારમાં માફી માગી, શીદ જણાવ્યો પ્રેમ. અ૦ ૨
આટલા દહાડા મન માને તેમ, કરતો હતો તું કામ;
શીદ કબુલ કીધા સહુ વાંકો, પહેલાં કરેલ તમામ. અ૦ ૩
માફી માગી પસતાયો અતી, વળી નકી કર્યું ચિત્ત એમ;
માત પિતા કહેશે મુખથી જેમ, ચાલીશ નિત્યે તેમ. અ૦ ૪
શાણપણું એકદમ ગ્રહ્યું તેં, ભાઇ આજને આજ;
તેહ બધું શું થયું રૂદીયાને, પુરણ બાળવા કાજ. અરે૦ ૫
કોઇ દિવસ ભવ ગાંઠતો તે તું, કેમ થઇ જઇ રાંક;

મુકી મને દુઃખ માંહે એકલી, વીરા વાળ્યો આંક. અ૦૬
હાય હવે કદી શું નહીં દેખું, કોમળ તારૂં મુખ;
ટળવળતી બધી ઊમરમાં શું, દેખીશ દુઃખ ને દુઃખ. અ૦૭
બહુ બહુ વાર્યો તે નવ માની, નિત્યે કર્યું મધુપાન;
તેથી ખોયો નિજ પ્રાણ અને વળી, કીધી મને હેરાન. અ૦૮
દુઃખ રડું જઇ કોણની પાસે, થઇ સદાની નીરાશ;
હાય અરે શું જોવી પડશે, કોમળ તારી લાશ. અરે૦૯
ઇશ, નથી હવે જીવવે રાજી, મોકલ સુતની સાથ;
કાને હું સાંભળી કેમ શકું, મુજ પુત્ર મર્ણની વાત. અરે૦૧૦
(એમ કહેતાં કહેતાં બેભાન થાય છે.)

કેસરીસીંહ—

શેળાવૃત અથવા લાવણીની ચાલ.

અરે હાય એ બાળ, કાળ તેં આજે કરીયો,
પાડી ચિતમાં ફાળ, હરખ તો મુળથી હરીયો;
દગો કર્યો એકદમ, મળ્યા વિણ ગયોજ નાશી,
અરે હાયરે હાય હવે, કેમ જાય ઊદાશી. ૧
પુત્રી મુંકી થઇ રઝળતી વિદેશ માંહી,
તું પણ ચાલી ગયો મને મુંકીને આંહી;
હવે અરે એકલો કરૂં શું રહીને પુરમાં,
તમે બેઊએ મળી સખત ઘા માર્યા ઉરમાં. ૨
કરે ક્રોડ ઊપાય કદી નહીં તે રૂઝાયે,
અરે દુઃખ દે અતિ હાય તે કયમ સહેવાયે;
કહું કોને જઇ વાત ઇશના કોપજ કેરી,
દુઃખ કેરાં વાદળે નાંખીયો મુજને ઘેરી. ૩
ફરી નહીં શું મળે અરેરે કુંવર વહાલા,
નિત્યે દેખીશ હવે મેહેલ સહુ તારા ઠાલા?
કહ્યું નથી મેં સખત વચન તુજને કો કાળે,
કેમ થઈ ઘાતકી -હૃદયને અતિશય બાળે. ૪

હું બેઠ તું ગયો કેમ તે તો સંખાયે,
હોય કદી બે ચાર તોય કાંઈ મન વળાયે;
પણ હાયે તું એક હતો, તે પણ ગયો ઉડી,
બગડયો આ અવતાર અને હાલત થઇ ભુંડી. ૫
અહો પ્રાણ આધાર? તું એકવાર આવીને મને બોલાવ.
(વધારે ગભરાયાથી બોલી શકાતું નથી,)

ભાનુંમતી— લલિત છંદ.

અરર ઓયરે, આમશું થયું,
સુખ અતિ હતું, તેહ કયાં ગયું;
પરમ દુઃખનાં, વાદળો બહુ,
મુજ શીરે પડયાં, કેમ તે સહું. ૧
અરરરે થયો, કોપ કારમો,
સુત ગયો ઊડી, જીવડા સમો;
નહીં કદી મળે, તે હવે ફરી,
કયમ કરી રહું, હું અહીં ઠરી. ૨
મલપતો હવે, શું ન આવશે,
નવ કદી મને, તે બોલાવશે?
વગર પુત્રની, શું થઇ હવે,
અરર કાળજું, રે બળે દવે. ૩
નવ ગમે મને, અન્ય વાતરે,
જરૂર જઇ વસું, પુત્ર સાથરે;
કયમ કરી અહીં, એકલી રહું,
સુવચનો રૂડાં, કોણને કહું. ૪
અરર આશા રે, ચિત્ત જે હતી,
સહુ ઊડી ગઇ, ના રહી રતી;
પરમ દુખણી, હું હવે થઇ,
મડી ઊમંગની, તો જતી રહી. ૫
જગત નાથ રે, શું કહું તને,
કયમ દુઃખી કરી, આવડી મને;

રતન દઈને, પર્મ હોંશથી,
ઝડપી તે લીધું, કેમ રોશથી. ૬
સહુ કહે તને, દીન નાથરે,
કયમ ન આવીને, સાહ્ય હાથરે;
અતી ગરીબડી, દુઃખમાં પડી.
હરી હરો દુઃખો, આવી આ ઘડી. ૭
પુરવ જન્મનાં, પાપ શું નડયાં,
વિવિધ ભાતનાં, દુઃખતો પડયાં;
ગઇ કુમારીકા, એકલી મુંકી,
કરી હું શોકને, તેહનો સુકી. ૮
કંઇક રાખતી, આશ હું ચિત્તે,
સુતન જોઇને, લાડતી પ્રીતે;
ભઇ લીવા અરે, તેહને વળી,
નવ કહી શકું, કે ભળું ફરી. ૯
અરર નાથજી, આમ ના ઘટે,
કંઇ દયા કરો, કળેશ તો મટે;
કયમ થયા તમે, ઘાતકી અતી,
ખબર તેહની, ના પડે રતી. ૧૦

લવીંગી–મહારાજ, આપ છાના રહો તો સહુને હીમત આવે, આપ ગ્નાની થઇને કેમ ભૂલોછો; વળી આપજ આમ કર્યા કરશો તો રાણીસાહેબ શી રીતે ધીરજ પકડશે ?

રામપ્રસાદ–પૃથ્વીનાથ, ઉધર ગુણવંતરાય ઘભરાતે હોઇંગે, સબ એસા કે એસા રહેને દીયાહે; વાસ્તે કૃપા કરકે જલદી પધારો ઓર મરજી માફક બંદોબસ્ત કરો તો અછા.

કેસરી–ચાલ ભાઇ આ આવ્યો. (બને જાયછે તથા બીજાં કકળાટ કરી મુંકેછે.)

प्रवेश १० मो.

સ્થળ ચોગાન તથા સ્મશાન.

કેસરીસીંહ, ગુણવંતરાય, અને પછીથી બધું શહેર.

ગુણવંત-(રાજાજીને આવતા જોઇને.)

દોહરો.

અન્નદાતાજી આપને, બોલાવ્યા આઠાર;
દુઃખ સાગરમાં ઝીકવા, મુજનેછે ધિક્કાર. ૧
નીમક ખાઇ લાંબો વખત, ચોકી કરી અપાર;
(પણ) રક્ષણ થયું ન ભાઇનું, મુજને છે ધિક્કાર. ૨
એક મીનીટ જો હાયરે, આવ્યો હત હું પે'લ;
કુંવર બચત તો કષ્ટથી, થાત વાત સહુ સે'લ. ૩
પણ અફસોસ, નસીબમાં, લખેલ મેણું આજ;
કેમ કરીને તે મટે, કહો તમે મહારાજ ? ૪

કેસરી-ભાઇ, તારો તો કશો વાંક નથી, એનાં લક્ષણથી, દુરવ્યસનથી, તથા મારાં પુર્વનાં પાપથી આ દશાએ પહોંચ્યો. જેમ ઇશ્વર ઇચ્છા હોય તેમ થાય. (મુડદાં પાસે જઇને.)

કુંડળીયો.

પ્યારા પ્રાણ સરીખડા, અરે બોલ આવાર,
શીદ સામું જોઇ રહ્યો, સુત હૈયાના હાર;
સુત હૈયાના હાર, નહીં શું બોલે મુજથી,
થયો નથી ક્રોધાન્ધ, ખરે આ વખતે તુજથી;
નહીં હું કહું લગાર, રોશથી શબ્દો ખારા,
અરે હાય નવ કાંઇ વદે કેમ મારા પ્યારા ! ૧

માલીની છંદ.

અરરરરરર આજે, એકલો તું ગયોરે,
અતિશય અહીં, હું તો આજ દુઃખી થયોરે.

બદી વચન ખરે શું, તું નહીં થાય બેઠો,
કયમ કરી ઊભરો આ, ચિત્તમાં જાય હેઠો. ૧
હર હર હર આતો, કેવી મોટી અનીતી,
યમ-દુત લઇ નાઠો, સુત ના રાખી ભીતી;
કયમ કઠણ થયો તું, જગતના નાથ સાચા,
કરી નજર દયાની, આપ આનેજ વાચા. ૨
નહી નહી કદી માને, તું સ્તુતિ આ સ્વીકારી,
તકસીર તુજ ચિત્તે, છે ઠરી કાંક ભારી;
થર થર થર દાઝે, કાળજું મુખ જોઈ,
નયન નીરજ ખૂટયાં, જોરાથી ખૂબ રોઇ. ૩

અરે મારા વહાલા! હવે તું પાછો કદી નહીં બોલે રે મારા પ્રાણ? ગુણવંતરાય, ભાઇ મારે બબ્બે છોકરાં છતાં અત્યારે એકેની આશા ન રહી, આતે કોને કહું ને કયાં જાઉં ? હાય હાય, મારે એની બાશ જોવા દહાડો આવ્યો? અરે તું મને કહેતો ખરો કે બધી વાત કેમ બની.

ગુણવંત-(તમામ બીના કહીને) હવે જેમ આજ્ઞા હોય તેમ કરૂં.

કેસરી-તેં તો કરવામાં બાકી નથી રાખી, પણ મારૂં નસીબ કાચું તે આમ બન્યું. આ મુડદાં સવારમાં સહુ સહુનાં ઓળખીને લઇ જશે; હાલ ચોકી સખત રખાવજો.

(પરોઢમાં બધું ગામ એકઠું થઇ કુંવરને સ્મશાને લેઇ જાય છે, ત્યાં અગ્નિ સંસ્કાર કરી તેની બળતી ચેહ જોઇ રાજા એકદમ બોલી ઊઠે છે.)

મનહર છંદ.

અરેરેરે હાય હાય, આતે કેમ જોયું જાય,
કોમળ શરીર પુત્ર તણું તે તો બળે છે,
કેવો દુષ્ટ બાપ, કર્યાં કેવાં મેં અઘોર પાપ,

જોઉં ઊભો આપ, સુત–તન સહુ ગળે છે;
ધિક્ ધિક્ જીવ્યું, ધિક્ રાજ પાટ ધિક્ દેહ,
ધીક ધીક સાહ્ય દેખી, અંગ સળવળે છે,
કરૂં કામ લઈ નામ, ઈશ તણું આણે ઠામ,
છેલી છે સલામ લોકો, દેહ આને મળે છે. ૧
(ચીતા તરફ દોડે છે તેને લોકો પકડી રાખે છે;
તેથી નીચે પ્રમાણે બોલે છે.)

રાગ વણઝારાને લગતો.

હાયે ક્યાંહ ગયો તું આજ, ઓ સુત મારા રે,
હવે મારે જીવ્યાનું શું કાજ, પુરણ પ્યારા રે,
કેમ દીધો ચિતમાં ડામ, ઓ સુત મારા રે,
નેહ બળશે આઠે જામ, પુરણ પ્યારા રે. ૧
મારા જીવ્યાને ધિક્કાર, ઓ સુત મારા રે,
તેં તો કીધો મનેજ ખવાર, પુરણ પ્યારા રે;
નહીં દેખું કદી તુજ મુખ, ઓ સુત મારા રે,
પરવાર્યું સઘળુ સુખ, પુરણ પ્યારા રે. ૨
આશું દેખીને તારી ચેહ, ઓ સુત મારારે,
ધારી રાખી ધિક્ આ દેહ, પુરણ પ્યારારે.
તારી બેને કર્યો તો રાંક, ઓ સુત મારારે
પાછળથી તેં વાળ્યો આંક, પુરણ પ્યારારે. ૩
કરૂં ઘરમાં શું દિનને રાત, ઓ સુત માહારે,
કોની સાથે કરીશ હું વાત, પુરણ પ્યારારે.
પડ્યા મહેલ સુના ઊડે કાગ, ઓ સુત મારારે,
માંહે કરશે કોણ રંગરાગ. પુરણ પ્યારારે. ૪
આ બગડ્યો ભવ સહુ આજ, ઓ સુત મારારે,
નથી એથી રોકાયું કાજ, પુરણ પ્યારારે.
નહીં શ્રાધ થશે કો દીન, ઓસુત મારારે,
ધીક ધીક જીવ્યું સુત વીણ, પુરણ પ્યારારે. ૫
રાખું મરણ પછી શી આશ, ઓ સુત મારારે,

કરશે કોણ નામ પ્રકાશ. પુરણ પ્યારારે.
બળ્યું ધન, ધરતી, નેં રાજ, ઓ સુત મારારે,
બળી જાઓ સરવ સુખ સાજ, પુરણ પ્યારારે. ૬

(એમ બોલતો બોલતો બેભાન થઈ જાયછે, તેને સાવધ કરીનેં નાહી રાજદ્વાર આગળ કેટલીકવાર સુધી રડારોળ કરી મુંકીને દીવાનની રજાથી સહુ વેરાઈ જાયછે. ખાસ સરકારી મંડળ કેટલીકવાર રાજાનેં સમજાવી શાંત પાડી જમાડીને પોત પોતાને ઠેકાણે જાયછે.)

प्रवेश ११ मो.

સ્થળ હિંમતસીંહનો બંગલો.

હીમતસીંહ એકલો ને પછીથી ગુણવંતરાય.

હીમત–(એકલો.)

કટાવ છંદની ચાલ.

અહો દયાળુ, પુર્ણ કૃપાળુ, જગના સ્વામી, અંતરજામી, હું શીર નામી, અરજ કરૂં તે, ચિતમાં ધરજો. ગણી દાસને સહાય કરજો. જો કે હું છું પુરણ પાપી, આજે આવ્યો શરણુ તથાપી, માટે માફી મુજને આપી, દુઃખ સહુ કાપી, શરણે રાખો. સાફ ન અળગો કાઢી નાંખો. હવે બહુ થઈ, દયો કર ઝાલી, દુખડાં ટાળી, કારણ આજે, ભવ-સાગરનાં, મોજાં માંહે, હું અપડાઊં, ને અકળાઊં. માર્ગ ન સુઝે, તન બહુ ધુજે, જઈશ હવે શું, જળમાં બુડી, ડર એમ લાગે, કાંઈ ન આગે, મદદજ આપે, તેઓ પાસે, માટે આશો, આપજ કેરી, હું છઊ આવ્યો, નાથ નિભાવો, એકજ રીતે, ઘડીક માંહે, ન્યાલ કરીને, પ્યાર ધરીને, બંહુ સુખ દયો છો, ને પળ માંહે, તે સહુ ખેંચી, પાછું

દયોછો, અરે હરી એ કેમ ખમાયે, નવ રહેવાયે, ચિત અકળાયે. ખરે જેવારે, આપે હરખી, દીધી સરખી, જોડ અમુલી, જેથી ચીત હું ગયોજ ફુલી. પણ તે લીધી, ફેર પડાવી, મને અડાવી, હરી કરો શું ખેલજ આવો, શીદ ભરાવો, ને લલચાવો. અરે હાય જે, લીધો લાવો, તે સંભારૂં, ત્યારે મારૂં, દીલ દુખાયે, વિયોગ આવો નવ સંખાયે; ભડ ભડ ભડ ભડ, ચીતમાં હોળી; આજ બળે છે. તન દિન દિન મુજ અતિ ગળે છે. વિજોગ રૂપી, રોગતણો હું, ભોગ થયોછું, તેથી નક્કી, હવે નહીં જો મળશે નારી. થશે જીંદગી પુરી મારી. પ્યારી પ્યારી, નિત સંભારી, અક્કલ હારી, મુરખ બનીયો, માટે હરજી; આ મુજ અરજી, દીલમાં લાવી, કૃપા બતાવી, પ્યારી આપો; ને દુઃખ કાપો; માગુંછું હું એવું મુખે મુખે, હું પ્યારી વિણુ ભભરાઉં દુઃખે દુઃખે. ૧

(ગુણવંતરાય પ્રવેશ કરે છે.)

હિમત—કેમ કઇ તરફથી આવ્યા?

ગુણવંત—કાલે પાલેટીકલ સાહેબ અહીં આવ્યાછે, તેમનો પટાવાળો બોલાવવા આવેલ તેથી તેની પાસે થઈ આમ આવ્યો.

હિમત—કેમ ભલા કાલે આપણે મહારાજ સાથે ગયા ત્યારે મળ્યા હતા, ને ફરી કેમ બોલાવ્યા.

ગુણવંત—સાહેબ, એમની બદલી શ્રીનગર થવાનીછે, માટે મને શીરસ્તેદારની જગ્યા આપી સાથે લઇ જવાનું કહેછે.

હિમત—બરોબર, આપણે શીમાડા ઉપર મળ્યા ત્યારથી એ આપણને બહુ ચાહેછે. પછી તમે શો જવાબ દીધો

ગુણવંત—આપની સલાહ ઉપર મુલતવીછે, મરજી હોય તેમ કરૂં.

હિમત—જવાનુંજ નક્કી રાખો, કારણ તે વિના પેલા હરામખોરોનું તરકટ સમજાવાનું નથી.

ગુણવંત-મને પણ એજ વિચાર આવેછે, કારણ આ સાહેબ કાઇની શરમમાં ખેંચાય એવા નથી, ને ત્યાંની બધી બાબતોથી હું વાકીફછું, તે વગ પડતી સમજ પાડી પ્રપંચ બંધ કામ કરીશ.

હિમત-પણ રાજ્યને ધક્કો ન લાગે, ને પિતાજીની ઇજતમાં ફરક ન પડે, એમ 'કામ થાય તો બહાર પડે.

ગુણવંત-અરે અંનદાતા એ તે આપ શું બોલોછો, રાજ્યને જરા પણ હરકત આવે તો ત્યાનત દેજો, અને આ કરવું પણ રાજ્યને માટેજછે. કારણ એ દુષ્ટોને કહાડ્યા વિના રાજ્યનો ભાગ્યોદય કદી થવાનો નથી, તેમ રૈયત પણ દુઃખમાંથી મુક્ત થવાની નથી.

હિમત-બસ ત્યારે કરો સીધ કામ. હું પણ આટલામાં પ્યારીની શોધ કરી પાછળથી આવીશ.

ગુણવંત-એઓ તો જ્યાં હશે ત્યાંથી અહીં આવશે, માટે આપ તો આહીંજ રહેજો. વળી હું પણ આપને તેડવાને ત્યાંથી માણસો આંહીંજ મોકલીશ.

હિમત-ભાઇ, "આપ મુવા વિના સ્વર્ગે ન જવાય" માટે જરા ખોળ તો કહાડીશ. આપણે હરેક પ્રકારે પણ જુદા તો પડવુંજછે.

ગુણવંત-હા સરકાર, વળી પ્રભુ મેળવશે ત્યારે મળશું પણ આપ ફીકર ન રાખશો, યુક્તિથી રાજ્યનો બધો કચરો કહાડી પિતાજી તથા રઇયતને સુખી કરી આપને બોલાવીશ. જુઓ સાહેબ "વાડ વિના વેલો ન ચડે."

હિમત-હા હવે તો તમારે મોડું પડંગુછે. વળી તમારી ચાલાકી તથા બુદ્ધિનો મને પુરો ભરોંસોછે. જરૂર રાજ્યનું ભલું તમારાથી થાશે.

ગુણવંત-ત્યારે એ કાલે જવાનાછે તે સાથે જાઉંકે?

હિમત-હા, અહીં ખાલી પીલી શું કામ બેશી રહીએ, હું પણ પરમ દહાડે નીકળીશ, તે આડી અવળી શોધ

કરીશ જો પત્તો લાગશે તો ભલા, નહીં તો પછી ત્યાં આવીશ.

ગુણવંત-ખરેખર આપણે આ વિચારજ રાખવો, પ્રભુ સહુ સારાં વાનાં કરશે,

હિંમત-હા ભાઇ, આશા તો રાખીએ બાકી તો થનાર હશે તે થશે.

ગુણવંત-ત્યારે ચાલો બહાર ફરવા પધારશો; આપણે સાંજે સાહેબ પાસે પણ જતા આવશું.

હિંમત-હા ચાલો, મારા ઉપર પણ મહેરબાની તો ઠીક છે. (બંને બહાર જાય છે.)

——oOo——

પ્રવેસ ૧૨ મો.

સ્થળ ગુણવંતરાયનું મકાન.

ગુણવંતરાય તથા સવિતાગવરી.

સવિતા-પ્રાણનાથ, આપ પાછા સવારમાં પધારશો કે? અરેરે, વળી પીટચો વિયોગ વચમાં આવશે.

ગુણવંત-સદા પાસે રહેવાથી હેત ન વધે માટે એ ઠીક થયું.

સવિતા-શાનું ઠીક થયું, આપને હાલ એ નોકરી લેવાની શી જરૂર છે, અહિં શું ખોટું છે?

ગુણવંત-એમાં જુદો સબબ છે. પેલા ચંડાળોએ બધું રાજ્ય ફોલી ખાધું ને હજી લુટે જાય છે. વળી પેલો દીવાન તો મારી ઇજ્જત લેવા તૈયાર થયો તો; માટે એનો બદલો એ લોકોને મળે એવું કરવું જોઇએ.

સવિતા-આપને જેમ ગમે તેમ ઠીક. પણ એ લોકો ફાવવા દેશે ખરા?

ગુણવંત-એમના તે શા ભાર છે, એ મુત્સદી છે નં હું શું હજામ છું? વળી એ લોકો તો ચોર નં મારે તો

બાજબી કરવું છે એટલે શું મગદુર છે કે દાવમાં ન આવે.

સવિતા—બરોબર. વળી આપને સાહેબનું મોટું પડેગું ને જાહેરમાં જાહીત કહેવાઓ માટે ઠીક પડશે.

ગુણવંત—આટલા દહાડા તો સાહેબ તથા સીરસ્તેદારને જુઠું સમજાવીને ફાવતા, પણ હવે એમ કયાંથી કરશે.

સવિતા—એ વાત ખરી, નહીંતો સાહેબ કેમ અન્યાય થવાદે.

ગુણવંત—જોજેને દરેકની હાજરી લઇશ.

સવિતા—સાચા હશે તેને તો કશું નથી, ને જુઠા બદલો પામે એમાં શી નવાઇ.

ગુણવંત—આપણે જે રાજ્યનું નીમક ખાધું તેનું હીણું કેમ થવા દઇયે. મહારાજતો મોટા છે પણ આપણે કેમ હાજી હાજી કરીયે.

સવિતા—ખરૂં કહો છો સ્વામીનાથ, એમ હાજી યા થવું એતો નીમકહરામીપણું છે.

ગુણવંત—મને પણ એ લોકોમાં ભળી જતાં શું નહોતું આવડતું, પણ નહિં, અન્યાયમાં કદી શામીલ ન થવું. " સત્યમેવજયતિ " માટે સાચામાંજ શામીલ રહેવું.

સવિતા—ભલા હીમતસીંહતો આંહીજ રહેશે કે ?

ગુણવંત—ના, એ પણ પરમ દહાડે પોતાની પ્યારીને શોધવા નીકળવાનાછે.

સવિતા—અરેરે મારી વહાલી સખીની હજી કાંઇ ખબર ન આવી હેં ! હે દયા નાથ ? હવે તો કૃપા થાય તો સારૂં. મને એકલીને તો જરાએ નથી ગમતું, વળી આપ પણ છોડવાના થયા છો.

ગુણવંત—એમ છોડયાં તમે કયાં છુટો એવાં છો. એતો પાંચ દહાડા પછી પાછા ત્યાં ધામા લગાવશો.

સવિતા—પણ નદી તો સાગરનેજ મળે, બીજે કયાં જાય.

ગુણવંત—ત્યારે સાગર કયાં ભેટવાને નાખુશ હોય છે, એ

પણ ગડગડાટ કરતો તૈયારજ રહે છે.

સવિતા-પણ એમાં જરા ફેર છે.

દોહરો.

સાગરને તો બહુ મળે નદીયો ઠામો ઠામ;

પણ નદીને મળવાતણું, સાગર એક મુકામ. ૧

ગુણવંત-એમ બાધ આવ્યો તો પહેલાં નદીનું રૂપ શું કામ ધારણ કર્યું.

સવિતા-તમે બહુ નદીઓને મળવાનું ચાહી સાગર રૂપ ધારણ કરોછો કે નહીં તે જોવા.

ગુણવંત-દાવમાં લેવાની તજવીજ કરી કે. પણ સાબાશ. બારી, સાગર કંઇ નદીને મળવા નથી આવતો. નદી સાગરને મળવા ફરતી ફરતી આવે; તેમ કાંઈ તું મને ભેટવા આંહીં ભમતી ભમતી નથી આવી, પણ હું આવ્યો છું માટે હું સાગરજ નથી.

સવિતા-એમ ઠામ ન બદલો, હવેતો બંધાણા ને પહેલાના કહેવા પ્રમાણે તમને બહુ નદીયો મળતી હશે.

ગુણવંત-એમ કે! ને નદીતો કોઇની સાથે અથડાયા વિના કે કોઇ પહાડમાં લપટાયા વિના સતીની પેઠે આવીને સાગરને મળતી હશે.

સવિતા-પહાડતો નદીનો બાપ, માટે તેને લપટાવામાં કંઇ હરકત નહીં. દીકરી બાપના ખોળામાં બેસે એમાં શું ખોટું.

ગુણવંત-બધા પહાડ કંઇ એક નદીના બાપ ન કહેવાય. ને તે કબુલ કરેતો નદી બહુ બાપવાળી કહેવાય; માટે હવે બોલવુંજ બંધ રાખો એતો એજ નક્કી છે કે:—

દોહરો.

બહુ પહાડો મેદાનની, સાથે રહેવા ચહાય;

પણ કોઈ નવ સંઘરે, તવ સાગરમાં જાય. ૧

વળી સાગર બહુ નદીયો સાથે શુધ સંગમ કરતોજ નથી.

છપ્પો.

અધીરણી સહુ નદી, ઠામ ઠામે અથડાઇ,
સાગર જોઈ બળવંત; ત્યારથી મળવા ધાઇ;
કીધું પહોળું મુખ, લઇ જળ મોટું થાવા,
પણ સાગર અતી શાન્ત, જાણી લીધા ગુણ આવા;
જાહેર મળતાં દેખાઇને, સંગમ શુદ્ધ કર્યો નહીં.
તેથી સરિતા મીઠી રહી, ખારૂં જળ ન થયું કહીં. ૧

સવિતા-ખરેખાત! તમારી જાત શુદ્ધછે, વળી આ દાખલો હવે આપણાથી પ્રથક થયો માટે એને છોડીદ્યો.

ગુણવંત-"તળે આવેરેલો ત્યારે વાત પડતી મેલો," અરે આજ આઠ વાગે સાહેબ દરબારમાં આવવાનાછે માટે હું જાઉં; સાત તો થઈ ગયા.

સવિતા-પ્રાણનાથ વહેલા પધારજો. (બને જુદાં પડેછે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ રાણીવાસ.

કેસરીસીંહ, ભાનુમતી અને દાસી.

કેસરી-ત્યારી હીમતસીંહ તથા ગુણવંતરાય બંને ગયા.

ભાનુમતી-હા મહારાજ, સમાચાર સાંભળ્યા. ગુણવંતરાય તો ઘાટમાં ગયોછે; પણ પોતે મારા ધારવા પ્રમાણે વિજયાને શોધવા નીકળ્યા હશે.

કેસરીસીંહ-મને પણ એમ લાગેછે, ભલા ઇશ્વર હરેક પ્રકારે બેનનું મો દેખાડેતો જાણે ન્યાલ થયાં.

ભાનુમતી-હુંતો હવે દુઃખ ખમીને રીઢી થઇ ગઇ. બળ્યું હવેતો પીટયાં આંસુએ સુકાઇ ગયાં તે નથી આવતાં.

કેસરી-શું કરીયે, ઇશ્વર જે માંથે નાખે તે જખ મારીને વેઠવું પડેછે.

ભાનુમતી-હા પણ તેતો નિરૂપાયે લાચાર.

કેસરી-મને પેલા બે જણના વિયોગથી બહુ અણગમો થાયછે. ગુણવંતને રજા દીધી પણ હવે પસ્તાવો થાય છે, નેં હીમતસીંહ તો છાના ગયાછે.

ભાનુમતી-બંને છોકરા રત્ન જેવા, ને વળી દુર્ગુણતો જરાએ ન મળે.

કેસરી-ખરી ખૂબી ત્યાંજછે. ઉમરે જવાન, બધી બાબતે ઈશ્વર અનુકુળછે પણ જાણે કોઇ પીઠ આદમી. જરાએ જવાનીનો તોરજ નહીં.

ભાનુમતી-લોકોમાં પણ વારંવાર વખાણ થતાં.

કેસરી-પુરી વિદ્યા સંપાદન કરે તો સદ્ગુણી થયા વિના રહેજ નહીં. એ ગુણવંતરાય આગળ જતાં એવું નામ કહાડશે કે બસ હદ.

ભાનુમતી-અરે હુંતો એની બોલવાની ઢબ નેં ચપળતા જોઇનેંજ છક થઇ જતી. કહેવો મીઠો, માજીકહ્યા વિના તો બોલાવેજ નહિં.

કેસરી-અરેરે, પણ જોનેં ઇશ્વરની ગતિ, આપણે રૂપ, ગુણ, જ્ઞાન, ઊમર વગેરે બધી બાબતે એક બીજાને યોગ્ય જોડું મેળવ્યું, ત્યારે તે બિચારાંને સુખ ભોગવવાનો દહાડોજ ન આવ્યો.

ભાનુમતી-મૂળ નસીબની વાત, બાકી નિમિતતો પેલી રાંડ ઊપર છે. એક અભડછેટ બધા ઘરનેં અભડાવે. કહેવતછે કે "એક છીદ્ર પણ વહાણ બુડાડે."

કેસરી-પણ જોને ત્યારે કેવા હાલ થયા. નેં હજી પણ જોકે બેનની કાંઇ ખબર નથી આવી છતાં જે મને હીમત રહે છે તે એની સુનિતીને લીધે.

ભાનુમતી-અરેરે, આશામાં ને આશામાં કેટલાએ દહાડા જશે. મને તો જરાએ નથી ગમતું. (દાસી આવેછે.)

દાસી-ટપાલમાં આવેલ કાગળ પહેરાવાળાએ આપ્યો. (ધરે છે.)

કેસરી-(હાથમાં લઇ સીરનામું જોઇને) અક્ષર સાફ અ-
જાણ્યા છે, ને વળી ખરેખરીના દાવામાં લખ્યોછે
તે કોનો હશે. (સહુ સાંભળે એમ વાંચે છે.)

''સદા મહેરબાન પરમ પ્રિય ભાઇ''

''કેસરીસીંહજી''

'' શુ૦ સુંદરપુર. ''

'' આ કાગળ લખવા માંડતાં મને અપાર હર્ષ
થાય છે, ને ધારવા પ્રમાણે તમને તો એથી અપરમપાર
થવો જોઇએ.''

''ચી૦ સૌ૦ વિજયાકુંવરી આપના પાટવીની''
''સ્ત્રીના પ્રપંચથી સપડાઈ ગયે, એક દુષ્ટ તેને રાતે''
''બગીમાં બેસાડી અઘોર રાનમાં લઈ જઈ મારવાને''
''તત્પર થઇ રહેલ, એટલામાં અકસ્માત ચાર પાંચ''
''સ્વારોના આવવાથી, કુકર્મી ડરી બેનને ત્યાંજ મુંકી''
''નાશી ગયો. આ વખતે ઇશ્વરે એ સ્વારો રૂપી સહાય''
''ન મોકલી હોત તો પરિણામ શું નિપજત, એ વિશે''
''વિચારવાનું આપને સોંપી આગળ જણાવુંછું કેઃ—''

''તે સ્વાર લુટનો ધંધો કરનાર મારા એક ગામડાના''
''પટેલ હતા; તેમાં મુખી માણસ રહેમદીલનો હોવાથી''
''બેનને સંપુર્ણ દીલાસો દઇ ઘોડા ઉપર બેસાડી પોતાને''
''ઘેર લઈ જવાને સાથે તેણે જે પરોણા ચાકરી કરી''
''તેનાં વખાણ હજી બેન કરે છે. હવે જે બિના હું લખું''
''છું તે લખતાં મને ઘણીજ શરમ ઉપજે છે પણ''
''લાચાર, દૈવયોગે આ ગામમાં મારો પાટવી આવી''
''ચડેલ, તેણે પોતાના સોબતી તથા ગામના ફોજદારના''
''સમજાવ્યા ઉપરથી, પટેલની છોકરી (જે વિજયાની''
''સખી હતી) તેની મારફત પ્રપંચ રચી આ નિર્મળ''

"બાઇની ઇજત લેવાના ઇરાદાથી, બંનેને ગામથી ગાઉ"
"દુર આવેલ તળાવ ઉપર બોલાવ્યાં. દુષ્ટ કુંવરે પોતાના"
"કુવિચારો ઘણે પ્રકારે યુક્તિ સમેત વાપર્યા, પણ સતી"
"ચળી નહિં; એટલુંજ નહી પણ, તેને ગફલતમાં નાંખી"
"એક જખમ હાથપર મારી આ કુચાલીને લાયક સજા"
"આપવાને સાથે તેનાજ ઘોડા ઉપર સ્વાર થઇ રવાને"
"થઇ ગઇ. ધન્ય છે એ બાઇને, તથા ધિક્કાર છે એ"
"કુંવરને તથા તેથી મને."

" આ દુષ્ટોનું પોગળ મારા જાણવામાં આવ્યે"
"સહુને યોગ્ય સજા આપી, તે વિશેનું વિવેચન ન"
"કરતાં જણાવુંછું કે, બેન દશેક ગાઊ ઘોડા ઉપર ચડી"
"આવેલ, તેથી શહેર નજદીક થાક ખાવાને ઘોડાને"
"છોડી દઇ વડના ઝાડ તળે કેટલીક વાર સુતી. અ-"
"હીંથી દુષ્ટ ફોજદારના કબજામાં આવ્યાથી રાતે તેને"
"ઘેર ગઇ, અને છેલે તે મુર્ખને જુઠો વાયદો દઇ પોતે"
"કન્યાશાળાપર નીમાણી; બાદ વાયદો પુરો થવાના"
"અરસા ઊપર મને અરજી કરી યુક્તિબંધ તે દુષ્ટને"
"પકડાવ્યો; તેને ઘર બાર લુંટી લઇ વગર ભાડે પાંચ"
"વર્ષ રહેવા મેં એક કોટડી આપી બેન મારા"
"ઘરમાં આનંદથી દિવસ ગાળવાને સાથે આપનાં"
"દરશનની ઇંતેજાર છે. મારો જે મોહોટો અપરાધ"
"થયોછે, તેને માટે મને ઘણો પસ્તાવો થાયછે; પણ"
"કાળાનુસારે કુકર્મી છોકરો નીવડ્યાને લીધે લાચાર."
"કાળાનુંસાર તો આ બાઇને પણ લાગવો જોઇએ,"
"પણ નહીં, હું છાતી ઠોકીને કહુંછું કે એ સીતા, સુ-"
"લોચના, દમયંતી, આદી સતીયો માંહેની એકનો"
"અવતારછે. ધન્યછે આપનાં ભાગ્યને, કે આવું રત્ન પેટ"
"અવતર્યું, હાલ મારી કલમ બંધ કરતાં હું એટલુંજ"

"લખુંછું કે, જો તે બાઈના વખાણને માટે સો કાગળ"
"ભરીયે તો તે પણ થોડાછે."

"મુ૦ આનંદઘ૯ } "સીખતંગ ભતરની રાહ જોનાર."
"જેઠવદ ૭." } "અનુપસીંહ ગુલાબસીંહના જવાર."
"તિર્થ ૧૫ પિતાજી તથા અથાગ વહાલી માડી."

"રાજાજી તથા માજીનું હેત આપના હેતને સહેજ"
"વિસારે એવુંછે, પોતાની પુત્રી કરતાં અધિક રાખેછે;"
"વળી જે મારા ઉપર ઉપકાર કર્યો તે તો અથાગછે,"
"હાલ એજ. મીતી સદર. દરશન અભીલાખી"
"વિજયાના ડંડવત પ્રણામ."

કેસરીસીંહ–(ફરી ફરીને કાગળ વાંચીને) અરે શું આ ખરી વાતછે? આહા, દુઃખમાં એટલો રગડાયોછું કે પાછું મને સુખ મળશે, એ સાચું મનાતું નથી. જો પ્રભુએ ઈશ્વરે એનું પારખું લીધું, માટે હવે એ અખંડ સુખ પામશે.

ભાનુમતી–ઓ મારી લાડકી! ધન્યછે તારી બુદ્ધિને! બેન, તે ખરે ખરૂં કુળ દીપાવ્યું. અરે મારી વહાલી તેંજ આટલાં બધાં દુઃખ સહ્યાંછે હેં! આતે કેવી સદ્‌ગુણી ને હીમતવાન, કે આવાં મોટાં સંકટોમાંથી પણ ધીરજ રાખી નીકળીગઈ. મહારાજ, આપ હવે તો એને જલદી બોલાવો. મને તો એમ થાયછે કે જાણે ઉડીને એની પાસે જાઉં, અહાહાહા! મારી વહાલી શું થોડા દહાડામાં મને ભેટશે?

કેસરી–ઈશ્વરે ડુબતાં ડુબતાં બાંહ્ય ઝાલી. કાલેજ પ્રધાનને મોકલું, તે રાજાને ભલું લગાડી વિજયાને તેડતા આવે.

ભાનુમતી–પ્રાણનાથ, એનો તો આપણા ઉપર મોટો ઉપકાર થયોછે, હજી પૃથ્વીપર આવા પુરૂષો એછે.

કેસરી–પણ જો તું ખૂબી, એને પેટ વળી કેવું રત્નછે.

ભાનુમતી-મને એમ લાગેછે કે ઇશ્વરની પાછી કૃપા દ્રષ્ટી થઇ. મારે આઠમો મહીનો ચાલેછે.

કેસરી-પ્રભુને નામ રાખવાની મરજી હોય તો કાંઇ નવાઇ નથી. પચાસે વર્ષે આવેલ છોકરાથીએ વંશ વધેછે.

ભાનુમતી-સ્વામીનાથ, હીમતસીંહ આજે ગયા તે ક્યાં ગોતશે ?


કેસરી-એના મીત્ર ઉપર કાગળ લખશું એટલે જયાં હશે ત્યાં ખબર પહોંચાડશે.

ભાનુમતી-ત્યારે આપ કાલને કાલ પ્રધાનને વિદાય કરજો.

કેસરી-હા, હવેતે વાર લગાડુંજ કેમ. ચાલો જમવાનો વખત થઇ ગયોછે.

ભાનુમતી-ચાલો મહારાજ આજ હવે પેટ સુખેથી ભરાશે.

(બંને જાયછે તથા બીજે દિવસ પ્રધાનને વિજયા-કુંવરીને તેડી લાવવા સારૂ મોકલેછે.)



અંક ચોથો સમાપ્ત.

અંક ૫ મો.

સ્થળ શ્રીનગર આનંદધડ તથા વન.

અનુપસીંહ..............આનંદધઢનો રાજા.
ગુણશુંદરી ....તેની રાણી.
જાલમસીંહ..............તેનો પુત્ર.
ગુમાનસીંહ..............જાલમસીંહનોમામોતથામીત્ર.
રામો ....જાલમસીંહનો ગાડીવાન.
હીમતસીંહ ....શ્રીનગરનો પાટવી.
ગુણવંતરાય ....તેનો મીત્ર તથા શીરસ્તેદાર.
વિજયાકુંવરી..............હીમતસીંહની સ્ત્રી.

સુભાનખાન.
પખલો.
દોલતસીંહ.
લાખોજી.
દેવીસીંગ.
}.........લુટારાઓ.

અમલસીંહ..............શ્રીનગરનો રાજા.
કામકળા ....તેની રાણી.
કુભાન્ડરાય ....શ્રીનગરનો દીવાન.
કપટીરાય..............શ્રીનગરનો ફોજદાર.
મી. જોનઓનેસ્ટ.........પોલેટીકલ સાહેબ.

प्रवेश १ लो.

સ્થળ વન.

હીમતસીંહ અને પછીથી લુટારા.

હીમત—અહો આજ બે દિવસ થયા ક્યાંહી પત્તો લાગ્યોજ નથી, નેં હજી ક્યારે ઠેકાણે પડીશ એ કહ્પી શકાતું નથી. ખેર, જેમ ઇશ્વર ઇચ્છા હશે તેમ થાશે. અહો હો! આતો મોટું જંગલછે, નેં માંહે પહાડો પણ ઠામ ઠામછે. કોઇ વટેમાર્ગુ આજ સવારનો મળ્યો નથી, માટે જરૂર ભૂલો પડ્યો હઇશ. પણ કાંઇ હરકત નહીં, આગળ કોક પણ ગામતો આવશેજ. આ રસ્તો એવો ભયંકર છે, કે કોઇ બિકણ માણસ તો એકલો આંહીં થઇનેં જતોજ નહીં હોય. આવતાં તો આ રસ્તો નહોતો આવ્યો. આટલામાં કોઇ માણસ પણ નથી દેખાતું કે તેનેં રસ્તો પુછું. ચાલ જીવ કીસમત લઇ જાય ત્યાં. (થોડી દુર ગયા પછી કેટલાક લુટારાને મળેછે.)

પબલો—અરે દેવીસીંગ, પેલો શીકાર જાયછે.

દેવીસીંગ—હા યાર, ચાલો એને પકડીયે. (સહુ હીમતસીંહ ની પાસે જઇ તેને વીંટીલેછે.)

હીમત—અરે ભાઇયો! તમે મારી પાસેથી શું લેવાના છો, આ તલવારનેં બંદુક છે; જો જોઇતી હોય તો એક બેને આંહી રહે રહે આપું.

દોલતસીંહ—અબે સુભાંનખાન, એતો તુમારી ખસલત કાહે, દેખતે હો ભઇયા, એ કહા સમજકે બોલતા હે.

દેવીસીંગ—અલ્યા એ મુરખ, તું એકવાર હેઠો ઉતર; અને તારી પાસે જે હોય તે આપીને રસ્તો પકડ. જલદીકર, ખોટી થઇયે છીયે.

હીમતસીંહ-ખોટી થતા હોતો જેને પહેલું જવું હોય તે આવો સામા; એટલે રવાને કરૂં.

લાખો-અરે યાર; આતો બડા ચબરાક દેખાયછે; એને તો મરવુંજ નહીં હોય.

હિમત-આપણે સાથે જઇશું, તમને એકલાને મોકલી હું પાછળથી નહીં આવું એવો ડર ન રાખશો. આવો સામા, ચાલો આતો બધી ફાની દુનિયાંછે, માટે તમને અમર વિશ્વમાં મોકલી હું પણ કેડે આવું.

દેવીસિંગ-અલ્યા, તું આટલી બધી શેખી શા ઉપર કરેછે,એકનું ઓસડ બે, આટલા બધા આગળ તારૂં શું જોર ચાલશે.

હિમત-તમે બધા શું કામ એકઠા થયાછો?

સુભાનખાન-તુમારે દરસન કરનેકું, સમજે કે નહીં, અબ પરસન હો જાઓ, ઓર જો હોવે સો દેકે ભાગ જાઓ.

હિમત-અરે વાહ, આતો પંચરાઉછે ને શું માંહે બધી જાતોછે, તાલતો ઠીક મળ્યોછે.

દેવીસિંગ-અલ્યા પબલા, લગાવ ધોકલુંને પાડ હેઠો,આતો ભાઇબંધાઇ કરવા બેઠા.

પબલો-અલ્યા એ તરવારીયાના ડીચરા,ઊતર ઘોડા ઉપર થો,નેકર પસે ધોકલું દયોશ.

હિમત-અહાહાહા! આતો ખૂબ ગમત થઇ,હવે કોઇ માર-વાડી છેકે?; તમે બધા મારી પાસે નાટક કરોછો પણ તેના બદલામાં આપવાને મારી પાસે આ લુઘડાં તથા હથિયાર શિવાય કાંઇ નથી.

દેવીસિંગ-કેમ તારી પાસે હથિયાર ને લુઘડાં શિવાય કાંઇ નથી એ ખરૂંછે?

હિમત-ના,એક હિમત વધારામાં,બાકી તો જે જુઓછે તેજતો.

લાખાજી-ભાઈ સાહેબ, આતો બહુ ગમતી ને બહાદુર માણસછે, માટે એને આપણા ભેગો રાખીને આ-પણી બેબાગ મંડળીની લગામ એના હાથમાં આપો.

દેવીસિંગ-હા, યાર ઠીક કહ્યું, એટલે રોજ લઢી મરવું મટે.

સુભાનખાન-ક્યું જમાદાર સાહેબ, સલામ હે. મેને તો જમાદાર ડેરા દીયે.

પબલો-ઠાકોર સાહેબ રામ રામ.

હિમત-અહ્યા તમે કાંઇ નીશો કરીને આવ્યાછો કે શી બલા? હું તમારા ભેગો રહું એ કદી ન બને.

દેવીસિંગ-એ ન બને તો અમારામાંથી એક બેને લઇ ઊપર જા, પણ હવે તને છોડવાના નથી.

લાખોજી-ભાઈ, તું કદી એકને મારીશ કે બેને મારીશ, પણ આખર તારો જીવ ખોઇશ, માટે માન અમે તને કાંઇ હલકું કામ નથી સોંપતા, અમારો સરદાર બનાવીએ છીએ.

દેવીસિંગ-અમારે માલ લુટી લાવ્યા પછી રોજ તકરાર થાયછે, માટે તારા જેવો ખબરદાર આદમી હોય, તો તેની મરજીમાં આવે એટલું સહુને આપે.

હિમત-તમે મને નહીંજ છોડો?

દેવીસિંગ-ના ના ને ના, માનતો હોય તો માન, નહીં તો પરાણે મનાવશું.

હિમત-તમે મને આંહી ક્યાં સુધી રાખશો?

દેવીસિંગ-અમે આંહી રહીશું ત્યાં સુધી.

હિમત-તમે આંહી ક્યાં સુધી રહેશો?

દેવીસિંગ-તારે જમાદાર થવું હોય તો પંચાત કર, નહીં તો થા તૈયાર.

હિમત-(મનમાં) ફસાંણો, પણ લાચાર. નાહક આમ મરવાના કરતાં બે દહાડા એવા વેઠવા પણ બેહેતરછે. (ચાસન) હા હા, તમે મારૂં એક સુખન માનો તો.

દેવીસિંગ-જા એક સુખન માનશું.

હિમત-ત્યારે હું આંહી એક મહીનો રહું, પછી મને પંદર દહાડાની રજા આપજો તે મારે ઘેર એક ડોસીછે તેની ખબર લેતો આવું.

સુભાનખાન-હાં હાં ઠીક હે, કાયકું ના પાડતે હો.

દેવીસીંગ-જાઓ ત્યારે તેમ, ચાલો આપણી ગુફામાં.

(સહુ ચાલવા માંડે છે.)

હિમત-(રસ્તે જતાં) તમે બધા આમ પંચ કુટીયા ક્યાંથી મળ્યાછો?

દેવીસીંગ-ભાઇ, અમે તો શ્રીનગર ઉપર બારવટે નીકળ્યા છીએ, ને માંહે એક બે લુટારા છે.

હિમત-શા સારૂ બારવટે નિકળ્યા છો?

પચાણ-અમારાં ખેતર દીવાને જુલમથી પોતાના કબજામાં લઈ લીધાં છે માટે.

સુભાનખાન-અબ ઊતરો સાબ, મેં આપકા ઘોડા હમારે ઘોડું ભેલી બાંધ આઉં.

હિમત-તમે બધા મારા કહ્યા પ્રમાણે ચાલવાના સોગન ખાઓ. (સહુ પોતાના ધર્મના સોગંદ ખાયછે.) ત્યારે સાંભળો આ પહેલો ધારો. "જે માણસને હાથ કાંઇ લુટ આવે, તે તેણે જરા પણ બીગાડયા વગર મારી પાસે લાવવી. વળી કોઇ છુટું માણસ આવે તોપણ તેને મારી પાસે લાવ્યા વિના જવા ન દેવું. મારી રજા વિના કોઇ ઉપર જુલમ કરવો નહીં."

દેવીસીંગ-વાહ યાર, એવા નવા નવા ધારા કરતા રહેજો. ચાલો આપણે ખાવાની તજવીજ કરીયેં.

(સહુ જાયછે તથા હીમતસીંહ તેમના ભેળો રહે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ શ્રીનગરનો રાજ્યમહેલ.

અમલસીંહ તથા કામકળા.

કામકળા-મહારાજ, ગુણવંતરાયની મા આવી હતી તે વાત કરતી હતી કે હીમત તો ત્યાં પરણ્યો છે, ને કન્યા

પણ બહુ રૂપાળી તથા ડાહી છે.

અમલ-હશે, એ મનસ્વીનું મને તો મ્હો નથી ગમતું. જુઓને આખરે પોતાનું ધાર્યું કર્યું.

કામકળા-હવે કર્યું તે ન કર્યું થશે, વળી કદી આડો ચાલ્યો તો એ પેટનો દીકરો છે, બીજે ઠેકાણે પેટ ભરશે તો તમારે માટે કેવું કહેવાશે. માટે એને તેડાવો તો ઠીક, મને તો નથી ગમતું.

અમલ-આજે દીવાનને સલાહ પુછીશ.

કામકળા-દીવાનને ને એને તો બારમો ચંદ્રમા છે. આપને તો કાંઇ ખબર નથી. મેં ગુણવંતની માની કહેલ વાત સાંભળી, તે આપને કહેવાનું મન તો થતું હતું પણ પાછો વિચાર આવ્યો.

અમલ-દીવાને એનું શું બગાડ્યું છે, તે બારમો ચંદ્રમા હોય?

કામકળા-એક રાતે હીમત તથા ગુણવંત છાના ચરચા જોવાને દીવાનને ઘેર ગયા હતા, ત્યાં એ લોકોની બધી વાત સાંભળી ત્યારથી હીમતને બહુ ક્રોધ ઉપજ્યો, તેમ દીવાન પણ સમજ્યો કે આને ખબર પડી, એટલે દીવાને બનેને માટે આપને અવળું સમજાવીને ગુણવંતને દરબાર બંધ કરાવ્યું; તથા આને મન માનતી ન પરણવા દીધી.

અમલ-દીવાન એવો તરકટી નથી, માટે મને સાચું નથી લાગતું.

કામકળા-આપને શી ખબર પડે, આપ કયારે એમ પણ પુછો છો કે રાજ્યને કરજ છે કે લેણું છે.

અમલ-આપણે કયાં લાંબું ખરચ છે તે કરજ હોય. તીજોરીમાં કાંક સીલીક હશે.

કામકળા-તીજોરીમાં સીલીક હોય ત્યારે એ લોકોનું પેટ કયાંથી ભરાય, આજે પુછજો તો ખરા કે કેટલા રૂપીયા છે. મને તો ગુણવંતની માએ સમજ પાડી ત્યારથી દીંગ થઇ ગઇ છું.

અમલ–અરે કુંવર તો પોતાના કબજામાં રાજ લેવાનું કરતો હતો તે દીવાને મને ચેતવ્યો.

કામકળા–મહારાજ, એ લોકો કેમ લુટી ખાય છે તે આપને કહેવા ગયો ત્યાં આપ ગુસ્સે થયા, એટલે એ ન બોલ્યો.

અમલ–ગમે તેમ હો, પણ ગુણવંત તો તરકટીછે, એમાં શક નથી. ઈંગ્રેજી ભણેલા બધા સરકારનું ભલું ચાહીને દેશી રાજ ડુબાવવા તૈયાર થાયછે.

કામકળા–મહારાજ આપ ભુલોછો, કહો એણે શું તરકટ કર્યું?

અમલ–હજી તો કાંઈ નથી કર્યું. પણ દીવાનને બીજા બધા વાતો કરેછે તે શું ખોટી?

કામકળા–હા, એ છોકરો ઘણો હોશિઆરછે, તેથી દીવાનને ડર લાગ્યો કે જો આપની કૃપા થશે, તો એ લોકોનું પોગળ વેરી નાંખશે, માટે બધાએ પેહેલેથીજ સુધરેલો ને તરકટી ઠરાવ્યો. વળી બીજા બધા તો દીવાનનું પોગળ વેરાય તો ન નભે માટે કહેતા હશે.

અમલ–એ છોકરો એવો હોશિયાર હોય, તો હીંમતની પાછળ શું કામ ભટકે? ક્યાંહી નોકરી ન કરે? આપણા કારભારી દુશ્મનછે પણ બધો મુલક તો નથી.

કામકળા–એને ખાતરી છે કે આખર આ પોગળ વેરાશે, માટે ઘર છોડીને બીજે શું કામ જાઉં. વળી હિમત સાથે બહુ મહોબતછે, એટલે નોકરી કરેછે. આવા દુઃખના વખતમાં સ્વાર્થ ન રાખતાં ધણીને સારૂ ખરાબ થાયછે તેને માટે એને તો સાબાસી ઘટેછે.

અમલ–ઠીકછે, આજે હું દીવાનને ખરચ ખુટણને માટે પુછીશ એટલે એ ઉપરથી બધું સમજાશે.

કામકળા–એતો પુછો કે નહીં, તેની મારે પંચાત નથી; પણ મને તો મારા વહાલાથી ઝટ મેળવો.

અમલ–આજે દીવાનને જરૂર પુછીશ. ચાલો કચેરીમાં જાઉં વખત થઈ ગઓ છે.

(રાજા કચેરીમાં જાયછે તથા રાણી નીચે જાયછે.)

प्रवेश ३ जो.

સ્થળ રાજ્યમહેલ.

અમલસીંહ, તથા કુભાન્ડરાય.

કુભાન્ડરાય-કૃપાનાથ, આપણા નવા પોલેટીકલ સાહેબ બે ત્રણ દિવસમાં પ્રગણામાં આવશે એવી ખબર આવી છે, માટે શું કરવા મરજીછે? સરભરા બરોબર કરવી જોઇએ. કારણ પ્રથમથીજ આપણા ઉપર પ્યાર બેસે તો પછી બેફિકરા.

અમલ-ઠીકજછે ને, શી રીતે કરવા ધારોછો.

કુભાન્ડ-આપ પણ ફરવાને બહાને પ્રગણામાં પધારો, ને એમને ગામડામાં દસબાર દહાડા રાખી શીકાર બીકાર વગેરેથી ખુશ કરીને વિદાય કરો એટલે આનંદ.

અમલ-ભલા આંહી આવે તો કાંઇ અડચણછે, શેહેરમાં પાંચ સાત દહાડા રેહેશે તો વધારે ખુશ થાશે. ને આપણે અથડવા જવું મટે.

કુભાન્ડ-સાહેબ એમાં બે હરકત છે. એકતો શેહેરમાં બરોબર સુધારો નથી, ને કોરટોવાળા શીખાઊ હોવાથી દફતરો તપાસે તો અડચણ પડે, ને બીજું રૈયત ફાટેલ છે, તે ગામડાના લોકતો ન બોલે પણ શહેરના લોક બૂમ પાડે તો રાજ્યને હરકત થાય. તેને સમાવી તો શકાય, પણ પેલો તરકટી ગુણવંત સીરસ્તેદાર થઇ આવેછે માટે વધારે હરકત.

અમલ-અહો ગુણવંત સીરસ્તેદાર થયો? હોંશીયાર તો ખરો, તે વિના વગર વશીલે પરદેશમાં આવી મોટી જગ્યા ન મળે. પણ ભલા આપણું એણે નીમક ખાધુંછે છતાં હરકત કરે ખરો?

કુભાન્ડ-આપે દરબાર બંધ કર્યાથી ગુસ્સો ચઢે વેરવાળ-

વાને તો બધો પ્રપંચ રચી જગ્યા મેળવીછે, ને મહારાજ આપ તો ભોળાછો, આપને એનાં તરકટની શી સમજ પડે.

અમલ-(સાંભરી આવ્યાથી) ભલા આપણી તીજોરીમાં કેટલા રૂપીયા છે?

કુભાન્ડ-સાહેબ, બરોબર મોઢે યાદ નથી. કેમ એ પુછવું પડયું ?

અમલ-એટલે એમકે આપણું રાજ્ય કરજદાર છે કે તરતું.

કુભાન્ડ-હાલતો વિવાહ થયો માટે કરજ છે, પણ આ વર્ષની પેદાશ બધી બાકી છે તે આવવાથી લેણું થશે.

અમલ-ખેર. ગુણવંત કુંવરને કયાં મુકી આવ્યો હશે?

કુભાન્ડ-કુંવર સાહેબ તો પરણ્યા છે ને પોતાને સાસરે છે. આપને ખબર છે કે નહિં?

અમલ-હા, મે સાંભળ્યું તેમાંતો પુછું છઉં, ભલા હવે એને બોલાવીયે તો કાંઇ હરકત છે ?

કુભાન્ડ-અરે સાહેબ હરકત શાની, ને આપણા બોલાવવા માટે એ કયાં રોકાયાછે; એતો પોતાની ખુશીથી ત્યાં રહ્યાછે.

અમલ-આપણે માણસ તેડવાતો મોકલો.

કુભાન્ડ-ઠીકજછે ને, આજે પચીસ સવાર તથા બગી લઇને મારા ભત્રીજાને મોકલીશ; પણ આવવા મુશ્કલછે, જોજો કૃપાનાથ, નહીંજ આવે.

અમલ-નહીં આવેતો એની મરજી, પણ આતો માંહેથી રોજ કલ્પા કરેછે માટે એક વખત તેડવા મોકલીયે, પછી કદી એ ન આવે, તોએ આપણુને તો દોષ ન દે.

ભાન્ડ-સાહેબ, આ તોફાની છોકરો શીરસ્તેદાર થયોછે, તે રાજ્યને બહુજ ધોકો પહોચાડશે.

મલ-કેમ ભલા; રાજ્યને હરકત આવે એવી મોટી સત્તા, એની પાસે શું છે.

કુભાન્ડ-અરે જોજોને, આંહી આવશે એટલે દફતર જોવા માગશે, સુધારો કરવા કહેશે, ને બીજાંએ કઇક તોફાન ખડાં કરશે.

અમલ-આપણને દફતરો દેખાડતાં શી હરકતછે?

કુભાન્ડ-પૃથ્વીનાથ, આતે આપ શું બોલોછો, એતો રાજ્ય છે, કોઇ કામ આપના હુકમથી ફૈસલ થયું હોય, કોઇમાં રાણી સાહેબની સીપારસ લાગી હોય તે બધું એ જાણે, તથા ઉપજ ખરચ જોઇને બધો ભરમ રામજે તો મારીને ધમસાણ મચાવીદે.

અમલ-એમ થાયેતો શુ ધમસાણ મચાવે?

કુભાન્ડ-અરે ખુદાવીંદ, કહેશે કે "તમને ઇનસાફ કરતાં નથી આવડતો માટે અમને ઇનસાફ ખાતું સોંપીદો" ને જો એમ થાય તો તો આપણી લાજ કોડીની એ ન રહે.

અમલ-થનાર હશે તેમ થશે, ગામડામાંથીજ સાહેબને પરભારા કાપમાં મોકલશું, કાલે આપણે તૈયારીછે માટે વાજબી જણાય તેને વરદી દેવરાવજો. હું અંદર જાઉંછું.

કુભાન્ડ-પધારો પૃથ્વીનાથ, હું પણ રજા લઉંછું.

(બંને જાયછે.)

પ્રવેસ ૪ થો.

સ્થળ રાણીવાસ.

અમલસીંહ તથા કામકળા.

અમલ-જો તું મને કહેતી હતી તે સાવ જુઠું પડયું, બૈરાંને સમજ ન પડે ને રાજ્યના કામમાં પણ ડહાપણ ચલાવે.

કામકળા-શું ખોટું પડયું, રાજપર કરજ નથી?

અમલ-હમણાંજ તારા ભાઇના વીવા કર્યાછે તે કરજતો હોયસ્તો.

કામકળા-ત્યારે આપજ કહેતા હતા કે તીજોરીમાં સીલીક પડીછે. વિવામાંતો કાંઇ એટલા બધા રૂપીયા નથી થયા કે કરજદાર થઈએ, આપણે મોટો ભારે વિવા નથી કર્યો.

અમલ-કરજને બદલે આ સાલની વસુલ બધી બાકીછે તે વજીર કહેતો હતો કે આવશે એટલે ઉલટી સીલીક રહેશે, પછી કરજ શેનું?

કામકળા-મારા પ્યારા, પેદાશ બાકી છે, તેમ હજી લોકોના પગાર ચઢયા છે નેં બીજુ બધું રાજયનું ખરચ ચાલે છે તે એમાંથીજ, તે બાદ કરતાં શાની સીલીક રહે? હા, જો કશું ખરચ ન હોય, નેં ફકત ઉપજ આવવીજ બાકી હોય તો એમ થાય.

અમલ-અરે હા, એતો મને સમજણ પડી. પણ પેલા ગુણવંતરાયને તું સારો કહે છે?

કામકળા-હા, વળી સારો નહિંતો કેવો છે.

અમલ-એતો મહા તરકટી છે, આપણે દરબાર બંધ કર્યું એટલા સારૂ નવા પોલેટીકલ સાથે શીરસ્તેદાર થઇને આવે છે.

કામકળા-એતે તરકટી કે હોંશીયાર? ત્યાં પરદેશમાં મોટી ઇજત મેળવીને પ્રસિદ્ધ થયો હશે, ત્યારે એ જગ્યા મળી હશે. જુઓ કાલેજ આપ કહેતા હતા કે "હોંશીયાર હોય તો જગ્યા ન મળે" તે આ પ્રત્યક્ષ દાખલો.

અમલ-હોંશીયારની કોણ ના પાડે છે, પણ આતો આપણને હેરાન કરવા એ જગ્યા એણે લીધી છે.

કામકળા-આપણે દરબાર બંધ કર્યું એટલા સારૂ, એ નીમક ખાઇ આવડો થયો, એનો બાપ હજી પગાર

ખાય છે તે બધું ભુલી જશે, એ આપને સાચું લાગે છે?

અમલ-મને તો સાચું નથી લાગતું, પણ વજીર કહેતો હતો કે સુધારો કરવાનું કહેશે ને દફતરો જોશે.

કામકળા-અરે વાહ, એ હરકત કરી કહેવાય! આપણા રાજ્યમાં સુધારો કરવાનું કહ્યાથી આપણે કદાચ તેમ કરશું તો તેથી એને ફાયદો થશે કે આપણી રૈયતને?

અમલ-એથી તો આપણી રૈયતને ફાયદો. પણ દફતરો જોવા માગે ત્યારે બધું પોગળ વેરાઇ જાયતો.

કામકળા-પોગળ તે આપણું વેરાય કે કારભારીયોનું, દફતર કોણ રાખે છે?

અમલ-નાના શું વગર સમજે ભરડે જાય છે, કારભારીયોમાં પેલા કોરટવાળા તો નવા શીખાઉ છે એટલે બરોબર કાયદા પ્રમાણે દફતર ક્યાંથી હોય.

કામકળા-ઠીક, કદી તેઓને પુરૂં જ્ઞાન ન હોવાથી કાયદા પ્રમાણે દફતરો નથી; તો તેમાં રાજ્યને શું હરકત? એતો એમની જાતને ધોકો. સાહેબ એમ કહેશે કે આ અમલદાર બદલો.

અમલ-પણ કદી એમ કહે કે તમને ઇનસાફ કરતાં નથી આવડતો માટે અમને સત્તા આપો તો પછી શો ઇલાજ.

કામકળા-ભલા આટલી બધી અડચણ કારભારીયોની અજ્ઞાનતાથી વેઠવી પડે છે, ત્યારે એઓને શુ કામ રાખો છો. હું રોજ કહુંછું કે બધા એના સગા વાબસ્તા છે, તે લુટીને ગોટા વાળે છે.

અમલ-હા હો, એતો એમજ હશે. પણ હવે શું કરવું?

કામકળા-શું મુલકમાં કોઇ કાયદા પ્રમાણે કામ ચલાવનાર નહિં હોય? પણ આપણે તો દિવાન કહે તેને રાખીયે, તે દિવાન પોતાના સગા વાબસ્તા શિવાય

શું કામ બીજો બતાવે. વળી સહુથી સારો ઉપાય તો એજ કે આપથી એ કંઇ માથાકુટ નહિં થાય માટે વેળાસર હિમતને બોલાવો.

અમલ—ભલા તું બધી બાબતના ખુલાસા આપે છે ત્યારે પુછુંછું કે, એ કહે કે, આપણા શહેરમાં ન બોલાવતાં પરભાર્યા રવાને કરવા તેનું શું કારણ.

કામકળા—(મનમાં) કાંક આંખ ઉઘડવા માંડી છે.(ચાસન) કેમ ભલા શહેરમાં ન બોલાવવાનું એ કાંઇ કારણ બતાવે છે?

અમલ—હા, એ કહેછે કે "શહેરના લોક ફાટેલા છે તે નવા જાણી બધા સાહેબ પાસે ફરીયાદ કરવા દોડશે."

કામકળા—શહેરના લોક ફાટેલા શું, પોતે લુટી ખાધું છે, તે ગામડાના લોક તો ગરીબ ન બોલી શકે, ને શહેરના તો ફટ લઇને ફરીયાદ કરે તો એમનું પોગળ વેરાય.

અમલ—ભલા એ ઉપજ ખરચનો હિસાબ જુવે તો કાંઇ હરકત ખરી?

કામકળા—આપણે તો શું, પણ એ લોકોનું પોગળ બધું પકડાય; કારણ બધું લુટી ખાઇ હિસાબમાં ગોટા વાળ્યા છે. એતો નથી ને કદી સીલીક હોય તો એ કાંઇ પડાવી લેવાના છે? ક્યાંહી એમ થયું છે?

અમલ—ના એમ તો થયું નથી.

કામકળા—પ્રાણનાથ, આટલા દહાડાતો પોલેટીકલને જુઠું જેમ ફાવે તેમ સમજાવતા તે ચાલતું, ને હાલતો આપણા ઘરનો વાકફ ગુણવંત માંહે છે એટલે એ બધા ડરેછે, સાહેબ તો વગર સમજ પડે શું કરે.

અમલ—એ જોતાંતો એ કારભારીઓનો દુશ્મન ને રાજ્યનો હેતુ.

કામકળા—હા, ને એટલાજ સારૂ દીવાન એને તરકટી કહે છે. હું તો જાણુંછું, કે આપે હિંમતનું ના માન્યું, માટે

એ આવ્યોછે.

અમલ-શી રીતે ભલા ?

કામકળા-આપે હીમતના કહેવા ઉપરથી કાંઈ ન કર્યું, ત્યારે આ યુક્તિ કરી, હવે સાહેબ પુછે તો તપાસ કરેથી બધું કારબારીયોનું પોગળ વેરાઈ થતી લુટ બંધ પડે ને રાજ્ય તથા પ્રજાને લાભ થાય.

અમલ-ત્યારે વજીર પોતાનાં વાબસ્તાઓને રાખેછે તે પણ લુટી ખવરાવવા કે ?

કામકળા-હા. ને એ રૈયતને લુચ્ચી કહેછે તે પણ એમ. ઠામ ઠામ લુટી ગેર ઇનસાફ કરેલ તેથી બધા કકળી રહ્યા છે, પણ આપતો કોઈનું સાંભળતા નથી ત્યારે હવે તેઓ સાહેબને અરજ કરવા તૈયાર થયા હશે.

અમલ-બરોબર, હવે મને સાવ સમઝ પડી, પણ હજી ગુણવંતરાય આવીને તું બધું કહેછે તેમ કરે ત્યારે સાચું મનાય.

કામકળા-જો જો એજ પ્રમાણે થશે. મને આ બધી વાત એની માએ કહી.

અમલ-ત્યારે આતો બધું કચેરી મંડળ ફેરવીયે તો પ્રજાને સુખ થાય ને આપણને પણ ફાયદો થાય.

કામકળા-તે કર્યા વિના છુટકો નથી, આપ નહીં કરો તો સાહેબ પરાણે કરાવશે.

અમલ-અરે એમતો શું, હું પણ મારૂં લુટાવવા તથા લોકોને હેરાન કરવામાં રાજી નથી, પણ બિચારા હિમતને મેં નાહક ધિક્કારી કહાડ્યો તથા ગુણવંતને પણ હેરાન કર્યો.

કામકળા-તેમ છતાં એતો આપણું ભલું કરવાજ મંડ્યાછે, કહો એ તરકટીયા કે સારા ?

અમલ-હવે તો તરકટીયા કેમ કહેવાય, પણ હું ધારૂં છું કે હમણાં હિંમતના આવતા સુધીતો આજ દીવાન રાખું.

કામકળા-હા, ને વળી તેનાપર જરાએ ગુસ્સો ન જણાવશો,

બાકી ઝટપટ ભાઇને બોલાવશો એટલે થર પડશે.

અમલ-અરે આજનો વખત જુદી તરેહનો, માણસો વિશ્વાસ કરીયે તે ફુટેલ નીકળે, માટે આપણે તો હવે એ આવે એટલે એને સોંપી બેઠા બેઠા જોઇશું.

કામકળા-એમજ કરવું જોઇએ કારણ આપતો આમે રાજના કામમાં હાથ નથી નાંખતા, ત્યારે આ જાણે આપનો વજીર, એ છોકરો ઘણો સદ્પાત્રછે.

અમલ-પણ જુઓને આપણે આટલો એના ઉપર જુલમ ગુજાર્યો તોએ એણે સારી ચાલ છોડી નહીં.

કામકળા-ભલા આપને સમજણ પડીતો બધું સારૂં થશે. હવે જમવાનો વખત થયોછે માટે પધારશો ?

અમલ-ચાલ મારી શાણી પ્રિયા, ખરેખાત બિચારી પ્રજા પીડાતી હતી તેની મને કશી ખબર નહોતી, હું એ લુચ્ચાઓના કહેવા પ્રમાણે ચાલ્યો હોત તો બેશક આગળ જતાં ઈજત ગુમાવી રાજ ખોત.

(બંને જાયછે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ કુભાન્ડરાયનું ઘર.

કુભાન્ડરાય તથા કપટીરાય.

કુભાન્ડ-ભાઇ હવે વખત ઘણો બારીક આવ્યોછે, બચવાની આશા નથી રહેતી.

કપટીરાય-કેમ ભલા આપ આમ બોલોછો ?

કુભાન્ડ-પેલો ખરેખરા દાવમાં શીરસ્તેદાર થઇ આવેછે. મારો બેટો નાગરછે તે કેમે કર્યો નહીં છેતરાય.

કપટી-વાત તો ખરી કહોછો, સાળો લુચ્ચો ઘણોછે, જો ભોળો હોત તો ભુલથાપ દઈને ઝપાટામાં લઇ લત,

પણ આતો એમ ગાંજ્યો જાય એવો નથી.

કુભાન્ડ-અરે યાર, વળી પેલી ડોશી ખરી થઇને રાણી પાસે મંડીછે તે તો રોજ ઊપદેશ કરેછે.

કપટી-તેની ફિકર ન રાખશો. એ તો પથર ઊપર પાણીછે.

કુભાન્ડ-અરે આજ મને ઉપજ ખરચનો આંકડો નેં વળી બીજા પણ એવા કેટલાક સવાલ પુછ્યા.

કપટી-પછી આપે બરોબર જવાબ દીધો કે નહી.

કુભાન્ડ-વળી એમ તે ભુલ પડે, પણ એથી કોક દહાડો ખરાબ થવા ભય રહેછે.

કપટી-પેલો પલિત વચમાં ઘુસ્યોછે એ સંતાપછે, નહિં તો આખા રાજને તો ઘોળીને પી જઈએ.

કુભાન્ડ-ભાઈ, આટલા દહાડા બેફીકરા રહીને જેમ ફાવ્યું તેમ લુટ્યું તેમાંજ વિમાસવું પડેછે. કાંઇ ઉ-પાય શોધી કહાડેછે, તને લુચ્ચાઇ આવડેછે.

કપટી-એમાં શી મોટી વાતછે, એ તો શું, પણ મોટો ભૂપ હોય તેનું પણ મ્હો ભાગી દઈયે; પૈસો હોય તો શું ન થાય.

કુભાન્ડ-પણ યાર એ પૈસે લોભાશે ખરો.

કપટી-ત્યારે સાળો નોકરી શું કામ કરેછે ને દેશ પરદેશ શા સારૂ ભટકેછે, મેહેરબાન એને સારૂ તો દીકરો બા-પનું માથું વાઢી નાંખે.

કુભાન્ડ-ત્યારે આપણે કાલે જવાનુંછે તે તમે પણ આવજો. કેટલાક રૂપિયા સાથે રાખશું?

કપટી-થોડામાં માને કે પલળે એવો નથી પણ આપણે એને ભૂ પાશું.

કુભાન્ડ-કેમ ભલા શી રીતે?

કપટી-એક વખત આપણે હાથે આપ્યાથી ભરોંસો પડી રહેશે, પણ બીજીવાર કોઇ લાંઠીયાને ઉભો કરી તેની સાથે મોકલશું, ને શાહેદી બાહેદી વગેરે પ્રપંચબંધ ઘાટ કરી પાંસરી ફરીયાદ કરાવશું; એટલે સીધો

તીર જેવા થઇ જશે.

કુભાન્ડ-રંગરે ભાઈ, હજાર સાબાસછે તારી બુદ્ધિને. બરોબર વાત કહી, ઈંગ્રેજીમાં કાંઇ આપણા જેવું નથી કે હશે એક વાર માફ કરો.

કપટી-અરે એતો પાંચ વર્ષને સારૂ વગર ભાડાની કો-ડીમાંજ મોકલાશે.

કુભાન્ડ-કદી સાહેબ ભુખ્યા હશે તો તો એને પણ સુતો વેચશું.

કપટી-એ વાત હોયજ નહીં. મુળ એનેજ દાવમાં લેવો.

કુભાન્ડ-ભલા એ આપણા કહેવા પ્રમાણે માનશે ખરો, એક દમ ભભકીતો નહી જાય?

કપટી-અરે એની શી ફિકરછે, એમતો મારો દોસ્તછે. બો-લવા ચાલવાનો નેક તો સારોછે, મન મળેલ નથી.

કુભાન્ડ-તમે બને ડાંડે ડાંડ, એટલે ફાવતું હશે. ચાલો ત્યારે તમારી શિખામણ પ્રમાણે ચાલવું નક્કિ કર્યું છે.

કપટી-ત્યારે હવે હું રજા માગુંછું.

કુભાન્ડ-હા, રજાને સાથે કાલે સ્વારી સાથે આવવાને વરદી પણ મળી સમજવી. (બંને જુદા પડેછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ એક ગામ પાસે સાહેબનો તંબુ.

ઓનેસ્ટ સાહેબ તથા ગુણવંતરાય.

ઓનેસ્ટ-વેલ મિસ્ટર ગુનવંટરાઓ, તુમારે કહેનેકે મુ[illegible] ઈધર રાજા ઓર સબ લોક આયાહે.

ગુણવંત-સાહેબ હજી આપ જુઓ. મારો કહેલ દરેક શબ્દ ખરો પડશે. હું એ લોકોમાંજ નાનો મોટો થયોછું તેથી બધી રીત બરાબર જાણુંછું.

ઓનેસ્ટ-તુમને હમકું પહેલેસેં ખબર નહિં દીયા, હમ ઉધર જાનતા તો પ્રિન્સ (હીમતસિંહ) કું લે કે આતા ઓર સબ અછા કરતા.

ગુણવંત-સાહેબ હજી કાંઈ જતું રહ્યું નથી, આપને એ લોકોનાં લક્ષણ જોવાં હોય તો એક દાવ આવ્યો છે.

ઓનેસ્ટ-ઓ યસ, હમ ઊન લોકકે સબ હેવાલસેં વાકીફ હોનેકું ચાહતાહે.

ગુણવંત-ત્યારે આપ રાતે મારા તંબુમાં પધારશો ?

ઓનેસ્ટ-કીસ બાસતે ?

ગુણવંત-દીવાનનો ભત્રીજો જે આંહીંનો ફોજદાર છે, તેની નોટ (ચીઠી) અત્યારમાં આવી હતી, ને રાતે એ લોકો મારા તંબુપર આવવાનાછે, માટે આપ પણ તે વખત જો પાછલા ભાગમાં બેસો તો એ લોકોની મજા જોવાય. ગમત થવા ખાતેજ તસ્દી આપુંછું.

ઓનેસ્ટ-ઓ મેન, હમ નહીં સમજ શકતા કે ઓ લોક કયા કરેગા.

ગુણવંત-મહેરબાન, આપતો ન્યાયી રાજમાંથી આવ્યા છો તે એ લોકોની રીત બીલકુલ જાણતા નથી. એ લોકો મને લાંચ આપવા ચાહેછે ને આજે એટલા સારૂંજ મારા તંબુપર આવવાના છે.

ઓનેસ્ટ-ઓ માય ગોડ, હમ જરૂર જબ ઊધર આયગા. ઊસકા ભતીજા ફોજદાર હે ?

ગુણવંત-સાહેબ રાજના બધા નોકર દીવાનના સગા તથા મહોબતી છે.

ઓનેસ્ટ-જબ એ લોક ચાહે એસા જુલમ કરનેકું સકતા હે, બહોત અફસોસકી બાત હે.

ગુણવંત-કોઇને ઇનસાફ મળતો નથી, આપ જો શહેરમાં પધારશો તો આખું શહેર એ લોકો ઉપર અરજી દેવાને તૈયાર થયું છે.

ઓનેસ્ટ-હમ સબ અચ્છા કરેગા. રૈયતપર જુલમ હોયગા

તો હમ પગાર કીસ વાસ્તે ખાતા હૈ.

ગુણવંત-આપ જેવા ન્યાયી ને દયાળુ સરદાર પધારે ત્યારે પ્રજાને સુખ મળે એમાં શી નવાઈ.

ઓનેસ્ટ-કેસરીસીંહ ઓર એ રાજામેં બહોત ફરક હૈ.

ગુણવંત-અહીંના રાજા સાહેબ બહુ દયાળુ તથા ભોળા છે. જુલમ તો બધો કારભારીયોજ કરે છે.

પટાવાળો-(તંબુમાં આવીને) રાજા સાહેબકા આદમી અંદર આનેકું મંગતા હૈ.

ઓનેસ્ટ-ઓ યસ, આને દો. (એક સીપાઈ પ્રવેશ કરે છે.)

સીપાઈ-(સલામ કરીને) રાજા સાહેબને આપકું સલામ બોલા હૈ, ઓર કહા હૈ કે આપકી ખુશી હોવે તો કલ સાત બજે સીકારકું પધારો, સબબ કે ઇધરકા જંગલ બહોત અચ્છા હૈ.

ઓનેસ્ટ-ઓલ રાઈટ. હમ સીકાર જાનેકું બહોત ચ્હાતા હૈ. હમારા રાજા સાબકું સલામ બોલો, ઓર બોલો કે કલ પાંચ બજે હમ તૈયાર રહેગા, ઉસ બખત મહેરબાની કરકે હમારે તંબુપર આના.

સીપાઈ-બહોત અછા સાબ, હમ રજા મંગતા હૈ.

ઓનેસ્ટ-હાં જાઓ સલામ. (સીપાઈ જાય છે)

ગુણવંત-જુઓ સાહેબ, આ બધી કારભારીયોની શીખવણી. એમ કે આ તરફ બહુ દીવસ થાય તો પરબારા કાંપમાં જાય.

ઓનેસ્ટ-હમ સબ સમજતા હૈ, ઓર ઉધર જરૂર જાયગા. એક ચીઠી હમ દેગા વો ભેજકે તુમ હીમતસીંહકું જલદી બુલાઓ.

ગુણવંત-બહુ સારૂં સાહેબ, આપ લખી રાખજો તે કાલની ડાકમાં રવાને કરીશ.

ઓનેસ્ટ-વો બહોત હોશીયાર હૈ, ઓર હમારા દોસ્ત હૈ.

ગુણવંત-સાહેબ એતો એફ. ઇ. એ. માં પાસ થયેલ છે. કાલે આપ શીકારે પધારો ત્યારે રાજ્યની હાલત

વિશે રાજાજીને જરા પુછજો, પોતે બહુ નિષ્કપટી છે. એ એમ જાણે છે કે કોઇ કારભારી જુઠું તો નહીંજ બોલતા હોય.

ઑનેસ્ટ-ઉસકા કુછ તકસીર નહીં હૈ, સબ કારભારી લોક જુલમ કરતા હૈ.

ગુણવંત-સાહેબ, આપ રાતે આઠ વાગે પધારશો, હું તેડવા આવું ?

ઑનેસ્ટ-જરૂર આના. ગુનવંતરાય, તુમ ઓફીસકા કામ બહોત અચ્છા ચલાતા હૈ સો હમ તમકું કભી રજા નહિં દેગા. જીધર હમ જાયગા ઉધર તુમકું લે જાયગા.

ગુણવંત-આપ જેવા કદરદાન સરદાર મને ફરી ફરીને ક્યાં મળવાનાછે. હવે મને રજાછે ?

ઑનેસ્ટ-હાં જાઓ, હમબી ફીરનેકું જાતાહૈ. (બંને જાયછે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ આનંદઘટનો રાજ્યમહેલ.

જાલમસીંહ, ગુમાનસીંહ, ને પછીથી એક દાસી.

જાલમ-મામા, પેલી નવી આવીછે તે જોઇ કેવી હોશીયાર ને રૂપાળીછે.

ગુમાન-હા ભાઇ, પણ શા કામની. એનથી જરાએ વેગળીજ નથી જતી.

જાલમ-અરે એતો પતિવૃતાછે, દાવમાં આવી હોય ત્યાંથી પણ સટકી જાય એવીછે.

ગુમાન-કેમ તમને આ પરસાદ આપ્યો હતો તેજ કે ?

જાલમ-હા ભાઇ, રાંડે હેરાન કરી નાંખ્યા. વેર વાળવાને દાવમાં ફરૂંછું પણ લાગ નથી આવતો.

ગુમાન-અરે જાઓ મારા મહેરબાન, દાવામાં ન આવે

એતે વાતછે, કહોતો આમ સપાટામાં રમાડી દઊં.

જાલમ-જાવાદ્યો ફુલાઇ. ""બધે ગયા હશો પણ ષેરવે નહીં ગયા હો,'' બાંધી મુંઠી રાખો.

ગુમાન-હવે રાખી બાંધી મુંઠી, કહો તો આજને આજ સમજાવી દઊં.

જાલમ-કદીએ સમજે નહિં, ચાહે તમે હજાર રૂપીયા આપો.

ગુમાન-અરે રૂપીયા શું, હુંતો ધમકીથીજ કામ લઊં.

જાલમ-શું તમે પણ ગામડીયા બની માલ વીનાની વાતો કરોછો.

ગુમાન-માલ વિનાની કે માલવાળી તે જોઇ લેજો. અરે દાસીછે કેઃ—

દાસી-(પાસે આવીને) શો હુકમછે મહારાજા.

ગુમાન-બેન કયાંછે ?

દાસી-એતો નવા મહેલમાં પધાર્યાછે, કેમ કાંઇ કામ હતું ?

ગુમાન-બેનનું તો કામ નથી પણ જો પાર પાડતો તારૂં કામછે.

દાસી-કહોતો ખરા, બની સકશે તો કર્યાવીના નહિં રહું.

ગુમાન-એમાં કાંઇ ભારે વાત નથી, લેને કહું. પેલી નવી આવીછે તે કદી બહાર જાયછે ?

દાસી-એતો માજી પાસેથી ઘડીભર આઘી ખસતી નથી. ફકત પાંચવાગે સીગરામમાં બેશી દરશન કરવા જાયછે.

ગુમાન-અહોહો, ત્યારે શું જોઇએ, તું એટલું કામ કર, અંબાજીના ડેરા પાસે કાલે એને મળી "માજી બાગમાં ગયાંછે ને તમને પણ ત્યાં બોલાવેછે'' એમ કહી ગાડી બીજે હકાવી દે. અમે ગાડીવાનને તો સાધી રાખશું.

દાસી-એવાત જવાદ્યો, મહારાજને પ્રાણથી પણ વધુ વહાલીછે, ને વળી એ પંડે પણ સતી જેવીછે. માટે નહીં ફાવો તે પાછી આવીને કહેશે ત્યારે ફરીથી આંહી બેનપાસે આવવું ભુલી જશો.

ગુમાન-તું વધારે પંચાત શું કામ કરેછે? તને કહીયે એટલું

કર પછી અમે અમારૂં વેઠી લઇશું. તને જો આ કામ કરી આપે તો રૂપીયા દસ આપું.

દાસી-બસ તમારા ફરમાવ્યા પ્રમાણે શેવા બજાવી દઇશ. (જાયછે.)

જાલમ-માંમા, તાલ તો ઠીક કર્યોછે, પણ "સંધ કેદાર નહીં જાય."

ગુમાન-અરે તમે જુઓ તો ખરા, એને વગડામાં લઇજઇશું ને પછી નહીં માને તો પુરી કરવાનો ડર બતાવશું, એટલે જખમારીને આફુરી કબુલ કરશે.

જાલમ-દાઝ તો મને પણ બહુ આવેછે, પરંતુ એ પાછી આવી પિતાજીને કહ્યા વિના રેહેવાની નથી.

ગુમાન-તો આપણે ત્યાંજ પુરી કરશું, હું આ બધું તમારૂં વેર વાળવાને કરૂંછું ને તમે કેમ ડરોછો.

જાલમ-બસ જરૂર એને ફસાવીએ, પણ એ ખોવાશે તે દીવસ આપણે બહાર જઇશુ તો જરૂર વહેમ પડશે.

ગુમાન-આપણે આજ દસબાર ગાઉ કોઇ ગામડામાં જઇએ; ને કાલે એને ત્યાં પાધરમાં રાતે તેડાવીએ તો કાંઇ હરકતછે?

જાલમ-હા એ ખૂબ. એથી આપણા ઊપર જરાએ શક નહી આવે, પણ આપણે ગાડીવાનને સાધવો જોઇએ.

ગુમાન-એતો આપણો નોકરજછે, હું જઇને એને સાધી આવું ત્યાં સુધી તમે પિતાજીની રજા લઇ આવો.

જાલમ-આ આવ્યો (બંને જાયછે તથા રાજાની રજા લઇ એક ગામડા ભણી નીકળી પડેછે.)

—ooo—

પ્રવેસ ૮ મો.

સ્થળ ગુણવંતરાયનો તંબુ.

ગુણવંતરાય, ઓનેસ્ટ સાહેબ, ને પછીથી

કુભાન્ડરાય, તથા કપટીરાય.

ગુણવંત-(કારભારીયોની મસાલો દુરથી દેખી) સાહેબ, આપ કૃપા કરી પછવાડેના રૂમમાં બેસો.

ઓનેસ્ટ-હોયસ, હમ ઉપર બેઠકે સબ સુનતા હે. (પછવાડેના ભાગમાં બેસેછે.)

ગુણવંત-(થોડીવાર પછી ફોજદાર તથા દીવાન આવેછે તેને જોઇને) અહોહો !! પધારીએ કાકા સાહેબ; આજે તો શેવક ઉપર અથાગ કરૂણા થઇ. બીરાજો આ ખુરશીઓ ઉપર (બંને બેસેછે.)

કુભાન્ડ-ભાઇ, પ્રભુએ આનંદનો દિવસ દેખાડયો એ તેનો પાડછે. ભલા તમે ઇંગ્રેજી ભણ્યા તેનો રાજ્યતથા સ્નેહીયોને ખરેખરો લાભ લેવાનો વખત ઇશ્વરે આજ આણ્યો પ્રભુ તમારી વધારે ચઢતી કરો.

ગુણવંત-આપ જેવા મુરબીના આશીરવાદથી સહુછે, નહીં તો હું તે શી ગણતરીમાં.

કપટી-કાકા, ભાઇનો સ્વભાવ બહુ નમ્રછે, આટલી મોટી સત્તા મળ્યા છતાં જરાએ અભીમાન નથી.

કુભાન્ડ-ફરજંદ કોનુછે, એના ઘરમાં નિપુણતા હોય એમાં શી નવાઇ.

ગુણવંત-સારા માણસો હમેશાં સારૂંજ કહે, આજ તો ગરીબ શેવક ઉપર કૃપા થઇ, મારા લાયક શેવા ફરમાવેથી સમજાશે.

કુભાન્ડ-બાપુ તમારો ભરોંસોજછે, આપણે કયાં જુદાઇછે. મહિપતરાયભાઇ તો મારા બાળ સ્નેહી છે.

ગુણવંત-એ ખાતે તો હું આપને કાકા કહુંછું, ને એથી આપ

કોઈ બાબતમાં મને ઠપકો દઇ કહેવાને પણ સમર્થ છો.

કુભાંડ-ભાઇ તમે લાયકછો તે એમજ કહો, કામતો હવે તમારાથી ડગલે ડગલેછે. મારાથી તો વખતે તમારે માટે બે અક્ષર અવળાએ કહેવાણા હશે, રાજછે; પણ તમારે તે મનમાં ન રાખવા જોઇએ.

ગુણવંત-અરે મુરબી સાહેબ, એ તે આપ શું બોલોછો, આપને તો ચાહો તેમ કહેવાનો હકછે.

કપટી-ગુણવંતરાયભાઇ, મેં આપને કહેલ તે સારૂ કાકા પધાર્યાછે.

ગુણવંત-શું ભલા, મને બરોબર યાદ નથી માટે ફરી કહેશો?

કપટી-હાલ શહેરમાં લોકોનો ઘણો ઊપાડછે માટે સાહેબ પરબારા કાંપમાં જાય તો ઠીક.

ગુણવંત-એ વાત મહારા હાથમાં નથી, છતાં મને પુછશે તો કહીશ કે વેળાસર મુકામે ન જવાથી ફરીઆદીયો માર્ગમાં હેરાન થાયછે.

કપટી-બસ એજ, ને બાકી કાકાને સારૂતો તમને શી સમજણ પાડું, તમે ક્યાં અજાણ્યાછો. કાકા, મે આપને કહ્યુંજછે ને, ગુણવંતભાઇ આપ ઓળખીતાછો માટે આ જગ્યા ઉપર આવ્યાછે, વળી સાહેબ સાથે પણ ખુબ શેવા બજાવવાની સરત કરીછે.

કુભાન્ડ-એમાં કહેવુંતું શું, ભાઇ, સાહેબનો સ્વભાવ કેવોછે?

ગુણવંત-કપટીરાય કહેછે તેજ પ્રમાણે.

કુભાન્ડ-ત્યારે તમારી મારફત કાંમ થાયતો મજા આવે.

ગુણવંત-ઠીકજછે ને, હું કાલે પુછીને જવાબ દઇશ, કારણ હજી ચાહે તેવા તોએ નવાછે.

કપટી-અરે નવાને જૂના કરતાં ક્યાં વાર લાગેછે, કાકા, ભાઇ સારૂ પેલું લાવું કે.!

ગુણવંત-મને શું આપવુંછે? મારેતો આપની કૃપા જોઇએ. હજી મે તમારૂં શું કામ કર્યુંછે.

કુભાન્ડ-જાઓ મારા સાહેબ, તમને ક્યાં બીજું કાંઈ કહીયે છીયે, મારા નામની જે ફરીયાદો થાય તે સાહેબને કાને ન જવા દેવી. ને આંહી આવો ત્યારે રાજા પાસે મારાં વખાણ કરવાં.

ગુણવંત-આપના શીરસ્તાથી હું અજાણ્યો નથી, કારણ હું આપના પાસેજ આવડો થયોછું.

કુભાન્ડ-ત્યારે પછી ચાગલા શું કામ થાઓછો, મારો વિશ્વાસ નથી આવતો?

ગુણવંત-એતે આપ શું બોલોછો,'બસ આ વાત જાવાદો. કોક ચાડી કરે તો મારા હકમાં ખોટું. આપ મને પરાયો ગણોછો તે ખુશ કરવા ચાહોછો?

કુભાન્ડ-ના, તે તો કેમ કહેવાય, પણ આમાં શું મોટી વાત છે. (કપટીરાયને) જા અહ્યા, શીગરામમાંથી લઇ આવ.

ગુણવંત-કાકા આશું કરોછો, મારા ઉપર તો કૃપાજ જોઇએ, મારા પિતાને આપનોજ પ્રતાપછે.

કપટી-લ્યો આ લાવ્યો, (બે થેલીયો દીવાન પાસે મુકેછે.)

કુભાન્ડ-(હાથ અડાડીને) લ્યો આ પાન સોપારી.

ગુણવંત-(અંગ્રેજી બોલીમાં સાહેબને ત્યાં બોલાવેછે તેથી તે એકદમ પાસે આવી ઉભા રહેછે.)

ઓનેસ્ટ-હેયુ રાસ્કલ, સુઅર ? હમારે શીરસ્તેદારકું તુમ રૂસવત દેતાહે? ઓ ના પાડતા હે જબભી તુમ લાલચમે ડાલતાહે, અચ્છા, તુમને હમારે કમ્પૌન્ડમે ગુંના કીયા બાસ્તે હમ તુમકું કેદમે ભેજેગા.

(કુભાન્ડરાય તથા કપટીરાય ઊભા ઊભા થરથર ધ્રુજેછે.)

ઓનેસ્ટ-વેલ ગુનવંતરાય ? થેન્ક્યુ માય ડીયર! તુમ કભી નહીં ડગનેવાલા, હમ બરોબર જાનતાહેં, એ રૂપે જપતીમે રખો ઓર ઇનકું પહેરેમે ભેજદો.

ગુણવંત-સાહેબ, એમનું કામ ક્યારે ચાલશે. ?

ઓનેસ્ટ-હમ કલ રાજાજીકું મીલકે કહેગા. જો ચાહે ઉસકું ફરીયાદ કરનેકે બાસ્તે હમ નોટીસ નીકાલેગા, ઔર ફીર કેસ ચલાયગા. (જરા જોરથી) વલ જ-મા-ડા-ર, જ-મા-ડાર.

જમાદાર-(દુરના તંબુમાંથી દોડતો આવીને) હાજર સાબ, કયા હુકમ હે?

આનેસ્ટ-એ દો હરામખોરકું પકડકે પહેરેમે રખો, બોત સમાલો, જાને મત દો.

જમાદાર-બહોત અછા સાબ, (કેદીયોને) ચલો બે ઊઠો આગે હો જાઓ.

કુભાન્ડ-ભાઈ ગુણવંતરાય આ આપને ઘટીત છે.

ગુણવંત-કાકા સાહેબ, તાબેદારને તો ઘટીત નથી, પણ આપનાં સુકૃત્યો તથા સુનિતીને એ યોગ્ય છે. ઉતાવળા ન થશો હજી બહુ બાકીછે. (જમાદાર બંનેને લઇ જાયછે.)

ઓનેસ્ટ-તુમને બહોત અછી હુંશીયારી કીયા.

ગુણવંત-હજી સાહેબ જાહેરનામાં થશે તો પાંચસે છસે અરજીઓ પડશે.

ઓનેસ્ટ-કુછ ફિકર નહીં, હમ સબ અછા કરેગા. તુમ મદદગાર રહેના.

ગુણવંત-મારા જુના ધણીનું રાજ સુધરેછે ને હું શું કામ શામીલ ન રહું. એ કચરો તો કહાડવોજ જોઇએ.

ઓનેસ્ટ-અછા હમ અભી જાતા હે. ફજરમે મીલેગા. ગુડનાઇટ!

ગુણવંત-ગુડ નાઇટ સર, તસ્દી માફ કરજો, (સાહેબ જાય છે તથા ગુણવંતરાય સુઈ જાય છે.)

પ્રવેસ ૯ મો.

સ્થળ વન.

વિજયાકુંવરી તથા રામો.

વિજયા-(મનમાં) અરે દાશીએ કહ્યું હતું કે માજી બાગમાં છે, તે બાગ તો કેડે રહ્યો, ને આ ગાડીવાન સીગરામ કેમ દોડાવે છે. અફીણી હોવાથી ઝોકાંમાં ભાન નહિં રહ્યું હોય માટે એને બોલાવું. (ચાસન અલ્યા એ ગાડીવાન, જાગે છે કે ઉંઘે છે? બાગતો કેડે રહ્યો.

રામો-હા હા, બધું જાણું છું. તને તો બાર ગાઉ ઉપર એક ગામછે ત્યાં લઇ જવી છે. છાનીમાની પડી રહે.

વિજયા-(ધભરાઇને) હાય હાય! ત્યાં શું કામ લઇ જાયછે?

રામો-કુંવર સાહેબના મામાએ કહેલ છે કે રાતો રાત ત્યાં આવજે.

વિજયા-અરે હાય હાય, પાછી સપડાણી. હે ઇશ્વર! આટલી વાર સુખી થવાની આશા રાખતી હતી તેનુ તો સ્વપ્નું જતું રહ્યું ને પાછું દુઃખનું દુઃખ આવ્યું. અરેરે ભાઇ, મુજ ગરીબડી ઉપર દયા આણીને પાછો ચાલ. મારા વીરા, તું જાણે છે કે હું પતીવ્રતા છું. એ દુષ્ટોને જરાએ ભાન નથી. અરે ભાઇ? તું મને મારવાને ત્યાં શું કામ લઇ જાય છે, આંહીંજ પુરી કર, કે એ ચંડાળોનું મ્હો જોયા પહેલ છુટું.

રામો-બાપુ, મને પણ દયા તો આવે છે પણ શું કરૂં પાપી પેટ વળગ્યું છે.

વિજયા-તમે તો રાજના નોકર છો, ક્યાં કુંવરના મામાના નોકર છો.

શામો-હા બેન હા. કુંવર સાહેબ પણ ત્યાં છે માટે હું કાંઈ બોલી શકતો નથી.

વિજયા-હરહરહર!!! એ દુષ્ટતો જરૂર આજ મનેં પોતાનું વેર વાળવા પુરી કરશે. અરેરે! મારા પ્રાણનાથને આશામાંજ મરવા દહાડો આવશે! હાય હાય! મારી માડીને કાગળ વાંચીને કેવી ખુશી થઈ હશે, ને આ ખબર પાછી જ્યારે પડશે ત્યારે તો તે જીવતીજ નહિં રહે. અરે ભાઈ, મારી તને જરાએ દયા નથી આવતી.

શામો-બેન, પાપી જીવ દયાને પેસવા નથી દેતો. જો દયા લાવું તો નોકરી ખોઉં.

વિજયા-ભાઈ તારી નોકરી ન જાય એવો રસ્તો બતાવું તો તું બચાવે ખરો ?

શામો-અરે અત્યારે કદી રાજા પાસે સીપારસ કરી તું રખાવે, પણ પછી મને પેલા જીવવાજ શેના દે.

વિજયા-એમ શું કામ કરૂં, જો તું આજને આજ મારા બાપ પાસે લઈજા તો હું તને ત્યાં ન્યાલ કરી નાખું. આ લે આ બધાં ધરેણાંતો કહેતો અત્યારેજ આપું.

શામો-તારો બાપ કયે ગામછે ?

વિજયા-હું સુંદરપુરના રાજાની દીકરી છું. ભાઈ દુઃખની મારી આ હાલતે પહોચીછું, માટે મહેરબાની કરે તો તારાં જનમનાં દાળીદ્ર જતાં રહે.

શામો-ડર એટલોજ લાગેછે કે જો હું પકડાઈશ તો માર્યો જઈશ.

વિજયા-એ દુષ્ટો જે ગામમાં હોય તે રસ્તો છોડી બીજે રસ્તે જઈએ.

શામો-બેન બીજો રસ્તોજ નથી; પણ ફીકર ન રાખો હું તમને એકદમ લઈ જઈસ. અરેરે પેસા કરતાં તમારી નીતીને ખાતર આ જોખમમાં હું પડુંછું. હવે થનાર હોય તે થાય.

વિજયા-ભાઇ, સત્યનો બેલી ઇશ્વર છે, માટે જરાએ ફિકર ન રાખતાં જોરથી હાક.

શુમો-પરમેશ્વરનો હુકમ તો સવાર સુધી તમારા પરગણામાં પહોંચાડી દઇશ.

(સગરામ ઊતાવળી ચલાવે છે.)

—⁂—

પ્રવેશ ૧૦ મો.

સ્થળ વન.

જાલમસીંહ, ગુમાનસીંહ-તથા વિજય કુંવરી, રામો અને પછીથી લુટારાઓ.

જાલમ-મામા, રાત તો બહુ ગઇ છે ને હજી સુધી કેમ ન આવી.

ગુમાન-હમણાં આવશે. પણ કહો આટલી રાતે એ ના પાડી શકે એમ છે ? ગમે તેવી હશે પણ વખત વિચારશે.

જાલમ-આટલી રાતે હું વગડામાં કદી નથી નિકળ્યો.

ગુમાન-આતો શું છે, પણ ચોમાસાની અંધારી રાતમાં ઘણીયે વાર ભટકીયે છીંયે.

જાલમ-અરે વાર આતો વખત થઇ ગયો, ગાડીવાનને તમે ખૂબ સમજાવેલ છે પણ કદાચ એ આજ દરશન કરવાજ નહીં ગઇ હોય.

(એક વટેમાર્ગુ પ્રવેશ કરે છે.)

ગુમાન-અરે એ જવાન ઇધર આ, તું કહાંસે આયા.

વટેમાર્ગુ-રયમસે, હુંતો આ પાહેના ગામમાં ગયોતો. તમે કુણસો ને અત્યારે આંહી રયમ આયાસો.

ગુમાન-હમ સીપાઇ હેં. અબે તુજે કોઇ ગાડી સાંમી મીલીથી.

વટેમાર્ગુ-હોવે, આ હેંડી જાય. તમે એના વોળાઊ હશો,

ભલા સેકી કરોસો, વાહ, વેલ એકલી નાઠી જાયસે ને તમે ચેડ ભટકાસો. સપાઇ ભાઇને શું.

(વટેમાર્ગુ જાય છે.)

જાલમ-એતો આગળ નીકળી, મેં નહોતું કહ્યું કે મહા ખુટી છે તે દાવમાં નહીં આવે ?

ગુમાન-એમાં જતું શું રહ્યું છે, ચાલ મારી સાથે દોડ, હમણાં પહોંચી જશુ એના શા ભાર છે.

જાલમ-ચાલો ત્યારે (બંને દોડે છે ને થોડીવાર પછી સગરામની પાસે જઇ પહોંચવાથી) અરે એ રામા ઊભો રહેઃ—

રામો-(વિજયાને) બા, આતો આવ્યા, હવે મારા ભોગ મળશે. હાય હાય હું વળી ક્યાં દયા લાવ્યો.

વિજયા-તું તારે પાસે આવે તો કેહેજે કે મેંતો આગલુ ગામ જાણ્યું હતું. હાયહાય, હવે હું નારીને ક્યાં જવાની હતી. અહીં હવે મારૂં રક્ષણ કર્તા કોણ છે. ઇશ્વર વિના કોઈ નહીં. અરે જીવ ! આજે તું જરૂર ખોળીયામાંથી જુદો પડીશ, પણ હરકત નથી. શિયળ બચશે એ મર્ણુ કરતાં વધારે સંતોષ-કારક છે. આ દુનીયાં તો ક્ષણિક છે માટે એના સુખનો વિચાર ન કરવો.

ગુમાન-અલ્યા એ શંખ ? ઊભી કેમ નથી રાખતો, શું તારૂં એ ભાન ક્યું છે ?

રામો-અહો બાપજી તમે કે ? હાય હાય મેંતો જાંણ્યું કોક ચોર હશે, માફ કરજો સાહેબ.

ગુમાન-અલ્યા તને ક્યાં આવવાનું કહ્યું હતું ને તું ક્યાં જાય છે ?

રામો-હવે આવસે એ ગામ જવાનુ છે તેમાં તો હું ઉતાવળો હાકતો હતો. (સગરામ ઊભું રાખે છે.)

જાલમ-અલ્યા ખૂબ ઝપાટાબંધ આવ્યા.

રામો-સરકાર સાહેબ, એતો હુંજ લાવી શકું. બીજો હોય

તો રસ્તામાંજ બળધ મરી જાય.

જાલમ-(સગરામ પાસે જઇને) અરે ઓ રંડી, તે દિવસ મારીને જતી રહી હતી, પણ યાદ રાખ, આજે તને પણ હું એજ ઇનામ આપીશ.

ગુમાન-અરે તમારો ચોથો ફેરો પુરો કરજો (વિજયાને) લે ચાલ નિચે ઉતરે છે કે અમે ધકેલીને ઊતારીયે:—

(વિજયા નિચે ઊતરે છે.)

ગુમાન-લે હવે માને તો ભલા નીકર અમે પુરી કરશું, વધારે ચોવટ આંહીં છેજ નહીં.

વિજયા-ભાઈ, તમારા હાથમાં હું આવીછું, માટે ચાહો તેમ કરો પણ હું ડગવાની નથી.

ગુમાન-તારો બાપ સહાય કરવા આવશે, ખાલીપીલી જીવ નખો. જરા વિચાર કર.

વિજયા-વિચારીનેજ કહુંછું કે, એ ચંડાળ કર્મ કર્યા કરતાં મરવું હજાર દરજે સારૂંછે.

જાલમ-અરે જા, મારો પેહેલાંનો વાંક હું માફ કરી પિતાજીની રજા લઇ તને પરણીશ.

વિજયા-પિતાજીને કહો તો તો કોની કોટડી સાથે લગ્ન કરવું પડે. યાદ રાખો કે જે ફળ એકવાર પામ્યા હતા તેથી પણ વધારે માઠા હાલ થવાનાછે.

ગુમાન-અરે એમ એ નહીં માને, એના હાથ બાંધ એટલે હું એને ભાનમાં લાવું.

જાલમ-અલી, તારી નીતિ કશા કામમાં નથી આવવાની, માટે હઠ મુંકીદે.

વિજયા-તારે જરાએ મારા વિશે ફીકર ન રાખવી, તારી કુમતીનો બદલો ઇશ્વર તને જરૂર આપશે.

ગુમાન-ચાલ ચાલ કુમતિની સગી, રાંડ વળી પંચાત કરવા બેઠીછે. તું તો મોતજ માગેછે.

વિજયા-નોધારાંઆધાર? શું સુનીતિ કરવાથી આજ ફાયદો હશે કે? અરેરે લેશ માત્ર ચેન નથી મળ્યું. ભલે જેમ

તારી મરજી. હું કદી ડગવાની નથી. તને આ થવાદેવું કેમ સારૂં લાગ્યું હશે એ સમજાતું નથી. (કેટલાક સ્વારો પ્રવેશ કરેછે તેથી જાલમ તથા ગુમાન ગભરાયછે).

જાલમ-હવે શું કરશું મામા, આતો બાજી બગડી.

ગુમાન-બગડવીતી શી, આપણે જરા ડર બતાવશું એટલે જતા રહેશે. જુઓ હથીયાર સાથે લીધાં તે કેવાં કામ આવ્યાં.

જાલમ-પણ એતો ત્રણ ચાર જણા છે ને આપણેતો બેજ છીયે.

ગુમાન-હીમત રાખ, નામરદો ન થા. એ પણ કાંઇ મરવા નથી આવતા.

દેવીસીંગ-અરે ભાઇ આતો જુઓ કાંઇ અજબ તમાશો છે.

સુભાનખાન-અરે મીયાં એતો હરામી લોક હે, મગર એ બાઇ નેક દીખાતી હે, ઉસબિના હાથ કાયકું બાંધે.

ગુમાન-કેમ તમે શી ગડબડ કરો છો, તમારે માલ જોતો હોય તો આપીયે પણ અમારો ખેલ બગાડશો નહીં.

દેવીસીંગ-અલ્યા લુચ્ચાઓ, તમે કોણ છો? ચાલો અમારા શેઠ પાસે, તે વિના તમારો છુટકો નથી.

ગુમાન-જાજા, એવા તો બહુએ જોયા છે કોણ તારા શેઠને ઓળખે છે.

જાલમ-પણ અમારી પાસે જે છે તે તમને આપીયે છીયે પછી શું છે.

ગુમાન-યાદ રાખો કે હું રજપુત બચ્ચો એક અઢાર જણને પહોંચી વળીશ.

પઠાણો-બેશ બેશ લેટું, તું તે શી ગણતરીમાં, હાલ્ય થા આગળ. (ઘોડા પાસે લાવી તેને આગળ ધકેલવા જાય છે).

જાલમ-ભાઇયો તમે છાના માના જતા રહો. નીકર માર્યા જશો, તમે અમને નથી ઓળખતા.

ગુમાન-અરે આ તકાવી નાસોછો કે લગાવું, એ નાળી છે તે એનું ઓસડ તો થઇ રહેશે. (બંદુક તકાવેછે.)

દેવીસીંગ-માર્યો તારી બેનને રાખું. (બંદુક લગાવી તેને હેઠ પાડે છે).

જાલમ-અલ્યા ચંડાળો, એતો મારો મામો હતો નં હું આનંદધઢના રાજાનો દીકરો છું, માટે હવે તમને હું કદી છોડવાનો નથી.

પગલો-ઓય મારો ડીચરો, આતો રાજા સે, મારા બાપ, જીવતો રહે તો ઘાણ વાળે. (તેને પણ પુરો કરે છે).

લાખોજી-અલ્યા તમે આતે શું માણસ મારવાં એ રમત સમજો છો, હવે જરૂર માર્યા જઇના છીયે. લેવા દેવા વિના બે ખુન કર્યાં.

દેવીસીંગ-લ્યો બેસો, પેલાને જો મેં ઉતાવળ કરી બંદુક ન લગાવી હતતો વહેલા બેને સધામ મોકલત, મારો દીકરો જરા જેટલો પણ ઘણો બહાદુર હતો. ને આ જો જીવતો રહ્યો હોત તો આપણને કદી જંપવા ન દેત. માટે જે થયું તે ઠીક થયુ છે હવે તેમને આ-પણેજ દાટી દીયેં એટલે પંચાત મટે. (સહુ મળી બંનેને દાટે છે.)

લાખોજી-(વિજયાને) ચાલ બાઇ ગાડીમાં બેશી જા, અમારા શેઠ પાસે તને લઇ જવી પડશે, નહીંતો આ બાબત એ અમારી સાચી નહીં માને ને માર્યા બાબત ઠપકો દેશે.

વિજયા-ભાઇ તમે મને એક દુ:ખમાંથી છોડવી બીજામાં નાંખવા ચાહો છો?

દેવીસીંગ-ના બાપુ ના, એતો બહુ દયાળુ છે માટે ફિકર ન રાખ.

સુભાનખાન-ચલો મીયાં નવ તો બજગયે ઓર અપણે દુર જાણા હે તો દીર મોડા હોયગા.

દેવીસીંગ–હા ચાલો, આ લોકો તો બદકારી હતા માટે
છાંના આવ્યા હશે એટલે કોઇ કેડે નહિં આવે.
(વિજયા સગરામમાં બેસે છે તથા સહુ સ્વારો સાથે
સપાટાબંધ ચાલી જાય છે).

प्रवेश ११ मो.

સ્થળ એક ગુફા.

હિમતસિંહ અને પછીથી તેના સોબતી તથા

વિજયાકુમારી.

હિમતસીંહ–(એકલો ગુફામાં વિચાર કરતો કરતો ગાયછે.)

લાવણી.

શી-ખીલી ચંદની આજ અજબ ખુશ કારી,
જેથી ભાસે રમણીક જગા આ ભારી;
હાય પવન મધુરો મંદ મંદ વાયેછે,
ત્યમ ત્યમ ચિત્ત માંહે અતી દુઃખ થાયેછે. ૧
હું પ્રાણ વલ્લભા વિના ભાન ગ્યો ભૂલી,
રહું છઉં સદા દીલગીર ધ્યાનમાં ડુલી;
એ ઘટે તને નવ નાથ દયાના સિંધુ,
હું ખરા પ્રેમથી હાથ જોડીને વંદુ. ૨
જો થયો હોય કોઈ દોશ આપનો ભારી,
તો માફી આપો સુણી અરજ આ મારી;
મે ખાવું પીવું તજ્યું, નિંદરને ત્યાગી,
વળી વસું પહાડો વિશે થયો વેરાગી. ૩
હાય છોડયું મેં ઘર બાર પ્યારને કાજે,
ભોગવું અતિશય દુઃખ વળી હું આજે;
છઉં કરૂં ઝંખના પળે પળે હે પ્યારી !

ક્યાં હશે ભટકતી અરે અતિ દુખીયારી. ૪
નિશ્ચયતા છે ચિત્ત, નહીં હોય ગઇ ભૂલી,
સપડાયા વિણ નવ રહે ખુશીમાં ફુલી;
મુજ હાલ થયાછે જેમ હાયરે આજે,
વેઠતી હઈશ દુઃખ તેમ મહારે કાજે. ૫
શો કૃપા કરે જગદીશ વિયોગ મટાડે,
આ દુઃખનાં મુળો સહુ ચિત્તથી કહાડે;
જ્યાં સુધી મને તું નહીં મળે ઓ પ્યારી;
ત્યાં સુધી ભોગવું આ હાલત દુઃખકારી. ૬
શું મુખ લઇ પુરમાં જાઉં અરેરે હાયે !
રે રત્ન મળેલું કેમ ગેબ થઇ જાય;
જીતેલી બાજી અરે ગયો હું હારી;
નવ જાણું પાછી કદા આવશે પ્યારી. ૮
ઓ સદ્ગુણના ભંડાર, પ્યાર શીદ કરીયો,
આપણ બે વચ્ચે આવ્યો દુઃખનો દરીયો;
તે માંહે પડીને અરે ભેટવા ચાહું,
પણ અથડાઉં વચમાંહે હવે ક્યાં જાઉં. ૯
શું થશે જીંદગી એજ હાલતે પુરી,
મરશું આપણ બે ખરે સદા શું ઝુરી;
રહેશે આ મારૂં મુખ વળી શું રોતું;
કોને જઇ કહું આ વાત અને ક્યાં ગોતું. ૧૦

(સ્વારો તથા વિજયા પ્રવેશ કરેછે.)

દેવીસીંગ-સાહેબ આજે આ શિકાર હાથ આવ્યોછે. તે આપ આ સ્ત્રીને પુછશો તો બધી બિનાથી વાકફ-ગાર થશો.

હિમતસીંહ-(કેટલીકવાર તેના સામું જોઇને મનમાં.)

દોહરો.

અરે હરી આ શું થયું, કોણ હશે આ નાર;
જાણે પ્યારી માહરી, પણ ન કહું નિરધાર. ૧

-હવે જરા ધીરજ પકડ, કરવાદે તજવીજ;
જો હોયે તુજ ચોર એ, ભલે તદા તો રીઝ. ૨
હે જગનાયક, દુઃખ હરો, કર સહાય આ વાર;
પ્રાણપ્રિયા એ હોયતો, ખુશી તણો નહીં પાર. ૩
(ચાસન)અરે અલી તું કોણછે, કહે જાયછે ક્યાંહી;
ક્યાંથી કયમ પકડાઈને, આવીછે તું આંહી? ૪
કંઈ શંકા રહેછે રૂદે, પણ નવ તે કહેવાય;
માટે તુજ હેવાલ કહે, જેથી ચિત ખુશ થાય. ૫

વિજયાકુંવરી— હરિગીત છંદની ચાલ.

હે જગતના પ્રતિપાળ દીન દયાળ સ્વામી દુઃખ હરો!
શું નજર મારી જેહ રૂપે તે બનાવો છે ખરા;
રે જાગતી હુંછું ખરે કે સ્વપ્નમાં આ જોઉંછું,
આ કોણછે એવો પુરૂષ, જે જોઈને હું મોહુંછું. ૧
અદ્દભૂત આ રચના દીસે, કયમ પતિવૃત મુજ ક્યાં ગયું,
આ પરપુરૂષ પર કેમ મારૂં, ચિત્તડું લોભી રહ્યું;
શું પ્રિય પ્રીતમ એજ મારા પ્રાણનો જીવન ધણી,
જો હોય વાત ખરી તદા તો ભાગ્યશાળી હું બની. ૨
પણ કેમ ભુલું અને ડુલું હરખ માંહે સામટી,
સહુ જ્ઞાન બળ મુજ ક્યાં ગયું ને સુબુદ્ધિ તે કેમ ઘટી;
તજાવજ વિણ નિશ્ચે કરી થાપું પતિ કયમ કોકને,
દુઃખથી ડુભાયલ જીવ વગદાં કરે તજવા શોકને. ૩
દુઃખના પડયા અંધાર તે પળવારમાં ક્યાંથી ઘટે,
અબળા બિચારી રાંકડી એ નામ તે ક્યાંથી મટે;
પણ નવ હવે રેહેવાય હરખ સમાય ના રૂદીયા વિશે;
તે માટ નિશ્ચય એજ મારા પ્રાણનો જીવન દીસે. ૪
રે પુરૂષ પ્યારા, પ્રાણ મહારો તને મળવા ચાહેછે,
પણ તું પતિ મુજ કે નહિં એ ચિત્ત શંકા થાયછે;
ઝટપટ કરી નિશ્ચય અને ઉત્તર વદી ખુશ કર મને,
જો હોય મહારો પ્રીય પ્રિતમ એકદમ વળગું તને. ૫

(તેના સામું ઘણીવાર સુધી જોયે નિશ્ચય થયાથી બોલેછે.)

હું રાજ કુંવરી, સખી સવિતાતણી એ એંધાણથી,
થઇ દશા આવી અરે મારી સહુ દુઃખના ઘાણથી;
સંદેહ નવ ધરશો જરી હું ખાસ દાસી તમ તણી,
નક્કી કહું મેં ઓળખ્યા, છો તમે મારા પ્રિય ધણી. ૬
નવ વાર કરતા, સોચ ધરતા પ્રાણ વહલભ નાથજી,
રે મળો આવી મને પ્યારા કેમ નવ ઊઠો હજી;
મેં શિયળ વ્રત જાળવ્યું છે એ પ્રતિજ્ઞા પુર્વક કહું,
તમ વિના બીજા ભાઇ બાપ સમાન સહુ જનને ચહું. ૭

હિંમતસીંહ-(ઓળખવાથી એકદમ તેને વળગી પડીને.)

માલીની વૃત.

બસ બસ બસ પ્યારી, પ્રાણને રાખનારી,
ધન ધન ધન બુદ્ધિ, ધૈર્યતા ધન્ય તારી;
અતિ શુભ દિન આજે, ધન્ય રાત્રી રૂપાળી,
જય જય જય દેવા, આજ તેં હદ વાળી. ૧
અરરરરર કેવું, મુખ દુઃખે થયું છે,
તદપી મધુર ભાસે, એહવું એ રહ્યુંછે;
ચર ચર ચર હૈયું, દાઝતું તેંજ ઠાર્યું,
હર હર હર આજે, દુઃખ સર્વે નિવાર્યું. ૨
અતિશય ભયકારી, આ ગુફા જે હતીરે,
નિશ દિન દુઃખકારી, ચિત્ત માંહે થતીરે;
રમણિક સુભ ભાસે, આજ તે તો અતિસે,
અન હદ તન મારૂં, હર્ષથી આજ હીસે. ૩
કદી નવ ચિત ધાર્યું, આ જગે સુખ થાશે,
અગણીત દુઃખ તેતો, મુળમાંથીજ જાશે;
જરૂર ચતુર પ્યારી, દુઃખ સર્વે ગયાંરે,
મરણ લગી હવે તો, સાવ સુખી થયાંરે. ૪

વિજયા-અહાહા !! મારા પ્રાણ પ્રીતમ તમેજ કે ? અ
આતે સ્વપ્નું કે સાચું ?

ગરબી.

ધન ધન પ્રાણ આધાર, ઘડી ધન ધન આજની,
સહાય થયા કીરતાર, ઘડી ધન ધન આજની. ટેક.
કપટી કેરાં કપટ વડે હું; પામી દુઃખો અપાર;
હાલ કહે ખુશી જાય મટી આ, તેથી કહું ન લગાર. ઘડી૦ ૧
બહુ બહુ વખતે ઘાડ પડી પણ, સહાય થયાછે મોરાર;
શીયળ વ્રત મારૂં જાળવ્યું પ્રેમે, સફળ થયો અવતાર. ઘડી૦૨
અંતસમે આજ મદદ મળેથી, જીવ બચ્યો આ ઠામ;
કંઇક ખુશી ભય સહ અહીં આવી, ત્યાં તો સર્યાં સહુ કામ.
ઘડી ધન ધન. ૩
આ વખતે જે ઊમંગ થયો તે, કેમે કહ્યો નવ જાય;
રગ રગ માંહે હર્ષ અતી દોડે, ચિતમાં તો ન સમાય. ઘડી૦ ૪
આશા થઇ પરિપુરણ આજે, ઇચ્છું નહીં કાંઇ લેશ;
માગું ઇશ્વર પાસ પ્રેમથી, તમ સંગ રહેવું હમેશ. ઘડી૦૫
જરૂર પારખું જોવા પ્રભુએ, સરવે કર્યું આ કૃત્ય;
અરે અતિશય હું બડબડતી, જાણી ન અકળીત ગત્ય. ઘડી૦૬
માફી માગું હવે પ્રથમ કરેલા, વાંકો તણી આ વાર;
તે સાથે વિનતી કરૂં એ કે, કુશળ રહો ભરથાર. ઘડી૦૭
પ્રાણપતિ આપનો તો દાસીથી, દોષ થયો નથી કાંઈ;
તોપણ હોયકંઇ ચિત્તમાં તો, માફી માગુંછું આંહી. ઘડી૦૮

હીમત-બસ ખારી હદ થઇ; આવ આપણે બેશી આ લોકોની અજાયબી દુર કરીયે.

દેવીસીંગ-હા સાહેબ, અમને આમાં કશી સમજણ નથી પડતી, માટે મેહેરબાની કરીને આપની સરવ બિનાથી વાકેફ કરો.

હીમત-(બધી બિનાનો ટુંકામાં સાર કહી) તમારા સહુના કરેલ વાંક હું માફ કરૂંછું, ને વળી તમે મારી સાથે આવો એટલે સહુને સહુનો ગીરાસ તથા ઇનામ વગેરે અપાવી સારી પેઠ રાજી કરીશ.

(તમામ જણા આવી પગે પડીને પોતાના વાંકની માફી માગી ખુશ થાય છે.)

હીમત-દેવીસીંગ, આપણે સવારમાંજ નિકળશું, તમે જરાએ ફિકર ન રાખશો. તમારી સહુની મને મોટી મદદ મળી છે, તેનો બદલો આપવા હું કદી ભુલનાર નથી.

દેવીસીંગ-(સહુની તરફથી) કૃપાનાથ; અમારાં સવળાં નસીબ, તે આપ આંહીં આવી ચડયા; નહીં તો આ પ્રમાણે રઝળીને તથા બાઇરાં છોકરાંને મળ્યા વિના આખી ઊમર કાઢવી પડત; તે આપનાજ પ્રતાપથી સુખ થશે. પ્રભુ આપનું કલ્યાણ કરો તથા રાજ અચળ રાખો. દયાનાથ? વજીર ગજબ કરે છે, ને એના મનથી જાણે કોઇ દુનીયામાં પુછનાર ન હોય એમ વરતે છે.

હીમત-હું બધું જાણુંછું, હવે તમારી ફિકર સહુ દુર થશે. આપણે સવારમાં વહેલા અહીંથી નીકળી પડશું માટે સહુ તૈયાર રહેજો.

દેવીસીંગ-બહુ સારૂં સાહેબ, હુકમ પ્રમાણે સવારમાં તૈયાર રહીશું.

હીમત-પ્યારી, હવે તારી બધી બિના યથારથીત કહે એટલે ચિત્ત વધુ ખુશ થાય.

વિજયા-(બધી હકીકત યથાસ્થીત કહી બતાવે છે તે સાંભળીને સહુ સાબાશીનો વરસાદ વરસાવે છે.)

હીમત-(ઘણીવાર સુધી ભેટીને) પ્યારી તારાં વખાણ બરોબર રીતે કરવાને હું અશક્ત છું. આ વખત હું ઇશ્વરનો આભાર તે શી રીતે માનું એ સુઝતું નથી. બસ ઇશ્વરની અથાગ કૃપા થઇ.

વિજયા-પ્રાણનાથ, બીજાં બધાં મદદ કરનાર તો દુર રહ્યાં, પણ આ રામા ગાડીવાનને આપે સાબાશી આપવી જોઇએ.

હીમત-ભાઇ રામા, તું તારૂં કરવામાં નથી ચુકયો તેના બદલામાં હું તને ન્યાલ કરી દઇશ.

રામો-બાપજી મને આપનો ભરોંસો છે, બાઈની બુદ્ધી તથા હીમતથી તો હદ છે. દુનીયામાં એમના જેવું કોઇ પેદા થયું નથી, સાચમાચ જાણે જોગમાયા.

(હીમતસીંહ પોતાનો એહવાલ બધો કહી બતાવતાં તેના ભાઈના મરણુના સમાચાર છુપાવે છે. આનંદમાં વાતો કરતાં કરતાં સહુ સુઇ જાય છે ને સવારમાં ધાર્યા પ્રમાણે ઉઠી શ્રી નગરનો રસ્તો પકડે છે.)

પ્રવેસ ૧૨ મો.

સ્થળ સાહેબનો તંબુ તથા પછીથી વન.

ઓનેસ્ટ સાહેબ-ગુણવંતરાય તથા પછી અમલસીંહ વીગેરે રાજમંડળ.

ઓનેસ્ટ-અબતક રાજા સાહેબ નહીં આયા, હમ પાંચ બજેકું આનેકા બોલાથા, સો પાંચ બજ ગયા.

ગુણવંત-હમણાં આવશે. રાજાછે, જરા વારે થાય.

ઓનેસ્ટ-કલ રાતકું દીવાન કેદ પકડાયા હે, વો ખબર ઉસકું હે કે નહી.

ગુણવંત-સાહેબ ઘણું કરીને એમના જાણવામાં નહી હોય, અત્યારમાં કોણ કહે.

(અમલસીંહ વગેરે આવેછે ને સાહેબ સાથે મળી સવાર થઇ ચાલવા માંડેછે તેથી ગુણવંતરાય પોતાના ડેરામાં જાયછે.)

અમલ-(કેટલીકવાર ધીમે ધીમે ગયા પછી ચાર પાંચ હરણુ નજરે પડયાથી) સાહેબ, પેલાં હરણુ દેખાયછે, મરજી હોય તો ચાલીએ.

ઓનેસ્ટ-ઓ યસ, ચલો.(બંને તેની કેડ જોસભેર કેટલાક ગાઉ સુધી જાથુ દોડયા જાયછે તેથી બધા માણસો કેડે રહી જાયછે; હરણો વિખરાઇ જઇ એકે પકડાતું નથી તેથી તથા બહુવાર દોડ થાકી ગયાના સબબે ગરમી લાગવાથી બંને ધીમા પડેછે.)

ઓનેસ્ટ-વેલ રાજા સાહેબ,સબ લોક પીછે રહેગયા, ઓર ધુપ બહોત લગતા હે સો અપન ઉસઝાડ નીચે ઉતરીંગે!

અમલ-હા સાહેબ પધારો, એક આપનો સ્વાર સાથેછે બાકી તો સહુ કેડે રહી ગયા.

ઓનેસ્ટ-ઇધરકા મુલક બહોત પાહાડીછે, દેખો આજુબાજુ સબ પહાડજ માલુમ પડતા હે.

અમલ-સાહેબ, આપણે ભુલા પડયા છીએ, નહીં તો માણસો આવી પહોચ્યા વિના ન રહે.

ઓનેસ્ટ-નહિં નહિં, તુમારા સબ આદમી બડા સુસ્ત હે સો નહિં ચલ શકતા. દેખો હમારા સ્વાર કેસા સાથ આયા. વો લોક બહોત અફીમ ખાતાહે ઉસ્સે સુસ્ત બન જાતાહે.

અમલ-(મનમાં) અરે હાય હાય, આજતો સવારમાં કસુંબો એ નથી પીધો ને વળી ઉતાવળમાં અફીણની ડાબડી પણ ભુલી ગયો. અફીણ ખાવાનો વખત વટી ગયોછે ને હું અફીણ અહિં કયાંથી પામીશ. (બંને જણા ઝાડ નીચે ઉતરેછે.)

ઓનેસ્ટ-(કેટલીક વારપછી) વેલ આપ કયા બીચાર કરતા હે, ઓર કયું કુછ નહી બોલતા હે.

અમલ-સાહેબ, હું અફીણનો બંધાણી છું ને આજે તે સાથે લેવું ભુલી ગયોછું. રોજ તો અત્યાર સુધીમાં બેવાર ખાઉછું, તેના બદલામાં આજે તો મુદલ નથી મળ્યું. હવે આ વગડામાં કયાંથી મળશે.

ઓનેસ્ટ-કયા ફીકર હે, તુમ આજ મત ખાઓ. અપન

થોડી દેર આરામ લેકે પીછે જાયંગે.

અમલ-સાહેબ, એતો જો ઘડી અધઘડીમાં નહી મળે તો મારા પ્રાણ જશે.

ઓનેસ્ટ-ઓ મેન, એસા ખરાબ આદત તુંમ કાયકું રખતા હે, તુંમકું ક્યા ફાયદા હે.

અમલ-મેહેરબાન, ફાયદો ગેરફાયદો તો ઠીકછે, પણ અત્યારે ઝટપટ આ માણસ મોકલી મંગાવી દ્યો તો જીવતો રહું, નહિં તો પરમેશ્વર પાસે પહોંચીશ. હવે તો મારાથી નથી બેસાતું. (નીચે પડતું મુંકેછે.)

ઓનેસ્ટ-ઓ માય ગોડ! હમ એ મુસીબતમે કેસા આયા, એતો મરને પડા અબ હમ ક્યા કરેગા. લોક હંમારે પર શક લાયગા. ચલ જમાદાર, તુમ જાઓ ઓર આજુબાજુ કોઈ ગામમેંસેં જલદી અફીમ લાઓ.

સ્વાર-બહોત અછા સાહેબ, એ ચલા. (તે ઘોડા ઉપર ચઢીને જાયછે.)

અમલ-અરેરે, આટલામાં કોઈ ગામ હશે કે નહી હોય? વેળાસર અફીમ નહિં આવે તો મરી જઇશ. હાય હાય, આ મેં ક્યાંથી ગળે વળગાડયું. રોજ વખતસર મળતું તેથી ન જણાતું, પણ આતો તોબા તોબા થાયછે. હાય હાય, પગ તો જાણે કપાઇ જશે.(રાજા થોડીવારે બેભાન થવાથી પગ ઘસેછે.)

ઓનેસ્ટ-ઓયુ ફુલ ડોન્કી, તુમ એસી બુરી આદત કાયકું રખતા હે. ઓ ગોડ! એ મરજાયગા તો હમ ક્યા કરેગા! સબ લોકકું કેસા બોલેગા! ઇધર કોઈ ગામ નહિં હે, ઓર મેં કોઇકું પીછાનતા નહીં. (રાજાને મોઢે ફીણ આવેછે એટલે) ઓ માય લોર્ડ! એ અબી મરજાયગા, ચલ ઇતનેમેં દેખું કોઇ ગામ યા લોક દીખાતા હે,(આસપાસ દુર જઇ જોઇને) ઓ સીગરામ દુરસેં આતા હે, જીસકે સાથ બહોત આદમી

હૈ, સો જરૂર અફીમ હોયગા. ચલો આનેદો. (પાસે આવી પહોચેછે એટલે)વેલ, કોઇ આદમી પાસ અફીમ હૈ? ઇધર રાજા સાહેબ મરને પડા હૈ સો મેહેરબાની કરકે દેવે તો ઉસકા પૈસા હમ દેનેકું તૈયાર હૈ.

હીમત-(સીગરામમાંથી બહાર જઇને) (મનમાં) અહો આતો પોલેટીકલ સાહેબછે ને! (નીચે ઊતરીને હાથ મેળવવાનું કરી) ગુડ મોરનીંગ સર.

ઓનેસ્ટ-ઓ મીસ્તર હિંમતસીંહ! (અજાયબીને સાથે હાથમેળવેછે) તુમ ઇધર કેસા આયા ?

હીમત-સાહેબ, એ બધું પછી. એકવાર હું મારાં માણસો પાસેથી અફીમ લાવું. દેવીસીંગ, અફીમ લાવો. (તે અફીમ આપેછે એટલે રાજા પાસે જઇને) પીતાજી અફીમ પીયો.

ઓનેસ્ટ-નહીં, ઓ નહીં ઊઠેગા. તુમ જલદી પીલાઓ નહીં તો મર જાયગા. (હીમતસીંહ અફીમ પાયછે તેથી થોડીવારે રાજાને ભાન આવવાથી) વેલ રાજા સાહેબ, તુમારા તબીયત અબ કેસા હૈ, હમને તુમકું અફીમ પીલાયા.

અમલ-ભલુ થજો સાહેબ તમારૂં, નહીંતો અત્યારે વહેલો મારા બાપ પાસે પહોચ્યો હત. કોણ આ તમારો માણસ અફીમ લાવ્યો? (એમ કહીને બેઠા થાયછે.)

હીમત-પિતાજી આપનો તાબેદાર હાજર થયો ને તેણે અફીમ પાયું.

અમલ-(સામું જોઇને)શું મારો વહાલુડો હીમત! તેં મારો પ્રાણ બચાવ્યો? ઓમારા પ્રાણ પ્રિય બેટા!

ઓનેસ્ટ-યે નહીં આયા હોતા તો તુમ મરજાતા.

અમલ-અરે મારા વહાલા, આજે તારો મોટો ઉપકાર થયો. બહુ દહાડે તારૂં મ્હો પ્રભુએ દેખાડ્યું, અરે હાય હાય, મેતો પેલા દુષ્ટ વજીરના શિખવ્યા ઉપરથી તને બહુ દુઃખ દીધુંછે. ભાઇ મને હવે વૃધ પિતાને માફ

કરે તો સારૂં.

હીમત-પિતાજી, આતે આપ શું બોલોછો. આપનો તો મારા ઉપર ડગલે ડગલે આભારછે, આપને વાસ્તે તો હું જે ન કરૂં તે ઓછુંછે.

અમલ-ખરેખાત તું અત્યારે ન આવ્યો હોત તો મારો પ્રાણ જાત.

હીમત-આપ મને પહેલા અફીમ પીવાનું કહેતા હતા ત્યારે હું નાપાડતો તેથી આપ ગુસ્સે થતા તે સાંભરેછે?

અમલ-ભાઇ, તારી આટલી હોંશીયારીની મને કશી ખબર નહોતી, ને પેલા ચંડાળોના કહેવા ઉપરથી તને તથા તારા મીત્રને કપટી ગણતો તે યાદ આવેછે ત્યારે બહુ પસ્તાવો થાયછે.

હીમત-કાંઇ નહીં પિતાજી, આપનો સ્વભાવ અતિ નિષ્કપટી છે, તેથી આપ એ લોકોની લુચ્ચાઇ ન કળી શક્યા; પણું હવે શી ફિકરછે, પ્રભુ બધું સારૂં કરશે.

અમલ-અરે આજ પછી કોઇ અફીણનું બંધાણ ન કરશો. જુઓ હું રાજાછું છતાં મને પણ વખતસર ન મળ્યું ને તેથી મોતની અણી ઉપર આવી પડ્યો હતો, તો બીજા ગરીબોનો શો આશરો. તે લોકોને જ્યારે ન મળે ત્યારે તેમના જીવ ક્યાંથી રહે.

ઓનેસ્ટ-તુમકું અનુભવ હુવા તબ એ બાત સમજા, પહેલે બીલકુલ એસા બીચાર નહીં કીયા હોયગા.

અમલ-બરોબર ફરમાવોછો, સાહેબ, મારા દીવાને રાજ્યમાં બહુ ગડબડ કરી મુંકીછે તે લોકોને હું સજા કરવા ચાહુંછું તે વાજબીછે કે નહીં.

ઓનેસ્ટ-ઓ યસ, કાયકું નહીં. તુમારા નોકરહે, તુમ ચાહે સો કરો; મગર વોતો હમારે કેમ્પમં કેદ હુવાહે.

અમલ-શા સારૂ ને ક્યારે?

ઓનેસ્ટ-કલ રાતકું ગુનવંતરાયકે તંબુપર લાંચ દેનેકું આયાથા સો હમને પકડા, ઓર ફોજદારકું ઓ

ઉસકું પહેરેમેં ભેજદીયા હૈ.

અમલ-બહુ સારૂં થયું સાહેબ, એમણે તો મને બહુ બહુ વાર છેતર્યો છે.

ઓનેસ્ટ-અબ તુમ સબ કામ એ હીમતસીંહકું સોંપ દો, વો બડા હોંશીયાર ઔર હમારા દોસ્ત હૈ.

અમલ-સાહેબ આપ ક્યાંથી ઓળખો?

ઓનેસ્ટ-વો સુંદરપુરકે રાજા પાસ નોકર થા, તબ હમ નહીં જાનતા થા કે યે પ્રિન્સ હૈ. હમકુ ગુનવંતરાયને પીછેસેં ખબર દીયા.

અમલ-ત્યારે આપણે કાલે શેહેરમાં જઇએ, ને પછીથી હીમતને રાજનું બધું કામ સોંપી દઇશ. આપ પણ એને રાજ્યાભિષેક થાય તે વખત પાસે હો તો ઠીક.

ઓનેસ્ટ-હમ બડી ખુશીકે સાથ આયગા, ઔર તુમકું એસાજ કરના ચાહીયે.

અમલ-બસ ત્યારે એતો નક્કી. (મનમાં) આપણે સાવ નીરાંત થઈ. ખરચ બાંધી આપશે તેમાંથી મજા કરશું, ને ખરેખાત આ વખત આપણી અકલ પણ ન પહોંચે. વળી એ સદપાત્ર છે એટલે મરજી નહીં લોપે. (ચાસન) હવે સાહેબ આપણે ચાલશુ?

ઓનેસ્ટ-ઓ યસ ચલો. (સહુ સ્વાર થઇને ચાલવા માંડે છે.)

હીમત-(મનમાં) અહો ઇશ્વર, તારી ગહન ગતિ છે. અહીં સાહેબ ક્યાંથી, પીતાજી ક્યાંથી, હું આવી ચડવો ક્યાંથી, અહાહાહા!! કાલે પ્યારી ભેટી ત્યારે તો અતી આનંદ થયો હતો, પણ આતો એમાંએ વધારો થયો. વાહવાહ! દુષ્ટોનાં કપટ પીતાજીના સમજવામાં પણ આવ્યાંછે હેં! અહો વળી પેલો કુભાન્ડી તો કેદ થયો છે. ઓ મારા પ્રીય ગુણવંત! તારી હોંશીયારીનાં તે હું શું વખાણ કરૂં. ખરેખર હું દુનીયામાં જેટલું સુખ ભોગવુછું તે

ભોગવીશ તે બધું એના પ્રતાપથી. હવે એ પણ થોડી વારમાં મળશે.

(મુકામ આવેથી સહુ સહુને ઠેકાણે જાય છે તથા હીમતસીંહ વિજયાના ઉતારાની સવડ કરાવીને ગુણવંતરાય પાસે જાયછે.)

प्रवेश १२ मो.

સ્થળ ગુણવંતરાયનો તંબુ.

ગુણવંતરાય તથા હીમતસીંહ.

હીમતસીંહ–કેમ પ્રિય ગુણવંત, ખુશી તો ખરા?

ગુણવંત–(ચમકીને) શું હીમતભાઈ!!! અહાહાહા!! આપ ક્યાંથી? (એક બીજાને ભેટે છે.)

હીમત–(અતિશય આનંદ ભરાઈ જવાથી બોલી ઉઠે છે.)

“ચાલો જઈએ દરશન કરવા ડાકોરમાં ઠાકોર બીરાજે છે, એ રાગ.”

લાવણી.

પરમ મીત્ર તન મનથી પ્યારા અતુલ્ય હમેશે હિતકારી,
ગુણવંતા ગુણવંતરાયજી ધન્ય ધન્ય પ્રિય ઉપકારી. ટેક.
થયા સમજણા તેજ વખતથી અખંડ પ્રીતી બંધાણી,
તન જૂદાં પણ એકજ આત્મા એવી રીતે લંબાણી;
તે સમયે આશા રાખી મેં લાભ કરીશ તુજને ભારી,
ગુણવંતા ગુણવંતરાયજી ધન્ય ધન્ય પ્રિય ઉપકારી. ૧
રમત ગમતમાં મમત તજીને હળીમળી નિત્યે ચાલ્યા,
હક પ્રીતીના ખરેખરા તે જરૂર આપણેછે પાળ્યા;
નિશાળ માંહે જ્ઞાન મેળવ્યું, હતી તદા સોબત તારી,
ગુણવંતા ગુણવંતરાયજી ધન્ય ધન્ય પ્રિય ઉપકારી. ૨

હિમતધારી મહેનત ભારી વેઠી, વિદ્યા ગ્રહણ કરી,
ઇશકૃપાથી ધાર્યા મુજબ "પાસ" થયા સાથેજ ફરી;
પરમ હરખથી પુરમાં આવ્યા આશા પુર્ણ થવા ધારી,
ગુણવંતા ગુણવંતરાયજી ધન્ય ધન્ય પ્રિય ઉપકારી. ૩
રાજમંડળી તણા કપટથી સ્વદેશ મેં છોડયું જ્યારે,
માતપિતાને સુખ સહુ છોડી સાથે આવ્યો તું ત્યારે;
ડગલે ડગલે મદદ કરી તે કહી શકું નવ વિસ્તારી,
ગુણવંતા ગુણવંતરાયજી ધન્ય ધન્ય પ્રિય ઉપકારી. ૪
કર્યું અતિ અપમાન પિતાએ, ખમી રહ્યો હિમત ધારી;
વળી રાજનું હિત કરવાને ગયો નહીં ધીરજ હારી;
અથાગ બુદ્ધિબળની મદદે કામ ગ્રહ્યું જોખમ કારી,
ગુણવંતા ગુણવંતરાયજી ધન્ય ધન્ય પ્રિય ઉપકારી. ૫
કપટી જનનું ચપટ વાળવા વિવિધ યુક્તિઓ તેં જોડી,
અને આખરે દુર્જન કેરા કોટ બધા નાંખ્યા તોડી;
જુલમગાર દુષ્ટોને પકડી થયો પ્રજાનો આભારી,
ગુણવંતા ગુણવંતરાયજી ધન્ય ધન્ય પ્રિય ઉપકારી. ૬
આશ્રય વળી મુજને જે આપ્યો ક્ષણે ક્ષણે પરદેશ વિશે,
તેનો બદલો નહિં વળાયે આ ભવમાં તો કોઈ મિષે;
અપાર ધીરજ, અતી ચપળતા, ને નિર્મળ બુદ્ધિ તારી,
ગુણવંતા ગુણવંતરાયજી ધન્ય ધન્ય પ્રિય ઉપકારી. ૭
"સત્યમેવજયતિ" એ મુજબ ખરેખરી આ વાત થઇ,
ઇશ કૃપાથી સહુ મુસીબત અને આફતો દુર ગઇ;
માનું શું ઉપકાર પ્રભુનો ને તારો હે આભારી?
ગુણવંતા ગુણવંતરાયજી ધન્ય ધન્ય પ્રિય ઉપકારી. ૮

ગુણવંતરાય—(આટલીવાર સુધી એક ચિત્તે સાંભળી રહી).

લાવણી શેળાવૃતની ચાલ.

અહો જગતના તાત વાતશું છે આ સાચી?
શું પ્રિય હિંમતસિંહ વદે છે આ સહુ રાચી?
"સાચું જીતે" ખરી એહ કહેવત મેં જાણી,

નહીંતો ક્યાં હું, તમે, અને ક્યાં વિજયા રાણી. ૧
આજે સરવે મળ્યાં, વળી કપટો પકડાણાં,
સમજ્યા સહુ મહારાજ અને આ સાહેબ શાણા;
ઈશ્વરનો ઉપકાર અતિશય આજે માનું,
નિશ્ચય ચીત એ થયો "કપટ ન રહે કદી છાનું." ૨
જય જય જય જગદીશ ઇશ શ્રી અંતરજામી,
અકળ કળા અદભૂત નહીં તેમાં કંઇ ખામી;
નિયમ રચ્યાછે તેહ પ્રમાણે સરવ પળાયે,
લાગે કદી તમ ભુલ, નહીં તે ચિત્ત કળાયે. ૩
બડબડીયે બહુ અરે આપના સામા દેવા,
દુઃખ આવે તવ વળી ચિત્ત ચાહે કરૂં શેવા;
સુખમાં ભુલી જાઊં તોએ નવ ક્રોધજ આણો;
સરખા સહુ તમ પાસ ગરીબ મદ્યમને રાણો. ૪
અતિ દયાળુ ચિત્ત પળે પળ સહાય કરોછો,
કરીયે જે જે અરજ તુરત તે ચિત્ત ધરોછો;
સન્મારગમાં સહાય કરો ભુલો નવ કદીયે,
વળી કરોછો મારૂ જેહ તમ વિરૂદ્ધ વદીયે. ૫
પળે પળે ઉપકાર કર્યાછે અગણીત આપે;
સ્મરણ કરેથી અથાગ દુઃખ તું પળમાં કાપે;
નવ સમરથ કો લેશ, તેહનો બદલો વાળે,
જગદેવા તું પળે પળે સહુને સંભાળે. ૬
કહેવા બેસુ કૃતિ ન આવે પાર કદાપી,
માટે અહીંતો કર્યાં કૃત્યની માગી માફી;
કરૂં અરજ એ સદા સુનિતી માંહે ચલાવો,
સદ બુદ્ધિ, સન્માર્ગ હરી અમને બતલાવો. ૭
જેથી કરીયે સ્તવન આપનું દુઃખ વિશ્રામી,
પ્રેમે નિત્યે વળી તને વદીયે શીર નામી;
(હિંમતને) ચાલો મારા પ્રાણ તુલ્ય પ્યારા અન્નદાતા;
જરૂર ઇશ્વરે હવે કરી નિત્યે સુખ સાતા. ૮

કર્યાં વખાણ અપાર નથી હું લાયક એવો,
ગણે સદ્ગુણી સદા અન્યને પોતા જેવો;
ચાકરનોછે ધર્મ પતિ શેવા કરવાનો,
નવ તેમાં આભાર જરી ચિતમાં ધરવાનો. ૯
રાખે ઈશ્વર સદા કુશળ આ અતુલ્ય જોડું,
વળી રહું હું પાસ, તેમને કદી ન છોડું;
એવુ માગું ઈશ પાસ હું પ્રેમે નિત્યે,
જરૂર તેહછે ખુશી આપણી અમુલ્ય પ્રીતે. ૧૦
માટે સારૂં થયું, અને વળી થાશે સરવે,
દુષ્ટ સહુ દુખીયા પોત પોતાને ગરવે;
આવ્યાછે એજન્ટ સુભાગ્યે ન્યાયી સારા,
સહુ થયા તે માટ વિચારો પુરા મારા. ૧૧

હીમત-પ્રીય ભાઈ, હું પ્રતિજ્ઞા પુર્વક કહુંછું કે, આજથી મરણ સુધી હું તમને દુર કરવાનો નથી. તેમ તમારા અથાગ આભારોનો બદલો વાળવાને તો હું અશક્તછું.

ગુણવંત-કૃપાનાથ, એતો ઠીક. પણ હવે શી ધારણા છે? મારા વિચાર પ્રમાણે એક પત્ર સુંદરપુર તથા એક શ્રીનગર માજીને લખી ખાસ ઊટો મારફતે અત્યારે રવાને કરીયે, કારણ એ લોકોને તો આ મોટી વધામણી બરોબર છે.

હીમત-તમે લખીને મને મોકલાવજો, એટલે હું રવાને કરાવી દઈશ.

ગુણવંત-વજીરનું શી રીતે કરવું છે? કાંઈ દયા લાવશું કે?

હીમત-સાહેબની મરજી હશે તેમ કરશું. એકવાર ઘેરતો ચાલો પછી થઈ રહેશે. એ વજીરનું નક્કી કર્યા પછી મને રાજ્યાભિષેક થવાનો છે. માટે તમે પણ રાજીનામું આપવાને તૈયાર થજો.

ગુણવંત-કૃપાનાથ હુંતો આપને મુકીને ક્યાં જવાનો છું પણ આ વાત કોણે નક્કી કરી?

હીમત-પીતાજી તથા સાહેબે. તેમાં પીતાજીની ખાસ મરજી જણાયા બાદ મેં કબુલ કર્યું છે.

ગુણવંત-બસ ત્યારે હરકત નહીં. હવે આપણે સાંઝે કુચ કરવી છે કે?

હીમત-હા, હું ભુખ્યો છું માટે જાઊંછું. તમે પછી ત્યાં આવજો એટલે આપણે બધી ગોઠવણ કરશું. ને પેલા કાગળ જલદી મોકલજો એટલે રવાને કરી દઉં.

ગુણવંત-આપ પધારો સુખેથી, હું હમણાં લખી મોકલાવુંછું.

(હીમતસીંહ જાયછે તથા સાંઝે સહુ કુચ કરી શ્રીનગર તરફ જાય છે, ને બીજે દીવસ જાહેરનામું કરવાથી દીવાન ઉપર ત્રણસે અરજીઓ પડે છે.)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ શ્રીનગરનું કેદખાનું.

કુભાન્ડરાય એકલો.

કુભાન્ડરાય-(મનમાં) અહો પરમેશ્વર! હવે મારા શા હવાલ થશે? ઘરબાર જપત થયાં, બાયડી રઝળતી થઇ, ને હવે મારૂં શું કરશે એ સમજાતું નથી. બીજા બધા તો નાશી ગયા ને હું દુર ભાગ્યે પકડાઇ ગયો, અહા! કપટીરાયના કહ્યા પ્રમાણે ન ચાલ્યો હોત તો કેવું સારૂં થાત? પણ એતો સારૂ કરવા ગયો તેમાં પોતે પણ પકડાણો, ને મારે લીધે એના પણ બુરા હાલ થયા. હાય હાય, ત્રણસે અરજી તો પડી ચુકી ને હજીતો કેટલીએ પડશે, મારે તો બધા પ્રગણાથી અદાવત છે. અરેરે! મેં ગુણીયા સાપને ક્યાંથી છેડ્યો? આટલી દશાએ એણે મને પહોંચાડ્યો છતાં હજી

એના દીલમાં રોશ ભરેલો છે, તેથી કોણ જાણે શું કરશે. હવે એ કદી છોડવાનો નથી, જરૂર જનમ ટીપ દેશે. ઓપરે ! હવે શું હું ફરીને "દીવાન સાહેબ" નહીં કહેવાઉં ? શું એ દહાડા હમેશને માટે ગયા ? રોજ પચાસ પચાસ માણસની મીજલસમાં ખમાં ખમાં થાતું, તે આજ એકલો, પગમાં બેડી, નેં મુંઝાઉછું; ને હજી શું થશે એ કળી શકાતું નથી. શું કાલે મને બજાર વચમાંથી કેદી તરીકે પકડીને લઇ જશે ? હરહરહર ! મારી આગળ એક દહાડો ચોપદારે બોલતો ને આજે કેદી પણ કહેવાણો, ધિક્કાર છે હવે જીવવાને ! અરેરે ! બીજી બધી બાબતો તો ખમાશે, પણ મજુરી કેમ થાશે ? બાપરે ! ફટકા મારશે તો કેમ સહેવાશે !! હે પાપી જીવ ? આ સીપાઇયોની બક્ષી ઉપરની ફરીયાદ પણ નથી સાંભળી, નહીંતો એમાંના એકાદને ફોડીને નાશી જાત. એ લોકો તો દાવ આવ્યાથી ઊલટા હેરાન કરે છે. શું હવે હું કદી મારી મરજી પ્રમાણે નહી હરૂં ફરૂં ? અરેરે ! ધર્મભ્રષ્ટ પણ થઇ ચુકયો. હાથે રાંધવું પડેછે, તે શું કદી નથી મટવાનું ? અહા ! પૈસો હતો ત્યારે સહુ ખમાં ખમાં કરતું, ને હવે તો તે લોકોના મ્હોમાંથીજ ફિટકાર સાંભળુંછું. ઓ ઇશ્વર ? મને તે કયાંથી કમતી સુઝાડીને આટલાં કુકર્મ કરાવ્યાં. ખરેખાત, હું એમ જાણતો કે મરણ સુધી મને કોઇ પુછનાર નહીં મળે, એટલે પછી કોઇ વાતની બાકી રાખી નથી. જેનું આવ્યું તેનું લુટયું. ખરેજો વાજબી વિચારૂં તો અપાર લોકોને મેં હેરાન કર્યાછે તેના નિશાસા લાગ્યા. પણ "પાણી પીધા પછી ઘરશું પુછવું" હવે પસ્તાણે શું થાય. દયાનાથ ? આ દુનીયામાં હવે શું મારા નામનું મીડુંજ વળ્યું ? અરે !


બાયડીને પણ પુરૂં ખાવા નહીં મળતું હોય. જીવ? હવે વધારે વિચારે વગ પડે તેમ નથી. આખી ઊમર દુઃખમાંને દુઃખમાં ગાળવી પડશે; ત્યારે તેના કરતાં મરીજવું એજ બહેતરછે, પેલા સીપાઇયો કસુંબો કાઢતા હતા ત્યાંથી અફીમતો હાથ લાગી ગયુંછે પણ હવે જીવ નથી ચાલતો. અરેરે? હજારોની મીલકત, સર સામાંન, મોટી હવેલી, એ બધું મુંકીને હું ચાલ્યો જઇશ, તેમાંનું કશું સાથે નહીં આવે? શું આટલાં બધાં હીણાં કર્મો કરીને પૈસો એકઠો કર્યો તે પીત્રાઇ-યોને માટે? ખરેખાત એમજ થયું, ને મારે ભાગ તો એથી આ બેડી, ફીકર, તથા આખરે મોત આવ્યું; અધધધ! કેવો કેવો સામન તથા ઘરેણા જ્યાં ત્યાંથી લુટી લુટી લાવીને ભર્યુંછે તે માહેનું શુંહું કશું નહીં ભોગવું? લાવને જીવ હવે જેમ વિચાર કરૂંછું તેમ દુઃખ વધુ થાયછે ને પીડાઉંછું, માટે આજે તો અફીમ ઘોળીને પીજાઉં (એક તાસળીમાં અફીણ પલાળી વીચાર કરેછે) હવે આપીને સુઇ જવા શિવાય બીજો કશો ઊપાય નથી. મુવો, આથી કોક ગરીબ થયો હોત તો મજુરી કરીને સુખેથી પેટ ભરત ને આ દશા એ નપહોચત. હાયહાય? મારા ક્યાંથી ભોગ લાગ્યા કે હું કારબારી થયો. પણ એમતો એજ ગુણી યાનો બાપ હાલ બે ફીકરો થઇને મજા કરેછે એ પણ દીવાનજ હતો. આટલા દહાડા હું મનમાં ફુલાતો કે એના કારબારમાં એ પાઇ પણ મેળવી ન શકુયો; ને હું લાખો રૂપીયા કમાયો, પણ મારી મૂર્ખાઇ મને સારૂ જણાઇ આવ્યાથી કેટલો પસ્તાવો થાયછે? હવે તો એજ "છેલો ઉપાય છાશનો કરવો" (અફીમ ઘોળી પીવા જાયછે ને પાછું મુંકેછે) (રોતોરોતો) અરેરે મારા આ હાલ થયાં, ને આખર આ કરવા દહાડો

આવ્યો? સુનિતીએ ચાલ્યો હોત તો આમાંનું કશું થાત? પણ "આંખ ફુટનાર ને ઝોંકો વાગનાર" અરે મેં નાગરને ક્યાંથી દુશ્મન કર્યો? પણ એ શું કરે, હું નિતીએ ચાલ્યો હોત તો કોઇ વાંકો વાળ ન કરી શકત. રાજના લોક તો દયા આણુત, પણ માંહે સાહેબ ભળવાને લીધે કંઇ આશા ન રાખવી. જરૂર ભારે સજા કરશે; માટે એ તો આ ઉપાયજ ઠીકછે(ભરેલ વાડકો પીજાયછે)'બસ, હવે ઘડી પછી આ દુનિયાંમાંથી હું ઉડી જઇશ? અરેરે! મને બીજા બધા કરતાં સોના રૂપાની મહોરની થેલીયો બહુ સાંભરેછે! અહો ઘડી પછી આ શરીરનો પણ નાશ થશેહે? કદી એ લોકો મારા ઊપર દયા લાવવાના હશે તો એ હવે શો ઇલાજ! અહા! મારે હાથેજ મારૂં મોત? ઇશ્વરની ગહનગતિછે, આ બધાં કરેલ કૃત્ય ભોગવવાં પડેછે. અરે આ પેટમાં શું થાયછે? ખરે હવે હું મરીજઇશ. હજી ચાળીસ પણ પુરાં થયાં નથી ને વગર મોતે મરી જાઉંછું. હાય હાય? હવે શું કરૂં પીધું તે ન પીધું થવાનુંછે? અહા આતો બધા શરીરમાં ઝેર ફેલાયું. શીવશીવશીવ!! હવે આ મારા બધા અવયવો બંધ પડશે ને પલકમાં બાળીને ફુંકી દેશે? અહો કેડ નામ અજવાળે એવું તો કોઇ નથીજ, પણ ઉલટો લોકોનો ફીટકાર મળશે. એ બધું શાથી? રૈયતને હેરાન કરી લુટી ખાવાથી. અહો! કોકની તો પછવાડે તારીફ થાય, ને મને તો વાંસે ગાળો પડશે. સાચે, કેટલાક તો કહેશે "ભલે મુઓ" અરે બાપ! બધો સામન, મિલકત, આવું રૂપાળું શરીર, એ બધું નાશ પામશે, ને હું પણ નાશ પામીશ? ઓ બાપ લીધા? મારી પછવાડે અત્યારે કોઇ રોનાર કુટનાર પણ નથી. તેમ આગ મેલનાર કે શ્રાધ છમછરી કર

નાર પણ નથી. અહાહા! જો નસીબ, જીવ તો આમ જશે, પણ મુઆ પછી પણ સુખની આશા ન રહી. એક પાઇ વાપરી નથી કે કાઇ કામ એવું નથી કર્યુ કે જેથી નામ રહે. અહોહોહો!! આતો આવી રહ્યું હવે તો કાઇ કાંઇ થઇ જાયછે(થોડીવાર પછી બે ભાન થાયછે તથા હાલ તો બંધ પડેછે, ને આખરે બે ઘડી પછી તેનો અમર આત્મા પ્રભુ પાસે પોતાનાં દુષ્ટ કરમોનો બદલો લેવા તથા જવાબ દેવા. આ ફાની દુનીયાં છોડી યમદૂતો સાથે હાજર થાય છે; તથા આ વાત સરકારમાં જાહેર થયે તેના મુડદાની યોગ્ય વ્યવસ્થા કરાય છે.)

પુરવણી-વિજયા કુંવરીના શુભ સમાચાર તેનાં માત પિતાને પુત્ર જન્મની વધામણી સાંભળ્યા બાદ તુરતજ પડવાથી વિજયા તથા સવિતાને ઘણા દહાડાના વિયોગ બાદ સાસરામાં મેળાપ થવાથી, અને શુભમુહુર્ત હીમતસીંહને રાજ્યાભિષેક થઈ ગુણવંતરાયને પ્રધાનપદ મળવાને લીધે તેમનાં હેતુઓ તથા પ્રજાને મન ધાર્યું થવાથી, જે આનંદ વર્તાય છે, તે વિચારવાનુ કામ વાંચનારા સાહેબોને સોંપી હું ઈશ્વર પાસે એજ માગુંછું કે, આપણા દેશના દરેક રાજા તથા પ્રધાન હીમતસીંહ તથા ગુણવંતરાય જેવા થાઓ, અને તેથી દેશનો ભાગ્યોદય થાઓ. તથાસ્તુ.

અંક પાંચમો સમાપ્ત.





ग्रंथ कर्त्ता विशे.

અંતર લાપિકા દોહરા.

અસલ કાઠીઆવાડમાં, માંગરોળ મુજ ગામ;
નંતર રાધનપુરમાં, નક્કી કર્યું મુકામ. ૧
તરત ગ્રંથ આમેં રચ્યો, ત્રીસ દીવસની માંહી;
પ્રગટ પછી બે માસમાં, કર્યો સુધારી આંહી. ૨
સાઠ વરસથી નોકરી, મળી નવાબ-હજુર;
દરબારી મંત્રી પિતા, લાજવંત ભરપુર. ૩
વીશેષ-નાગર જાતમાં, લખાય વેશ્નવ સાખ;
દયાનાથની સહાયથી, જય પામ્યો અભિલાખ. ૪
ઓગણીસે સત્તર અને, જેઠ માસ વદ સાર;
જનમ્યો અગીયારસ દીને, રાધનપુર મોઝાર. ૫

આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં જે સાહેબોએ અગાઊથી મદદ આપી છે તેઓના શુભ નામો આ પુસ્તક સાથે અમર કરવાને જોડી તેઓનો આભાર માનું છું.

પુસ્તક રાખનાર સાહેબોનું નામ.	પુસ્તકની સંખ્યા.
ખુદાવીંદ. રાધનપુર સ્વસ્થાનના નવાબ સાહેબશ્રી બીસમીલ્લાખાનજી બહાદુર બાબી.	૧૭૫
ખુદાવીંદશ્રી. મુરતુજાખાનજી સાહેબ બહાદુર બાબી. રાધનપુર.	૨૫
ખુદાવીંદશ્રી. નાદે અલીખાનજી સાહેબ બહાદુર બાબી. રાધનપુર.	૨૫
ખુદાવીંદશ્રી. ફતેહજંગખાનજી સાહેબ બહાદુર બાબી. રાધનપુર.	૪
ખુદાવીંદશ્રી. હામીદખાનજી સાહેબ બહાદુર બાબી. રાધનપુર.	૫
ખુદાવીંદશ્રી હુસેનમીયાં સાહેબ. માંગરોલ સ્વસ્થાનના પાટવી.	૬
ખુદાવીંદ. શ્રી જહાંગીર મીયાં સાહેબ. માંગરોલ.	૪
અશામતપનાહ. ગોંડલનાં રાણી સાહેબ શ્રી મોંઘી બા સાહેબ.	૫
લીંબડી સ્ટેટ.	૫
મે. સા. શેઠ શ્રી સારાભાઇ મગનભાઇ કરમચંદ.	૫
મેહેરબાન શેઠ. ગુલામઅલી લુકમાનજી. વડોદરા.	૫
નેક નામદાર. ઠાકોર સાહેબ દાજીરાજજી. વઢવાણ.	૨
કુંવર સાહેબશ્રી જોરાવરખાનજી નસીબખાનજી. બજાણા.	૨
રા. બા. મે. ભોળાનાથ સારાભાઇ.	૨
રા. બા. મે. મુકુંદરાય મણીરાય. સ. જડજ અમદાવાદ.	૨
મે. સા. હરીલાલ અમૃતરામ મુખ્ય કારભારી. રાધનપુર.	૨
મે. સા. દીવાન. પ્રભુલાલ ખુશાલભાઇ. રાધનપુર.	૨
મે. સા. પરી. છોટાલાલ જમનાદાસ ટંકશાળી.	૨

મે. સા. શેઠ. ગુલાબચંદ કાળીદાસ. વડોદરા. ૨

મે. સા. શેઠ. પ્રેમાભાઇ કેવળભાઇ. કપડવંજ. ૨

ખુદાવીંદ. હુસેન મહંમદખાનજી સાહેબ. પાલણપુર. ૧

ખુદાવીંદ. સલીમખાનજી સાહેબ. ,, ૧

વારાહી તાલુકાના મુખી. શ્રી ઊમરખાનજી સાહેબ. ૧

મે.સા. માધવલાલ ગંગાધર. સરદાર કોર્ટના જડજ વડોદરા. ૧

ખા. બા. શેઠ. કુંવરજી કાવસજી. ડી. કલેકટર. ૧

ખા. બા. શેઠ. એદલજી ડોસાભાઇ. સી. સ. ડી. કલેકટર. ૧

રા. સા. મે. રણછોડલાલ છોટાલાલ. ૧

મે. સા. શેઠ. જેસંગભાઇ હઠીસીંગ. ૧

મે. સા. ઊમેદરાંમ આનંદરામ. ડી. કલેકટર. ૧

રા. બા. ગીરધરલાલ ઊલટરાંમ. ૧

મે. સા. શેઠ. લાલભાઇ પ્રેમાભાઇ. ૧

મે. સા. ભાઇશંકર નાનાભાઇ. ૧

મે. સા. શેઠ. લક્ષ્મીદાસ ખીમજી. ૧

મે.સા. સાકરલાલ દલપતરામ. વકીલ. સ્વસ્થાન રાધનપુર. ૧

મે. સા. મુનશી. હીમતભાઈ છોટાભાઈ. ૧

મે. સા. વકીલ. છોટાલાલ મથુરાંદાસ બક્ષી. ૧

મે. સા. ખંડુરાવ જનારદન. ઇજનેર સાહેબ. વડોદરા. ૧

રા. બા. મે. ચીમનરાય હરરાય. પાલણપુર. ૧

મે. સા. જસભાઇ વાલાભાઈ. ,, ૧

રા. રા. મે. દાજીભાઈ સુંદરલાલ આ. પો. ટી. એજન્ટ સાહેબ ગોંડળ. ૧

રા. રા. મે. અનોપરામ જમીયતરામ ખાનગી કામદાર ગોંડળ. ૧

રા. રા. મે. સૈયદ બાવા મીયાં સાહેબ મે. આ. પો. એ.ના સીરસ્તેદાર ગોંડળ. ૧

રા. રા. મે. પ્રભાશંકર મોતીરામ ગોંડળના વકીલ. ૧

રા. રા. મુનશીજી સલાઓઉદ ગોંડળના મહાલકારી. ૧

મે. શેઠ. રતનજી પેસતનજી રાયટર. ગોંડળ. ૧
રા. રા. ગણુપતરાવ સખારામ. ,, ૧
રા. રા. ચતુરભુજ જુઠા સદરના સીરસ્તેદાર. ,, ૧
રા. રા. સારાભાઇ માંડણુજી સદરના ટ્રેજરર. ,, ૧
રા. રા. મંગળજી સુંદરજી. ,, ૧
રા. રા. મગનલાલ ચુનીલાલ. ,, ૧
રા. રા. ગંગાશંકર વી. જટાશંકર ધોળકીયા. ,, ૧
રા. રા. વનમાળી ચાંપશી ભાંખના કામદાર. ૧
રા. રા. પ્રાણુલાલ ધીરજરામ હડમતાલાના મહાલકારી. ૧
મે. મુસા અઇબ. સુધારા કારકુન. ૧
રા. રા. ત્રીભોવન પુરષોતમ સદરના હેડ એકાન્ટેડ.
ગોંડળ. ૧
રા. રા. રવજી ઝવેરચંદ. વહીવટદાર. ,, ૧
રા. રા. વંદ્રાવન રાજારામ. વહીવટદાર. ,, ૧
રા. રા. દેમા અસમાલ. વહીવટદાર. ,, ૧
રા. શેઠ છબીલદાસ દેવજી. ,, ૧
રા. રા. વખતરામ માધવજી. વારાહીના કારભારી. ૧
મે. સા. મેતા. મંગળજી ઇશ્વરભાઇ. પાલણુપુર ૧
મે. સા. મેતા. પીતાંબરભાઇ હાથીભાઇ. ,, ૧
મે. સા. શેઠ. હોરમસજી ફરાંમજી. નાણુાવટી. ,, ૧
મે. સા. નરહર ગણેશ. ,, ૧
મે. સા. જેસુખલાલ દયાળદાસ. ડીના વહીવટદાર. ૧
મે. સ. નનામીયાં સાહેબ. માંગરોલ. ૧
મે. સા. માણેકલાલ પ્રાગજી. ખા. કારભારી વઢવાણુ. ૧
મે. સા. ન્યામતરાય રણુછોડરાય. ૧
મે. સા. શેઠ. અરદેશર જમશેદજી લાલકાકા. ૧
મે. જાડેજા. નારણુજી મુંમાયાજી. રાધનપુર. ૧
મે. સા. જેકબ માઇકલ. એસ્કવાયર પાલણુપુર. ૧
મે. સા. નીમચંદ અહેલચંદ. રાધનપુર. ૧

મે. સા. ઝવેરભાઈ જીતાભાઇ. ,, ૧
મે. સા. મહીપતરાય પ્રધાનરાય. ,, ૧
મે. સા. જાદવરાય ગણુપતરાય. ,, ૧
મે. સા. દ્વારકાંદાસ ભોગીદાસ. દીયોદર થાણુદાર. ૧
મે. સા. ચમનરાય મોતીભાઇ બક્ષી. વડોદરા. ૧
મે. સા. માધવલાલ રઘુભાઈ. રાધનપુર. ૧
મે. સા. નરોતમદાસ ઇજતરાંમ. પાલણુપુર. ૧
મે. વકીલ. જેશંકર અંબાશંકર. ,, ૧
મે. વકીલ. અબદુલ કરીમ મહમદ. ,, ૧
મે સા. વકીલ. વ્રજલાલ સાકરલાલ. ૧
મે. સા. બળનારાયણુ ગવરીનારાયણુ. ૧
મે. સા. મોતીલાલ વલ્લભભાઈ. હેડમાસ્તર રાધનપુર. ૧
મે. ડાકતર સાહેબ. યશવંતરાય. ,, ૧
મે. સા. મોતીલાલ રણુછોડલાલ. ,, ૨
પ્રીયમીત્ર. મે. કાદરમીયાં સૈદુમીયાં. ૧
પ્રીયમીત્ર. મે. મુનશી. અબદુલ હુસેન. ૧
,, મે. ત્રંબકરાય વી. વીઠલજી. ઊના. ૧
,, રા. માણુકનાથ શંભુનાથ. ૧
,, રા. અમીધર રણુછોડજી દેસાઈ. ૧
,, મે. પરમાણુંદદાસ લક્ષ્મીશંકર. 'માંગરોલ. ૧
,, સંપતરામ અનોપરામ. ,, ૧
,, મે. કૃશ્નરાવ ભોળાનાથભાઈ. ૧
,, મે. શેઠ. દારાબશા એદલજી કોઠાવાળા. ૧
,, મે. શેઠ. મંચેરશા નવરોજજી. ડીસાવાળા. ૧
,, મે. ત્રીભોવન મુમેશ્વર. પાલણુપુર. ૧
" મે. શીવદત્ત બાપાલાલ. ૧
" શ્યામલાલ હીરાલાલ. ૧
" ઉમીયાધર લક્ષ્મીધર ડીસા. ૧
" મે. મોતીશંકર મણીશંકર.,, ૧

મે. શેઠ જમનાદાસ ગુલાબચંદ ઝવેરી.	૧
મે. હરીપ્રસાદ વીરપ્રસાદ ડેરાસરી.	૧
મે. ગોવિંદજી વીરજી માંગરોળ.	૨
મે. રા શેવકરામ તથા સોમજી "	૧
મે. હીરાશંકર ઉદેયશંકર પાલીતાણા.	૧
ડીસા પબલીક લાયબ્રેરી.	૧
મે. સ. વાહાલાભાઈ લલુભાઈ.	૧
મે. અમથારામ કચરાદાસ. ડીસા.	૧
મે. હરીલાલ કેશવલાલ. "	૧
મે. રા. નરસીરામ સલુખરામ કુવર થાણદાર.	૧
મે. નરસીરામ નથુરામ. રાધનપુર.	૧
મે. હીરાલાલ હીમતલાલ જેલર. "	૧
હકીમ મોતીચંદ લક્ષ્મીચંદ. "	૧
હકીમ ઝુમખાદાસ પરસોતંમ. "	૧
મે. શેખ ઉસમાન બડજી પો. ઇ. "	૧
મે. ભાઇશંકર ગણપતરામ સરવેયર.	૧
મે. શા. કેશવલાલ વરજલાલ. પાલણપુર.	૧
મે. બાલુભાઇ રૂઘનાથરાવ.	૧
મે. મેતા મગનરામ ખુશાલરામ રાધનપુર.	૧
મે. સા ભુખણદાસ તુળજારામ.	૧
મે. મંગળજી દયારામ પે. વ. મા. ઉના.	૧
મે. કરસનજી માધવજી પો. ફો. ઉના.	૧
મે. હરીશંકર દુરગાશંકર ઉના.	૧
મે. અબદુલખાલક જેલર ઉના.	૧
મે. સા. કરૂણાસંકર વી. બેચરદાસ. માંગરોળ.	૧
મે. દામરાજ ગોકળદાસ ઉના.	૧
મે. પ્રાગા ભગા ઊના.	૧
મે. મહેતાજી દામજી લવજી. "	૧
મે. વકીલ જેઠા જેચંદ. "	૧

મે. દેશાઇ લાલ સંકર પ્રાણુસંકર.		૧
મે. બેચરદાસ મથુરાદાસ. ગાધકડા.		૧
મે. સદાશીવરાય બાબુરાય પાટણ.		૧
મે. વીરચંદ ઉતમરામ.	,,	૧
મે. અનતરાય બળવંતરાય. માંગરોલ.		૧
મે. બાળકદાસ વલ્લભજી	,,	૧
મે. શેઠ. જાદવજી સુંદરજી.	,,	૧
મે. શેઠ ચતુરભુજ કપુરચદ.	,,	૧
મે. લીલાધર મીઠા.	,,	૧
મે. નંદરામ વેલચંદ. વારાહી.		૧
પ્રિયમિત્ર શા. છોટાલાલ જમનાદાસ		૧
મે. વોરા. બાળકદાસ રૂપશંકર માંગરોળ.		૧
મે. માણેકલાલ હીરાલાલ રાધનપુર.		૧
મે. ત્રીભોવન ભોગીલાલ.	,,	૧
મે. નગીનદાસ ઊજમચંદ.	,,	૧
મે. શેઠ ઊતમચંદ નીહાલચંદ.	,,	૧
મે. બાદર નીહાલચંદ.	,,	૧
મે. ઝુંધવી લેરૂચંદ ઊમેદચંદ.	,,	૧
ગાંધી વખતરામ વાલજી.	,,	૧
મે. દલછાચંદ ટીલાચંદ	,,	૧
મે. છોટારામ અમરતરામ	,,	૧
જાબેલીયા ખુબચંદ રતનશી.	,,	૧
શા. કીશોરચંદ ચાંપશી.	;,	૧
શા. રૂપશી સરૂપચંદ.	,,	૧
શેખમહંમદ ફીરોજ મહંમદ,	,,	૧
મે. અંબાલાલ જસભાઇ.	,,	૧
મોરખીયા મનસુખ લવજી.	,,	૧
મે. બાદર મયાચંદ.	,,	૧
હજારી હઠીશિંઘ.	,,	૧

મે. શેઠ સાંકળચંદ હેમજી	,,	૧
શેઠ. ખેતશી અવચલ	,,	૧
શેઠ લલુચંદ સરૂપચંદ.	,,	૧
મે. સા, ફતેભાઇ લાલભાઇ.	વડોદરા.	૧
મેતા પરસોતમ લલુભાઇ	,,	૧
મેતા. છગનલાલ જમનાદાસ.	,,	૧
મે. ચુનીલાલ જગજીવનદાસ.		૧
મે. માણુકલાલ નરોતમદાસ.		૧
મે. ત્રીકમલાલ છગનલાલ.		૧
મે. નગીનદાસ ઇશ્વરદાસ.	,,	૧
મે. ગોવિંદલાલ બાલાજી.		૧
મે. ગુલાબરાય માહાસુખ.		૧
મે. જેઠાલાલ મગનલાલ.		૧
મે. સુરજલાલ ઘેલાભાઇ.		૧
મે. મયાશંકર હરીશંકર.		૧
મે. બક્ષિશંકર રેવાશંકર.		૧
મે. બાળકૃષ્ણ ગુલાબરામ.		૧
મે. રણુછોડલાલ આત્મારામ.		૧
મે. રણુછોડદાસ જીવણુદાસ.		૧
મે. ચુનીલાલ લક્ષ્મીચંદ.		૧
મે. મંગળ ગીરધરલાલ.		૧
મે. હરીલાલ દેસાઇભાઇ.		૧
મે. નગીનદાશ લલ્લુભાઇ.		૧
મે. આપારાવ નારાણુરાવ.		૧
મે. હીરાલાલ મોતીલાલ.		૧
મે. નગીનદાસ પરષોતમ.		૧
મે. અકબરઅલી કાસમઅલી.		૧
મલુકચંદ માનચંદ	રાધનપુર	૧

કેટલાક સાહેબોની તરફથી વેલાસર ફોર્મ નાઆવી પહોરચાથી લાચારીયે તેઓનાં નામ દાખલ નથી કરી શકાનુયાં તેને માટે માફીમાગુંછું.

અ. પી. ત્રી.

આપુસ્તક અમદાવાદમાં ગ્રંથ કર્ત્તાપાશેથી અથવા સમશેર બાહાદુર આફીશમાંથી મળશે.
